ચોથી શ્રેણી

પુસ્તક–૧૦૬

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ | ૫૦ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી ( એકથી અગિયારમી અતારાંકિત પ્રશ્નોની યાદી ) | ૫૧ | ૫૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ ) | ૫૧૮ | ૫૪૭ |

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ .એકમોને વ્યાજ સહાય**

*** 15/4/1810 :શ્રી સુખાજી સોમાજી ઠાકોર )બેચરાજી(: માનનીય લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નિતી–૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) |

| વર્ષ | મંજૂર કરેલ કલેઇમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૩૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૨( ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી? | (૨) |

| વર્ષ | ચૂકવણું કરેલ એકમની કલેઇમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ )રૂ લાખમાં( |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૩૧૮ | ૧૪૧૪.૭૯ |

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ હેઠળ તા.૧–૧–૨૦૨૩થી તા.૩૧–૧૨–૨૦૨૩ સુધીના સમયમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વ્યાજ સહાયની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલું ચૂકવણું કરવામાં આવ્યું? મારો બીજો પ્રશ્ન એ છે કે, હાલમાં મહેસાણા જિલ્લામાં કેટલા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોંધાયેલા છે અને ઉદ્યમ નોંધણીની પ્રક્રિયા અને તેના ફાયદાઓ જણાવવા વિનંતી?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તેનો જવાબ આપું તો, બહુચરાજી તાલુકામાં ૧૭ અરજીઓ મળી અને તેમાંથી ૧૭ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૫૫ લાખ ૪૩ હજારની ચૂકવણી કરવામાં આવી છે. જોટાણા તાલુકામાં ૦૪ અરજીઓ મળી અને તેમાંથી ૦૩ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૨૪ લાખ ૩૯ હજારની ચૂકવણી કરવામાં આવી છે. કડી તાલુકામાં ૧૧૪ અરજીઓ મળી અને તેમાંથી ૧૦૫ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૭૨૦ લાખની ચૂકવણી કરવામાં આવી છે. ખેરાલુ તાલુકામાં ૦૧ અરજીઓ મળી અને તેમાંથી મંજૂર અરજી શૂન્ય છે અને ચૂકવણું પણ શૂન્ય છે. મહેસાણા તાલુકામાં ૧૦૮ અરજીઓ મળી અને તેમાંથી ૯૬ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૨૬૫ લાખ ૮૦ હજારની ચૂકવણી કરવામાં આવી છે. સતલાસણા તાલુકામાં ૦૨ અરજીઓ મળી અને તેમાંથી ૦૨ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૦૨ લાખ ૮૮ હજારની ચૂકવણી કરવામાં આવી છે. ઊંઝા તાલુકામાં ૧૭ અરજીઓ મળી અને તેમાંથી ૧૫ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૫૫ લાખ ૮૯ હજારની ચૂકવણી કરવામાં આવી છે. વડનગર તાલુકામાં ૦૩ અરજીઓ મળી અને તેમાંથી ૦૨ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૦૫ લાખ ૮૦ હજારની ચૂકવણી કરવામાં આવી છે. વિજાપુર તાલુકામાં ૫૨ અરજીઓ મળી અને તેમાંથી ૪૮ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૧૮૭ લાખ ૮૭ હજારની ચૂકવણી કરવામાં આવી છે. વિસનગર તાલુકામાં ૩૨ અરજીઓ મળી અને તેમાંથી ૩૦ અરજીઓમાં ચૂકવણું કરવામાં આવ્યું છે અને તેની અંદર રૂપિયા ૯૬ લાખ ૭૩ હજારની ચૂકવણી કરવામાં આવી છે. આમ, મહેસાણા જિલ્લામાં કુલ ૩૫૦ અરજીઓ મળી હતી અને તેમાંથી ૩૧૮ અરજીઓ મંજૂર કરીને રૂપિયા ૧૪ કરોડ ૧૪ લાખ ૭૯ હજારની ચૂકવણી કરવામાં આવી છે. આજની સ્થિતિએ મંજૂર થયેલ બધી જ અરજીઓનું ચૂકવણું કરી દેવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો તેમાં જણાવું તો, અહીં આગળ મહેસાણા જિલ્લામાં કુલ ૩૪૮૨૭ કારખાનાં નોંધાયેલાં છે. તેમાં સૂક્ષ્મ કારખાનાં ૩૨૪૪૬, લઘુ કારખાનાં ૨૦૮૩ અને મધ્યમ

કારખાનાં ૨૯૮ નોંધાયેલા છે. તેમણે પ્રક્રિયા અને ફાયદા વિશે પ્રશ્ન પૂછ્યો છે તો ભારત સરકારના ઉદ્યમ નોંધણી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવામાં આવે છે. કોઇપણ ઉત્પાદન તથા સેવા આપતા એકમોની ઉદ્યમ પોર્ટલ પર સરળતાથી નોંધણી થઇ શકે છે. ઉદ્યમ નોંધણી પોર્ટલ પર નોંધણીની પ્રક્રિયા સંપૂર્ણ પેપરલેસ છે. કોઇપણ પ્રકારના દસ્તાવેજો અપલોડ કરવાની જરૂર નથી અને તેની નોંધણી માટે કોઇ ફી ચૂકવવાની રહેતી નથી. ઉદ્યમ પોર્ટલ પર કાયમી નોંધણી થશે. એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ નોંધણી પોર્ટલ પર કાગળ વિના સ્વ–ઘોષિત માહિતી આધારિત નોંધણી થઇ શકે છે. આ નોંધણી માટે રેવન્યુ ફીની જરૂર રહેતી નથી. એકમ ઉત્પાદન અથવા સેવા અથવા તો બંધે સહિત કોઇપણ પ્રવૃત્તિનો ઉલ્લેખ નોંધણી વખતે કરી શકાય છે. ઉદ્યમ નોંધણી પોર્ટલ પર ગવર્નમેન્ટ ઇ–માર્કેટનું સમાધાન પણ મેળવી શકાય છે. ઉદ્યમ નોંધણી દ્વારા ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા એમ.એસ.એમ.ઇ. એકમોને વિવિધ યોજનાઓ અંગેના લાભ મળે છે. સરકારી ટેન્ડર અથવા વિલંબના કેસોમાં પણ આ પોર્ટલ મદદરૂપ થઇ શકે છે.

અધ્યક્ષશ્રી : કોઇને પ્રશ્ન પૂછવો છે?

**ઓબીસી કમિશનમાં ચેરમેન અને સભ્યોની નિમણૂક બાબત**

***15/4/2431 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** ) ચાણસ્મા: ( **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ઓબીસી કમિશનમાં ચેરમેન અને કેટલા સભ્યો કાર્યરત છે અને ચેરમેન અને કેટલા સભ્યોની નિમણૂંક ક્યારથી બાકી છે, | )૧( | વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક –:SSP/11-2010/174826/A થી ઓબીસી કમિશનમાં ચેરમેન તરીકે શ્રી આર . પી .ઢોલરિયા, નામ .ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયધીશની નિમણૂક કરવામાં આવેલ છે . |
| )૨( | ઉક્ત નિમણૂક બાકી રહેવાના કારણો શાં છે, અને | )૨( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩( | ઉક્ત નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | )૩( | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, ઓ.બી.સી. કમિશનની રચના ક્યારે કરવામાં આવેલ છે અને ઓ.બી.સી. કમિશનના ચેરમેનની જગ્યા કેટલા સમય માટે ખાલી રહેલ છે? ઓ.બી.સી. કમિશનમાં કેટલા સભ્યોની નિમણૂક કેટલા સમયથી બાકી છે અને તે ક્યાં સુધીમાં કરવામાં આવશે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર સુપ્રીમકોર્ટની બંધારણીય ખંડપીઠના ઇન્દ્રા સહા કેસમાં તા.૧૬–૧૧–૧૯૯૨ના ચુકાદા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ એસ.ઇ.બી.સી.ની યાદીમાં કોઇ નવી જ્ઞાતિ–જાતિનો ઉમેરો બાદબાકી કરવા રાજ્ય કક્ષાએ એક કાયમી સંસ્થાની સ્થાપના કરવા માટેનો આદેશ કરવામાં આવેલ, જેના અનુસંધાનમાં સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવથી અન્ય પછાતોના પંચ તરીકે કાયમી પંચની રચના કરવામાં આવેલ છે અને જે તે વખતથી ચેરમેન તરીકે વરણી કરવામાં આવેલી છે. સભ્યોની વરણી કરવામાં આવેલ નથી, કારણ કે એ પ્રશ્ન હાલ કોર્ટ મેટર છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ચેરમેનની નિમણૂક કરવામાં આવી છે તો વસતિના આધારે તેમાં ગ્રાન્ટ ફાળવવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ચેરમેનની વરણી કરવામાં આવેલી છે અને વસતિના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલી જ છે પણ જે તે નિગમોને પણ સરકારશ્રી તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે અને સાથે સાથે વિભાગ છે એ વિભાગ મારફતે પણ વસતિના ધોરણે સહાય આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઓ.બી.સી. કમિશન માટેની વાત છે અને માનનીય સભ્યશ્રીએ એ જ પૂછ્યું કે, હમણાં ફેબ્રુઆરી ૨૦૨૩માં નિમણૂક કરવામાં આવી છે તો કેટલો સમય એ ચેરમેનની જગ્યા ખાલી હતી? અને સભ્યોની નિમણૂક બાબત કોર્ટમાં મેટર પેન્ડિંગ છે એ શાં કારણથી પેન્ડિંગ છે અને કેમ નિમણૂક આપવામાં આવતી નથી? બીજું ઓ.બી.સી.ની વસતિ ગણતરી કરવા માટે સુપ્રીમકોર્ટે ગાઇડલાઇન આપી અને સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં લાંબા સમય સુધી ચૂંટણી ના થઇ. ઝવેરી કમિશન નીમાયું એનો રિપોર્ટ આવી ગયો છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને અને સરકારને પૂછવું છે કે, આ ઓ.બી.સી. માટેનો ઝવેરી કમિશનનો જે રિપોર્ટ છે એ સરકાર પ્રસિદ્ધ કરવા માગે છે કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યોની નિમણૂક સરકાર કરવા માગે છે કે કેમ? તો મેં જવાબ આપ્યો જ છે કે હાલ એ કોર્ટ મેટર છે. અત્યારે ચેરમેનશ્રીની જે વરણી થઇ છે એ મુજબ કામગીરી થઇ રહી છે. સાથે સાથે સભ્યશ્રીઓની નિમણૂક એટલા માટે નથી કરવામાં આવી કે, જ્યારે જ્યારે જરૂર પડે છે અને સમાજ તરફથી કોઇ પ્રશ્નો આવે છે

અને માગણી થાય છે ત્યારે તજજ્ઞોની સેવા લઇને એનો નિર્ણય લેવામાં આવે છે અને આજે સરકારશ્રીમાં કોઇ આવી માગણી પેન્ડિંગ નથી. સાથે સાથે બે ચેરમેન હોઇ એક ચેરમેન તરીકે જે બેન હતા એમણે ૭ કેસો ચલાવ્યા છે અને નિકાલ કરી દીધા છે અને બીજા ચેરમેને ૫ કેસો ચલાવ્યા છે અને એનો પણ તેઓશ્રીએ નિકાલ કરી દીધા છે એટલે આજે કોઇ કેસ પેન્ડિંગ નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યોની નિમણૂકની મેટર કોર્ટમાં છે એનાં કારણો શાં છે? અને બીજું આ ચેરમેનની નિમણૂક વર્ષ ૨૦૨૩માં થઇ તો એ પહેલા કેટલો સમય એ જગ્યા ખાલી રહી? અને ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : કોર્ટ મેટર છે એનો જવાબ તેઓ ન આપી શકે એના કારણો કોર્ટની અંદર જ એ લોકો રજૂ કરી શકશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પંચની રચના થઇ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : જ્યારે કોર્ટ મેટર કોઇ પણ હોય એની ડિસકસ આ રીતે આપણે ખુલ્લી ન કરી શકીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પણ ક્યા કારણથી કોર્ટ મેટર છે અને ક્યારથી કોર્ટ મેટર છે?

અધ્યક્ષશ્રી : ઠીક છે. માનનીય મંત્રીશ્રી, કોણ કોર્ટમાં ગયું છે, એવી કોઇ માહિતી આપની પાસે હોય તો આપી શકો.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ મેટર શું બાબત છે એ વિગત હું સભ્યશ્રીને મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : કોર્ટની અંદર ચાલતી ચર્ચા આપણે નહીં કરી શકીએ. કમ્પ્લેનર કોણ છે એવું કાંઇ વિગત હોય તો આપજો.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જી.

અધ્યક્ષશ્રી : ઠીક છે અને માનનીય મંત્રીશ્રીનો જવાબ જે અગાઉ નાણાકીય બાબતોનો આપ્યો તેમાં પણ માનનીય મંત્રીશ્રી રેકર્ડ ઉપર સુધારો કરી શકશે.

**ખેડા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

*15/4/1793 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** )ઠાસરા : (**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે –:**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | ખેડા જિલ્લામાં વર્ષ–૨૦૨૩ માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | )૧( | ૪૨ |
| )૨( | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨( | ૪૨ |
| )૩( | તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી? | )૩( | ૨૧૦૦૦૦૦ |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે? અને તેમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ તાલુકાની અંદર ૧૨ અરજીઓ મળેલી અને સહાય ચૂકવાઇ રૂપિયા ૬ લાખ, કઠલાલની અંદર ૪ અરજીઓ મળી અને સહાય ચૂકવાઇ રૂપિયા ૨ લાખ, ખેડા જિલ્લામાં મળેલ ૪ અરજી અને સહાય ચૂકવાઇ રૂપિયા ૨ લાખ, મહુધામાં અરજી મળી ૩ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૧.૫૦ લાખ, માતરમાં અરજી મળી ૩ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૧.૫૦ લાખ, મહેમદાબાદમાં અરજી મળી ૬ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૩ લાખ, નડિયાદ ગ્રામ્યમાં મળેલ અરજી ૫ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૨.૫૦ લાખ, નડિયાદ શહેરમાં મળેલ અરજી ૩ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૧.૫૦ લાખ, વસોમાં અરજી મળેલી ૨ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૧ લાખ. આમ, કુલ મળેલ અરજી ૪૨ અને સહાય ચૂકવાઇ રૂપિયા ૨૧ લાખ.

**મહીસાગર અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના જર્જરીત મકાનો**

*__15/4/2440 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ__ (લુણાવાડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧( | તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને | )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં મહિસાગર જિલ્લામાં ૩૦૫ અને આણંદ જિલ્લામાં ૯૩ આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે . |

| | |
|---|---|
| )૨ ( ઉક્ત જર્જરિત આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે? | )૨( મહિસાગર જિલ્લો<br>• મહિસાગર જિલ્લામાં ૩૦૫ આંગણવાડી કેન્દ્રો જર્જરિત છે જે પૈકી ૧૦૬ ભાડાના મકાનમાં અને ૧૯૯ કેન્દ્રો અન્ય જગ્યાએ જેવાકે શાળાનો ઓરડો, સમાજઘર, પંચાયતના ઓરડો જેવી જગ્યા પર બેસે છે.<br><br>આણંદ જિલ્લો<br>• આણંદ જિલ્લામાં ૯૩ આંગણવાડી કેન્દ્રો જર્જરિત છે જે પૈકી ૨૩ ભાડાના મકાનમાં અને ૭૦ કેન્દ્રો અન્ય જગ્યાએ જેવા કે શાળાનો ઓરડો, સમાજઘર, પંચાયતના ઓરડો જેવી જગ્યા પર બેસે છે. |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ પાસેથી જાણવા માગું છું કે, મહીસાગર અને આણંદ જિલ્લામાં જર્જરિત આંગણવાડીઓમાં કેટલાં બાળકોને બેસાડવામાં આવે છે? અને આ બન્ને જિલ્લામાં જર્જરિત આંગણવાડીના મકાનો કયાં સુધીમાં બનાવવા માગો છો?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જર્જરિત આંગણવાડી માટે તેમણે પ્રશ્ન પૂછયો છે તો જે જર્જરિત આંગણવાડીઓ છે આ બજેટની જોગવાઇમાં તે મંજૂર થઇ ગઇ છે અને ઝડપથી એ પૂર્ણ થઇ જશે અને સંખ્યાનો આંકડો તેમને પાછળથી આપી દઇશ.

અધ્યક્ષશ્રી : નહીં, તેમણે એ વાત કરી કે જર્જરિત આંગણવાડીઓ છે તેનો જવાબ તો આપે આપી દીધો, પણ જર્જરિત આંગણવાડી હોય અને તેની અંદર બાળકોને બેસાડવામાં આવે છે એવું તેમણે પૂછયું છે તો એવામાં કોઇ બાળકોને બેસાડવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એવું જે લીસ્ટ હશે તે હું તેમને પાછળથી આપી દઇશ.

અધ્યક્ષશ્રી : પરંતુ જર્જરિત હોય તેની અંદર બાળકોને બેસાડાય નહીં, એટલે જો કદાચ હોય તો પણ મને લાગે છે કે તેની અંદર ઓલ્ટરનેટ વ્યવસ્થા કરી લેવી પડે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જી સર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી એક જ જિલ્લાની અંદર મહીસાગર જિલ્લામાં ૩૦૫ આંગણવાડીના કેન્દ્રો જર્જરિત છે અને તેમાં ૧૦૬ ભાડાના મકાનમાં છે અને..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તેમાં એક પણ જગ્યાએ જર્જરિત આંગણવાડીની અંદર બાળકો બેસતા નથી એવું એમણે.., આપ બેસો હું ફરી આપને તક આપું છું. હું અગાઉનો વિષય છે તેના અનુસંધાને કહું છું મંત્રીશ્રીએ જે લેખિત જવાબ આપ્યો છે તેમાં કેટલાક ભાડાના મકાનમાં છે અને બાકીની વ્યવસ્થા સ્કૂલમાં બીજી જગ્યાએ કરેલ છે, એટલે એક પણ જગ્યાએ જર્જરિત આંગણવાડીમાં બાળકો બેસતા નથી એવો લેખિત જવાબ આપ્યો છે. હવે તેના સિવાય આગળ હોય તો આ કાગળ ઉપર દેખાય છે તે ફિગર એ પ્રમાણેનો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે લેખિત જવાબ આપેલો છે તેમાં એમ લખ્યું છે કે, ૩૦૫ આંગણવાડી કેન્દ્રો જર્જરિત છે લેખિત જવાબમાં છે અને તે લેખિત જવાબમાં એવું છે કે, ૧૦૬ ભાડાંના મકાનમાં અને ૧૯૯ જે છે તે શાળાના ઓરડામાં કે બીજે છે. આ આંગણવાડી કેન્દ્રો આપણે નવું નામ આપેલું છે. બાકી આપણે બધાય તેને બાલમંદિર જ કહેતા હતા અને તેને ખરેખર આપણે કાળજી લેવી જોઇએ અને જર્જરિત મકાનમાં એક પણ આંગણવાડી જો બેસતી હોય તો એ આપણા બધા માટે શરમજનક છે, એટલે માનનીય મંત્રીશ્રી આ તપાસ કરાવી અને જયાં જયાં જર્જરિત હોય ત્યાં તાકીદે એની અન્ય જગ્યાએ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? કારણ કે બાળકો છે તે કોઇ પોતે ફરિયાદ કરી શકતા નથી હમણાં કોલેજની અંદર કે હાઇસ્કૂલની અંદર આવું હોય તો હડતાળો પાડે, એના વાલીઓ આવીને રજૂઆત કરે પણ અહીંયા આ જે બાળકો બોલી શકતા નથી તેના કારણે આટલી સંખ્યામાં એક જ જિલ્લાની અંદર ૩૦૫ જર્જરિત છે. આખા રાજ્યમાં એક પણ આંગણવાડી જર્જરિત ન રહે એ માટે સરકાર વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? એ માટે તાકીદ કરવા માગે છે કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે છેલ્લાં બે વર્ષમાં આંગણવાડીના મકાનોના બાંધકામ માટે અમારી સરકારે માતબર રકમની જોગવાઇ કરી છે. ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૨૫૦ આંગણવાડી કેન્દ્રોની મંજૂરી આપેલ છે. જેમાં ૧૬૦૦ જર્જરિત આંગણવાડીઓ અને ૧૬૫૦ નવા મકાનો એમ કુલ ૩૨૫૦ મકાનો બાંધવાનો લક્ષ્યાંક જિલ્લાઓને ફાળવેલ છે. એના માટે મંજૂર કરેલ રૂ.૧૩૮ કરોડ પૈકી રૂ.૫૮ કરોડ ૧૬ લાખની ગ્રાન્ટ જિલ્લાઓને ફાળવી આપેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આંગણવાડી કેન્દ્રોના માઇનોર રિપેરિંગ અને રિનોવેશન માટે બજેટની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. જેમાં નાના-મોટા સમારકામ માટે આંગણવાડીદીઠ રૂ.૮૫૦૦/- આપવામાં આવે છે. જેમાંથી મારી વર્કર બહેનોને

સરળતાથી જરૂરિયાત મુજબ રિપેરિંગ માટે રકમ ફાળવી શકાય છે. આ પૂરેપૂરી ગ્રાન્ટ આંગણવાડી કેન્દ્રોના સંસ્થાકીય ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. એ જ રીતે આંગણવાડી કેન્દ્રોના મકાનોને જર્જરિત થતા અટકાવવા માટે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રતિ આંગણવાડીદીઠ રૂ.૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે અને એ માટે કુલ રૂ.૨૧ કરોડ ૨૪ લાખની રકમ જિલ્લા કક્ષાએ ટૂંક સમયમાં ફાળવી આપવામાં આવશે. આંગણવાડી ૨.૦ યોજના અંતર્ગત આંગણવાડીના માળખાકીય વિકાસ માટે આગામી ત્રણ નાણાકીય વર્ષ માટે રૂ.૧૮૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. જેમાં આગામી નાણાકીય વર્ષ માટે રૂ.૨૦૦ કરોડ મંજૂર કરેલ છે અને આગામી વર્ષમાં પ્રિ–કાસ્ટ મૉડેલથી આંગણવાડીઓ તૈયાર કરવામાં આવશે. તે પણ વિચારણામાં છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબથી મને સંતોષ થયો છે. મારા પ્રશ્નના જવાબની વિસ્તૃત માહિતી આપી તે બદલ આભાર વ્યક્ત કરું છું અને સરકારને અભિનંદન આપું છું. મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બે જ જિલ્લાનો પ્રશ્ન છે. મહીસાગરમાં ૩૦૫ અને આણંદમાં ૯૩ આંગણવાડીના મકાનો જર્જરિત છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ મહિસાગર જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ છે અને બીજું કે આ બંને જિલ્લામાં જર્જરિત આંગણવાડીઓને આપણે વૈકલ્પિક જગ્યા પર બેસાડીએ છીએ. તો બે વર્ષ કરતાં વધારે સમયથી કેટલી આંગણવાડીઓ જર્જરિત છે અને તેના માટે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા આપી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જર્જરિત આંગણવાડીઓનું સંપૂર્ણ લિસ્ટ આપેલ છે. સભ્યશ્રી, તમારો બીજો પ્રશ્ન શું હતો?

અધ્યક્ષશ્રી : એમણે મહીસાગરમાં કુલ કેટલી આંગણવાડીઓ છે અને કેટલી જર્જરિત છે? એવું પૂછ્યું છે અને કેટલા સમયથી છે? એ પણ પૂછ્યું છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કુલ ૧૩૧૬ આંગણવાડી છે અને બીજી વિગતો હું આપને પાછળથી પહોંચાડી દઇશ.

- **જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**
- ***15/4/1797: શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ): માનનીય**
- **સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) | ૬૨૧૫ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૬૧૯૮ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૭૪૩.૭૬ લાખ |

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લાના માંગરોળ, માળિયા અને કેશોદ ત્રણ તાલુકાઓમાં કેટલી અરજીઓ મળી છે? કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને જે અરજીઓ મળી છે એમાં ૧૭ અરજીઓ નામંજૂર થઇ છે, એનાં કારણો શું છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે માહિતી માગી છે એમાં મને લાગે છે કે એમણે બે–ત્રણ તાલુકાની જ માહિતી માગી છે. મારી પાસે એ જિલ્લાના બધા જ તાલુકાઓની માહિતી છે તો હું આપવા માગું છું.

અધ્યક્ષશ્રી : એમણે માગી છે એટલી જ માહિતી આપો.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : સભ્યશ્રી, આપે ક્યા તાલુકાની માહિતી માગી છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. શ્રી ભગવાનજીભાઇ, આપ પ્રશ્નને ફરીથી મૂવ કરો.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાના માંગરોળ, માળિયા અને કેશોદ તાલુકામાં કેટલી અરજીઓ મળી છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે? બીજું કે જે ૧૭ અરજીઓ નામંજૂર થઇ છે એનાં કારણો શું છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ તાલુકામાં મળેલ ૧૦૫૯ અરજીઓ પૈકી રૂ.૧ કરોડ ૧૮ લાખ ૪૪ હજારની રકમ, કેશોદ તાલુકામાં મળેલ ૯૧૩ અરજીઓ પૈકી રૂ.૧ કરોડ ૯ લાખ ૩૨ હજારની રકમ, માળિયા તાલુકામાં મળેલ ૯૮૭ અરજીઓ પૈકી રૂ.૧ કરોડ ૧૮ લાખ ૪૪ હજારની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે. ૧૭ અરજીઓ પૂરતી વિગતો ન મળવાના કારણે નામંજૂર કરવામાં આવેલ છે.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ''કુંવરબાઇનું મામેરું'' યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ''કુંવરબાઇનું મામેરું'' યોજના હેઠળ ૧૮,૪૮૬ લાભાર્થીઓને રૂ.૨૧ કરોડ ૧૯ લાખ ૬ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં મળેલ ૫૫૧ અરજીઓ પૈકી રૂ.૫૫.૧૦ લાખ, ૧૮૮૫ અરજીઓ પૈકી રૂ.૧૮૮.૫૦ લાખ, વર્ષ ૨૦૨૦-૨૧માં અનુસૂચિત જાતિ માટે ૩૦૭ અરજીઓ પૈકી રૂ.૩૦.૭૦ લાખ, વિકસતી જાતિ માટે ૧૭૮૮ અરજીઓ પૈકી રૂ.૧૭૮.૮૦ લાખ, વર્ષ ૨૦૨૧-૨૨ માટે અનુસૂચિત જાતિ માટે ૪૮૮ અરજીઓ પૈકી રૂ.૫૮.૬૪ લાખ, વિકસતી જાતિ માટે ૨૮૦૩ અરજીઓ પૈકી રૂ.૩૦૮.૬૦ લાખ, વર્ષ ૨૦૨૨-૨૩માં અનુસૂચિત જાતિ માટે ૮૮૨ અરજીઓ પૈકી ૧૦૨.૫૦ લાખ, વિકસતી જાતિ માટે ૪૪૨૭ અરજીઓ પૈકી રૂ.૫૫૪.૬૨ લાખ, વર્ષ ૨૦૨૩-૨૪માં અનુસૂચિત જાતિ માટે ૬૯૫ અરજીઓ પૈકી રૂ.૮૩.૨૨ લાખ, વિકસતી જાતિ માટે ૪૬૬૦ અરજીઓ પૈકી રૂ.૫૫૮.૩૮ લાખનો ખર્ચ થયેલ છે. આમ, કુલ અનુસૂચિત જાતિ માટે ૨૯૨૩ અરજીઓ પાછળ રૂ.૩૩૦.૧૬ લાખ અને વિકસતી જાતિ માટે ૧૫,૫૬૩ અરજીઓ પાછળ રૂ.૧૭૮૮.૯૦ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ગઇકાલે દ્વારકા મુકામે ગયો હતો. ભગવાન શ્રી કૃષ્ણની ભૂમિમાં નવા બ્રિજનું નામ 'સુદર્શન ચક્ર' રાખવા માટે અને અમારા સમાજનું ઘરેણું એટલે આહિરાણીઓનો જાહેરમાં એક કાર્યક્રમ થકી દેશના વડાપ્રધાનશ્રીને ધન્યવાદ કર્યો છે. એટલે તમામ ધર્મપ્રેમી જનતાવતી અને આહિર સમાજવતી માનનીય પ્રધાનમંત્રીજીનો ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીને મારું સૂચન અને વિનંતી છે કે, ''કુંવરબાઇનું મામેરું'' યોજનાની જે સહાય આપવામાં આવે છે તેમાં સમૂહ લગ્નમાં જોડાનાર દીકરીઓ માટે રકમમાં વધારો કરવો જોઇએ.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યશ્રી, મારો પણ એ જ પ્રશ્ન હતો કે સહાય વધારવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વર્ષ ૨૦૨૧માં જ સહાયની રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

**વલસાડ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

*** 15/4/1825 શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ : (માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વલસાડ જિલ્લા રોજગાર કચેરી, ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | )૧( | ૭૬૦૫ |
| )૨( | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | )૨( | ૧૬૨૪૬ |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રીએ નવસારી ખાતે પી.એમ. મિત્ર પાર્ક, ટેક્સ્ટાઇલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું છે એનાથી મારા વલસાડ જિલ્લાને ઘણી રોજગારી મળશે. ગુજરાત રાજ્ય રોજગારક્ષેત્રે અગ્રેસર રહ્યું છે એ માટે હું આદરણીય વડાપ્રધાનશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી, બળવંતસિંહ રાજપૂત સાહેબને અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવી? અને વલસાડ જિલ્લાની રોજગાર કચેરી દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા-કયા ક્ષેત્રમાંથી રોજગારી આપવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી માટે ગુજરાત એ આજની તારીખમાં છેલ્લાં ૨૦ વર્ષમાં નંબર વન રાજ્ય રહ્યું છે. પી.એમ. મિત્ર પાર્કના ઉદઘાટનથી હજારો લોકોને રોજગારી પ્રાપ્ત થવાની છે. હું તાલુકાવાર વિગતો આપું તો, વલસાડ જિલ્લામાં ૪૧૬૫ લોકોને, પારડીમાં ૨૩૭૭ લોકોને, વાપીમાં ૬૮૯૪ લોકોને, ઉમરગામમાં ૨૬૯૨ લોકોને, ધરમપુરમાં ૮૮ લોકોને અને કપરાડામાં ૩૦ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી. આમ, કુલ ૧૬,૨૪૬ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. વલસાડ જિલ્લાની રોજગાર કચેરીમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ એક વર્ષમાં મુખ્યત્ત્વે કાપડ ઉદ્યોગ, રેડીમેડ કાપડ, એન્જિનિયરિંગ પાર્ટસના ઉત્પાદન અંગેના ઉદ્યોગો, પ્લાસ્ટિક, રબર, કેમિકલ, પેટ્રોકેમિકલ્સ, રસાયણ અને ખાતર જેવા અનેક ક્ષેત્રોમાં રોજગારી આપવામાં આવી છે.

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૦૦ની સ્થિતિએ ૭૬૦૫ બેરોજગારો નોંધાયા હતા. સરકારશ્રીના આંકડા મુજબ એક વર્ષમાં ૧૬,૨૪૬ લોકોને રોજગારી આપવામાં આવી, નોંધાયેલા આંકડા કરતાં ૮૬૪૧ વધારે લોકોને રોજગારી આપવામાં આવી છે. આ ૮૬૪૧ લોકો કે જે નોંધાયા જ નથી એ લોકોને કેવી રીતે રોજગારી આપી? મારી પાસે જે આંકડાઓ છે એના આધારે તા.૧૩/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ૭૩૮૪ લોકો નોંધાયા હતા. તા.૦૯/૦૩/૨૦૨૨ના રોજ ગણીએ તો ૮૯૧૦ લોકો નોંધાયા હતા. એટલે નોંધાયેલ સંખ્યા કરતાં રોજગારી આપવાની સંખ્યા વધારે છે તો એનાં કારણો શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં એક સિસ્ટમ છે કે લોકો રોજગારી મેળવવા માટે જોડાય અને ત્રણ વર્ષ સુધી એમને રોજગારી પ્રાપ્ત ન થાય તો ઓટોમેટિક ફરીથી રજિસ્ટ્રેશન કરવું પડતું હોય છે. અમારા અંતિમ રજિસ્ટર પ્રમાણે ૭૩૮૫ લોકો હતા. તા.૦૧/૦૧/૨૦૨૩થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી એક વર્ષ દરમિયાન ૧૮૦૧૪ લોકો જોડાયા. કુલ ૨૫,૩૯૯ની સંખ્યા થઇ. આપણે ૧૬,૨૪૬ લોકોને રોજગારી આપી. આજની તારીખે ૧૫૪૮ રદ થઇ ગયા છે. આજની તારીખે અંતિમ રજિસ્ટરમાં તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૭૬૦૫ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સરળ જ છે કે નોંધાયા કરતાં રોજગારી વધારે આપી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રી કહે છે તો પણ તમે સમજી શકતા નથી?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સરકારમાં બેઠાં છે એટલે પૂછવું પડે છે કારણ કે, બેરોજગારીનો પ્રશ્ન છે. આજે સરકારી કર્મચારીઓ હડતાલ ઉપર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ પૂછવું છે કે, નોંધાયા કરતાં રોજગારી વધારે મળી છે. માનનીય મંત્રીશ્રીએ જે આંકડા આપ્યા એમાં ૧૫૦૦ રદની પણ વાત કરી છે. પરંતુ નોંધાયા પછી રોજગારી કેવી રીતે વધારે મળી? મારે ફક્ત એટલી જ સ્પષ્ટતા જોઇએ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું કે અગાઉ ૨૫,૦૦૦થી વધુ નોંધાયેલા હતા, એમાંથી ૭૬૦૦ની વાત કરી એટલા બાકી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ આ વિધાનસભાગૃહમાં જે આંકડા રજૂ થયા છે એમાં ૭૩૮૪ લોકો જ નોંધાયા હતા. એ વખતે ૨૫,૮૮૮ જણને રોજગારી આપી હતી. તારીખ ૦૯/૦૩/૨૦૨૨ના દિવસે આ વિધાનસભા ગૃહમાં જે આંકડા રજૂ થયા એમાં ૮૯૧૦ નોંધાયા હતા. એ વખતે ૨૬,૨૫૭ જણને રોજગારી આપવામાં આવી હતી. એટલે સળંગ આવતાં આંકડામાં માનનીય મંત્રીશ્રી જે કહી રહ્યા છે એમાં અગાઉના આંકડા પણ મારી પાસે છે. મારે ફક્ત સ્પષ્ટતા જોઇએ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇનું ગણિત આમ તો પાકું હોય છે છતા હું આ લેખિત કાગળ માનનીય અધ્યક્ષશ્રીને પહોંચાડું છું. માનનીય શૈલેષભાઇ, આપને આપી દેશે. મને નવાઇ લાગી કે, શ્રી શૈલેષભાઇ, હું જવાબ આપતો હતો ત્યારે મેં આપને ટોટલ સાથે કહેલ છે. મેં જયારે ટોટલવાઇઝ કહ્યું હોય ત્યારે ચોક્કસ આપને ખ્યાલ આવે અને ખ્યાલ ન આવે તો હું આપને કાગળ પહોંચાડી દઇશ.

**નવસારી જિલ્લામાં વ્હાલી દીકરી યોજના**

***15/4/1816: શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ** ) નવસારી :(**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે –:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ (રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના ક્યારથી અમલમાં છે, | )૧ (રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના તા.૦૨/૦૮/૨૦૧૯થી અમલમાં છે . |
| )૨ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | )૨ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કુલ –૧૧૬૯ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. |
| )૩ (ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવી? | )૩ (ઉક્ત સ્થિતિએ કુલ –₹ ૧૨,૮૫,૯૦,૦૦૦) –/બાર કરોડ પંચ્યાશી લાખ નેવું હજાર (ની સહાય મંજૂર કરવામાં આવી. |

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનાનો નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે એનો જવાબ મને મળી ગયો છે. પરંતુ વ્હાલી દીકરી યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની પાત્રતા શું છે? તે અંગે માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતાના ધોરણોમાં જણાવું તો તારીખ ૦૨/૦૮/૨૦૧૯ના રોજ ત્યારબાદ જન્મેલ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. દંપતિને પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. દંપતિની વાર્ષિક

આવકમર્યાદા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ની જોગવાઇ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોય તેવા દંપતિઓને દીકરીઓની આ યોજનાનો લાભ આપવામાં આવે છે. લાભાર્થીએ દીકરીના જન્મથી એક વર્ષમાં અરજી કરવાની રહેતી હોય છે.

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ જી.આઇ.ડી.સી .**

* **15/4/2436 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** ) માણાવદર (: **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર શહેર /જિલ્લામાં આવેલ જી.આઇ.ડી.સી .વાર કૂલ કેટલા પ્લોટ અને શેડ આવેલા છે,

)૧(

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | પ્લોટની સંખ્યા | શેડની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ-૧ | ૮૭ | ૪૬ |
| | જૂનાગઢ-૨ | ૪૮૭ | ૩૫ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ |
| | શીલ | ૫૫ | ૦૦ |
| | **કુલ** | **૬૩૭** | **૮૬** |
| પોરબંદર | પોરબંદર | ૫૪૦ | ૫૮ |
| | મીયાણી | ૧૬૩ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૯ | ૦૦ |
| | **કુલ** | **૮૬૨** | **૫૮** |

)૨( તે પૈકી જી.આઇ.ડી.સી .વાર કેટલા પ્લોટ અને શેડનું એલોટમેન્ટ થયેલ છે,

)૨(

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | એલોટેડપ્લોટની સંખ્યા | એલોટેડ શેડની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ-૧ | ૮૫ | ૪૬ |
| | જૂનાગઢ-૨ | ૪૫૯ | ૩૫ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ |
| | શીલ | ૪૮ | ૦૦ |
| પોરબંદર | પોરબંદર | ૫૨૫ | ૫૮ |
| | મીયાણી | ૦૦ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૮ | ૦૦ |

(૩( ઉક્ત સ્થિતિએ એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગો જી.આઇ.ડી.સી .વાર કાર્યરત છે અને જી.આઇ.ડી.સી .વાર કેટલા પ્લોટ અને શેડ ખાલી છે,

(૩(

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | કાર્યરત પ્લોટ | કાર્યરત શેડ | ખાલી પ્લોટ | ખાલી શેડ |
|---|---|---|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ-૧ | ૮૪ | ૪૬ | ૦૧ | ૦૦ |
| | જૂનાગઢ-૨ | ૪૫૭ | ૩૫ | ૦૨ | ૦૦ |
| | વિસાવદર | ૦૮ | ૦૫ | ૦૦ | ૦૦ |
| | શીલ | ૨૯ | ૦૦ | ૧૯ | ૦૦ |
| પોરબંદર | પોરબંદર | ૫૧૮ | ૫૮ | ૦૭ | ૦૦ |
| | મીયાણી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | રાણાવાવ વનાણા | ૧૫૨ | ૦૦ | ૦૬ | ૦૦ |

(૪( ઉક્ત એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ ન કર્યા હોય તો જી.આઇ.ડી.સી .વાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૪(

| જિલ્લો | ઔદ્યોગિક વસાહત | જીપીપી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવા પ્લોટ અને શેડની સંખ્યા |
|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ-૧ | ૦૦ |
| | જૂનાગઢ-૨ | ૦૧ |
| | વિસાવદર | ૦૦ |
| | શીલ | ૧૨ |
| પોરબંદર | પોરબંદર | ૦૬ |
| | મીયાણી | ૦૦ |

## ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર શહેર, જિલ્લામાં કુલ કેટલા જી.આઇ.ડી.સી. વાર પ્લોટ અને શેડ આવેલા છે? પ્રશ્ન–ર. ઉપરોકત સ્થિતિએ એલોટમેન્ટ થયેલ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગ જી.આઇ.ડી.સી. વાર કાર્યરત છે? અને જી.આઇ.ડી.સી. વાર કેટલા પ્લોટ અને શેડ પ્લાન છે? ઉપરોકત એલોટમેન્ટ થયેલ શેડ અને પ્લોટમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરુ ન કર્યો હોય તો જી.આઇ.ડી.સી. વાર કોની સામે શાં પગલાં લેવામાં આવ્યાં?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બોલ્યા એ બધાના જવાબો એમણે લેખિતમાં આપને આપી દીધા છે. હવે એના સિવાય આપને કંઇ વધારાનું કહેવાનું હોય તો પૂછી શકો છો.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા મત વિસ્તાર માળિયા તાલુકામાં જે જી.આઇ.ડી.સી. મંજૂર કરવામાં આવેલ છે તે બદલ હું માનનીય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તેમનો આભાર માનું છું. સાથે સાથે જાણવા માગું છું કે નિગમ દ્વારા જે ઉદ્યોગોને ઉદ્યોગ સ્થાપવા માટે જે એના નિયમો છે, જે પોલિસી છે, એનું સરળીકરણ કરવા માટે અને સહેલાઇથી થઇ શકે એવું કરવા માટે છેલ્લાં ૩ વર્ષમાં શું શું નિર્ણયો કરવામાં આવેલા છે અને જે જી.આઇ.ડી.સી. માં ઉદ્યોગકારો ઉદ્યોગ ન સ્થાપે તો એના માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે રીતે પૂછ્યું છે. અત્યારની જી.આઇ.ડી.સી.ની પોલિસીમાં એકદમ સરળતા બનાવી દીધી છે. પહેલા ૧૧૭થી વધારે પરિપત્રો હતા. આજની તારીખમાં માત્ર ૭ જ પરિપત્ર કરી દીધા છે. જેના કારણે લોકોને ખ્યાલ આવે અને પોતે કરેલી અરજી ઓનલાઇન પોર્ટલ પર જોઇ શકે કે કયાં આગળ છે? જે અરજી કરેલી છે એ ફાઇલ કોને ત્યાં પડી છે એ પણ પારદર્શિતાથી જોઇ શકાય છે. પ્લોટની ફાળવણી માટે લીઝ–ડીડ, મોર્ગેજ, પરમિશન, તબદિલી, એકત્રીકરણ વગેરે જેવી બાબતોમાં જી.આઇ.ડી.સી. એ વખતોવખત જારી કરેલા પરિપત્રોની એક બુક બનાવી દીધી છે. એ બુક આપણે પ્રસિદ્ધ પણ કરી દીધી છે. જે પ્લોટમાં ફાળવણી બાદ જમીન ઉપર બાંધકામ શરૂ કર્યા હોય અને ઉત્પાદન શરૂ થવાનું બાકી હોય તેવા પ્લોટના વપરાશની સમયમર્યાદા પૂર્ણ થઇ હોય તો તેવા પ્લોટધારકોને પ્લોટનો વપરાશ શરૂ કરવા માટેની પ્લોટ વપરાશની સમય મર્યાદા તા.૩૧–૩–૨૪ સુધી જી.આઇ.ડી.સી. એ વધારી આપી છે. વખતોવખત, વચ્ચે કોરોનાકાળ હતો તે વખતે પણ લોકોની માગણી હતી તે વખતે પણ આપણે સમય મર્યાદા વધારી આપી હતી. અત્યારે પણ એ પ્રમાણેની વ્યવસ્થા કરેલી છે. સભ્યશ્રીનો બીજો પ્રશ્ન એ હતો કે વણવપરાયેલા પ્લોટનો વપરાશ થાય, નવી રોજગારીનું સર્જન થાય અને આર્થિક વિકાસ થાય એ હેતુથી રાજય સરકારે પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની ઉદાર નીતિ બનાવી છે. એ મુજબ પ્લોટની ફાળવણી સમયે ભરપાઇ કરેલી રકમની કિંમત અને નિગમની હાલની ફાળવણીની કિંમત વચ્ચેના તફાવતના ૭૫ ટકા રકમની મહત્તમ મર્યાદાની રકમ પરત કરવાનો હકારાત્મક નિર્ણય ઉદ્યોગોના હિતમાં લેવામાં આવેલ છે. નિગમની અંદર તમામ બાબતોમાં મિલકતમાં ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલ બિન અધિકૃત બાંધકામને નિયમિત કરવાની સમય મર્યાદા પણ તા.૩૧–૭–૨૦૨૩ સુધી કરવામાં આવી હતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જી.આઇ.ડી.સી.માં ઘણા વખતથી પ્લોટનું વેચાણ થયેલ નથી અથવા તો ઉદ્યોગકારો ત્યાં આવ્યા નથી. દાખલા તરીકે પોરબંદર તાલુકાના મિયાણી ગામ છે તે મિયાણી ગામમાં ૧૬૩ પ્લોટ છે. આ જી.આઇ.ડી.સી. ૧૯૯૪માં અસ્તિત્વમાં આવી. છતાં એકપણ પ્લોટ ત્યાં ઉદ્યોગ સ્થાપવા માટે ઉપયોગ કરવામાં આવ્યો નથી. તે ઉપરાંત બીજી બે જી.આઇ.ડી.સી. છે. વડાણા અને ઘણકપુર. ત્યાં પણ ૧૧૦ જેટલા પ્લોટ અથવા તો ઉદ્યોગો બંધ છે. તો માનનીય મંત્રીશ્રીને હું આપના મારફત પૂછવા માગું છું કે મિયાંણીમાં જે અત્યાર સુધીમાં એકપણ પ્લોટમાં ઉદ્યોગકાર આવ્યા નથી તો એના માટે માર્કેટિંગ વ્યવસ્થા ગોઠવીને, ત્યાંના સ્થાનિક લોકોને ટ્રેનિંગ આપીને, જાણકારી આપીને ત્યાં ઉદ્યોગો શરૂ થાય એવું કરવા માગો છો કે કેમ? અને એમાં કોઇ વધારાના ઇન્સેન્ટિવ આપવા માગો છો કે કેમ? જે ઉદ્યોગો બંધ છે એ જમીન પરત મેળવીને એમને ત્યાં પણ નવા ઉદ્યોગો આવે અથવા તો જે ઉદ્યોગો છે એ પુનઃ ચાલુ થાય એ માટેની ખાસ કોઇ યોજના લાવવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત બહુ સાચી વાત છે. આજની તારીખમાં પણ એ જી.આઇ.ડી.સી. માટે કોઇને પ્લોટ લેવો હોય તો આજે પણ ખુલ્લો મૂકયો છે. માનનીય અર્જુનભાઇએ અગાઉ એક–બે વખત મારી પાસે રજૂઆત પણ કરી છે અને એમની રજૂઆતમાં હંમેશા ચિંતા હોય છે કે એ વિસ્તારની અંદર જી.આઇ.ડી.સી. ચાલુ થઇ જાય. આપણે પણ પ્રયત્નો કર્યા છે. ત્યાં આગળ જી.આઇ.ડી.સી. શરૂ થાય એનું માર્કેટિંગ થાય અને આપણે બધા સંયુકત ભેગા થઇને જે જી.આઇ.ડી.સી. ત્યાં આટલાં વર્ષોથી છે તો કયા પ્રકારના ઉદ્યોગો કરીએ, ત્યાં કયા ઉદ્યોગો ચાલે એ બાબતનું ચિંતન કરીએ છીએ. હું માનનીય સભ્યશ્રીની ચિંતા સાથે હું સંમત છું. પોઝિટિવ છું. બીજી એમણે વાત કરી કે જે લોકો એ પ્લોટોનો ઉપયોગ નથી કરતા એને આપણે જી.આઇ.ડી.સી.માં જી.પી.પી. એકટ ૧૯૭૨ હેઠળ મિલકત પરત લેવાની કાર્યવાહી આપણે કરતા હોઇએ છીએ અને એની નોટિસ ૪–૧ હેઠળ નોટિસ આપીએ છીએ. ૫–૧ હેઠળ હુકમ કરીએ છીએ અને ૫–૨ હેઠળ હુકમ કરીને પ્લોટનો કબજો આપણે પરત લેતા હોઇએ છીએ અને એ બીજા લોકોને આપતા હોઇએ છીએ. જે લોકોએ પૈસા ભર્યા હોય એ લોકોને મહત્તમ રકમ એને પરત કરતા હોઇએ છીએ.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેટલી અને અને કઇ કઇ ઔદ્યોગિક વસાહતો આવેલી છે અને આ બન્ને જિલ્લામાં કેટલી અને કઇ કઇ પૂર્ણ વિકસિત વસાહતો છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ–૧, જૂનાગઢ–૨, કુલ વસાહત ૧–૧, માંગરોળ ૧, વિસાવદર–૧, પોરબંદર–૨, રાણાવાવ–૧ એમ કુલ ૭ વસાહત છે. આમાંથી ૬ આજની તારીખમાં પૂર્ણ વસાહત છે અને એક મિયાણી છે એમાં આજની તારીખમાં ઓનલાઇન પોર્ટલ ઉપર ચાલુ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને સૂચન પણ કરું છું, માનનીય અર્જુનભાઇએ જે વાત કરી એ મુજબ સીલ, પોરબંદર અને મિયાણી એ અમારો કોસ્ટલ બેલ્ટ છે અને મોટે ભાગે ત્યાં માછીમારીનો વ્યવસાય સાથે લોકો સંકળાયેલા હોય છે એટલે મિયાણી અને સીલમાં કોઇ ઉદ્યોગકારો આવતા નથી તો ત્યાં ફિશરીઝના જે ઉદ્યોગકારો હોય ફિશરીઝના પ્લાન્ટો નાંખવાવાળા હોય એમને પ્રોત્સાહિત કરીને કરીએ તો જી.આઇ.ડી.સી. ડેવલપ થાય અને આ ઉદ્યોગ નાંખવાવાળા હોય એમને પણ ફાયદો થાય એવું સરકાર કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આટલા ટાઇમથી જે જી.આઇ.ડી.સી. બંધ છે એમાં આપનું સૂચન ઉમેરીને આપણે બધા સાથે મળીને ચોક્કસ એમાં કામ કરીશું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા માળીયા હાટીના તાલુકામાં જી.આઇ.ડી.સી. મંજૂર થઇ છે તો કયા સ્થળ ઉપર મંજૂર થઇ છે અને કેટલી રકમ તેમાં ફાળવવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : લોકેશન જો આઇડેન્ટિફાઇ થઇ ગયું હોય તો એમને જણાવો કે આ જગ્યા ઉપર છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને માહિતી મોકલી આપીશ. જમીન શોધવાની કાર્યવાહી ચાલુ છે.

અધ્યક્ષશ્રી : લોકેશન આઇડેન્ટિફાઇ કરવાનું બાકી છે. જમીન માટેની પ્રોસેસ ચાલતી હશે. થઇ ગયું હોય તો તમારો જવાબ માન્ય રાખીશું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને સૂચન છે અને મારી રજૂઆત પણ છે કે મને આનંદ થાય કે મારા મિત્રશ્રીએ અભિનંદન પાઠવ્યા. છેલ્લાં ૭ વર્ષથી રાહ જોવું છું અને માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અરવલ્લી જિલ્લામાં, સાબરકાંઠામાંથી ઘણા બધા યુવાનો ભણ્યા પછી ટ્રાન્સફર થઇ અમદાવાદ, સુરત, રાજકોટ જેવાં શહેરોમાં જતાં રહે છે. ગામડામાંથી એજ્યુકેટેડ લોકો બહાર આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં સારી કંપની કે સારી જી.આઇ.ડી.સી.નું પ્લાનિંગ કરવા માગો છો કે કેમ? અમદાવાદથી ૭૦ કિલોમિટરના અંતરમાં આ વિસ્તાર આવેલ છે.

અધ્યક્ષશ્રી : જૂનાગઢ, પોરબંદરથી સીધા ત્યાં પહોંચ્યા છો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, શું કરું? પ્રશ્ન આવ્યો જ નહીં.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ અમારા ગુજરાતના મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આ વાઇબ્રન્ટની અંદર જિલ્લાવાર દરેક જિલ્લામાં 'વન પ્રોજેક્ટ, વન ડિસ્ટ્રિક્ટ' એટલે દરેક જિલ્લામાં ત્યાં જ ઉત્પાદન થાય, ત્યાં જ ફેક્ટરી સ્થપાય અને ત્યાં જ રોજગારી ઊભી થાય તે પ્રકારની વ્યવસ્થા પણ કરી રહ્યા છીએ.

### વિધવાઓના પુન :સ્થાપન માટે આર્થિક સહાય

***15/4/2385 શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા** ) જમાલપુર–ખાડીયા **:** (**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

**પ્રશ્ન**

)૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં નિરાધાર વિધવાઓના પુન:સ્થાપન માટે આર્થિક સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

) ૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં નિરાધાર વિધવાઓના પુન:સ્થાપન માટે આર્થિક સહાય યોજના અંતર્ગત નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | મળેલ અરજીઓ | | | કુલ અરજીઓ |
|---|---|---|---|---|
| | | વર્ષ : ૨૦૨૨ | વર્ષ : ૨૦૨૩ | |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૪૭૪ | ૧૨૨૮૭ | ૩૦૭૬૧ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૯૭૫૮ | ૫૫૮૫ | ૧૫૩૪૩ |
| **કુલ** | | ૨૮૨૩૨ | ૧૭૮૭૨ | ૪૬૧૦૪ |

)૨ (તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજી નામંજૂર કરી ?

)૨ (તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર અને નામંજૂર કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૨૨માં મળેલ અરજી | વર્ષ : ૨૦૨૩માં મળેલ અરજી | કુલ મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અસારવા | ૬૮૫૮ | ૪૧૫૭ | ૧૧૦૧૫ | ૧૧૦૧૫ | ૦ |
| ૨ | મણીનગર | ૪૩૦૮ | ૩૦૫૯ | ૭૩૬૭ | ૭૩૬૭ | ૦ |
| ૩ | વટવા | ૧૮૯૫ | ૧૪૧૦ | ૩૩૦૫ | ૩૩૦૫ | ૦ |
| ૪ | સાબરમતી | ૩૧૩૫ | ૧૮૫૩ | ૪૯૮૮ | ૪૯૮૮ | ૦ |
| ૫ | ઘાટલોડિયા | ૧૧૯૦ | ૮૪૬ | ૨૦૩૬ | ૨૦૩૩ | ૩ |
| ૬ | વેજલપુર | ૧૦૮૮ | ૯૬૨ | ૨૦૫૦ | ૧૯૭૦ | ૮૦ |
| ૭ | વિરમગામ | ૧૨૮૯ | ૫૭૮ | ૧૮૬૭ | ૧૮૬૭ | ૦ |
| ૮ | માંડલ | ૭૭૮ | ૨૭૫ | ૧૦૫૩ | ૧૦૫૩ | ૦ |
| ૯ | દેત્રોજ | ૫૮૦ | ૨૭૧ | ૮૫૧ | ૮૪૭ | ૪ |
| ૧૦ | ધોળકા | ૨૧૬૯ | ૧૬૨૩ | ૩૭૯૨ | ૩૭૯૨ | ૦ |
| ૧૧ | બાવળા | ૮૧૪ | ૫૨૭ | ૧૩૪૧ | ૧૩૨૫ | ૧૬ |
| ૧૨ | ધંધુકા | ૫૯૫ | ૩૦૨ | ૮૯૭ | ૮૯૭ | ૦ |
| ૧૩ | દસક્રોઇ | ૨૧૧૮ | ૯૫૨ | ૩૦૭૦ | ૩૦૫૮ | ૧૨ |
| ૧૪ | ધોલેરા | ૩૦૨ | ૧૬૧ | ૪૬૩ | ૪૬૩ | ૦ |
| ૧૫ | સાણંદ | ૧૧૧૩ | ૮૯૬ | ૨૦૦૯ | ૨૦૦૯ | ૦ |
| કુલ | | ૨૮૨૩૨ | ૧૭૮૭૨ | ૪૬૧૦૪ | ૪૫૯૮૯ | ૧૧૫ |

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, હાલ વિધવા મહિલાઓના પુનઃસ્થાપન માટે કઇ કઇ યોજનાઓ છે અને બીજો પ્રશ્ન છે કે આ યોજનામાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને તેની આવક મર્યાદા છે કે નહીં? આ સહાયની રકમ છે એમાં વધારો કરવા માગો છો કે કેમ? જે વિધવાને પુત્ર હોય તેને પણ આ યોજનાનો લાભ મળે છે કે નહીં?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા બહેનો છે એના પુનઃસ્થાપન માટે સમાજમાં ગંગા સ્વરૂપા મહિલાઓમાં પુનઃલગ્ન સ્વીકાર થાય એવા સુધારાત્મક અભિગમને સાકાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના તા.૧-૪-૨૦૨૧થી અમલમાં છે. આ યોજનામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી મહિલાઓ પુનઃલગ્ન કરે તો તેને લગ્ન કર્યાના ૬ માસની સમયમર્યાદામાં અરજી કરવાની હોય છે. આ યોજનાની સહાય પેટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી મહિલાઓ પુનઃલગ્ન કરે તો રૂપિયા ૨૫ હજાર અને નાની બચત પેટે ૨૫ હજાર રૂપિયા એમ કુલ ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. સાથોસાથ દર મહિને રૂપિયા

૧૨૫૦ની રકમ ચૂકવવામાં આવે છે. ગ્રામ્ય કક્ષાએ આવક મર્યાદા રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી કક્ષાએ રૂપિયા ૧.૫૦ લાખની આવક મર્યાદા છે. આવક મર્યાદા વધારવાનું એમનું સૂચન છે.

**છોટા ઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય બાબત**

*15/4/2336 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા ) છોટા ઉદેપુર(: માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલા વૃધ્ધોને સહાય ચૂકવવામાં આવે છે?

)૧(

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ સહાય ચુકવવામાં આવેલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સંખેડા | ૭૭૨ |
| ૨ | કવાંટ | ૮૦ |
| ૩ | બોડેલી | ૧૦૨૦ |
| ૪ | છોટાઉદેપુર | ૧૯૦ |
| ૫ | નસવાડી | ૨૧૪ |
| ૬ | જેતપુર પાવી | ૨૯૩ |
| કુલ | | ૨૫૬૯ |

)૨( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા વૃધ્ધોને તેઓની અરજી મંજૂર થયા બાદ ઉક્ત સહાય ચૂકવવામાં આવેલ નથી,

)૨( માહિતી શૂન્ય છે.

)૩( ઉક્ત બાકી રહેલ લાભાર્થીઓને ઉક્ત સહાય ક્યારે ચૂકવવામાં આવશે?

)૩( ખંડ–૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નતી .

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં ચાલુ નાણાકીય વર્ષ સહિત છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગ આર્થિક સહાય યોજના હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૨૫૬૯ લાભાર્થીઓને રૂપિયા ૧૧ કરોડ ૯૦ લાખ ૭૭ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષવાર વાત કરું તો વર્ષ ૨૦૧૯–૨૦માં લાભાર્થીઓની સંખ્યા ૨૨૬૨ હતી. સહાય ચૂકવાઇ રૂ.૨,૦૯,૩૭,૦૦૦ વર્ષ ૨૦૨૦–૨૧ની અંદર લાભાર્થીની સંખ્યા ૨૩૪૦, સહાય ચૂકવાઇ રૂ.૨,૧૬,૪૭,૦૦૦ વર્ષ ૨૦૨૧–૨૨માં લાભાર્થીઓની સંખ્યા ૨૩૫૫, સહાય ચૂકવાઇ રૂ.૨,૧૫,૯૬,૦૦૦ વર્ષ ૨૦૨૨–૨૩ની અંદર લાભાર્થીઓની સંખ્યા ૨૪૫૯, સહાય ચૂકવાઇ રૂ.૨,૯૬,૬૮,૦૦૦, ડિસેમ્બર–૨૦૨૩ના અંતે લાભાર્થીઓની સંખ્યા ૨૫૬૯, સહાય ચૂકવાઇ રૂ.૨,૫૨,૬૯,૦૦૦ આમ, કુલ સહાય ચૂકવાઇ રૂ.૧૧,૯૦,૭૭,૦૦૦.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લાં ૩ વર્ષમાં કેટલો ભૌતિક લક્ષ્યાંક હતો અને તેની સામે સિદ્ધિ કેટલી થઇ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષવાર વાત કરું તો વર્ષ ૨૦૨૦–૨૧માં ભૌતિક લક્ષ્યાંક ૧,૩૦,૦૦૦ હતો. ભૌતિક સિદ્ધિ થઇ ૧,૨૩,૧૧૩. ટકાવારી જો જોવા જઇએ તો ૯૪.૭૦ ટકા, વર્ષ ૨૦૨૧–૨૨માં ભૌતિક લક્ષ્યાંક ૧,૩૦,૦૦૦ હતો. ભૌતિક સિદ્ધિ થઇ ૧,૧૯,૯૩૨, ટકાવારી જોઇએ તો ૯૯.૯૫. મતલબ ૧૦૦ ટકા. વર્ષ ૨૦૨૨–૨૩માં ભૌતિક લક્ષ્યાંક ૧,૩૫૦૦૦, ભૌતિક સિદ્ધિ થઇ ૧,૪૮,૮૧૭, ભૌતિક સિદ્ધિની ટકાવારી જોઇએ તો ૧૧૦.૨૩ ટકા.

**રાજ્યમાં પાઇલોટ ટ્રેનિંગ સેન્ટર**

***15/4/1805 શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા** )સયાજીગંજ : (**માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવા માટે કોઇ આયોજન હાથ ધરાયેલ છે કે કેમ, | )૧( | હા,જી . |
| )૨( | જો હા, તો ઉકત આયોજન પેટે રાજ્યમા ક્યા ક્યા સ્થળે આ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામા આવનાર છે, અને | )૨( | રાજ્યમાં મહેસાણા, અમરેલી અને અંકલેશ્વર ખાતે પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામા આવનાર છે . |
| )૩ ( | રાજ્યમા ફ્લાઈંગ તાલિમ સંસ્થાઓ માટે ઉત્તેજન આપવા સરકાર શું સહાય પૂરી પાડે છે? | )૩ ( | સરકારશ્રી હસ્તક આવેલ હવાઈપટ્ટીઓ ખાતે ટેન્ડર પધ્ધતિથી ૧૫૦૦ ચો.મી.ની જગ્યા ફાળવવામાં આવે છે . |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતમાં ફલાઇંગ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ શરૂ કરવા સરકારે શું પગલાં લીધાં છે? કેટલા ફલાઇંગ ઇન્સ્ટિટ્યૂટમાં કેટલા વિદ્યાર્થીઓ પાઇલોટ તરીકેની ટ્રેનિંગ મેળવે છે? અને બીજું, હું વડોદરા શહેરથી આવું છું ત્યાં કદાચ ગુજરાતનું પહેલું ફલાઇંગ ઇન્સ્ટિટ્યૂટ સ્થપાયું હશે તો એની આજે શું સ્થિતિ છે અને એ કોણ ઓપરેટ કરે છે એ વિગતો હોય તો આપે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય હંમેશા અગાઉથી ચિંતા કરતું હોય છે. એના ભાગરૂપે ગુજરાત સરકારે કોઇપણ સંજોગોમાં જયાં આપણી હવાઇ પટ્ટી છે એ પટ્ટી ઉપર આપણા આવનાર યુવાનોને ટ્રેનિંગ મળે એ બાબતની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. એમણે જે પ્રશ્ન પૂછ્યો છે કે રાજયમાં એવીએશન ક્ષેત્રે કુલ માનવબળ મળી રહે એ માટે રાજય સરકારમાં નાગરિક ઉડ્ડયન કચેરી દ્વારા ટેન્ડરની પ્રક્રિયા દ્વારા એજન્સીની નિમણૂક કરવામાં આવે છે. જે નિમણૂક થયેલી એજન્સી હવાઇ પટ્ટી ઉપર ૧૫૦૦ ચોરસ જગ્યા હેઠળ બાંધકામ માટે ફાળવવામાં આવે છે અને હવાઇ પટ્ટી ખાતે ઉપલબ્ધ વન વે, ટેક્ષી વે જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. હાલમાં મહેસાણા હવાઇ પટ્ટી ઉપર પાઇલોટની ટ્રેનિંગ આપવામાં આવે છે. એમનો જે બીજો પ્રશ્ન હતો કે ગુજરાત રાજયમાં હાલ અમરેલી, મહેસાણા, માંડવી, અંકલેશ્વર હવાઇ પટ્ટી ખાતે પાઇલોટની ટ્રેનિંગ અને સેવાઓ પૂરી પાડવા ઓનલાઇન ટેન્ડર બહાર પાડવામાં આવે છે. જેમાં મહેસાણા હવાઇ પટ્ટી ખાતે–૧, અમરેલી હવાઇ પટ્ટી ખાતે–૨ અને અંકલેશ્વર હવાઇ પટ્ટી ખાતે–૧ ફાળવવામાં આવે છે જેથી ભવિષ્યમાં આવનાર ૪ નવી ટ્રેનિંગની વ્યવસ્થા થઇ શકે. વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધી ૨૭૪ વિદ્યાર્થીઓ દ્વારા મહેસાણા હવાઇપટ્ટી ખાતે પાયલોટની તાલીમ લેવામાં આવી છે. જે પૈકી ૧૨૭ વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટના લાઇસન્સ પ્રાપ્ત થઇ ગયા છે. આ સૌથી મોટી સિદ્ધિ છે. માનનીય સભ્યશ્રીએ વડોદરાની જે ચિંતા કરી છે તે તેમનું સારું સૂચન છે અને તે દિશામાં આપણે ચોક્કસ વિચારીશું.

**અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના**

***5/4/1800 શ્રી પી.સી.બરંડા )ભિલોડા : ( માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે . |

| અ.નં | તાલુકાનું નામ | ૧–૧–૨૨ થી –૨૨ | ૩ થી –૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૭૭૫ | ૪૭૮ | ૧૨૫૩ |
| ૨ | ધનસુરા | ૬૬૬ | ૬૯૩ | ૧૩૫૯ |
| ૩ | બાયડ | ૧૩૫૫ | ૧૪૬૫ | ૨૮૨૦ |
| ૪ | માલપુર | ૧૫૮૧ | ૧૫૪૬ | ૩૧૨૭ |
| ૫ | મેઘરજ | ૨૯૯ | ૩૪૪ | ૬૪૩ |
| ૬ | ભિલોડા | ૩૩૭ | ૪૯૫ | ૮૩૨ |
| કુલ | | ૫૦૧૩ | ૫૦૨૧ | ૧૦૦૩૪ |

)૨( તે પૈકી કેટલી બેંકોને ભલામણ કરવામાં આવી, અને

)૨( તે પૈકી નીચે મુજબ બેંકોને ભલામણ કરવામાં આવેલ છે .

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | ૧-૧-૨૩ થી ૩૧-૧૨-૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કરેલ ભલામણ | ૪૬૭૨ | ૪૫૪૧ | ૯૨૧૩ |

)૩( તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી?

)૩( તે પૈકી બેંકો દ્વારા નીચે મુજબના લોકોને નીચે મુજબની રકમની લોન આપવામાં આવેલ છે .

| વર્ષ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | ૧-૧-૨૩ થી ૩૧-૧૨-૨૩ | કુલ |
|---|---|---|---|
| લાભાર્થીની સંખ્યા | ૨૩૯૭ | ૧૬૩૫ | ૪૦૩૨ |
| લોનની રકમ )રૂ .લાખમાં( | ૫૨૦૯.૭૨ | ૫૧૦૨.૫૯ | ૧૦૩૧૨.૩૧ |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રી બાજપાઇ બેંકેબલ યોજના શું છે અને તા.૧-૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, શ્રી બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોનની રકમની મહત્તમ મર્યાદા કેટલી છે અને તેમાં કેટલી સબસિડી મળવાપાત્ર છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને રોજગારીની પૂરી તક મળે અને વ્યક્તિગત રીતે રોજગાર શરૂ કરી શકે તેવા સારા હેતુસર લોન સહાય આપવામાં આવે છે. આ યોજના આપણા અત્યારના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અહીં મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે તા.૧-૪-૨૦૦૧થી અમલમાં મૂકવામાં આવેલી. આ યોજનાની અંદર ઉદ્યોગ અને વેપારના અનેક ક્ષેત્રો આવરી લેવામાં આવેલ છે. આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઘેરબેઠા ઓનલાઇન બેંકેબલ લોન પોર્ટલ પર અરજી કરવાની રહે છે. આ યોજનામાં મહત્તમ આઠ લાખ રૂપિયાની લોન માટે બેન્કને ભલામણ કરવામાં આવે છે. આ યોજનાની અંદર રૂપિયા ૧ લાખ ૨૫ હજારની સબસિડી આપતા હોઇએ છીએ. અનેક લોકો આ યોજનાનો લાભ લેતા હોય છે. સરકારશ્રીએ આ યોજના ઓનલાઇન કરવાના સૂચનના ભાગરૂપે અરજદારોને પડતી મુશ્કેલીઓમાં નિવારણના ભાગરૂપે વ્યક્તિગત લાભાર્થીઓને સીધી આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ ઓનલાઇન પોર્ટલના માધ્યમથી મળી રહે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. અરજદારે ઘેરબેઠાં બેંકેબલ લોન પોર્ટલ પર અરજી કરવાની રહે છે. પોતે અરજી કરી હોય તેનું સ્ટેટસ મોબાઇલમાં પણ જાણી શકે છે. અરજદારે ઓનલાઇન અરજી કર્યા બાદ જિલ્લા કક્ષાના ઉદ્યોગ કેન્દ્ર તરફથી લોન કેસ બેન્કને ભલામણ માટે મોકલવામાં આવે છે. લોન અંગેની આગળની કાર્યવાહી બેન્ક તરફથી કરવામાં આવે છે. તા.૧-૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન અરવલ્લી જિલ્લામાં શ્રી બાજપાઇ બેંકેબલ યોજનામાં ૪૮૩૬ લાભાર્થીઓને રૂપિયા ૩૯૦૩ લાખ ૦૪ હજારની સહાય ચૂકવવામાં આવી છે. લાભાર્થીઓની સંખ્યા જોઇએ તો ૨૭૫૯ લાભાર્થીઓને રૂપિયા ૨૧૦૭ લાખની સહાય અને બીજા વર્ષે ૨૦૭૭ લાભાર્થીઓને રૂપિયા ૧૭૯૫ લાખ એમ કુલ મળીને રૂપિયા ૩૯૦૩ લાખ ૦૪ હજારની સહાય આપવામાં આવી છે. બીજી જે વાત કરી છે...

અધ્યક્ષશ્રી : આ એક વાત આટલી લાંબી છે તો બીજી વાતમાં પૂરું થઇ જશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ યોજના બહુ સારી છે. પરંતુ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે ફાઇલો મંજૂર કરીને બેન્કોમાં મોકલવામાં આવે છે તો તેમાં ૩૦ ટકાથી ઓછી ફાઇલો બેન્કો મંજૂર કરે છે. તો આ બાબતે બેન્કોને યોગ્ય સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિરીટભાઇએ જે ચિંતા કરી છે તેના ઉપર અમે સખત મોનિટરિંગ કરતા હોઇએ છીએ. કોઇપણ લાભાર્થી એટલે કે મોટા ભાગે બધા જ લોકોને લોન પ્રાપ્ત થાય તે પ્રકારની વ્યવસ્થા કરતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

•

## • વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

• **15/4/1832 શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ** (કરજણ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | )૧) કુલ– ૨૯૪. |
| )૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | )૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૭૫ ફરિયાદોમાં ૩૯૨ શ્રમયોગીઓને રૂ.૨,૮૧,૯૮,૬૧૧/–નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૩૨ ફરિયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૪૧ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૫૧ ફરિયાદોમાં અરજદારશ્રીઓને સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદો બાબતે કુલ– ૦૪ કારખાના વિરુદ્ધ કુલ– ૧૧ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૩૮ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૩૩ ફરિયાદો નામદાર અદાલતમાં સબજ્યુડીશ હોઈ, હાલ કાર્યવાહી અર્થે નામદાર અદાલતમાં પડતર છે.<br>• ૧૮ ફરિયાદોમાં સમાધાન થયેલ છે.<br>• ૪૨ ફરિયાદોનો નિયમોનુસાર નિકલ કરવામાં આવેલ છે.<br>• તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ૦૧ ફરિયાદ સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે. |

## • પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત

**15/4/1828 શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ**)કાલોલ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | )૧) ૦૧ પ્રાણઘાતક અકસ્માત<br>૦૧ શ્રમયોગીનું મૃત્યુ |
| )૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | )૨) ૦૧ કારખાના સામે ૦૧ કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| )૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવેલ છે? | )૩) )૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>)૨) નિરિક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>)૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

## વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ

**15/4/2445 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ ) વાંસદા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની, | )૧) | અનેક્ષર – ૧ અને ૨ મુજબ |
| )૨) | ઉક્ત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે, | )૨) | ઉપર મુજબ |
| )૩) | ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને | )૩) | ઉપર મુજબ |
| )૪) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે એકમવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા? | )૪) | ઉપર મુજબ |

**<u>એનેક્ષર – ૧</u>**

**વડોદરા શહેર**

| **ક્રમ** | **વર્ષ** | **ઔદ્યોગિક એકમનું નામ અને સરનામું** | **નોંધાયેલ મૃત્યુ ની સંખ્યા** | **નોંધાયેલ ઈજાગ્રસ્ત ની સંખ્યા** | **બનાવ ના મુખ્ય કારણો** | **લીધેલ પગલાની વિગત** |
|---|---|---|---|---|---|---|
| **૧** | **૨૦૨૨** | વડોદરા શહેર માં વર્ષ - ૨૦૨૨ માં આગ લાગવાના કોઇ બનાવ બનેલ નથી | | | | |
-----------------

**બનાસકાંઠા જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

**15/4/1997 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ** )દિયોદર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | બનાસકાંઠા જિલ્લામાં વર્ષ–૨૦૨૩ માં બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓની આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | )૧) | ૮૮૦ |
| )૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨) | ૮૩૮ |
| )૩) | તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | )૩) | ૫૮,૦૪,૦૦૦/– |

------------------------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના**

**15/4/2386 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** )જમાલપુર–ખાડીયા) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારના લાભો આપવામાં આવે છે.

**જવાબ**

)૧) વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના હેઠળ મહિલાઓને નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

- મહિલાઓના સામાજિક, આર્થિક,કૌટુંબિક,અને કાયદાકીય પ્રશ્નોમાં માર્ગદર્શન પૂરું પાડવું
- સરકારી/બિનસરકારી ઔદ્યોગિક ગૃહોમાં ઉપલબ્ધ રોજગારીની જાણકારી આપવી તેમજ વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા, ગુજરાત આર્થિક વિકાસ નિગમ દ્વારા ચાલતા આઈ.ટી.આઈ ના વર્ગોમાં વધુને વધુ મહિલા લાભાથીઓને મોકલવાની કામગીરી.
- કિશોરીઓને કારકિર્દી તથા સ્વવિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડવું.
- સરકારશ્રી દ્વારા જાહેર કરેલ સર્વિસ પ્રોવાઈડર દ્વારા ઘરેલું હિંસા અધિનીયમ ૨૦૦૫ હેઠળ ડી.આઈ.આર નોંધવાની તથા પિડીત મહિલાને સંપૂર્ણ રીતે મદદરૂપ થવાની સઘળી કાર્યવાહી કરવી.
- મહિલાઓને લગતી સમસ્યાઓ બાબતે સમયાંતરે જાગૃતિ અભિયાન

)૨) ઉક્ત સ્થિતિએ શહેર અને જિલ્લામાં કેટલી અને કઈ સંસ્થાઓ ઉક્ત યોજનાના કેન્દ્રો ચલાવે છે, અને

)૨) ઉક્ત સ્થિતિએ શહેર અને જિલ્લામાં કુલ ૧૯ સંસ્થાઓ આ યોજનાના કેન્દ્રો ચલાવે છે જેની યાદી નીચે મુજબ છે.

| વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રનું નામ: | અમલીકરણ સંસ્થાનું નામ |
|---|---|
| ૧) વિવિધલક્ષી કેન્દ્ર– રામોલ | પ્રતિક વિકાસ મંડળ –રામોલ |
| ૨) વિવિધલક્ષી કેન્દ્ર– ઘાટલોડીયા | માનવ કલ્યાણ ટ્રસ્ટ(જિલ્લા કેન્દ્ર)– શહેર |
| ૩)વિવિધલક્ષી કેન્દ્ર–લાલ દરવાજા | અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ–લાલ દરવાજા |
| ૪)વિવિધલક્ષી કેન્દ્ર– પાલડી | અખંડ જ્યોત ચેરિટી ટ્રસ્ટ–પાલડી |
| ૫)વિવિધલક્ષી કેન્દ્ર– નરોડા | અખંડ જ્યોત ચેરિટી ટ્રસ્ટ– પાલડી |
| ૬)વિવિધલક્ષી કેન્દ્ર–એલિસબ્રિજ | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ– એલિસબ્રીજ |
| ૭)વિવિધલક્ષી કેન્દ્ર– ચાંદલોડીયા | વાત્સલ્ય ટ્રસ્ટ– ચાંદલોડીયા |

| | |
|---|---|
| ૮) વિવિધલક્ષી કેન્દ્ર–જુહાપુરા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન–જુહાપુરા |
| ૯) વિવિધલક્ષી કેન્દ્ર– દસ્ક્રોઈ | વિશ્વભારતી સંસ્થા– દસ્ક્રોઈ |
| ૧૦) વિવિધલક્ષી કેન્દ્ર– સાણંદ | દધીસુતા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર–સાણંદ |
| ૧૧) વિવિધલક્ષી કેન્દ્ર–સાબરમતી | માનવ કલ્યાણ ટ્રસ્ટ–સાબરમતી |
| ૧૨) વિવિધલક્ષી કેન્દ્ર–અસારવા | શ્રી ભગવતી મહિલા ઉત્કર્ષ મંડળ–અસારવા |
| ૧૩)વિવિધલક્ષી કેન્દ્ર–ઓઢવ | પ્રતિક વિકાસ મંડળ–ઓઢવ |
| ૧૪)વિવિધલક્ષી કેન્દ્ર–હાંસોલ | રવિ ખાદી ગ્રામોધ્યોગ સંઘ–હાંસોલ |
| ૧૫) વિવિધલક્ષી કેન્દ્ર–નિકોલ | સંસ્કૃતિ મહિલા ઉત્કર્ષ કેન્દ્ર–નિકોલ |
| ૧૬) વિવિધલક્ષી કેન્દ્ર–ધંધુકા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન–ધંધુકા |
| ૧૭) વિવિધલક્ષી કેન્દ્ર–સરખેજ | વિશ્વભારતી સંસ્થા–સરખેજ વિશ્વભારતી સંસ્થા(જિલ્લા કેન્દ્ર)ગ્રામ્ય |
| ૧૮) વિવિધલક્ષી કેન્દ્ર–માંડલ | શ્રી વિવેકાનંદ સમુત્થાન માનવ સેવા અને કેળવણી ટ્રસ્ટ–માંડલ |
| ૧૯) વિવિધલક્ષી કેન્દ્ર–બાવળા | વિશ્વભારતી સંસ્થા–બાવળા |

)૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર અને જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

)૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૬૮,૦૦૪ લાભાર્થીઓને લાભ આપાવામાં આવેલ છે.

| શહેર | | ગ્રામ્ય | | કુલ |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી–૨૦૨૧ થી જાન્યુઆરી–૨૦૨૨ | ફેબ્રુઆરી–૨૦૨૨ થી જાન્યુઆરી–૨૦૨૩ | ફેબ્રુઆરી–૨૦૨૧ થી જાન્યુઆરી–૨૦૨૨ | ફેબ્રુઆરી–૨૦૨૨ થી જાન્યુઆરી–૨૦૨૩ | |
| ૧૪,૧૮૭ | ૧૪,૯૧૯ | ૧૯,૦૦૫ | ૧૯,૮૯૩ | ૬૮,૦૦૪ |

--------------

- **છોટાઉદેપુર જિલ્લામાં સમરસ છાત્રાલય બનાવવા બાબત**

- 15/4/2338 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ૧) | તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સમરસ છાત્રાલય બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને | ૧) | હા |
| ૨) | જો હા, તો ઉક્ત સમરસ છાત્રાલય ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | ૨) | જમીન મળ્યેથી મકાન બાંધકામની નવી બાબત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવશે. અને જેમ બને તેમ જલ્દી સમરસ છાત્રાલય બનાવવામાં આવશે. |

------------------

- **રાજય સરકારે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ બાબત**

**15/4/2417 શ્રી જિગ્નેશ મેવાણી** )વડગામ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | વર્ષ ૨૦૨૦માં રાજય સરકારે બાંધકામ મજૂરોના શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી કેટલું ભંડોળ/રકમ લીધેલ, | )૧) | રૂ. ૨૫૦/– કરોડ |

| | |
|---|---|
| )૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ શ્રમયોગી કલ્યાણ બોર્ડને પરત કરવામાં આવી અને કેટલી રકમ પરત કરવાની બાકી છે, | )૨) રૂ. ૭૧.૧૫ કરોડની રકમ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને પરત કરવામાં આવી અને અન્ય કોઇ રકમ પરત લેવાની બાકી નથી, |
| )૩) ઉકત પરત કર્યા સીવાયની રકમને વાપરવામાં આવી હોય અને તેને પરત કરવાની થતી ન હોય તો કયા હેતુ માટે કેટલી રકમ વાપરવામાં આવી છે, અને | )૩) ઉકત પરત કર્યા સિવાયની રકમને નીચેના હેતુ માટે વાપરવામાં આવેલ.<br><br>અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતના વિભાગ મારફત બાંધકામ શ્રમિકોને વિના મુલ્યે ફૂડ બાસ્કેટ અને રૂ. ૧૦૦૦/-ની નાણાકીય સહાય DBTથી આપવા રૂ.૧૭૮.૮૫ કરોડ વાપરવામાં આવેલ. |
| )૪) ઉકત સ્થિતિએ બાકી રકમ કયાં સુધીમાં પરત કરવામાં આવશે? | )૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**શ્રમ કમિશનર કચેરીના કરાર આધારિત/આઉટસોર્સ કર્મચારીઓને વેતન**

15/4/2382 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** )દાંતા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શ્રમ કમિશ્નરની કચેરીમાં કાર્યરત કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીઓને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ મુજબ લઘુતમ વેતન આપવામાં આવે છે, કે કેમ, અને | )૧) હા જી |
| )૨) જો હા તો, તે અન્વયે કેટલું વેતન આપવામાં આવે છે? | )૨) શ્રમ કમિશ્નરની કચેરીએ કાર્યરત કરાર આધારિત/આઉટસોર્સ કર્મચારીઓ મારફત લેવાતી કામગીરી માટે કાયદાકીય કપાત સિવાય નીચે મુજબ દૈનિક દરે વેતન આપવામાં આવે છે. |

| સમયગાળો | આઉટસોર્સ કર્મચારી | દૈનિક વેતન (રૂપિયામાં) |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૨ | પટાવાળા | ૩૬૧ |
| | ડ્રાઇવર | ૩૭૦ |
| તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૨ | પટાવાળા | ૩૭૩ |
| | ડ્રાઇવર | ૩૮૨ |
| તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ | પટાવાળા | ૩૭૭ |
| | ડ્રાઇવર | ૩૮૬ |
| તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૦/૦૯/૨૦૨૩ | પટાવાળા | ૪૬૨ |
| | ડ્રાઇવર | ૪૭૪ |

| | | |
|---|---|---|
| તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | પટાવાળા | ૪૮૩ |
| | ડ્રાઇવર | ૪૯૫ |

શ્રમ કમીશ્નરની કચેરી ખાતે સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર અને હેલ્પ ડેસ્ક એકઝુક્યુટીવની સેવા માટે કર્મચારીઓને નીચે મુજબ વેતન ચૂકવવામાં આવેલ છે.

| સમયગાળો | આઉટસોર્સ કર્મચારી | કર્મચારી દીઠ માસિક ફીક્સ પગાર (પ્રોફેશનલ ટેક્ષ સહિત) |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૦૧/૦૯/૨૦૨૨ | સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર | રૂ. ૨૫,૦૦૦/- |
| | હેલ્પ ડેસ્ક એક્ઝિક્યુટિવ | રૂ. ૨૦,૭૦૦-/ |
| તા.૦૨/૦૯/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૩ | સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર | રૂ. ૩૦,૦૦૦/- |
| | હેલ્પ ડેસ્ક એક્ઝિક્યુટિવ | રૂ. ૨૦,૭૦૦-/ |
| તા.૦૧/૦૯/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર | રૂ. ૩૧,૫૦૦-/ |
| | હેલ્પ ડેસ્ક એક્ઝિક્યુટિવ | રૂ. ૨૨,૦૦૦/- |

----------------------------

- **અમદાવાદમાં ચિરિપાલ ગ્રુપની નંદન એક્ઝીમાં શ્રમિકોના પગાર અને બોનસની ચૂકવણી**
-

**15/4/2426 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર )દાણીલીમડા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદમાં આવેલ ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં કામ કરતાં શ્રમિકોને દિવાળી સમયે પગાર અને બોનસ ન આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | )૧( | ૦૧ |

| | |
|---|---|
| )૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | )૨) • સદર ફરિયાદ શ્રી હિરેનભાઇ ડી. પંચાલને નંદન એક્ઝિમ સંસ્થામાંથી છૂટા કરતાં મુંબઇ ઔધોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ હેઠળ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે નામદાર મજુર અદાલત અમદાવાદમાં કેસ દાખલ કરેલ જેના અનુસંધાને નામદાર મજુર અદાલતે તેઓના હુકમમાં અરજદારશ્રી હિરેનભાઇ ડી. પંચાલને સંસ્થામાંથી છૂટા કરવાનું સામાવાળાનું પગલું ગેરકાયદેસર ઠરાવી, અરજદારશ્રીને તેની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાને બદલે ફૂલ એન્ડ ફાઇનલ સેટલેમેન્ટ પેટે લમસમ વળતર રૂ.૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પુરા) સંસ્થાને એવોર્ડ પ્રસિદ્ધ થયેથી ૯૦ દિવસમાં અરજદારશ્રીને ચૂકવી આપવાનો તેમજ અરજી ખર્ચના રૂ. ૧૦૦૦/- અલગથી ચુકવી આપવા સંસ્થાને હુકમ કરવામાં આવેલ.<br>• સદરહુ સંસ્થા બંધ થઇ ગયેલ હોવાથી અરજદારશ્રીને વળતર ન ચૂકવાતા, અરજદારશ્રી હિરેનભાઇ ડી. પંચાલે તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ ઓમ શક્તિ લેબર એસોસિયેશન મારફત નાયબ શ્રમ આયુક્ત કચેરી, અમદાવાદ ખાતે ફરિયાદ દાખલ કરેલ. નામદાર લેબર કોર્ટ દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૩ના રોજ રેવન્યુ રાહે રૂ.૨,૦૧,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ એક હજાર પુરા) રિકવરી સર્ટીફિકેટ ઇશ્યૂ કરવામાં આવેલ છે અને તે અનુસંધાને રેવન્યુ રાહે રિકવરીની કાર્યવાહી કલેક્ટર કચેરી, અમદાવાદ ખાતે ચાલી રહેલ છે. |
| )૩) ઉક્ત સ્થિતિએ નિયત થયેલ જોગવાઇઓ અને કાયદાના ભંગ બદલ જવાબદાર ફેક્ટરી માલિક સામે શા પગલાં લીધાં? | )૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## • વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪માં પાર્ટનર કંટ્રી ધ્વારા એમ.ઓ.યુ.

• **15/4/2434 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪માં કયા દેશો પાર્ટનર કંટ્રી તરીકે જોડાયેલ છે, | )૧) તા.૩૦-૦૧-૨૦૨૪ ની સ્થિતિએ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪ માં કુલ-૩૫ દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયેલ છે, જેની યાદી નીચે મુજબ છે.<br>૧. ઓસ્ટ્રેલિયા ૨. બાંગ્લાદેશ ૩. બોત્સ્વાના ૪. ચેક રિપબ્લિક ૫. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો ૬. ઈજિપ્ત ૭. એસ્ટોનિયા ૮. ફિનલેન્ડ ૯. જર્મની ૧૦. ઘાના ૧૧. ઇન્ડોનેશિયા ૧૨. જાપાન ૧૩. કેન્યા ૧૪. સાઉદી અરેબિયા ૧૫. મલેશિયા ૧૬. માલ્ટા ૧૭. મોરોક્કો ૧૮. મોઝામ્બિક ૧૯. નેપાળ ૨૦. નેધરલેન્ડ ૨૧. નોર્વે ૨૨. પોલેન્ડ ૨૩. રશિયા ૨૪. રવાન્ડા ૨૫. સિંગાપોર ૨૬. દક્ષિણ કોરિયા ૨૭. તાન્ઝાનિયા ૨૮. થાઈલેન્ડ ૨૯. તિમોર-લેસ્ટે ૩૦. યુગાન્ડા ૩૧. સંયુક્ત આરબ અમીરાત ૩૨. યુનાઈટેડ કિંગડમ ૩૩. ઉરુગ્વે ૩૪. યુક્રેન ૩૫. વિયેતનામ |
| )૨) ઉક્ત જોડાયેલ કંટ્રી પૈકી કઈ ગર્વનમેન્ટ દ્વારા સેક્ટરવાર કેટલી રકમના એમ.ઓ.યુ. વાયબ્રન્ટ સમિટ પહેલાં કયા હેતુ માટે કરવામાં આવેલ,અને | )૨) અને આઇ.એફ.પી.(IFP) પોર્ટલ પરની વિગતો મુજબ ઉક્ત જોડાયેલ કન્ટ્રી પૈકી ગર્વનમેન્ટ દ્વારા થયેલ એમ.ઓ.યુ. ની વિગત શૂન્ય છે,તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ.થી કેટલી રોજગારી ઊભી થવાનો અંદાજ છે? | )૩) |

..............................................................................................................

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર જી.આઇ.ડી.સી.

**15/4/2411 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** )જામજોધપુર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

**પ્રશ્ન** | **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઇ.ડી.સી. આવેલી છે, અને

)૧)

| જિલ્લો | તાલુકો | ઔધોગિક વસાહતની સંખ્યા |
|---|---|---|
| જામનગર | જામનગર | ૫ |
| | ધ્રોલ | ૧ |
| | કાલાવાડ | ૨ |
| | જામ જોધપુર | ૦ |
| | જોડિયા | ૦ |
| | લાલપુર | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ઓખામંડળ (દ્વારકા) | ૧ |
| | કલ્યાણપુર | ૧ |
| | ભાણવડ | ૧ |

| | |
|---|---|
| )૨) ઉક્ત સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જે તાલુકામાં જી.આઇ.ડી.સી. નથી, ત્યાં કોઇ નવી જી.આઇ.ડી.સી. બનાવવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | )૨) જામનગર જિલ્લાના જામ જોધપુર, જોડિયા અને લાલપુર તાલુકામાં જી.આઇ.ડી.સી. સ્થાપવા યોગ્ય અનુકૂળ સરકારી જમીનોની વિગતો મેળવવા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે પ્રયત્નો હાથ ધરેલ છે. |

---

**રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર (મેડીકલ), વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ**

**15/4/2420 શ્રી કિરીટકુમાર ચીમનભાઇ પટેલ )પાટણ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૪૬ (અગ્રતા -૮૯)ના અનુસંધાને માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) રાજ્યમાં ઔદ્યોગિક એકમો માટે આસિસ્ટંટ ડાયરેક્ટર (મેડીકલ), વર્ગ-૧ ની મંજૂર થયેલ ચાર જગ્યાઓ પૈકી ચારેય જગ્યાઓ લાંબા સમયથી ખાલી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને | )૧) એકપણ જગ્યા ભરવામાં આવેલ નથી. |
| )૨) ઉક્ત બાકી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે? | )૨) બનતી ત્વરાએ |

---

- **વાયબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં બહાર પાડવાના સિક્કા બાબત.**
- **15/4/2423 : ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૧૫/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ વાઇબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં રૂ.૨૦ ના સિક્કા બહાર પાડવા રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | )૧) ના, આ દરખાસ્ત મુદ્રાઓ અને સિક્કાઓ બાબતના ડિવિઝન, આર્થિક બાબતોના વિભાગ, નાણાં મંત્રાલય , ભારત સરકાર ને કરેલ. |
| )૨) જો હા, તો રૂ.૨૦ ના કેટલા સિક્કા બહાર પાડવા માટે ક્યારે દરખાસ્ત કરવામાં આવી, | )૨) દરખાસ્ત રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને કરેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| )૩) ઉક્ત એક સિક્કા દીઠ કેટલો ખર્ચ થયેલ છે, | )૩) રૂ.૨૦,૪૦૫/- પ્રતિ ફ્રેમ ખર્ચ થયેલ છે. |
| )૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા સિક્કા માટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને | )૪) ૧૩૬ ફ્રેમ માટે કુલ રૂ.૨૭,૭૫,૧૨૫/-રકમ ચુકવેલ છે.ઉક્ત સ્થિતિએ કોઈ રકમ ચુકવવાની બાકી નથી. |
| )૫) ઉક્ત ચુકવવામાં આવેલ રક્મ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવી? | )૫) IND-5-ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો બજેટ સદરે. |

---

**નિગમોમાં મેનેજીંગ ડિરેક્ટરોની જગ્યાઓ**

15/4/2437 : **શ્રી ગેનીબેન નગાજી ઠાકોર** )વાવ **:(માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ક્યા નિગમોમાં મેનેજીંગ ડીરેક્ટરોની નિમણૂક કરવામાં આવી નથી, અને | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નીચેના નિગમોમાં મેનેજીંગ ડીરેક્ટરોની નિમણૂક કરવામાં આવી નથી<br><br>૧. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ<br>૨. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ<br>૩. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ |
| )૨) | ઉક્ત સ્થિતિએ આ નિગમોમાં કેટલા સમયથી મેનેજીંગ ડીરેક્ટરોની સેવાઓ ચાર્જમાં લેવામાં આવે છે? | )૨) | |

| નિગમનું નામ | ક્યારથી મેનેજીંગ ડીરેક્ટરની સેવાઓ ચાર્જમાં છે તેની વિગતો |
|---|---|
| ૧. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | તા.૨૩/૦૧/૨૦૨૦થી |
| ૨. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | તા.૧૬/૦૧/૨૦૨૩થી |
| ૩. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | તા.૦૧/૦૧/૨૦૧૩થી |

- - - - - - - - - - - - - - - - - - -

**વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**15/4/1996 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ** ) ધરમપુર) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે વલસાડ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે વલસાડ જિલ્લામાં ૫૦૪૩ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | )૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૫૦૪૩ અરજીઓ મંજૂર થઈ |
| )૩) તે પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ? | )૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી |

---------------

- **ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને લોન અને સહાય**

15/4/2429:**શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** ) ચાણસ્મા)**: માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય આપવામાં આવી, અને | )૧) | ફાળવવામાં આવેલ લોન(રકમ રૂ. લાખમાં) |

| વર્ષ | રાજ્ય સરકાર | કેન્દ્ર સરકાર |
|---|---|---|
| ૨૦૨૨ | ૨૦૮૫.૪૨ | ૫૦૦.૦૦ |
| ૨૦૨૩ | ૬૫૦૦.૦૦ | ૦.૦૦ |

તથા સહાયની કોઇ યોજના અમલમાં નથી.

)૨) કેન્દ્ર સરકાર દ્વારા લોનના નાણાં સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા?

)૨) રાજ્ય સરકાર અને ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા સીધા ધિરાણની યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને બ્લોક ગેરંટી આપવામાં આવે છે .જેના આધારે કેન્દ્ર સરકાર દ્વારા નિગમને સમયસર નાણાં ફાળવવામાં આવે છે.

- - - - - - - - - -

**રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવા બાબત**

**15/4/2387 શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા** )જમાલપુર – ખાડીયા) **:માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

**પ્રશ્ન**

)૧) અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળાના માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતુ તે પૈકી કઈ એરસ્ટ્રીપનું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ થયુ,

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે,

**જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ હિરાસર ગ્રીનફીલ્ડ એરપોર્ટ, રાજકોટ હાલ ઓપરેશનલ છે.

)૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબની એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી જુદા જુદા તબક્કે છે,

- અંબાજી: તા.૨૮/૧૧/૨૦૨૩ના પત્રથી કલેકટરશ્રી, બનાસકાંઠાને અંબાજી ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા અનુકુળ જમીન ઉપલબ્ધ કરાવવા જણાવેલ છે.
- દ્વારકા : એરસ્ટ્રીપ વિકસાવવા ઓળખ કરવામાં આવેલ જમીનની પ્રી–ફીઝીબીલીટી માટે તા.૧૭/૦૧/૨૦૨૪નાં પત્રથી એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાને રજૂઆત કરવામાં આવેલ છે.
- મોરબી : એરસ્ટ્રીપ વિકસાવવા પસંદ કરવામાં આવેલ જમીન પર ૨૫૦૦ મીટર રન–વે બાંધકામ માટે જરૂરીયાત મુજબની જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- પાલીતાણા :એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનાં પ્રી–ફીઝીબીલીટી સ્ટડી મુજબ જમીન અનુકુળ ન હોઇ, પાલીતાણા ખાતે અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ થયેથી આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.
- ધોળાવીરા : પંસદ કરવામાં આવેલ જમીન પુરાતત્વ વિભાગની જમીનને સંલગ્ન હોઇ, તેઓનો અભિપ્રાય મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- અંકલેશ્વર : ફેઝ–૧ની કામગીરીમાં એપ્રન અને ટેક્સી–વે બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે જ્યારે રન–વે બાંધકામની કામગીરી ૮૦% પૂર્ણ થયેલ છે.

- રાજપીપળા : એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનાં પ્રી–ફીઝીબીલીટી સ્ટડી મુજબ જમીન અનુકુળ ન હોઇ, હાલ કોઇ આયોજન નથી.
- માંડવી : રાજ્ય સરકાર હસ્તકની હવાઇપટ્ટીનાં વિસ્તરણ માટે જમીન મેળવવાની કામગીરી ચાલી રહેલ છે.
- દહેજ, પરસોલી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે હવાઇપટ્ટી વિકસાવવાની કામગીરી વિચારણા હેઠળ છે.

| | | | |
|---|---|---|---|
| )૩) | ઉક્ત પૈકી બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને | )૩) | ઉક્ત પૈકી બાકી એરસ્ટ્રીપ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી વિકસાવવામાં આવશે. |
| )૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | )૪) | (નીચે કોષ્ટક મુજબ) |

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૨૨ | રૂ.૪,૫૫,૧૪,૬૬૧/– |
| ૨૦૨૩ | રૂ.૫૧,૯૧,૦૧,૫૭૪/– |
| કુલ | રૂ.૫૬,૪૬,૧૬,૨૩૫/– |

---

**અદાણી પાવર લી. ટુંડા તા.મુન્દ્રા દ્વારા સ્થાનિક રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન**

**2412/4/15શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર ) જામ જોધપુર): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૯૮૩ (અગ્રતા –૪૭)ના અનુસંધાને માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ અદાણી પાવર લી. ટુંડા તા.મુન્દ્રા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવવામાં આવતી ન હતી, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કંપની સામે શા પગલા લેવા માં આવ્યા, અને | )૧) | "**પત્રક–અ"** મુજબ |
| )૨) | હાલ આ કંપનીમાં સ્થાનિકોને ૮૫% રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | )૨) | ના ,જી |
| )૩) | જો ના તો ઉક્ત કંપની સામે શા પગલા લેવામાં આવશે? | )૩) | સામેલ "**પત્રક–અ"** મુજબની કાર્યવાહી સૂચિત છે. |

**પત્રક–અ**

વર્ષ–૨૦૨૨ અને વર્ષ–૨૦૨૩ ના ઉક્ત એકમો અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી

| | |
|---|---|
| ૧ | સબંધિત એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઇઓનું ધ્યાન દોરતા પત્રો જૂન–૨૦૨૩ અંતિત તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ અને ડીસેમ્બર–૨૦૨૩ અંતિત તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ પાઠવેલ છે. |
| ૨ | ઉક્ત ઠરાવનો ભંગ કરતા એકમો સાથે બેઠક યોજી ઠરાવની જોગવાઇનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપુર્વક સમજ આપવામાં આવેલ છે. |
| 3 | સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલી આપેલ છે. |
| ૪ | રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૨૨ અને વર્ષ–૨૦૨૩) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે. |

---

## અતારાંકિત પ્રશ્નોની યાદી

**અધ્યક્ષશ્રી :** અતારાંકિત પ્રશ્નોની પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

## પ્રથમ અતારાંકિત યાદી

### પશુપાલન વિભાગની તાબા હેઠળની કચેરીઓનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૭૩૯ (૧૪–૦૭–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ પશુપાલન પ્રભાગની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૨–૦૯–૨૦૨૩)

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમની સંખ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૧૧૯ |
| વર્ગ–૨ | ૧૧૨૬ |
| વર્ગ–૩ | ૨૩૧૬ |
| વર્ગ–૪ | ૪૭૩ |
| **કુલ** | **૪૦૩૪** |

(૨)

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૪૫ | ૭૪ |
| વર્ગ–૨ | ૫૯૩ | ૫૩૩ |
| વર્ગ–૩ | ૧૪૭૪ | ૮૪૨ |
| વર્ગ–૪ | ૧૯૦ | ૨૮૩ |
| **કુલ** | **૨૩૦૨** | **૧૭૩૨** |

(૩) વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જ્યારે વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના દસ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે તથા વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ જરૂરિયાત અનુસાર આઉટસોર્સિંગથી ભરવામાં આવે છે.

--------

Hb-560

### રાજ્યમાં શરૂ કરેલ નવા પશુ સારવાર કેન્દ્રો

અતારાંકિતઃ ૯૯૫ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કયા સ્થળોએ અને ક્યારે નવા પશુ સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૧–૦૯–૨૦૨૩)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નોની યાદી

પત્રક–અ મુજબ

**પત્રક–અ**

તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર, સ્થળવાર શરૂ કરવામાં આવેલ નવા પશુ સારવાર કેન્દ્રો (પશુ દવાખાના) ની વિગત

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦–૨૧ | વર્ષ ૨૦૨૧–૨૨ | વર્ષ ૨૦૨૨–૨૩ | |
|---|---|---|---|---|---|
| | | | | પશુ દવાખાનાનું સ્થળ | શરૂ કર્યા તારીખ |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ઘોડા (કેશવપુરા) | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | વીરપુર(અ) | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૩ | અરવલ્લી | ૦ | ૦ | જામગઢ | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૪ | આણંદ | ૦ | ૦ | – | ૦ |
| ૫ | કચ્છ(ભુજ) | ૦ | ૦ | ઝુરા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | ૦ | ૦ | રતનાલ | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | ૦ | ૦ | છારીકુલાઈ | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૬ | ખેડા | ૦ | ૦ | – | ૦ |
| ૭ | ગાંધીનગર | ૦ | ૦ | પીંડારડા | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૮ | ગીર સોમનાથ | ૦ | ૦ | | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | બોડેલી | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૦ | જામનગર | ૦ | ૦ | દરેડ | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | દોઢિયા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | પસાયા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | ધુડાસિયા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | ભાદરા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | છત્તર | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | શાપર | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | મોટા ઈટાળા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | હડમતિયા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | જામવંથલી | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | બેડ | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | નિકાવા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | મોટાવડાળા | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૧ | જૂનાગઢ | ૦ | ૦ | બાંટવા | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | અમરાપુર | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | ચંદવાણા | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | – | ૦ |
| ૧૩ | તાપી | ૦ | ૦ | – | ૦ |
| ૧૪ | દાહોદ | ૦ | ૦ | કદવાલ | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૫ | દે. દ્વારકા | ૦ | ૦ | ભીંડા | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૬ | નર્મદા | ૦ | ૦ | વઘરાલી | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૭ | નવસારી | ૦ | ૦ | સાદકપોર | ૨૯–૧૦–૨૦૨૨ |
| | | | | ખાંભલા | ૨૯–૧૦–૨૦૨૨ |
| ૧૮ | પંચમહાલ | ૦ | ૦ | બોર | ૨૯–૧૦–૨૦૨૨ |

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|
| | | | | પશુ દવાખાનાનું સ્થળ | શરૂ કર્યા તારીખ |
| ૧૯ | પાટણ | ૦ | ૦ | - | ૦ |
| ૨૦ | પોરબંદર | ૦ | ૦ | - | ૦ |
| ૨૧ | બનાસકાંઠા | ૦ | ૦ | - | ૦ |
| ૨૨ | બોટાદ | ૦ | ૦ | - | ૦ |
| ૨૩ | ભરૂચ | ૦ | ૦ | - | ૦ |
| ૨૪ | ભાવનગર | ૦ | ૦ | જેસોર | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૨૫ | મહિસાગર | ૦ | ૦ | નાની ખરસોલી | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૨૬ | મહેસાણા | ૦ | ૦ | - | ૦ |
| ૨૭ | મોરબી | ૦ | ૦ | રણમલપુર | ૨૯-૧૦-૨૦૨૨ |
| | | | | લજાઈ | ૨૯-૧૦-૨૦૨૨ |
| | | | | નેસડા(ખા) | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૨૮ | રાજકોટ | ૦ | ૦ | મોટી ખીલોરી | ૨૯-૧૦-૨૦૨૨ |
| | | ૦ | ૦ | ચાવંડી | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૨૯ | વડોદરા | ૦ | ૦ | ડેસર | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૩૦ | વસલાડ | ૦ | ૦ | મોટી પલસાણ | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૩૧ | સાબરકાંઠા | ૦ | ૦ | - | ૦ |
| ૩૨ | સુરત | ૦ | ૦ | વાંકલા | ૨૯-૧૦-૨૦૨૨ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | - | ૦ |
| | **કુલ** | ૦ | ૦ | **કુલ** | **૪૦** |

--------

**રાજ્યમાં ઈન્ફરમરી જાહેર કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૨ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાઓમાં કલેક્ટર દ્વારા ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ નથી,

(૨) તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાકી રહેલા જિલ્લાઓમાં ક્યા સુધીમાં ઈન્ફરમરી(પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૧-૦૯-૨૦૨૩)

(૧) રાજ્યમાં દરેક જિલ્લાઓમાં ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

--------

**કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરેલ સ્માર્ટ ક્લાસરૂમ**

અતારાંકિતઃ ૨૮૪ (૨૦-૦૫-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલા સ્માર્ટ ક્લાસરૂમ મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત એક સ્માર્ટ ક્લાસરૂમ તેમજ તેના રીકરીંગ માટે ગ્રાન્ટ કેટલી ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર સ્માર્ટ ક્લાસરૂમ પૈકી જિલ્લાવાર કેટલા સ્માર્ટ ક્લાસરૂમની કામગીરી પૂર્ણ થઈ અને કેટલા સ્માર્ટ ક્લાસરૂમની કામગીરી બાકી છે, અને

(૪) ઉક્ત મંજૂર સ્માર્ટ ક્લાસરૂમ પૈકી કેટલી રકમ મળવાપાત્ર છે, તે પૈકી કેટલી રકમ મળી અને કેટલી રકમ મળવાની બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૦૯–૨૦૨૩)

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૧૫,૬૩૬ સ્માર્ટ ક્લાસરૂમ દ્વારા કુલ ૧૫,૬૩૬ સ્માર્ટ ક્લાસરૂમ મંજૂર કરવામાં આવ્યા.

| વર્ષ | મંજૂર કરેલ સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૨૦૨ |
| ૨૦૨૦–૨૧ | ૩૬૨૪ |
| ૨૦૨૧–૨૨ | ૯૭૮૮ |
| **કુલ** | **૧૬૫૫૪** |

(૨) ઉક્ત એક સ્માર્ટ ક્લાસરૂમ માટે કેન્દ્ર સરકાર દ્વારા અનાવર્તક ખર્ચ પેટે રૂ.૧.૨૦ લાખ અને તેના રીકરીંગ (આવર્તક) ખર્ચ માટે રૂ.૦.૩૮ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૩) પત્રક–૧ મુજબ.

(૪) ઉક્ત મંજૂર સ્માર્ટ ક્લાસરૂમ માટે મળવાપાત્ર કુલ રૂ.૧૭૯.૫૩ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ફાળવી દેવામાં આવેલ છે.

**પત્રક–૧**

| જિલ્લો | મંજૂર સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા | ઈન્સ્ટોલેશન પૂર્ણ થયેલ સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા | ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવા સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૬૬ | ૦ | ૬૬૬ |
| અમરેલી | ૪૦૪ | ૦ | ૪૦૪ |
| આણંદ | ૪૭૨ | ૪૬૨ | ૧૦ |
| અરવલ્લી | ૩૪૮ | ૩૪૨ | ૬ |
| બનાસકાંઠા | ૧૩૦૪ | ૮૭૨ | ૪૩૨ |
| ભરૂચ | ૪૦૮ | ૦ | ૪૦૮ |
| ભાવનગર | ૭૨૬ | ૦ | ૭૨૬ |
| બોટાદ | ૧૭૪ | ૦ | ૧૭૪ |
| છોટાઉદેપુર | ૪૬૨ | ૩૯૮ | ૬૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૭૨ | ૦ | ૨૭૨ |
| દાહોદ | ૧૨૨૦ | ૭૬૧ | ૪૫૯ |
| ગાંધીનગર | ૨૬૨ | ૧૩૦ | ૧૩૨ |
| ગીર સોમનાથ | ૨૯૦ | ૦ | ૨૯૦ |
| જામનગર | ૪૧૨ | ૦ | ૪૧૨ |
| જૂનાગઢ | ૪૩૦ | ૦ | ૪૩૦ |

| જિલ્લો | મંજૂર સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા | ઈન્સ્ટોલેશન પૂર્ણ થયેલ સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા | ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવા સ્માર્ટ ક્લાસરૂમની સંખ્યા |
|---|---|---|---|
| કચ્છ | ૧૧૧૪ | ૦ | ૧૧૧૪ |
| ખેડા | ૫૯૬ | ૫૭૩ | ૨૩ |
| મહેસાણા | ૫૬૬ | ૪૯૦ | ૭૬ |
| મહિસાગર | ૩૪૮ | ૩૪૬ | ૨ |
| મોરબી | ૩૨૮ | ૦ | ૩૨૮ |
| નર્મદા | ૪૩૨ | ૦ | ૪૩૨ |
| નવસારી | ૩૦૪ | ૦ | ૩૦૪ |
| પંચમહાલ | ૬૬૬ | ૬૩૧ | ૩૫ |
| પાટણ | ૬૩૮ | ૪૦૨ | ૨૩૬ |
| પોરબંદર | ૧૫૨ | ૦ | ૧૫૨ |
| રાજકોટ | ૫૧૮ | ૦ | ૫૧૮ |
| બનાસકાંઠા | ૪૫૬ | ૪૦૪ | ૫૨ |
| સુરત | ૪૭૨ | ૦ | ૪૭૨ |
| સુરેન્દ્રનગર | ૬૨૨ | ૦ | ૬૨૨ |
| તાપી | ૨૨૦ | ૦ | ૨૨૦ |
| ડાંગ | ૨૭૨ | ૦ | ૨૭૨ |
| વડોદરા | ૪૮૬ | ૯૭ | ૩૮૯ |
| વલસાડ | ૫૧૪ | ૦ | ૫૧૪ |
| **કુલ** | **૧૬૫૫૪** | **૫૯૦૮** | **૧૦૬૪૬** |

--------

**ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપકોની જગ્યાઓ**

અતારાંકિતઃ ૮૪૬ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક અને સહાયક પ્રાધ્યાપકોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક અને સહાયક પ્રાધ્યાપકોની કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૨૧–૦૯–૨૦૨૩)

(૧) માંગ્યા મુજબ ભરાયેલ જગ્યાની વિગતો આ સાથે સામેલ પત્રક–૧ માં દર્શાવેલ છે.

(૨) માંગ્યા મુજબ જગ્યાની ઘટ અંગેની વિગતો આ સાથે સામેલ પત્રક–૨ માં દર્શાવેલ છે.

(૩) બનતી ત્વરાએ.

**પત્રક–૧**

જિલ્લાવાર ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક અને સહાયક પ્રાધ્યાપકની ભરાયેલ જગ્યાની વિગતો

| જિલ્લો | પ્રાધ્યાપક | સહ પ્રાધ્યાપક | સહાયક પ્રાધ્યાપક |
|---|---|---|---|
| | **ભરેલ** | **ભરેલ** | **ભરેલ** |
| અમદાવાદ | ૨૮ | ૬૬ | ૩૪૪ |
| અરવલ્લી | ૭ | ૯ | ૮૨ |
| બનાસકાંઠા | ૧ | ૧ | ૩૭ |
| ભરૂચ | ૨ | ૫ | ૮૨ |
| ભાવનગર | ૩ | ૨૦ | ૧૪૬ |
| ભુજ | ૨ | ૪ | ૪૫ |
| દાહોદ | ૧ | ૮ | ૫૩ |
| ગાંધીનગર | ૫ | ૯ | ૧૦૬ |
| મોરબી | ૬ | ૬ | ૭૩ |
| પંચમહાલ | ૦ | ૨ | ૪૪ |
| પાટણ | ૨ | ૩ | ૫૬ |
| રાજકોટ | ૪ | ૯ | ૮૮ |
| સુરત | ૧ | ૬ | ૪૭ |
| વલસાડ | ૨ | ૨ | ૬૯ |
| **કુલ** | **૬૪** | **૧૫૦** | **૧૨૭૨** |

**પત્રક–૨**

જિલ્લાવાર ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક અને સહાયક પ્રાધ્યાપકની ઘટની વિગતો

| જિલ્લો | પ્રાધ્યાપક | સહ પ્રાધ્યાપક | સહાયક પ્રાધ્યાપક |
|---|---|---|---|
| | **ઘટ** | **ઘટ** | **ઘટ** |
| અમદાવાદ | ૧૮ | ૩૮ | ૧૬ |
| અરવલ્લી | ૧ | ૧૯ | ૪૫ |
| બનાસકાંઠા | ૦ | ૭ | ૦ |
| ભરૂચ | ૯ | ૨૧ | ૧૦ |
| ભાવનગર | ૭ | ૨૫ | ૨૩ |
| ભુજ | ૩ | ૧૩ | ૨૭ |
| દાહોદ | ૨ | ૭ | ૩ |
| ગાંધીનગર | ૫ | ૧૫ | ૭ |
| મોરબી | ૬ | ૨૪ | ૨૧ |
| પંચમહાલ | ૧ | ૪ | ૧૬ |
| પાટણ | ૨ | ૧૯ | ૨૭ |
| રાજકોટ | ૭ | ૧૫ | ૨૩ |
| સુરત | ૪ | ૯ | ૩ |
| વલસાડ | ૬ | ૧૭ | ૬ |
| **કુલ** | **૭૧** | **૨૩૩** | **૧૯૫** |

--------

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓની સ્કૂલ બેગનું વજન નિશ્ચિત કરવા માટેનો આદેશ**

અતારાંકિતઃ ૮૪૭ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને ધોરણ-૦૧ થી ૭ માં ભણતા વિદ્યાર્થીઓની સ્કૂલ બેગનું વજન નિશ્ચિત કરવા આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત આદેશ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે ? અને,

(૩) રાજ્ય સરકારે ઉક્ત આદેશોના અમલ માટે શી કાર્યવાહી કરી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨-૦૯-૨૦૨૩)

(૧) હા

(૨) તા.૨૪-૧૧-૨૦૨૦

(૩) રાજ્ય સરકારે સ્કૂલ બેગનું વજન ઓછુ કરવા શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૭/સિંગલ ફાઈલ-૫૪/ન તા.૨૬-૧૧-૨૦૧૮ ના રોજ કરેલ છે. ઠરાવની જોગવાઈ આ પ્રમાણે છે.

૧. વિદ્યાર્થીના દફતરનું વજન કોઈ પણ સંજોગોમાં પોતાના વજનથી દસમાં ભાગનું એટલે કે ૧૦ ટકાથી વધુ જોઈશે નહીં.

૨. જે શાળાની માન્યતાની શરતો મુજબ જે અભ્યાસક્રમ ચાલતો હોય તે શાળાઓ માટે નિયત થયેલ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા માન્યતા વાળી પ્રિન્ટેડ સામગ્રીનો જ ઉપયોગ કરવો. માન્યતા વગરની પ્રિન્ટેડ સામગ્રી(પુસ્તકો, માર્ગદર્શિકા, સ્વાધ્યાયપોથી, નિબંધમાળા વગેરે) નો ઉપયોગ કરવો નહીં.

૩. શાળાનું સમયપત્રક એવી રીતે ગોઠવવું કે જેથી વિદ્યાર્થીઓએ દરરોજ તમામ વિષયની બધી સામગ્રી લઈને આવવું ન પડે.

૪. બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ, ૧૯૯૪ના નિયમ મુજબ ધોરણ ૧ અને ૨ માં કોઈપણ પ્રકારનું ગૃહકાર્ય આપવું નહી, ધોરણ ૩ થી ૫ ના બાળકોને અડધો કલાક તથા ધોરણ ૬ અને ૭ માં એક કલાકનું ગૃહકાર્ય આપવું.

--------

**યુનિવર્સિટી અને કોલેજોને નેકની માન્યતા મેળવવા બાબત**

અતારાંકિતઃ ૯૬૯ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ)ની માન્યતા લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ ઉક્ત માન્યતા મેળવી છે અને કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ માન્યતા મેળવવાની બાકી છે, અને

(૩) યુનિવર્સિટિઓ અને કોલેજોએ નેકની માન્યતા ન મેળવેલ હોય તેની સામે શા પગલાં લીધાં ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૨૦-૦૯-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) કુલ ૨૦ યુનિવર્સિટીઓ અને ૯૭ કોલેજોએ નેકની માન્યતા મેળવેલ છે અને ૮૮ યુનિવર્સિટીઓ અને ૨૩૭૧ કોલેજોએ નેકની માન્યતા મેળવવાની બાકી છે.

(૩) – ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત માન્યતા અને રેન્કિંગ સંસ્થાકીય મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલની શરૂઆત કરી છે. સારી માન્યતા/એક્રેડિટેશન અને વિશ્વ રેન્કિંગ હાંસલ કરવા માટે વિદ્યાર્થીઓના પ્રદર્શનનું ઉપચારાત્મક મૂલ્યાંકન કરવા અને સંસ્થાકીય ધોરણોને ઉન્નત કરવા માટે એક કાર્યક્ષમ પદ્ધતિ વિકસાવી છે.

– વધુમાં, ગુજરાત રાજ્યની તમામ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ NAAC/NBA હેઠળ એક્રેડિટેશન પ્રાપ્ત કરી શકે તે માટે હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ પૂરો પાડવા માટે એજન્સીની નિમણૂંક કરવા જઈ રહી છે. આથી આવનાર વર્ષોમાં ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓને એક્રેડિટેશન માટે પૂરતો સહયોગ/માર્ગદર્શન મળી રહે.

– ઉક્ત સંદર્ભે ગુજરાત રાજ્યની જે શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા મેળવવાની બાકી છે, તેઓને તાકીદે માન્યતા મેળવવાના પગલાં લેવા જાણ કરવામાં આવી છે, તદુપરાંત આ માટે જરૂરી ગ્રાન્ટ પણ પૂરી પાડવામાં આવી છે.

--------

## રાજ્યમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ પુરા પાડવામાં આવેલ રાશનના જથ્થા બાબત

અતારાંકિતઃ ૭૯૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ રાજ્યમાં કેટલા રેશનકાર્ડમાં કેટલા નાગરિકોને કયા પ્રકારના રાશનનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવ્યો ? અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી :** (૨૧-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ''નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ'' હેઠળ રાજ્યમાં લાભાર્થીઓની સંખ્યા અને અનાજના જથ્થાના વિતરણની માહિતી નીચે મુજબ છે.

**(વિતરણના આંકડા મે.ટનમાં)**

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ઘઉં | ચોખા | બાજરી | મકાઈ | કુલ |
|---|---|---|---|---|---|---|
| જુલાઈ-૨૦૨૦ થી જૂન-૨૦૨૧ | ૩,૨૧,૨૩,૩૯૯ | ૧૪,૨૫,૩૪૩.૮૬૩ | ૬,૧૦,૯૦૯.૯૫૮ | ૧૧,૦૩૦,૧૪૦ | ૩,૮૯૮,૯૨૯ | ૨૦,૫૧,૧૮૨.૮૯૦ |
| જુલાઈ-૨૦૨૧ થી જૂન-૨૦૨૨ | ૩,૩૧,૫૫,૦૬૪ | ૧૩,૬૩,૭૭૩.૪૯૬ | ૭,૨૭,૩૩૮.૪૫૧ | ૭,૮૦૭.૯૯૮ | ૫૭૪.૨૯૦ | ૨૦,૯૯,૪૯૪.૨૩૫ |
| જુલાઈ-૨૦૨૨ થી જૂન-૨૦૨૩ | ૩,૩૯,૮૦,૨૩૭ | ૮,૫૨,૮૨૧.૩૬૯ | ૧૨,૫૭,૭૦૯.૯૦૯ | ૭૨૭.૯૬૮ | – | ૨૧,૧૧,૨૫૯.૨૪૬ |

(૨) ''નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ'' અંતર્ગત વર્ષવાર થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ચૂકવાયેલ રકમ રૂ. (કરોડમાં) |
|---|---|
| જુલાઈ-૨૦૨૦ થી જૂન-૨૦૨૧ | ૪૩૮.૭૬ |
| જુલાઈ-૨૦૨૧ થી જૂન-૨૦૨૨ | ૫૫૦.૪૭ |
| જુલાઈ-૨૦૨૨ થી જૂન-૨૦૨૩ | ૫૯૮.૩૫ |
| **કુલ** | **૧૫૮૭.૫૮** |

--------

## રિલાયન્સ પેટ્રોલીયમ લી. ને ફાળવેલ જંગલની જમીન

અતારાંકિતઃ ૮૫૪ (૧૮-૦૮-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ.જામનગરને ૧૮.૩૬૦૫ હેક્ટર જંગલની જમીનની ફાળવણી કરેલ છે, તે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના

કિસ્સામાં ડાયવર્ટ થતી જંગલની જમીન માટે હેક્ટર દીઠ વળતર વનીકરણ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) તેમજ ભારત સરકાર દ્વારા મૂકવામાં આવતી શરતો અનુસાર કેટલી રકમ વસૂલવામાં આવેલ છે,

(૨) ઉક્ત જમીન આપવાના કારણો શા હતા અને તેમાં કયા પ્રકારના કેટલા ઝાડ હતા,અને

(૩) ઉક્ત આપવામાં આવેલ જંગલની જમીનના બદલામાં તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ અન્ય કયા સ્થળે જંગલ માટે કેટલી જમીન લેવામાં આવેલ છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨–૦૯–૨૦૨૩)

(૧) રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ. જામનગરને વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ ૧–૯૮–૬૬ હેક્ટર જંગલ વિસ્તાર તથા વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ–૧૯૭૨ હેઠળ ૧૬–૩૮–૦૫ હેક્ટર બિન જંગલ વિસ્તાર મળી કુલ ૧૮–૩૬–૦૫ હેક્ટર વિસ્તારની સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. આ દરખાસ્ત હેઠળ વળતર વનીકરણ પેટે રૂ.૩,૫૭,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે. ઉપરોક્ત દરખાસ્તની મંજૂરીના સમયે નેટ પ્રેઝન્ટ વેલ્યુ વસૂલવા માટેના નિયમો અમલમાં ન હોઈ વસૂલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉપરોક્ત દરખાસ્ત મુજબ દરીયાકાંઠાની સવલતો માટે પાઈપલાઈન અને રસ્તા વગેરે માટે આ જમીન આપવામાં આવેલ છે. આ જમીનમાં કોઈ ઝાડ કાપવામાં આવેલ નથી.

(૩) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત મંજૂરીની શરતો મુજબ જામનગર તાલુકામાં મોજે: મોટી ખાવડી ગામના સર્વે નં. ૫૩૦/પૈકી ૦–૧૫–૫૪ હે. તથા સર્વે નં.૫૩૧ પૈકી ૧–૮૩–૧૨ હે, મળી કુલ ૧–૯૮–૬૬ હે. બિન જંગલ જમીન કંપની પાસેથી મેળવવામાં આવેલ છે.

--------

**રિલાયન્સ પેટ્રોલીયમ લી. ને ફાળવેલ જંગલની જમીન**

અતારાંકિતઃ ૮૫૬ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ.જામનગરને ૧૮.૩૬૦૫ હેક્ટર જંગલની જમીનની ફાળવણી કરેલ છે, તે વન સંરક્ષણ ધારા–૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં ડાયવર્ટ થતી જંગલની જમીન માટે હેક્ટર દીઠ વળતર વનીકરણ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) તેમજ ભારત સરકાર દ્વારા મૂકવામાં આવતી શરતો અનુસાર કેટલી રકમ વસૂલવામાં આવેલ છે,

(૨) ઉક્ત જમીન આપવાના કારણો શા હતા અને તેમાં કયા પ્રકારના કેટલા ઝાડ હતા,અને

(૩) ઉક્ત આપવામાં આવેલ જંગલની જમીનના બદલામાં તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ અન્ય કયા સ્થળે જંગલ માટે કેટલી જમીન લેવામાં આવેલ છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨–૦૯–૨૦૨૩)

(૧) રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ. જામનગરને વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળ ૧–૯૮–૬૬ હેક્ટર જંગલ વિસ્તાર તથા વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ–૧૯૭૨ હેઠળ ૧૬–૩૮–૦૫ હેક્ટર બિન જંગલ વિસ્તાર મળી કુલ ૧૮–૩૬–૦૫ હેક્ટર વિસ્તારની સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. આ દરખાસ્ત હેઠળ વળતર વનીકરણ પેટે રૂ.૩,૫૭,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે. ઉપરોક્ત દરખાસ્તની મંજૂરીના સમયે નેટ પ્રેઝન્ટ વેલ્યુ વસૂલવા માટેના નિયમો અમલમાં ન હોઈ વસૂલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉપરોક્ત દરખાસ્ત મુજબ દરીયાકાંઠાની સવલતો માટે પાઈપલાઈન અને રસ્તા વગેરે માટે આ જમીન આપવામાં આવેલ છે. આ જમીનમાં કોઈ ઝાડ કાપવામાં આવેલ નથી.

(૩) વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત મંજૂરીની શરતો મુજબ જામનગર તાલુકામાં મોજે: મોટી ખાવડી ગામના સર્વે નં. ૫૩૦/પૈકી ૦–૧૫–૫૪ હે. તથા સર્વે નં.૫૩૧ પૈકી ૧–૮૩–૧૨ હે, મળી કુલ ૧–૯૮–૬૬ હે. બિન જંગલ જમીન કંપની પાસેથી મેળવવામાં આવેલ છે.

**રિલાયન્સ પેટ્રોલીયમ લી. પાસેથી મેળવેલ બીન જંગલની જમીન**

અતારાંકિતઃ ૮૬૬ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ.જામનગરને ૧૮.૩૬૦૫ હેક્ટર જંગલની જમીનની ફાળવણી કરેલ તેના બદલામાં જામનગર જિલ્લાના મોટી ખાવડી ગામની ૧.૯૮ હેક્ટર જમીન લેવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં ડાયવર્ટ થતી જંગલની જમીનના પ્રમાણમાં ઓછી જમીન બદલામાં લેવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત જંગલની જમીનના બદલામાં લેવામાં આવેલ જમીનમાં ઉક્ત સ્થિતિએ કયા પ્રકારના કેટલા ઝાડ આવેલા છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨-૦૯-૨૦૨૩)

(૧) ના જી. રિલાયન્સ પેટ્રોલીયમ લી. સિક્કા, જિ. જામનગરને વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૧-૯૮-૬૬ હેક્ટર જંગલ વિસ્તાર તથા વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ-૧૯૭૨ હેઠળ ૧૬-૩૮-૦૫ હેક્ટર બિન જંગલ વિસ્તાર મળી કુલ ૧૮-૩૬-૦૫ હેક્ટર વિસ્તારની સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) વન (સંરક્ષણ) ધારા ૧૯૮૦ હેઠળ મંજૂરીની શરત પ્રમાણે ડાયવર્ટ કરવામાં આવેલ જંગલની ૧.૯૮ હેક.જમીનની સામે ૧.૯૮ હેક.બિન જંગલ જમીન મેળવવામાં આવેલ છે. તે ઉપરાંત વન્યપ્રાણી (સંરક્ષણ)અધિનિયમ-૧૯૭૨ હેઠળ ૧૬-૩૮-૦૫ હેક. બિન જંગલ જમીનના ઉપયોગ માટે મંજૂરી અપાયેલ હોય ઓછી જમીન લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વળતર વનીકરણ માટે મળેલ બિન જંગલ જમીનમાં સાગ:- ૩૩૪, લીમડા:- ૧૨૮, પેલ્ટોફોરમ:- ૩૧, બંગાળી બાવળ:- ૧૦ મળી કુલ:- ૫૦૩ ઝાડ આવેલા છે.

--------

**કલ્પસર યોજના સામે જમીન તબદીલ**

અતારાંકિતઃ ૧૦૩૬ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર યોજના માટે જંગલ ખાતાની કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા સ્થળે કયા પ્રકારની કેટલી જમીન તબદીલ કરવામાં આવી અને કેટલી જમીન તબદીલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત જમીન તબદીલ કરવાની બાકી રહેવાના કારણો શા છે અને ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨-૦૯-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કલ્પસર યોજના માટે વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત વન જમીનના બિન જંગલ ઉપયોગ માટે કોઈ જમીન સંપાદન કરવામાં આવેલ નથી.

(૨) કલ્પસર યોજના માટે કોઈ દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કલ્પસર યોજના માટે કોઈ દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં નકલી દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ**

અતારાંકિતઃ ૪૬૬ (૧૬-૦૬-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નકલી દૂધ અને દૂધની બનાવટો અને વેચાણના કેટલા કિસ્સા કયા સ્થળે નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ઇસમોને પકડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આવા ઇસમો સામે સરકારે શી કાર્યવાહી કરી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧-૦૯-૨૦૨૩)

(૧) નકલી દૂધ અને દૂધની બનાવટો અને વેચાણના કોઈ કિસ્સા નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઓક્સિજનની શુદ્ધતાની ચકાસણી**

અતારાંકિતઃ ૫૯૧ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઓક્સિજનની શુદ્ધતા તપાસવા કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) ઉક્ત નમૂનાઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ અપ્રમાણિત થયા, અને

(૩) ઓક્સિજનની ગુણવત્તા ચકાસવા માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧-૦૯-૨૦૨૩)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઓક્સિજનની ગુણવત્તા ચકાસવા માટે લીક્વીડ ઓક્સિજનના ઉત્પાદન એકમ ઓનલાઈન ક્વોલીટી ચેકીંગ માટેનું મશીન લગાવતા હોય છે તથા મેડીકલ ઓક્સિજન કંપનીમાંથી ડિસ્પેચ કર્યા પહેલા નિયમ મુજબ તેનું ઇન્ડિયન ફાર્માકોપીયામાં દર્શાવ્યા મુજબનું ટેસ્ટીંગ કરવાનું હોય છે. હાલમાં રાજ્યમાં ૦૯ ઓક્સિજનના ઉત્પાદકો અને ૮૫ બોટલર/રીફીલરના પ્લાન્ટ કાર્યરત છે. આ તમામ પ્લાન્ટની સમયાંતરે તંત્રના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે છે અને તેમાં ઓક્સિજનની ગુણવત્તાની ચકાસણી બાબતે કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી.

---------

**ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ ફળવાયેલ રકમ**

અતારાંકિતઃ ૬૬૮ (૧૧-૦૭-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાસંદા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આરોગ્ય વિભાગની ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમ ક્યા કામો માટે વાપરવામાં આવી, અને

(૩) જો રકમ વણવપરાયેલ હોઇ તો તેના કારણો શાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૨-૦૯-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આરોગ્ય વિભાગની ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ નીચે મુજબની રકમની જોગવાઇ કરવામાં આવી,

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઇ | રિવાઇઝ જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૨૩૮૫૧.૮૪ | ૧૧૧૭૧૩.૭૫ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૨૯૯૫૯.૯૦ | ૧૨૬૨૦૫.૩૫ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૧૩૧૦૭૨.૫૨ | ૧૫૧૮૩૬.૯૪ |

(૨) આ સાથે સામેલ * પત્રક મુજબ છે.

(૩) વણવપરાયેલી રકમ અંગેના કારણો–

- ૧૪ જિલ્લાની અને તાલુકા કક્ષાની કચેરીઓમાં પગાર ભથ્થા તેમજ પ્રવાસ ખર્ચ, કચેરી ખર્ચ, દવા – ડાયેટ ખર્ચ આઉટ સોર્સિંગ વગેરેમાં બચત રહેતા રકમ વણવપરાયેલી રહી.
- આયુર્વેદ હોસ્પિટલ અને દવાખાના તથા હોમિયોપેથીદવાખાના તેમજ પંચાયત હસ્તકના PLAમાં આવતા દવાખાનામાં અધિકારી તેમજ કર્મચારીઓની જગ્યા ખાલી હોવાથી તેમજ દવાઓ અને ડાયટ તેમજ કન્ટીજંસી ખર્ચમાં ઘટાડો થવાથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે રકમની જોગવાઇ**

અતારાંકિતઃ ૬૭૩ (૧૧–૦૭–૨૦૨૩) **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/પ્રભાગ હેઠળ આદિજાતિ વિસ્તારનાં વિકાસ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ક્યા કામો માટે તાલુકાવાર વાપરવામાં આવી અને કેટલી રકમ વર્ષવાર વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧–૦૯–૨૦૨૩)

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/પ્રભાગ હેઠળ આદિજાતિ વિસ્તારનાં વિકાસ માટે નીચે મુજબની રકમની જોગવાઇ કરવામાં આવી,

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઇ | રિવાઇઝ જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૧૧૦૯૭૪.૭૭ | ૧૨૪૪૯.૯૩ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૧૫૧૩૬.૭૭ | ૧૬૦૭૭.૪૮ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૧૯૦૩૨.૪૨ | ૨૦૧૦૧.૧૭ |

(૨) આ સાથે સામેલ *પત્રક મુજબ છે.

(૩) વણવપરાયેલી રકમ અંગેના કારણો–

- ૧૪ જિલ્લાની અને તાલુકા કક્ષાની કચેરીઓમાં પગાર ભથ્થા તેમજ પ્રવાસ ખર્ચ, કચેરી ખર્ચ, દવા – ડાયેટ ખર્ચ આઉટ સોર્સિંગ વગેરેમાં બચત રહેતા રકમ વણવપરાયેલી રહી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**''સિધા કિસાન સે'' યોજના હેઠળ અખાદ્ય વસ્તુઓનું વેચાણ**

અતારાંકિતઃ ૭૭૬ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ ''સિધા કિસાન સે'' યોજના હેઠળ રાજ્યમાં અખાદ્ય વસ્તુઓનું ઓર્ગેનિકના નામે વેચાણ થાય તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી વખત ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૩) તે અન્વયે કેટલી રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧–૦૯–૨૦૨૩)

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં પોલીસ સ્ટેશનોની મુલાકાત**

અતારાંકિતઃ ૫૫૭ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર/જિલ્લાવાર શહેર/જિલ્લા પોલીસ વડાએ તાબા હેઠળના કેટલા પોલીસ સ્ટેશનોની મુલાકાત લીધી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર એકપણ વખત મુલાકાત ન લીધી હોય તેવા કેટલા પોલીસ સ્ટેશન છે,

(૩) વર્ષમાં એકપણ વખત શહેર/જિલ્લા પોલીસ વડા દ્વારા મુલાકાત ન લેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થળ મુલાકાત દરમ્યાન કેવા પ્રકારની પોલીસ તંત્ર સંબંધી ફરિયાદો મળી અને તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવાયા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૯-૨૦૨૩)

(૧) સામેલ *પત્રક-અ મુજબ

(૨) સામેલ *પત્રક-બ મુજબ

(૩) સામેલ *પત્રક-ક મુજબ

(૪) સામેલ *પત્રક-ડ મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં દારૂના બુટલેગર, અડ્ડાઓ અને ગેરકાયદે વેચાણે કેન્દ્રો વિરૂધ્ધ ફરિયાદ**

અતારાંકિતઃ ૫૬૬ (૧૪-૦૭-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં દારૂના બુટલેગરો, અડ્ડાઓ અને ગેરકાયદેસર વેચાણ કેન્દ્રો વિરુધ્ધ કેટલી ફરિયાદો/રજૂઆતો મળી, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે ગુનો નોંધવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૯-૨૦૨૩)

(૧)

| સમયગાળો | ફરિયાદો/રજૂઆતોની સંખ્યા |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧ | ૧૪૨૧૪ |
| તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ | ૧૭૮૫૭ |
| તા. ૦૧-૦૪-૨૦૨૨ થી તા. ૩૧-૦૩-૨૦૨૩ | ૧૬૩૧૬ |

(૨) ૧૪૯૨

**અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં બિલ્ડરોએ કરેલ છેતરપીંડી/ઉચાપાત**

અતારાંકિતઃ ૫૮૯ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી ઇમરાન ખેડાવાલા**(જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૦૫-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં બિલ્ડરોએ બારોબાર મિલકતો ગ્રાહકોને વેચી છેતરપીંડી/ઉચાપાત કરી હોવા અંગેની કેટલી ફરીયાદો નોંધાઈ,

(૨) ઉક્ત છેતરપીંડી/ઉચાપાતમાં કેટલા ગ્રાહકો પાસેથી કેટલી રકમ લીધાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે કોની સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૯-૨૦૨૩)

(૧)

| શહેર/જિલ્લા | નોંધાયેલ ફરિયાદો |
|---|---|
| અમદાવાદ શહેર | ૧૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ |
| ગાંધીનગર શહેર/જિલ્લો | ૦૧ |

(૨) ૪૯ ગ્રાહકો પાસેથી રૂ. ૧૩,૧૪,૧૭,૯૫૬/- ની રકમ લીધેલ.

(૩) ૩૩ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪)

| પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|
| ૨૦ | ૧૩ |

--------

### રાજ્યમાં દારૂના બુટલેગર, અડ્ડાઓ અને ગેરકાયદે વેચાણ કેન્દ્રો વિરૂદ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૫૯૩ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણી લીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, રાજ્યમાં દારૂના બુટલેગરો, અડ્ડાઓ અને ગેરકાયદેસર વેચાણ કેન્દ્રો વિરુદ્ધ કેટલી ફરિયાદો/રજૂઆતો મળી, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૯-૨૦૨૩)

(૧)

| સમયગાળો | ફરિયાદો/રજૂઆતોની સંખ્યા |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧ | ૧૪૨૧૪ |
| તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ | ૧૭૮૫૭ |
| તા. ૦૧-૦૪-૨૦૨૨ થી તા. ૩૧-૦૩-૨૦૨૩ | ૧૬૩૧૬ |

(૨) ૧૪૯૨

--------

### જૂનાગઢ જિલ્લામાં સ્યુસાઇડ નોટના આધારે ઈસમોની ધરપકડ

અતારાંકિતઃ ૭૮૭ (૧૦-૦૮-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં આપઘાત કરનાર મૃતકે લખેલ સ્યુસાઈડ નોટના આધારે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય તેવા કેટલા કિસ્સાઓમાં કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૯–૨૦૨૩)

(૧)

| **તા.૦૧–૦૭–૨૦૨૧ થી તા. ૩૦–૦૬–૨૦૨૩** | | |
|---|---|---|
| **સ્યુસાઇડ નોટના આધારે નોંધાયેલ પોલીસ ફરિયાદ** | **પકડવામાં આવેલ ઇસમોની સંખ્યા** | **પકડવાના બાકી ઇસમોની સંખ્યા** |
| ૦ | ૦ | ૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કેન્દ્ર સરકારે પોલીસ દળના આધુનિકરણ માટે ફાળવેલ ગ્રાન્ટ બાબત**

અતારાંકિતઃ ૮૧૦ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકારે પોલીસ દળના આધુનિકરણ માટે કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૯–૨૦૨૩)

(૧)

| **વર્ષ** | **કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૨૦–૨૧ | કેન્દ્ર સરકારે પ્લાન મંજૂર કરેલ છે અને ગ્રાન્ટ ફાળવવા પર બાકીમાં છે. |
| ૨૦૨૧–૨૨ | કેન્દ્ર સરકારે પ્લાન મંજૂર કરેલ છે અને ગ્રાન્ટ ફાળવવા પર બાકીમાં છે. |
| ૨૦૨૨–૨૩ | કેન્દ્ર સરકારે પ્લાન મંજૂર કરેલ છે અને ગ્રાન્ટ ફાળવવા પર બાકીમાં છે. |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જૂનાગઢ જિલ્લામાં સ્યુસાઇડ નોટના આધારે ઈસમોની ધરપકડ**

અતારાંકિતઃ ૮૧૬ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં આપઘાત કરનાર મૃતકે લખેલ સ્યુસાઈડ નોટના આધારે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય તેવા કેટલા કિસ્સાઓમાં કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૯–૨૦૨૩)

(૧)

| **તા.૦૧–૦૭–૨૦૨૧ થી તા. ૩૦–૦૬–૨૦૨૩** |
|---|

| **સ્યુસાઇડ નોટના આધારે નોંધાયેલ પોલીસ ફરિયાદ** | **પકડવામાં આવેલ ઇસમોની સંખ્યા** | **પકડવાના બાકી ઇસમોની સંખ્યા** |
|---|---|---|
| ૦ | ૦ | ૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જૂનાગઢ જિલ્લામાં સ્યુસાઇડ નોટના આધારે ઇસમોની ધરપકડ**

અતારાંકિતઃ ૮૧૮ (૧૦-૦૮-૨૦૨૩) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં આપઘાત કરનાર મૃતકે લખેલ સ્યુસાઈડ નોટના આધારે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય તેવા કેટલા કિસ્સાઓમાં કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૯-૨૦૨૩)

(૧)

| **તા.૦૧-૦૭-૨૦૨૧ થી તા. ૩૦-૦૬-૨૦૨૩** | | |
|---|---|---|
| **સ્યુસાઇડ નોટના આધારે નોંધાયેલ પોલીસ ફરિયાદ** | **પકડવામાં આવેલ ઇસમોની સંખ્યા** | **પકડવાના બાકી ઇસમોની સંખ્યા** |
| ૦ | ૦ | ૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં દારૂની પરમીટ**

અતારાંકિતઃ ૮૯૫ (૧૦-૦૮-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર દારૂ પીવા માટેના કેટલા પરવાના ધારકો છે,

અતારાંકિતઃ ૯૬૩ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નકલી પોલીસ દ્વારા લુંટવાના કે તોડ કરવાના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલા કિસ્સામાં કેટલા નકલી પોલીસની ધરપકડ કરી શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર કેટલા કિસ્સામાં કેટલા નકલી પોલીસને પકડવાના બાકી છે અને તેના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૧૨-૨૦૨૩)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧)

| તા.૦૧–૦૪–૨૦૨૦ થી તા.૩૧–૦૩–૨૦૨૧ | તા.૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૧–૦૩–૨૦૨૨ | તા.૦૧–૦૪–૨૦૨૨ થી તા.૩૧–૦૩–૨૦૨૩ |
|---|---|---|
| ૩૫ | ૩૬ | ૪૨ |

(૨)

| વર્ષ | કિસ્સાની સંખ્યા | ધરપકડ કરી | કાર્યવાહી કરી |
|---|---|---|---|
| તા.૦૧–૦૪–૨૦૨૦ થી તા.૩૧–૦૩–૨૦૨૧ | ૩૫ | ૧૦૩ | ગુનો નોંધી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| તા.૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૧–૦૩–૨૦૨૨ | ૩૬ | ૯૨ | |
| તા.૦૧–૦૪–૨૦૨૨ થી તા.૩૧–૦૩–૨૦૨૩ | ૪૨ | ૯૫ | |

(૩)

| વર્ષ | કિસ્સાની સંખ્યા | નકલી પોલીસ | કારણો |
|---|---|---|---|
| તા.૦૧–૦૪–૨૦૨૦ થી તા.૩૧–૦૩–૨૦૨૧ | ૦૧ | ૦૨ | બાકી ઈસમોને પકડવા, મોબાઈલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ આધારે તપાસ કરવામાં આવેલ છે, રહેણાંક વાળી જગ્યાએ તેમજ વતનના સરનામે તેમજ મિત્ર વર્તુળ/સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબ વોરંટ કઢાવેલ છે તેમજ નાસતા–ફરતા આરોપી તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| તા.૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૧–૦૩–૨૦૨૨ | ૦૨ | ૦૪ | |
| તા.૦૧–૦૪–૨૦૨૨ થી તા.૩૧–૦૩–૨૦૨૩ | ૦૭ | ૧૫ | |

--------

**ભૂજની અદાણી મેડિકલ કોલેજમાં છાત્રાઓનો આપઘાત**

અતારાંકિતઃ ૯૬૪ (૦૫–૧૦–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભૂજની અદાણી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી કેટલી છાત્રાઓ દ્વારા હોસ્ટેલમાં આપઘાત કરવાની ઘટનાઓ બની,

(૨) ઉક્ત આપઘાતના શા કારણો સામે આવ્યા, અને

(૩) આપઘાત બનાવો ઘટે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૪–૧૨–૨૦૨૩)

(૧)

| સમયગાળો | ભૂજની અદાણી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી છાત્રાઓ દ્વારા હોસ્ટેલમાં આપઘાત કરવાની બનેલ ઘટનાઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૮–૨૦૨૨ થી તા.૩૧–૦૭–૨૦૨૩ | ૦૧ |

(૨)

| સમયગાળો | આપઘાતના કારણો |
|---|---|
| તા.૦૧-૦૮-૨૦૨૨ થી<br>તા.૩૧-૦૭-૨૦૨૩ | અગમ્ય કારણોસર આપઘાત કરેલ |

(૩)

- રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ પરીક્ષાના ભયથી કોઈ આત્યંતિક પગલું ન ભરે, પરીક્ષા આપવા બાબતે માનસિક રીતે વધુ સજ્જ થાય અને સાનુકૂળ મનોસ્થિતિ કેળવી પરીક્ષા આપી શકે તેવા વિવિધ વહીવટી અને મનોવૈજ્ઞાનિક સજ્જતા માટેના પગલા ભરવામાં આવે છે. તેમાં વર્ષ દરમિયાન સતત ચાલતા કાર્યક્રમો અને પરીક્ષા સમયની ખાસ વ્યવસ્થા બન્નેનો સમાવેશ થાય છે.
- મોટીવેશનલ સ્પીકર્સ દ્વારા પરીક્ષા અને તેના પરિણામની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પોતાની જાતને કેવી રીતે સંભાળવી અને આવી બાબતનો ડર નુકસાનકારક ન બને તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે.
- DIET ભવન મારફત જીવન કૌશલ્યની તાલીમ અને લાઈફ સ્કીલ ડેવલોપમેન્ટની તાલીમ આપવામાં આવે છે. તદુપરાંત મનોચિકિત્સક દ્વારા શાળાઓમાં આ અંગે લેક્ચર/ચર્ચા વિચારણા દ્વારા વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક સમજ આપી સજ્જ કરવામાં આવે છે.
- બોર્ડની જાહેર પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ તણાવમુક્ત થઈ પરીક્ષા આપી શકે તે માટે તમામ જિલ્લા કક્ષાએ પરીક્ષાના સમય પહેલાંથી તજજ્ઞો દ્વારા મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.
- પરીક્ષાનો ભય દૂર થાય તે માટે શાળા કક્ષાએ બાળકોને પરીક્ષા સંબંધની તમામ પ્રકારની માહિતી આપી તેમને સ્વસ્થ રીતે પરીક્ષા આપવા તૈયાર કરવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી બોર્ડની પરીક્ષા સંદર્ભે શાળાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન મેળવવા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, પરીક્ષા દરમિયાન માનસિક તણાવ અનુભવતા વિદ્યાર્થીઓ/વાલીઓ માટે ''જીવન સંસ્થા'' ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૦૦-૨૩૩-૩૩૩૦ પરથી તાત્કાલિક ધોરણે માર્ગદર્શન મેળવી શકે તેવી ૨૪ × ૭ ઉપલબ્ધ હોય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરીક્ષા બોર્ડ દ્વારા રાજ્ય કક્ષાનો કંટ્રોલ રૂમ બોર્ડ ખાતે ઊભો કરવા ઉપરાંત જિલ્લા કક્ષાએ પણ સમાન વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી પરીક્ષા દરમિયાન માનસિક તણાવ અનુભવતા વિદ્યાર્થીઓ/વાલીઓ માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.
- રાજ્યની સરકારી યુનિવર્સિટી, સરકારી કોલેજ, બિનસરકારી કોલેજ, વિદ્યાપીઠો ખાતે યોજાતા જુદાજુદા કાર્યક્રમો અને સેમિનારમાં વિદ્યાર્થીઓને વખતો વખત આ વિષયે વધુ સજ્જ કરવા માટેના કાર્યક્રમો કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ આપઘાત કે આત્મહત્યા જેવા અનિચ્છનીય પગલા ન ભરે તે માટે સંસ્થાઓ ખાતે સ્ટુડન્ટ કાઉન્સેલિંગ સેલની રચના કરવામાં આવેલ છે.
- સંસ્થાઓ ખાતે વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ અર્થે સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ સમિતિનું ગઠન કરવામાં આવેલ છે.

**લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા પકડેલ ગુના**

અતારાંકિતઃ ૧૦૮૩ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર જિલ્લાવાર લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા કેટલા ગુના પકડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ઇસમો પકડાયા અને કેટલા પકડાવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૪-૧૨-૨૦૨૩)

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

### પત્રક–૧

| અ.નં. | જિલ્લા | સમયગાળો | | |
|---|---|---|---|---|
| | | તા.૧૬–૦૯–૨૦૨૦ થી તા.૧૫–૦૯–૨૦૨૧ સુધી દાખલ થયેલ ગુના | તા.૧૬–૦૯–૨૦૨૧ થી તા.૧૫–૦૯–૨૦૨૨ સુધી દાખલ થયેલ ગુના | તા.૧૬–૦૯–૨૦૨૨ થી તા.૧૫–૦૯–૨૦૨૩ સુધી દાખલ થયેલ ગુના |
| ૧ | અમદાવાદ | ૧૪ | ૨૮ | ૩૨ |
| ૨ | આણંદ | ૧૨ | ૦૬ | ૦૫ |
| ૩ | ખેડા | ૦૮ | ૦૫ | ૦૬ |
| ૪ | ગાંધીનગર | ૦૬ | ૧૨ | ૦૬ |
| ૫ | મહેસાણા | ૦૫ | ૦૯ | ૦૫ |
| ૬ | સાબરકાંઠા | ૦૧ | ૦૪ | ૦૫ |
| ૭ | અરવલ્લી | ૦૨ | ૦૩ | ૦૨ |
| ૮ | વડોદરા | ૦૮ | ૦૩ | ૧૨ |
| ૯ | ભરૂચ | ૦૬ | ૦૫ | ૦૪ |
| ૧૦ | નર્મદા | ૦૨ | ૦૫ | ૦૧ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦૧ | ૦૪ | ૦૫ |
| ૧૨ | પંચમહાલ | ૦૭ | ૦૭ | ૦૫ |
| ૧૩ | દાહોદ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૧૪ | મહીસાગર | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૧૫ | સુરત | ૨૦ | ૨૭ | ૧૩ |
| ૧૬ | વલસાડ | ૦૫ | ૦૮ | ૧૬ |
| ૧૭ | ડાંગ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૧૮ | નવસારી | ૦૫ | ૦૨ | ૦૬ |
| ૧૯ | તાપી | ૧૦ | ૦૦ | ૦૨ |
| ૨૦ | રાજકોટ | ૦૫ | ૦૬ | ૦૭ |
| ૨૧ | જામનગર | ૦૩ | ૧૨ | ૦૩ |
| ૨૨ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૨ | ૦૩ |
| ૨૩ | મોરબી | ૦૨ | ૦૨ | ૦૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૦૨ | ૦૧ | ૦૪ |
| ૨૫ | જૂનાગઢ | ૦૪ | ૦૪ | ૦૩ |
| ૨૬ | પોરબંદર | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૨૭ | ગીર સોમનાથ | ૦૦ | ૦૨ | ૦૩ |
| ૨૮ | ભાવનગર | ૦૨ | ૦૬ | ૦૩ |
| ૨૯ | અમરેલી | ૦૬ | ૦૪ | ૦૨ |
| ૩૦ | બોટાદ | ૦૦ | ૦૨ | ૦૩ |
| ૩૧ | બનાસકાંઠા | ૦૮ | ૦૮ | ૦૮ |
| ૩૨ | પાટણ | ૦૪ | ૦૪ | ૧૨ |
| ૩૩ | કચ્છ | ૦૮ | ૦૩ | ૦૮ |
| | **કુલ** | **૧૬૬** | **૧૯૪** | **૧૯૬** |

### પત્રક–૨

| અ.નં. | જિલ્લા | સમયગાળો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧૬–૦૯–૨૦૨૦ થી તા.૧૫–૦૯–૨૦૨૧ સુધી | | તા.૧૬–૦૯–૨૦૨૧ થી તા.૧૫–૦૯–૨૦૨૨ સુધી | | તા.૧૬–૦૯–૨૦૨૨ થી તા.૧૫–૦૯–૨૦૨૩ સુધી | |
| | | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી |
| ૧ | અમદાવાદ | ૨૭ | ૦૦ | ૪૦ | ૦૩ | ૨૯ | ૦૦ |
| ૨ | આણંદ | ૧૩ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૬ | ૦૦ |
| ૩ | ખેડા | ૧૯ | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૪ | ગાંધીનગર | ૦૪ | ૦૯ | ૧૭ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૫ | મહેસાણા | ૦૮ | ૦૦ | ૧૪ | ૦૨ | ૦૫ | ૦૦ |
| ૬ | સાબરકાંઠા | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૭ | અરવલ્લી | ૦૬ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૮ | વડોદરા | ૧૩ | ૦૧ | ૦૫ | ૦૦ | ૧૬ | ૦૦ |

| અ.નં. | જિલ્લા | સમયગાળો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧૬-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ સુધી | | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ સુધી | | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ સુધી | |
| | | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી | ઈસમો પકડાયા | ઈસમો પકડવાના બાકી |
| ૯ | ભરૂચ | ૨૬ | ૦૩ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૦ |
| ૧૦ | નર્મદા | ૦૨ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૦ |
| ૧૨ | પંચમહાલ | ૦૯ | ૦૦ | ૧૪ | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૧૩ | દાહોદ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૫ | ૦૧ |
| ૧૪ | મહીસાગર | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૧ |
| ૧૫ | સુરત | ૪૨ | ૦૨ | ૪૪ | ૦૧ | ૧૭ | ૦૦ |
| ૧૬ | વલસાડ | ૦૭ | ૦૦ | ૧૦ | ૦૧ | ૨૩ | ૦૧ |
| ૧૭ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | નવસારી | ૦૬ | ૦૦ | ૦૩ | ૦૦ | ૧૦ | ૦૦ |
| ૧૯ | તાપી | ૧૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૨૦ | રાજકોટ | ૦૭ | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૧૦ | ૦૦ |
| ૨૨ | જામનગર | ૧૦ | ૦૦ | ૧૫ | ૦૦ | ૦૫ | ૦૦ |
| ૨૩ | મોરબી | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૨૪ | દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૨૫ | જૂનાગઢ | ૦૫ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૩ | ૦૧ |
| ૨૬ | પોરબંદર | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૭ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ૨૮ | ભાવનગર | ૦૧ | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ૨૯ | અમરેલી | ૦૭ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૩૦ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ૩૧ | બનાસકાંઠા | ૦૯ | ૦૧ | ૧૩ | ૦૦ | ૧૦ | ૦૦ |
| ૩૨ | પાટણ | ૦૬ | ૦૦ | ૦૬ | ૦૦ | ૧૭ | ૦૧ |
| ૩૩ | કચ્છ | ૧૪ | ૦૧ | ૦૩ | ૦૦ | ૧૦ | ૦૦ |
| | **કુલ** | **૨૬૯** | **૨૨** | **૨૭૬** | **૦૭** | **૨૫૧** | **૦૬** |

## ગાંધીનગર શહેર અને જિલ્લામાં બનાવટી કોલ લેટરના નોંધાયેલ ગુના

અતારાંકિતઃ ૧૧૦૬ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિને છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી સરકારી નોકરી માટેના બનાવટી કોલ લેટર અને સર્વીસ બુક બનાવવાના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનાઓમાં તપાસ દરમ્યાન કયા સંવર્ગના અને કયા વિભાગના કેટલા બનાવટી કોલ લેટર બનાવ્યાનું સામે આવ્યું,

(૩) તેમાં સંડોવાયેલા કેટલા ઇસમોને ઉક્ત સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૧૨-૨૦૨૩)

(૧)

| **તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩** | |
|---|---|
| ગાંધીનગર શહેર | ૦૧ |
| ગાંધીનગર જિલ્લો | ૦૨ |

(૨)

| સંવર્ગ | વિભાગ | બનાવટી કોલ લેટરની સંખ્યા |
|---|---|---|
| **ગાંધીનગર શહેર** | | |
| જુનીયર કલાર્ક વર્ગ-૩ | ગુજરાત મ્યુન્સીપલ ફાયનાન્સ બોર્ડ | ૩ |

| સંવર્ગ | વિભાગ | બનાવટી કોલ લેટરની સંખ્યા |
|---|---|---|
| જુનીયર કલાર્ક વર્ગ-૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૩ |
| પ્રોજેક્ટ મેનેજર વર્ગ-૨ | ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ | ૪ |
| જુનીયર કલાર્ક વર્ગ-૩ | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ | ૨ |
| જુનીયર કલાર્ક વર્ગ-૩ | ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ | ૧ |
| બીટ ગાર્ડ વર્ગ-૩ | વન વિભાગ, ગુજરાત રાજ્ય | ૧ |
| નાયબ સેકશન અધિકારી/ નાયબ મામલતદાર વર્ગ-૩ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૨ |
| સ્ટેટ ટેક્ષ ઇન્સ્પેક્ટર વર્ગ-૨ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૧ |
| પોલીસ ઇન્સ્પેક્ટર વર્ગ-૨ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૧ |
| એ.આર.ટી.ઓ. વર્ગ-૩ | વાહન અને વ્યવહાર વિભાગ, ગુજરાત | ૧ |
| આર.ટી.ઓ. વર્ગ-૨ | વાહન અને વ્યવહાર વિભાગ, ગુજરાત | ૧ |
| લોકરક્ષક વર્ગ-૩ | પોલીસ ભરતી બોર્ડ, ગુજરાત | ૩ |
| અનાર્મ પો.સ.ઇ. વર્ગ-૩ | પોલીસ અધીક્ષક શ્રી, ગાંધીનગર | ૧ |
| આ.પો.કો. વર્ગ-૩ | પોલીસ અધીક્ષક શ્રી, ગાંધીનગર | ૧ |
| **ગાંધીનગર જિલ્લો** | | |
| PSI વર્ગ-૩ | પોલીસ | ૨ |

(૩)

| શહેર/જિલ્લો | પકડવામાં આવ્યા | પકડવાના બાકી |
|---|---|---|
| ગાંધીનગર શહેર | ૦૩ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૨ | ૦૦ |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બોરસદ સબ જેલમાંથી ફરાર કેદીઓને પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૧૮૮ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાની બોરસદ સબ જેલમાંથી કેટલા કેદીઓ ક્યારે દિવાલ કુદીને ભાગી ગયા,

(૨) તે પૈકી કેટલા કેદીઓને ક્યારે પરત શોધવામાં આવ્યા,

(૩) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં ક્યારે લેવામાં આવ્યા, અને

(૪) જેલમાંથી કેદીઓ ભાગી ન શકે તે માટે શી વ્યવસ્થા ઊભી કરવામાં આવી ?

**જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૨-૧૨-૨૦૨૩)

(૧) તા.૦૨-૦૯-૨૦૨૩ના રોજ ૦૪(ચાર) કેદીઓ.

(૨) આ પૈકી એક આરોપીને તા.૦૩-૦૯-૨૦૨૩ના ૧૮/૩૦ કલાકે, બીજો આરોપી તા.૦૬-૦૯-૨૦૨૩ના ૨૦/૧૫ કલાકે એમ કુલ ૦૨(બે) આરોપીઓને અટક કરી જેલ હવાલે કરવામાં આવ્યા.

(૩) જવાબદાર કુલ ચાર પોલીસ કર્મચારીઓને તા.૦૩-૦૯-૨૦૨૩થી ફરજમોકુફી હેઠળ મૂકવામાં આવેલ છે.

(૪) જેલમાંથી કેદીઓ ભાગી ન શકે તે માટે ૧+૩ ની ગાર્ડ એમ બે શિફ્ટમાં મૂકવામાં આવેલ છે, અને સંત્રી ૨૪ કલાક બૅરેકની નજર સમક્ષ દેખરેખ માટે એલર્ટ રાખવામાં આવેલ છે. બહારથી કોઇ તત્વો અંદર કોઇ ચીજવસ્તુ ન ફેંકી શકે તેની ચોક્સાઇથી તકેદારી રાખવામાં આવેલ છે.

**રાજસ્થાન સરહદ પરથી ગૌવંશ પ્રાણીઓને કતલખાનામાં મોકલવાની ગેરકાનૂની પ્રવૃત્તિ**

અતારાંકિતઃ ૧૨૪૦ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી**(માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજસ્થાન ગુજરાતની સરહદ પરથી ગૌવંશ પ્રાણીઓને ગુજરાતમાં તથા મહારાષ્ટ્રના કતલખાનામાં મોકલવામાં આવી રહ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજસ્થાન ગુજરાતની બોર્ડર પરથી આવી ગેરકાનૂની પ્રવૃત્તિ રોકવા અને તેના પર અંકુશ મૂકવા શી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૮–૧૨–૨૦૨૩)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં આખલા તથા ગૌવંશ પર એસિડ નાખવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૨૬૧ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આખલા તથા ગૌવંશ પર એસિડ નાખવાની કેટલી ગુનાહિત ઘટનાઓ બની,

(૨) ઉક્ત ઘટનાઓમાં સંડોવાયેલા કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) આવી ગુનાહિત પ્રવૃત્તિઓને કાબુમાં લેવા શાં પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧–૧૨–૨૦૨૩)

(૧) પત્રક–અ મુજબ.

(૨) પત્રક–બ મુજબ.

(૩) આવી પ્રવૃત્તિઓ થવાના સંભવિત સ્થળોએ આવી ઘટનાની આગોતરી માહિતી મળે અને આવી ઘટનાઓ અટકાવી શકાય તે સારૂ બાતમીદારો થકી સતત માહિતી મેળવવામાં આવે છે. આવા વિસ્તારોમાં પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તહેવારો અને અન્ય પ્રસંગોએ પૂરતો પોલીસ બંદોબસ્ત આવા વિસ્તારોમાં રાખવામાં આવે છે. આવા બનાવો ન બને તે સારું અવાર નવાર સમાજના આગેવાનોની મીટીંગો બોલાવવામાં આવે છે અને આ બાબતે માહિતગાર કરી આવી પ્રવૃત્તિઓ કરતાં ઇસમો અંગે માહિતી આપવા તેમજ આવી પ્રવૃત્તિઓ ન બને તે સારું જાગૃતિ ફેલાવવા સમજ આપવામાં આવે છે.

**પત્રક–અ**

| અ.નં. | શહેર / જિલ્લાનું નામ | આખલા તથા ગૌવંશ પર એસિડ નાખવાની બનેલ ઘટનાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૧૦–૨૦૨૦ થી તા.૩૦–૦૯–૨૦૨૧ | તા.૦૧–૧૦–૨૦૨૧ થી તા.૩૦–૦૯–૨૦૨૨ | તા.૦૧–૧૦–૨૦૨૨ થી તા.૩૦–૦૯–૨૦૨૩ |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦૧ |
| ૨ | સુરત | ૦ | ૦૨ | ૦ |
| ૩ | મોરબી | ૦૧ | ૦ | ૦ |
| ૪ | ભાવનગર | ૦૧ | ૦ | ૦ |
| ૫ | જૂનાગઢ | ૦ | ૦૧ | ૦ |
| ૬ | પોરબંદર | ૦ | ૦૧ | ૦ |
| | **કુલ** | **૦૨** | **૦૪** | **૦૧** |

**નોંધઃ** આ સિવાયના શહેર/જિલ્લામાં તા.૦૧–૧૦–૨૦૨૦ થી તા.૩૦–૦૯–૨૦૨૩ દરમિયાન આખલા અને ગૌવંશ પર એસિડ નાખવાની બનેલ ઘટનાની સંખ્યા શૂન્ય છે.

**પત્રક–બ**

| **તા.૦૧–૧૦–૨૦૨૦ થી તા.૩૦–૦૯–૨૦૨૩** |
|---|

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

| સંડોવાયેલ આરોપીઓની સંખ્યા | પકડાયેલ આરોપીઓની સંખ્યા | પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| ૦૫ | ૦૪ | ૦૧ |

--------

**રાજ્યમાં ગૌવંશની જાહેરમાં કતલના બનાવો**

અતારાંકિતઃ ૧૨૭૫ (૩૦-૧૦-૨૦૨૩) **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગૌવંશની જાહેરમાં કતલના કુલ કેટલા બનાવો નોંધાયા છે,

(૨) આવું કૃત્ય આચરનારો સામે કયા કાયદા હેઠળ શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આ પ્રકારના બનાવો જાહેરમાં ન બને તે માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૮-૧૨-૨૦૨૩)

(૧)

| સમયગાળો | ગૌવંશની જાહેરમાં કતલના બનાવોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | ૦૫ |
| તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | ૧૨ |
| તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ | ૦૭ |
| **કુલ** | **૨૪** |

(૨) આવું કૃત્ય આચારનારો સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૯૫ એ, ૪૨૯, ૧૧૪, ૧૨૦ બી, ૩૪, ૪૨૭, ૪૨૯, ૨૦૧, ૪૬૫, ૪૬૮, ૪૭૧, પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ-૩, ૪, ૫, ૫(૧) (ક), ૬(ખ)(૧), ૬(એ)(૪), ૬(બી), ૭, ૮, ૮(૨)(૪), ૧૦ પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ-૧૧(એલ), ૧૧(એ)(ડી), ૧૧(૧)ઈ, ૧૧(૧)(કે), ૧૧(૧)(એચ), જીપી એક્ટ-૧૧૯, ૧૩૫, બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ની કલમ-૩૩૫, ૩૯૨ અન્વેય ગુનાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) આવા બનાવો જાહેરમાં ન બને તે સારૂ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ રાખવામાં આવે છે. આવી પ્રવૃત્તિ કરતાં ઈસમોની સતત વોચ રાખવામાં આવે છે. ગૌવંશની કતલ અટકાવવા કાયદાને વધુ કડક બનાવીને સજામાં વધારો કરવામાં આવેલ છે. આવા બનાવો અટકાવવા બાતમીદારો થકી આવા બનાવોની આગોતરી માહિતી મળી રહે તે મુજબ સમજ આપવામાં આવે છે.

--------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ લાઈમસ્ટોન લીઝો**

અતારાંકિતઃ ૧૨૩ (૨૬-૦૪-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શ્રી દિગ્વિજય સીમેન્ટ કંપનીની લાઈમસ્ટોનની લીઝો આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત લીઝો કેટલા વિસ્તારમાં કયા સ્થળે, ક્યારે, કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે ઉક્ત લીઝોની તપાસ કઈ કક્ષાએથી કરવામાં આવી, અને

(૪) ઉક્ત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૧૩-૧૨-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) અને (૩) જામનગરઃ સામેલ પત્રક-અ મુજબ.

દેવભૂમિ દ્વારકાઃ સામેલ પત્રક–બ મુજબ.

(૪) જામનગરઃ ઉક્ત તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી.

દેવભૂમિ દ્વારકાઃ ઉક્ત તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી.

**પત્રક–અ**

| જામનગર | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | લીઝધારકનું નામ | ખનિજ | સર્વે નંબર | ગામ | તાલુકો | વિસ્તાર (હેક્ટર) | લીઝ આપ્યા તારીખ | સમયગાળો | તપાસ ક્યારે કરવામાં આવી | તપાસ કઈ કક્ષાએથી કરવામાં આવી |
| ૧ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ગોપ ૫૦ પૈકી (જૂનો) તથા ઝીણાવારી ૧૭ પૈકી (જૂનો) | ગોપ તથા ઝીણાવારી | જામજોધપુર | ૨૧૮.૫૩.૦૦ | ૩૧–૦૩–૧૯૭૯ | ૩૧–૦૩–૨૦૩૦ | ૧૦–૧૧–૨૦૨૦, ૧૦–૦૫–૨૦૨૧, ૨૬–૦૭–૨૦૨૧, ૧૫–૦૩–૨૦૨૩ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૨ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૫૦ પૈકી (જૂનો) | ગોપ | જામજોધપુર | ૫૮.૬૮.૦૦ | ૧૮–૦૬–૧૯૬૬ | ૩૧–૦૩–૨૦૩૦ | ૧૦–૧૧–૨૦૨૦, ૧૦–૦૫–૨૦૨૧, ૨૬–૦૭–૨૦૨૧, ૧૫–૦૩–૨૦૨૩ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૩ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૧ (જૂનો) | ચોરબેડી | લાલપુર | ૨૫૪.૮૯.૦૦ | ૦૭–૧૧–૧૯૮૩ | ૨૦–૦૬–૨૦૩૦ | ૧૫–૦૩–૨૦૨૩ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૪ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૧ (જૂનો) | ચોરબેડી | લાલપુર | ૨૦.૨૩.૪૧ | ૦૭–૧૧–૧૯૮૩ | ૨૦–૦૬–૨૦૩૦ | ૧૫–૦૩–૨૦૨૩ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |

**પત્રક–બ**

| દેવભૂમિ દ્વારકા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | લીઝધારકનું નામ | ખનિજ | સર્વે નંબર | ગામ | તાલુકો | વિસ્તાર (હેક્ટર) | લીઝ આપ્યા તારીખ | સમયગાળો | તપસા ક્યારે કરવામાં આવી | તપાસ કઈ કક્ષાએથી કરવામાં આવી |
| ૧ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૨૨૫ | પાછતર | ભાણવડ | ૧૬.૦૦.૦૦ | ૦૭–૧૧–૧૯૮૩ | ૩૧–૦૫–૨૦૩૩ | ૦૧–૦૭–૨૦૨૧, ૦૨–૦૭–૨૦૨૧, ૦૭–૦૭–૨૦૨૧ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૨ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૨૨૫, ૧૬૦ | પાછતર | ભાણવડ | ૫૨.૬૦.૦૦ | ૦૭–૧૧–૧૯૮૩ | ૧૭–૦૬–૨૦૩૩ | ૦૧–૦૭–૨૦૨૧, ૦૨–૦૭–૨૦૨૧, ૦૭–૦૭–૨૦૨૧ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૩ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૨૨૫ | પાછતર | ભાણવડ | ૩૨.૩૮.૦૦ | ૦૭–૧૧–૧૯૮૩ | ૦૬–૧૧–૨૦૩૩ | ૦૧–૦૭–૨૦૨૧, ૦૨–૦૭–૨૦૨૧, ૦૭–૦૭–૨૦૨૧ | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૪ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૪૯ | મોખાના | ભાણવડ | ૫૮.૬૮.૦૦ | ૦૭–૧૧–૧૯૮૩ | ૦૬–૧૧–૨૦૩૩ | સદરહુ લીઝમાં વર્ષ ૨૦૦૩–૦૪થી ઉત્પાદન/નિકાસ બંધ છે. | – |
| ૫ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૧૫૮ | ભોગત | કલ્યાણપુર | ૫૪.૨૨.૮૧ | ૦૪–૦૩–૧૯૮૬ | ૦૩–૦૩–૨૦૩૬ | સદરહુ લીઝ સી.આર.ઝેડ. માં આવતી હોઈ, વર્ષ ૨૦૦૩–૦૪ થી ઉત્પાદન/નિકાસ બંધ છે. | – |
| ૬ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઇમસ્ટોન | ૫૧ | મોખાના | ભાણવડ | ૬.૬૪.૦૦ | ૧૧–૦૧–૨૦૧૭ | ૧૦–૦૧–૨૦૬૭ | લીઝ બરડા અભ્યારણ્ય વિસ્તારના ૦૧ કિલોમીટર વિસ્તારમાં હોઈ તેમજ ઈસી આવેલ ન હોઈ, કાર્યરત થયેલ | – |

| દેવભૂમિ દ્વારકા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | લીઝધારકનું નામ | ખનિજ | સર્વે નંબર | ગામ | તાલુકો | વિસ્તાર (હેક્ટર) | લીઝ આપ્યા તારીખ | સમયગાળો | તપસા ક્યારે કરવામાં આવી | તપાસ કઈ કક્ષાએથી કરવામાં આવી |
| | | | | | | | | | નથી. | |
| ૭ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઈમસ્ટોન | ૭૮ | પાચતરડી | ભાણવડ | ૧૮.૦૩.૦૦ | ૧૧–૦૧–૨૦૧૭ | ૧૦–૦૧–૨૦૬૭ | ૧૫–૦૯–૨૦૨૦ના રોજ તપાસ થયેલ છે. | ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કક્ષાએથી |
| ૮ | દિગ્વિજય સીમેન્ટ કંપની | લાઈમસ્ટોન | ૧૬૬, ૧૩૮ | થેબર, ભુવનેશ્વર | ભાણવડ | ૬૭.૧૭.૩૭ | ૧૧–૦૧–૨૦૧૭ | ૧૦–૦૧–૨૦૬૭ | લીઝ બરડા અભ્યારણ્ય વિસ્તારના ૦૧ કિલોમીટર વિસ્તારમાં હોઈ તેમજ ઈસી આવેલ ન હોઇ, કાર્યરત થયેલ નથી. | – |

--------

**રાજ્યમાં ખનિજ ચોરી પકડવા મળેલ ફરિયાદ**

અતારાંકિતઃ ૫૯૭ (૦૩–૦૭–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ખનિજ ચોરીની કેટલી ફરિયાદો મળી, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમની ખનિજ ચોરી પકડવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (૧૩–૧૨–૨૦૨૩)

(૧) પત્રક–અ મુજબ.

(૨) પત્રક–બ મુજબ.

(૩) પત્રક–ક મુજબ.

**પત્રક–અ**

| જિલ્લાનું નામ | ગૌણ ખનિજ લીઝોની સંખ્યા | મુખ્ય ખનિજ લીઝોની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૪૨ | શૂન્ય |
| અમરેલી | ૧૪૩ | ૨ |
| આણંદ | ૫૧ | શૂન્ય |
| અરવલ્લી | ૧૮૨ | ૨ |
| બનાસકાંઠા | ૩૬૧ | શૂન્ય |
| ભરૂચ | ૨૨૨ | ૨ |
| ભાવનગર | ૧૫૫ | ૫ |
| બોટાદ | ૫૭ | શૂન્ય |
| છોટા ઉદેપુર | ૨૬૫ | ૨ |
| દાહોદ | ૬૧ | શૂન્ય |
| દેવભૂમિ દ્વારકા | ૬૧ | ૪૩ |
| ગાંધીનગર | ૧૨૪ | શૂન્ય |
| ગીર સોમનાથ | ૧૦૧ | ૧૬ |
| જામનગર | ૨૨૨ | ૧૧ |
| જૂનાગઢ | ૨૬૪ | ૮ |
| ખેડા | ૧૫૮ | ૧૦ |
| કચ્છ– પૂર્વ | ૨૦૪ | શૂન્ય |
| કચ્છ– પશ્ચિમ | ૫૩૭ | ૧૪ |
| મહિસાગર | ૧૦૪ | શૂન્ય |
| મહેસાણા | ૧૬૨ | શૂન્ય |
| મોરબી | ૨૬૦ | શૂન્ય |
| નર્મદા | ૩૪ | શૂન્ય |

| જિલ્લાનું નામ | ગૌણ ખનિજ લીઝોની સંખ્યા | મુખ્ય ખનિજ લીઝોની સંખ્યા |
|---|---|---|
| નવસારી | ૧૮૯ | શૂન્ય |
| પંચમહાલ | ૨૦૦ | શૂન્ય |
| પાટણ | ૪૩ | શૂન્ય |
| પોરબંદર | ૨૨૮ | ૪૦ |
| રાજકોટ | ૨૬૧ | ૩ |
| સાબરકાંઠા | ૨૦૮ | ૧ |
| સુરત | ૨૦૧ | ૫ |
| સુરેન્દ્રનગર | ૨૬૩ | શૂન્ય |
| તાપી | ૧૬૦ | શૂન્ય |
| વડોદરા | ૨૨૭ | શૂન્ય |
| વલસાડ | ૮૧ | શૂન્ય |

**પત્રક–બ**

| જિલ્લાનું નામ | ૦૧–૦૪–૨૦૨૦ થી ૩૧–૦૩–૨૦૨૧ | ૦૧–૦૪–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૨ | ૦૧–૦૪–૨૦૨૨ થી ૩૧–૦૩–૨૦૨૩ |
|---|---|---|---|
| | મળેલ ફરિયાદોની સંખ્યા | મળેલ ફરિયાદોની સંખ્યા | મળેલ ફરિયાદોની સંખ્યા |
| અમદાવાદ | ૬૧ | ૧૬૧ | ૬૮ |
| અમરેલી | ૩ | ૫ | ૪ |
| આણંદ | ૫૮ | ૮૦ | ૯૦ |
| અરવલ્લી | શૂન્ય | ૧ | શૂન્ય |
| બનાસકાંઠા | ૮ | ૧૯ | ૫ |
| ભરૂચ | ૫૭ | ૬૬ | ૮૯ |
| ભાવનગર | ૫૭ | ૮૧ | ૨૧૭ |
| બોટાદ | ૪૩ | ૩૨ | ૯ |
| છોટા ઉદેપુર | ૪૨ | ૩૯ | ૪૯ |
| દાહોદ | ૧ | ૧૦ | ૧૧ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૩ | ૬ |
| ગાંધીનગર | ૨૯ | ૨૪ | ૩૭ |
| ગીર સોમનાથ | ૭ | ૬ | ૧૧ |
| જામનગર | ૧૮ | ૩૨ | ૨૬ |
| જૂનાગઢ | ૨૦ | ૧૩ | ૩૬ |
| ખેડા | ૨૭ | ૩૨ | ૭૯ |
| કચ્છ– પૂર્વ | ૪ | ૩ | ૬ |
| કચ્છ– પશ્ચિમ | શૂન્ય | ૧ | ૨ |
| મહિસાગર | ૧૫ | ૮ | ૧૪ |
| મહેસાણા | ૫૦ | ૨૮ | ૭૯ |
| મોરબી | ૭ | ૯ | ૧૩ |
| નર્મદા | ૩ | ૧ | ૮ |
| નવસારી | ૨ | ૨ | ૨ |
| પંચમહાલ | ૮ | ૧૨ | ૫ |
| પાટણ | ૧૫ | ૨૫ | ૨૯ |
| પોરબંદર | ૭ | ૬ | ૧૧ |
| રાજકોટ | ૩૮ | ૪૦ | ૨૬ |
| સાબરકાંઠા | ૯૧ | ૧૧૯ | ૧૩૮ |
| સુરત | શૂન્ય | શૂન્ય | ૧ |
| સુરેન્દ્રનગર | શૂન્ય | ૧૯ | ૭ |
| તાપી | ૧૧ | ૬ | ૧૪ |
| વડોદરા | ૯૫ | ૧૨૦ | ૨૦૫ |
| વલસાડ | ૨ | ૨ | ૨ |

**પત્રક–ક**

| જિલ્લાનું નામ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ |
|---|---|---|---|
| | પકડવામાં આવેલ ખનિજ ચોરીની રકમ (રૂ.લાખમાં) | પકડવામાં આવેલ ખનિજ ચોરીની રકમ (રૂ.લાખમાં) | પકડવામાં આવેલ ખનિજ ચોરીની રકમ (રૂ.લાખમાં) |
| અમદાવાદ | ૩.૦૨ | ૨૬.૨૯ | ૮૫.૯૭ |
| અમરેલી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| આણંદ | ૬૬.૩ | ૧૪૫.૬૫ | ૧૨૭.૨૭ |
| અરવલ્લી | શૂન્ય | ૧૭.૮૫ | શૂન્ય |
| બનાસકાંઠા | ૨.૮૭ | ૮.૨૨ | ૩.૮૮ |
| ભરૂચ | ૧૦૦.૬૪ | ૧૭૩.૦૭ | ૩૧૦ |
| ભાવનગર | ૫૧.૮૬ | ૩૯.૧૬ | ૧૯૭.૦૯ |
| બોટાદ | ૧૧.૪૩ | ૧૫.૩૧ | ૨૮.૮ |
| છોટા ઉદેપુર | ૫૦.૧૫ | ૯૫.૪૧ | ૪૧.૪૧ |
| દાહોદ | શૂન્ય | ૧૬.૩૪ | ૨૫.૬૫ |
| દેવભૂમિ દ્વારકા | શૂન્ય | ૧૧.૨૭ | ૨૫.૯૧ |
| ગાંધીનગર | ૧૮.૪૫ | ૨૧.૬૬ | ૪૯.૪૭ |
| ગીર સોમનાથ | શૂન્ય | ૨૩.૪૬ | ૧૫.૬૮ |
| જામનગર | ૨.૬૨ | ૬.૧૫ | ૨૫.૯૮ |
| જૂનાગઢ | ૧૩.૦૭ | ૩.૨૩ | ૧૩.૩૯ |
| ખેડા | ૧૧.૨૧ | ૨૦.૪૫ | ૫૦.૭૪ |
| કચ્છ- પૂર્વ | શૂન્ય | ૧૧.૨૭ | ૨૫.૯૧ |
| કચ્છ- પશ્ચિમ | શૂન્ય | શૂન્ય | ૧.૪૫ |
| મહિસાગર | ૦.૩૯ | ૦.૧૧ | ૨.૧૬ |
| મહેસાણા | ૮૫.૧૩ | ૫૦.૮૫ | ૧૨.૮ |
| મોરબી | ૯.૯૭ | ૩.૦૬ | ૩૭૦.૮ |
| નર્મદા | શૂન્ય | શૂન્ય | ૧૧.૬૬ |
| નવસારી | ૪.૪૭ | ૧૪.૯૪ | ૫.૦૮ |
| પંચમહાલ | ૬.૨ | ૭.૮ | ૪.૩ |
| પાટણ | ૧૯.૬૬ | ૪૩.૦૫ | ૮૫.૪૮ |
| પોરબંદર | શૂન્ય | ૨૩.૪૬ | ૧૫.૬૮ |
| રાજકોટ | ૧૩.૭૩ | ૧૯.૮ | ૨૭.૭૮ |
| સાબરકાંઠા | ૩૫.૯૩ | ૫૩.૦૪ | ૩૬.૪૧ |
| સુરત | શૂન્ય | શૂન્ય | ૨.૯૯ |
| સુરેન્દ્રનગર | શૂન્ય | ૧૨૭.૪ | શૂન્ય |
| તાપી | ૧૮.૮૮ | ૧૧.૬૮ | ૫.૫૪ |
| વડોદરા | ૨૫.૬૫ | ૧૮.૬૮ | ૪૦.૮ |
| વલસાડ | ૪.૪૭ | ૧૪.૯૪ | ૫.૦૮ |

--------

**સ્વદેશ દર્શન યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રકમ**

અતારાંકિતઃ ૧૧૩૪ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્વદેશ દર્શન યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી,

(૨) મળેલ રકમ પૈકી કીર્તિ મંદિર અને કોચરબ આશ્રમમાં કયા કામો પાછળ કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૧૨-૧૨-૨૦૨૩)

(૧) ગુજરાત પ્રવાસન નિગમ લી.ને રૂ.૧૩૬૮.૩૪ લાખની રકમ મળી.

(૨) ૧. કીર્તિ મંદિર :

| ક્રમ | વિગત | ખર્ચ (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | સાઈન બોર્ડ (૩૩ નંગ) | ૨૦.૩૦ |
| ૨ | ઈલેક્ટ્રિકલ સ્ટ્રીટ લાઈટ (૪૦ નંગ) | ૧૩.૩૪ |
| ૩ | સ્ટ્રીટ ડેવલોપમેન્ટ ચોક થી શીતળામાતા મંદિર | ૯૪.૫૦ |
| | **કુલ** | **૧૨૮.૧૪** |

૨. કોચરબ આશ્રમ :

| ક્રમ | વિગત | ખર્ચ (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ટોઈલેટ બ્લોક (૨) | ૧૩.૪૨ |
| ૨ | એન્ટ્રી ગેટ અને કમ્પાઉન્ડ વોલ | ૨૬.૭૬ |
| ૩ | લેન્ડ સ્કેપિંગ | ૧૮.૭૨ |
| ૪ | સાઈન બોર્ડ (૩૩ નંગ) | ૧૭.૩૨ |
| ૫ | ઈલેક્ટ્રીકલ સ્ટ્રીટ લાઈટ (૩૦ નંગ) | ૬.૪૭ |
| ૬ | ડસ્ટબિન (૩૦ નંગ) | ૨.૧૦ |
| ૭ | સાઈટ ઈલ્યુમિશન (૨૦ યુનિટ) | ૫.૦૦ |
| ૮ | સ્ટ્રક્ચર ઈલ્યુમિશન (૨૦ યુનિટ) | ૩.૦૦ |
| ૯ | એક્ટીવીટી સેન્ટર | ૧૭૬.૦૦ |
| | **કુલ** | **૨૬૮.૭૯** |

(૩) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ કીર્તિ મંદિર અને કોચરબ આશ્રમની કામગીરી પૂર્ણ થયેલ છે.

--------

**મીઠા ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં રકમની જોગવાઇ**

અતારાંકિતઃ ૧૩૪૨ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર)**: માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) મીઠા ઉદ્યોગ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**:** (૧૨-૧૨-૨૦૨૩)

(૧) OIN-7 મીઠા ઉદ્યોગોના વિકાસ તેમજ અગરીયાઓની કલ્યાણકારી યોજના અંતર્ગત નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની બજેટ જોગવાઇ કરેલ છે.

| **નાણાકીય વર્ષ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
|---|---|---|---|
| રકમની જોગવાઇ (રૂ. કરોડ) | રૂ.૨૩.૦૦ કરોડ | રૂ.૧૬.૫૦ કરોડ | રૂ.૨૯.૩૪ કરોડ |

(૨) OIN-7 Development of Salt Industries (Sub major head) હેઠળ કરવામાં આવેલ જોગવાઇ પૈકી નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| નાણાકીય વર્ષ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ (તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ફાળવેલ રકમ (રૂ. કરોડ) | રૂ.૨૩.૦૦ કરોડ | રૂ.૧૬.૫૦ કરોડ | રૂ.૨૯.૩૪ કરોડ | રૂ.૮.૨૫ કરોડ |

(૩) OIN-7 Development of Salt Industries (Sub major head) હેઠળ કરવામાં આવેલ જોગવાઇ પૈકી નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની રકમનો સંપૂર્ણ ખર્ચ થયેલ છે.

| નાણાકીય વર્ષ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ (તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ખર્ચ રકમ (રૂ. કરોડ) | રૂ.૨૩.૦૦ કરોડ | રૂ.૧૬.૫૦ કરોડ | રૂ.૨૯.૩૪ કરોડ | રૂ.૮.૨૫ કરોડ |

--------

**રાજ્યમાં નર્મદા કેનાલ કે કેનાલનો ભાગ તૂટવા બાબત**

અતારાંકિતઃ ૯૯૨ (૧૬–૧૧–૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર નર્મદાની કેનાલ કે કેનાલોનો ભાગ તૂટવાના/ભંગાણ પડવાના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત બનાવો બનવાના કારણો શા છે અને તે માટે જવાબદારો સામે સરકારે શા પગલાં લીધા, અને

(૩) ઉક્ત કેનાલ તૂટવાના કે ભંગાણ પડવાના કારણે ખેડૂતોના ખેતરોના ઊભા પાકને વ્યાપક નુકશાન થાય ત્યારે સરકાર દ્વારા કેવી રીતે વળતર આપવામાં આવે છે ?

**મુખ્યમંત્રીશ્રી** (નર્મદા)**:** (૧૧–૧૨–૨૦૨૩)

(૧) તા.૩૧–૦૩–૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર નર્મદાની કેનાલ કે કેનાલોનો ભાગ તૂટવાના/ભંગાણ પડવાના બનાવો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | વર્ષ | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | |
| ૧ | બનાસકાંઠા | ૫૬ | ૩૦ | ૧૬ | ૧૦૨ |
| ૨ | પાટણ | ૧૧ | ૨ | ૧૩ | ૨૬ |
| ૩ | મહેસાણા | ૬ | ૦ | ૮ | ૧૪ |
| ૪ | અમદાવાદ | ૭ | ૭ | ૮ | ૨૨ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૩ | ૪ |
| ૬ | છોટાઉદેપુર | ૧ | ૦ | ૫ | ૬ |
| ૭ | વડોદરા | ૭ | ૦ | ૧૦ | ૧૭ |
| ૮ | ભરૂચ | ૦ | ૦ | ૧૧ | ૧૧ |
| ૯ | પંચમહાલ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૦ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | મોરબી | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૨ | બોટાદ | ૦ | ૨ | ૨ | ૪ |

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લો | વર્ષ | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | |
| ૧૩ | ભાવનગર | ૦ | ૫ | ૧ | ૬ |
| ૧૪ | કચ્છ | ૦ | ૦ | ૩ | ૩ |
| ૧૫ | ગાંધીનગર | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૬ | ખેડા | ૦ | ૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૯૦** | **૪૯** | **૮૦** | **૨૧૯** |

(૨) ઉક્ત બનાવો બનવાના કારણો નીચે મુજબ છે.

- ખેડૂતો દ્વારા વારાબંધી પદ્ધતિથી પાણી ન લેવાના કારણે
- દિવસ દરમ્યાન ખેડૂતો દ્વારા પાણી લેવાની મનોવૃતિના કારણે અને રાત્રિના સમયે ખેડૂતો દ્વારા પાણી ના લેવાથી કેનાલ ઓવરટોપીંગના લીધે
- નહેરમાં બિન-અધિકૃત આડશો ના કારણે
- બોરોઇંગ એનીકલ્સ દ્વારા બનાવેલ દરના કારણે થતા પાઇપીંગના કારણે

જે કિસ્સામાં અજાણ્યા ઇસમો દ્વારા અનધિકૃત રીતે ગેટ ઓપરેટ કરવામાં આવેલ હોય, તે કિસ્સામાં તેમના વિરુદ્ધ પોલીસ ફરિયાદ/જાણવાજોગ અરજી કરવામાં આવે છે. જે કિસ્સામાં અધિકારીશ્રી સામે ફરિયાદ હોય, તો તેમની વિરુદ્ધ પ્રાથમિક તપાસ કરવામાં આવે છે. હાલમાં ૧ કેસમાં પ્રાથમિક તપાસ ચાલુ છે. જે અંગે માનવીય જવાબદારી બનશે તો પગલાં લેવામાં આવશે.

(૩) જે કિસ્સામાં કેનાલ તૂટવાના કે ભંગાણ પડવાના કારણે ખેડૂતોના ખેતરોના ઊભા પાકને વ્યાપક નુકશાન થયેલ હોય તે કિસ્સામાં ખેતીવાડી વિભાગ સાથે સર્વે કરાવી આકારણી મુજબ (સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/ધારાધોરણો અનુસાર) નુકશાનીનું વળતર ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**પંચમહાલ તથા મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ સામે તપાસ**

અતારાંકિતઃ ૧૦૯૪ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિની સામે તપાસ માટે ક્યારે આદેશ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત તપાસમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં લીધાં ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:** (૩૦-૧૧-૨૦૨૩)

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિની તપાસ માટે તા.૦૩-૦૬-૨૦૨૨, ૦૬-૦૩-૨૦૨૩ અને ૧૦-૦૫-૨૦૨૩ તથા મહીસાગર જિલ્લા માટે તા.૧૦-૦૫-૨૦૨૩, ૨૩-૦૬-૨૦૨૩, ૨૭-૦૬-૨૦૨૩, ૨૮-૦૬-૨૦૨૩, ૦૧-૦૭-૨૦૨૩ અને ૦૪-૦૭-૨૦૨૩ થી આદેશ આપવામાં આવેલ.

(૨) હાથ ધરેલ તપાસ કામગીરીમાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.

- લાભાર્થીઓ તેઓની સુવિધા અનુસાર નળ કાઢી ફ્લેક્ષીબલ રબરની પાઇપ લગાવી પાણી મેળવે છે.
- સ્ટેન્ડપોસ્ટ થાળા અને થાંભલી સહિત બનાવેલ પરંતુ થાંભલી સાથે ઢોર બાંધવા જેવા કારણોને લીધે તુટફુટ થયેલ હોવાનું
- પ્રેરણા પ્રવાસમાં નિવિદા પ્રસિદ્ધિમાં અનિયમિતતા બાબત

- પાઇપલાઇન નિયત મર્યાદા કરતા ઓછી ઉંડાઇએ નાખવાની બાબત
- રેકર્ડ કરેલ માપની સામે અમુક ગામોમાં ઓછા માપની પાઇપો સ્થળ ખાતે મળેલ
- અમુક કિસ્સામાં જે કંપનીની પાઇપ દર્શાવેલ છે તે સિવાયની કંપનીની પાઇપો સ્થળ ઉપર મળેલ
- પ્રાથમિક દ્રષ્ટીએ જુની પાઇપ લાઇન સાથે નવી પાઇપ લાઇનના જોડાણ કરી દીધેલ હોવાનું જણાયેલ
- એજન્સી સાથે મેળાપણું કરી પાઇપ ખરીદી અંગેના બનાવટી દસ્તાવેજો ઊભા કરી ખોટા ચૂકવણા કરેલ તેમજ ભવિષ્યમાં તે અંતર્ગત ચૂકવણાં થઇ શકે તેમ જણાયેલ
- તપાસ દરમ્યાન ટીમના સભ્યોને જરૂરી દસ્તાવેજો પૂરા પાડવામાં આવતા ન હતા અને પુરતી માહિતી આપવામાં આવતી ન હતી
- કચેરીના મોટા ભાગના કર્મચારીઓને રજા પર ઉતારી દેવામાં આવેલ છે જેના કારણે સ્થળ તપાસ કરવા આવેલ અધિકારીઓ તપાસની કામગીરી કરી શકતા ન હોવાની બાબત
- ગ્રામ્ય લેવલે હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી જેવી કે, પેવર બ્લોક નાખવા રસ્તા બનાવવા વિગેરેને કારણે સ્ટેન્ડ પોસ્ટ પુરાઇ જવા
- પંપીંગ મશીનરીના અપૂરતા હેડના કારણે છેવાડાના વિસ્તારમાં પાણી ન મળવું
- ગામોમાં લાભાર્થીઓ દ્વારા કેટલીક જગ્યાએ CI નળ કાઢી પ્લાસ્ટીકના નળ લગાવેલ હોવાનું જોવા મળેલ.
- ગામમાં/ફળિયામાં આંતરિક વિવાદને કારણે વારંવાર પાઇપ તોડી નાખતા લીકેજ થાય છે તેમજ સ્થાનિક રહીશો દ્વારા ઘરજોડાણમાં સીધી મોટર જોડી પાણી મેળવતા તથા વાલ્વ અનઅધિકૃત રીતે બંધ કરી દેતા છેવાડાના ઘર સુધી પાણી પહોચતું નથી.
- ગામમાં પાણી વિતરણ માટે યોગ્ય સંચાલન/ઓપરેટર ન હોવાના અભાવે લાભાર્થીઓને પાણી નિયમિત ન મળતું હોવાનું જણાઇ આવેલ છે.
- અનિયમિત પાવર સપ્લાયના કારણે પાણી પુરવઠો નિયમિત ન મળવો.

(૩) ધ્યાને આવેલ બાબતો અન્વયે, ૮– અધિકારી/કર્મચારીને ફરજ મોકુફી હેઠળ ઉતારેલ છે, ૪– અધિકારી/કર્મચારીને નોટિસ પાઠવેલ છે તથા ૬– અધિકારી/કર્મચારી અને ૭– એજન્સીઓને થયેલ અનિયમિતતાઓ અંગે ખુલાસા પૂછવામાં આવેલ છે.

એ સિવાય યોજનાકીય કામગીરીના સુચારૂ અમલીકરણ માટે નીચે મુજબના પગલા લીધેલ છે.

- યોજનાકીય કામગીરીના અસરકારક સંચાલન માટે ઓપરેટરોને તાલીમ આપવામાં આવેલ છે.
- યોજનાકીય સંચાલન માટે વિકાસ કમિશનરશ્રી દ્વારા પંપ ઓપરેટર/પાણી સહાયકની વ્યવસ્થા માટે માનદ વેતનથી ચૂકવણાંની જોગવાઇઓ અંગે સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.
- પાઇપલાઇન લીકેજ થવાના કિસ્સામાં યોજના સુચારૂરૂપે ચાલુ રહે તે માટે પાઇપલાઇન લીકેજ/રીપેરીંગ જેવી કામગીરી કરી યોજનાકીય ઘટકો મારફત પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- પંપીંગ મશીનરીના અપૂરતા હેડ મળવાના કિસ્સામાં નવી મશીનરી સાથે પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- ગામના પંપીંગ સ્ટેશન ખાતે નિયમિત વીજ પુરવઠો મળી રહે તે માટે જ્યોતિગ્રામ અંતર્ગત કનેક્શન મેળવવા તેમજ ઉર્જાવિભાગ સાથે પરામર્શમાં રહીને સમસ્યાનું નિવારણ લાવવા પ્રયત્નો કરેલ છે.
- સોર્સ ફેઇલ થવાના કિસ્સાઓમાં શક્ય એટલા ગામોને જૂથ યોજના અંતર્ગત સામાવેશ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

ગામોમાં બનાવેલ વ્યક્તિગત સ્ટેન્ડપોસ્ટ યોજનાના લાભાર્થીઓ દ્વારા તોડી પાડવા, નળ કાઢી flexible pipe સાથે જોડાણ કરી ઉપયોગમાં લેવાની બાબત, લાભાર્થીના ઢોર દ્વારા સ્ટેન્ડપોસ્ટને નુકશાન થવાની બાબત, ગામોમાં/ફળીયામાં આંતરિક વિવાદના કારણે યોજના બંધ રહેવી વિગેરે કિસ્સામાં નિવારણ માટે ગામોમાં પાણી સમિતિ/ગ્રામ પંચાયતને યોગ્ય સમજણ આપવામાં આવે છે.

--------

## પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિ સામે તપાસ

અતારાંકિતઃ ૧૦૯૬ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિની તપાસ માટે ક્યારે આદેશ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત તપાસમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં લીધાં ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:** (૩૦–૧૧–૨૦૨૩)

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિની રજૂઆતો મળ્યેથી તા.૦૩–૦૬–૨૦૨૩, ૦૬–૦૩–૨૦૨૩ અને તા. ૧૦–૦૫–૨૦૨૩ થી તપાસ માટે આદેશ આપવામાં આવેલ.

(૨) હાથ ધરેલ તપાસ કામગીરીમાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.

- લાભાર્થીઓ તેઓની સુવિધા અનુસાર નળ કાઢી ફ્લેક્ષીબલ રબ્બરની પાઇપ લગાવી પાણી મેળવે છે.
- સ્ટેન્ડપોસ્ટ થાળા અને થાંભલી સહિત બનાવેલ પરંતુ થાંભલી સાથે ઢોર બાંધવા જેવા કારણોને લીધે તુટફુટ થયેલ હોવાનું
- પાઇપલાઇન નિયત મર્યાદા કરતા ઓછી ઉંડાઈ નાખવાની બાબત
- ગ્રામ્ય લેવલે હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી જેવી કે, પેવર બ્લોક નાખવા રસ્તા બનાવવા વિગેરેને કારણે સ્ટેન્ડ પોસ્ટ પુરાઇ જવા
- પંપીંગ મશીનરીના અપૂરતા હેડના કારણે છેવાડાના વિસ્તારમાં પાણી ન મળવું
- ગામોમા લાભાર્થીઓ દ્વારા કેટલીક જગ્યાએ CI નળ કાઢી પ્લાસ્ટીકના નળ લગાવેલ હોવાનું જોવા મળેલ.
- ગામમાં/ફળિયામાં આંતરિક વિવાદને કારણે વારંવાર પાઇપ તોડી નાખતા લીકેજ થાય છે તેમજ સ્થાનિક રહીશો દ્વારા ઘરજોડાણમાં સીધી મોટર જોડી પાણી મેળવતા તથા વાલ્વ અનઅધિકૃત રીતે બંધ કરી દેતા છેવાડાના ઘર સુધી પાણી પહોચતું નથી.
- ગામમાં પાણી વિતરણ માટે યોગ્ય સંચાલન/ઓપરેટર ન હોવાના અભાવે લાભાર્થીઓને પાણી નિયમિત ન મળતું હોવાનું જણાઇ આવેલ છે.
- અનિયમિત પાવર સપ્લાયના કારણે પાણી પુરવઠો નિયમિત ન મળવો.

(૩) ધ્યાને આવેલ બાબતો અન્વયે વ્યક્તિગત જવાબદારીના પ્રશ્ન બનેલ નથી. પરંતુ, એ સિવાય યોજનાકીય કામગીરીના સુચારૂ અમલીકરણ માટે નીચે મુજબના પગલા લીધેલ છે.

- યોજનાકીય કામગીરીના અસરકારક સંચાલન માટે ઓપરેટરોને તાલીમ આપવામાં આવેલ છે.
- યોજનાકીય સંચાલન માટે વિકાસ કમિશનરશ્રી દ્વારા પંપ ઓપરેટર/પાણી સહાયકની વ્યવસ્થા માટે માનદ વેતનથી ચૂકવણાંની જોગવાઇઓ અંગે સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.

- પાઈપલાઇન લીકેજ થવાના કિસ્સામાં યોજના સુચારૂરૂપે ચાલુ રહે તે માટે પાઈપલાઇન લીકેજ/રીપેરીંગ જેવી કામગીરી કરી યોજનાકીય ઘટકો મારફત પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- પંપીંગ મશીનરીના અપુરતા હેડ મળવાના કિસ્સામાં નવી મશીનરી સાથે પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- ગામના પંપીંગ સ્ટેશન ખાતે નિયમિત વીજ પુરવઠો મળી રહે તે માટે જ્યોતિગ્રામ અંતર્ગત કનેક્શન મેળવવા તેમજ ઉર્જાવિભાગ સાથે પરામર્શમાં રહીને સમસ્યાનું નિવારણ લાવવા પ્રયત્નો કરેલ છે.
- સોર્સ ફેઇલ થવાના કિસ્સાઓમાં શક્ય એટલા ગામોને જૂથ યોજના અંતર્ગત સામાવેશ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

ગામોમાં બનાવેલ વ્યક્તિગત સ્ટેન્ડપોસ્ટ યોજનાના લાભાર્થીઓ દ્વારા તોડી પાડવા, નળ કાઢી flexible pipe સાથે જોડાણ કરી ઉપયોગમાં લેવાની બાબત, લાભાર્થીના ઢોર દ્વારા સ્ટેન્ડપોસ્ટને નુકશાન થવાની બાબત, ગામોમાં/ફળીયામાં આંતરિક વિવાદના કારણે યોજના બંધ રહેવી વિગેરે કિસ્સામાં નિવારણ માટે ગામોમાં પાણી સમિતિ/ગ્રામ પંચાયતને યોગ્ય સમજણ આપવામાં આવે છે.

--------

**કેન્દ્ર સરકાર તરફથી જલજીવન મિશન હર ઘર જળ અંતર્ગત મળેલ રકમ**

અતારાંકિતઃ ૧૧૪૪ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી જલ જીવન મિશન-હર ઘર જલ અંતર્ગત કેટલી રકમ મળી,

(૨) મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલ રહેવાના કારણો શા છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:** (૦૧-૧૨-૨૦૨૩)

(૧) જલ જીવન મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૮૩૦૭.૭૧ |
| ૨૦૨૧-૨૨ | ૨૫૫૭૯૬.૦૮ |
| ૨૦૨૨-૨૩ | ૩૫૯૦૧૬.૩૨ |
| ૨૦૨૩-૨૪ (૧૫-૦૯-૨૩-સુધી પ્રોવિઝનલ) | ૧૪૯૧૪૨.૫ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | વણવપરાયેલી રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૮૮૧૬૨.૨૦ | ૧૦૧૪૫.૫૧ |
| ૨૦૨૧-૨૨ | ૨૨૧૯૪૨.૩૮ | ૩૩૮૫૩.૭૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૧૨૯૩૩.૩૮ | ૪૬૦૮૨.૯૪ |
| ૨૦૨૩-૨૪ (૧૫-૦૯-૨૩-સુધી પ્રોવિઝનલ) | ૮૬૬૮૯.૬૧ | ૬૨૪૫૨.૮૯ |

(૩) મંજૂર થયેલ યોજનાઓની ટેન્ડર પ્રક્રિયા કરી એજન્સી નક્કી કર્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવે છે. કામગીરી દરમ્યાન સ્થાનિક પ્રશ્નો, આર.ઓ.યુ.ના પ્રશ્નો, સ્ટેટ્યુટરી પરમિશન જેવી કે - રેલવે ક્રોસીંગ, સ્ટેટ/નેશનલ હાઇવે ક્રોસિંગ, કેનાલ ક્રોસિંગ ફોરેસ્ટની મંજૂરી, જમીન સંપાદન વગેરેની પ્રક્રિયામાં વિલંબ થતા યોજનાકીય કામગીરીની પ્રગતી ધીમી

પડે છે. જેના કારણે જે તે વર્ષની ફાળવેલ ગ્રાન્ટમાં બચત થવા પામે છે. બચત થયેલ રકમ પરત કરવાની થતી નથી પરંતુ આગામી વર્ષમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**કડજોદરા ગામમાં ગૌચર જમીન પર ગેરકાયદેસર દબાણ**

અતારાંકિતઃ ૪૩૯ (૨૮-૦૬-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ગામમાં ગૌચર જમીન પર ગેરકાયદે દબાણો થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યા સરવે નંબરની કેટલી જમીન પર કેટલા સમયથી અને કોના તરફથી દબાણ કરવામાં આવ્યા છે,

(૩) ઉક્ત દબાણકર્તાઓ સામે શા પગલાં લેવાયા છે, અને

(૪) દબાણગ્રસ્ત ગૌચર જમીન દબાણમુક્ત કરવા સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૧૪-૧૨-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ગામના દબાણ રજિસ્ટરે ખાતરી કરતા ગૌચર જમીનમાં કોઈ ગેરકાયદેસર દબાણ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ-રાજકોટ સિક્સલેન હાઈવેની ડીઝાઈનમાં ફેરફાર**

અતારાંકિતઃ ૧૦૭૭ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ-રાજકોટ સિક્સલેન હાઈવેના કામોમાં ટેન્ડરની ડીઝાઇનમાં દર્શાવેલ અંડરપાસ, ઓવરબ્રીજ અને પુલ પાછળથી હટાવી દેવાયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ટેન્ડરની ડીઝાઇનમાં ક્યા સ્થળે દર્શાવેલ અંડરપાસ, ઓવરબ્રીજ અને પુલ ક્યા કારણોસર ક્યારે હટાવી દેવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત અંડરપાસ, ઓવરબ્રીજ અને પુલ હટાવવાથી કઇ એજન્સીને કેટલી રકમ ઓછી ચૂકવવાની થશે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૧૩-૧૨-૨૦૨૩)

(૧), (૨) અને (૩)

આ ફ્લાયઓવર તથા આર.ઓ.બી.ની કામગીરી માટે જમીનની ઉપલબ્ધતામાં વિલંબ તથા રેલ્વેની મંજૂરીમાં વિલંબના કારણે હયાત હાઈવે ને છ-માર્ગીય/ચારમાર્ગીય મુજબ ડેવલપ કરીને ટ્રાફિકની સુગમતા જળવાઈ રહે તે કારણોસર હટાવવામાં આવેલ છે. હટાવેલ ફ્લાયઓવર તથા આર.ઓ.બી. તથા તેમજ કઈ એજન્સીને કેટલી રકમ ઓછી ચૂકવવાની થશે તેની વિગતો પત્રક-૧ માં દરશાવેલ છે.

**પત્રક-૧**

| પેકેજ નંબર | હટાવી દેવાયેલ અંડરપાસ, ઓવરબ્રીજ અને પુલની ચેઇનેજ અને સ્થળ | એજન્સીનું નામ | ઓછી ચૂકવવાની થતી રકમ |
|---|---|---|---|
| પેકેજ-૧,<br>અમદાવાદ થી બગોદરા | ૧. મટોડા વી.યુ.પી. ચે.૧૫૭.૯૦૫<br>૨. સરી વી.યુ.પી. ચે.૧૫૪.૬૭૭<br>૩. બાવળા વી.યુ.પી. ચે.૧૫૦.૪૫૫ | મે.એસ.સી.આઇ.ડબલ્યુ-<br>એમ.આઇ.પી.એલ.-<br>એમ.એસ.કે.ઇ.એલ.(જે.વી.) | રૂ.૭૭,૨૧,૩૯,૫૩૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ૪. બાવળા રેલવે બ્રીજ– ચે.૧૫૦.૫૦<br>૫. બાવળા ફ્લાય ઓવર (ડાબી બાજુ) – ચે.૧૪૮/૯૫૬ | અમદાવાદ | |
| પેકેજ–૨<br>બગોદરા થી લીંબડી | ૧. પાણશીણા<br>એલ. વી.યુ.પી.– ચે. ૯૭.૨૫૦ | મે.સદભાવ એન્જીનીયરીંગ લીમીટેડ | રૂા.૧૫,૩૦,૨૬,૪૭૯.૦૦ |
| પેકેજ–૩<br>લીંબડી થી સાયલા | ૧. બલદાણા વી.યુ.પી.– ચે.૬૭.૮૧૪<br>૨. લીંબડી રેલવે બ્રીજ– ચે.૭૭.૨૮૯ | મે.વરાહા ઈન્ફ્રા લી. (જે.વી.) જિયાંગ્ઝી કન્સ્ટ્રક્શન એન્જીનીયરીંગ (ગ્રુપ) કોર્પોરેશન લી. જોધપુર | રૂા.૩૦,૫૭,૦૦,૩૦૮.૦૦ |
| પેકેજ–૪<br>સાયલા થી બામણબોર | ૧. નાની મોલડી વી.યુ.પી.– ચે.૩.૮૩૯<br>૨. હડાલા વી.યુ.પી.– ચે.૨૭.૬૭૧ | મે.સદભાવ એન્જીનીયરીંગ લીમીટેડ | રૂા.૩૧,૮૧,૫૪,૯૭૪.૦૦ |

**દહેગામ તાલુકાના બિસ્માર રસ્તાનું સમારકામ કરવા બાબત**

અતારાંકિતઃ ૧૧૧૭ (૨૫–૧૦–૨૦૨૩) **શ્રી સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ચેખલાપગી ગામના પેટાપરા દાનાજીના મુવાડા તથા ઝડકિયાને જોડતો રોડ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત રસ્તાનું સમારકામ કરવા કે રીકાર્પેટીંગ કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત રસ્તો છેલ્લે ક્યારે કઇ એજાન્સી દ્વારા કેટલા ખર્ચે બનાવવામાં આવેલ ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૩૦–૧૧–૨૦૨૩)

(૧) અને (૨) સમયાંતરે રસ્તાને જરૂરી સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે. અને

(૩) આકાશ ઇન્ફ્રા પ્રો. પ્રા. લી ગાંધીનગર દ્વારા રૂ. ૬૪.૮૯ લાખના ખર્ચે તા.૩૧–૦૩–૧૭ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

**વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૭૭૩ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૪) તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી :** (૧૧–૧૨–૨૦૨૩)

(૧) પત્રક–૧માં કોલમ નં. ૩ મુજબ.

(૨) પત્રક–૧માં કોલમ નં. ૪ અને ૫ મુજબ.

(૩) પત્રક–૧માં કોલમ નં. ૬,૭ અને ૮ મુજબ.

(૪) પત્રક–૨ મુજબ.

**પત્રક–૧**

| વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ | ખાલી | છેલ્લાં કેટલા વર્ષથી ખાલી છે |

| | | | | | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ તથા વધુ સમયથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સચિવ | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૨ | સંયુક્ત સચિવ (કાયદા બાજુ) | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૩ | નાયબ સચિવ (કા.બા.) | ૭ | ૧ | ૬ | ૦ | ૦ | ૬ |
| ૪ | ઉપસચિવ (કા.બા.) | ૧૨ | ૭ | ૫ | ૪ | ૦ | ૧ |
| ૫ | ઉપસચિવ (સામાન્ય બાજુ) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | મદદનીશ ડ્રાફ્ટ્સમેન (ભાષાંતર એકમ) | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સેક્શન અધિકારી (કા.બા.) | ૮ | ૭ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૮ | સેક્શન અધિકારી (સા.બા.) | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સુપરવાઇઝર (ભા.એ.) | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સ્ટેનોગ્રાફર, લઘુલિપિગ્રેડ–૧ | ૫ | ૧ | ૪ | ૧ | ૦ | ૩ |
| ૧૧ | સ્ટેનોગ્રાફર, લઘુલિપિગ્રેડ–૨ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ |
| ૧૨ | નાયબ સેક્શન અધિકારી (કા.બા.) | ૧૩ | ૧૦ | ૩ | ૧ | ૦ | ૨ |
| ૧૩ | નાયબ સેક્શન અધિકારી (સા.બા.) | ૮ | ૫ | ૩ | ૧ | ૦ | ૨ |
| ૧૪ | ભાષાંતરકાર (ભા.એ.) | ૧૩ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | કારકુન | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૭ | કચેરી સહાયક | ૧૨ | ૫ | ૭ | ૨ | ૦ | ૫ |
| ૧૮ | ડ્રાઈવર | ૫ | ૧ | ૪ | ૦ | ૦ | ૪ |
| ૧૯ | પટ્ટાવાળા | ૧૬ | ૩ | ૧૩ | ૦ | ૦ | ૧૩ |

**પત્રક–૨**

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | ખાલી જગ્યા ભરવા માટે લેવામાં આવેલ પગલાં ? |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સચિવ | ૩ | (૧) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની એક જગ્યા ખાલી છે. અલબત્ત, સચિવશ્રી (વૈધાનિક) અને સચિવશ્રી (સંસદીય બાબતો) આ બન્ને જગ્યાઓ ઉપર નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક કરવામાં આવેલ હોઇ, વહીવટી હિતમાં અને વહીવટી અનુકૂળતા માટે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી, વૈધાનિક અને સંસદીયા બાબતોની એક જગ્યા ઊભી કરવામાં આવેલ છે અને આ જગ્યાઓ ચાર્જ વહીવટી અનુકૂળતા પ્રમાણે વિવિધ આઇ.એ.એસ. અધિકારીશ્રીને સોંપવામાં આવે છે. આજની તારીખે અગ્ર સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનો વધારાનો હવાલો શ્રી અશ્વિની કુમાર, આઇ.એ.એસ. પાસે છે. આ પરિપેક્ષમાં વિચારીએ તો હાલના તબક્કે આ જગ્યા પૂર્ણકાલિન ધોરણે ભરવાની રહેતી નથી.<br>(૨) સચિવશ્રી (વૈધાનિક) અને સચિવશ્રી (સંસદીય બાબતો)ની બે જગ્યાઓ ખાલી છે અને આ જગ્યાઓ ઉપર અનુક્રમે (૧) શ્રી કે.એમ.લાલા અને (૨) શ્રી સી.જે.ગોઠી કરાર આધારિત નિમણૂક પામેલ છે. અત્રે એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી બને છે કે, સચેવશ્રી સંવર્ગની બન્ને જગ્યાઓ બઢતીથી ભરવા માટે ફીડર કેડરમાં અનુભવ ધરાવતાં પર્યાપ્ત અધિકારીઓ ઉપલબ્ધ નહિ થવાના કારણોસર વહીવટી હિતમાં બન્ને જગ્યાઓ ઉપર કરાર આધારિત નિમણૂક કરવામાં આવેલ છે. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની દરખાસ્ત ઉપર માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ લેવાયેલ પરિપક્વ નિર્ણય બાદ કરાર આધારિત નિમણૂક લંબાવવાના હુકમો કરવામાં આવે છે. |
| ૨ | સંયુક્ત સચિવ (કા.બા.) | ૨ | બઢતીથી ભરવાની થતી હોઇ, નિયત અનુભવ ધરાવતા અધિકારીશ્રી ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |
| ૩ | નાયબ સચિવ (કા.બા.) | ૬ | બઢતીથી ભરવાની થતી હોઇ, નિયત અનુભવ ધરાવતા અધિકારીશ્રી ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |
| ૪ | ઉપસચિવ (કા.બા.) | ૫ | બઢતીથી ભરવાની થતી હોઇ, નિયત અનુભવ ધરાવતા અધિકારીશ્રી ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |
| ૫ | સેક્શન અધિકારી (કા.બા.) | ૧ | બઢતીથી ભરવાની થતી હોઇ, નિયત અનુભવ ધરાવતા અધિકારીશ્રી ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |
| ૬ | સ્ટેનોગ્રાફર, | ૪ | સચિવાલય અને ખાતાના વડાની કચેરી સંવર્ગની જગ્યાઓ ભરવા મોકલાયેલ માંગણાપત્રક અન્વયે |

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | ખાલી જગ્યા ભરવા માટે લેવામાં આવેલ પગલાં ? |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | લઘુલિપિગ્રેડ–૧ | | ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક: ૦૮/૨૦૧૯–૨૦થી ૨૦ ગુજરાતી સ્ટેનો. ગ્રેડ–૧, વર્ગ–૨ની તેમજ જાહેરાત ક્રમાંક: ૦૯/૨૦૧૯–૨૦થી ૧૨ અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ–૧, વર્ગ–૨ની ભલામણના અનુસંધાને નિમણૂક આપવામાં આવી. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ ખાતેથી વયનિવૃત્ત થયેલ ગુજરાતી સ્ટેનો. ગ્રેડ–૧, વર્ગ–૨ને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ હોઇ, વિભાગ ખાતે મંજૂર થયેલ બંને જગ્યા ગુજરાતી સ્ટેનો. ગ્રેડ–૧, વર્ગ–૨ની જગ્યા ભરાયેલ છે. |
| ૭ | સ્ટેનોગ્રાફર, લઘુલિપિગ્રેડ–૨ | ૫ | સચિવાલય અને ખાતાના વડાની કચેરી સંવર્ગની જગ્યાઓ ભરવા મોકલાયેલ માંગણાપત્રક અન્વયે ગૌણ સેવા પસંદગી મંડળની જા.ક્ર.:૨૦૧/૨૦૨૨–૨૩થી ગુજરાતી સ્ટેનો. ગ્રેડ–૨, વર્ગ–૩ની ૧૫૬ જગ્યાઓનું અંતિમ પરિણામ આવવાનું બાકી છે તેમજ જા.ક્ર.: ૨૦૨/૨૦૨૨–૨૩ અન્વયે અંગ્રેજી સ્ટેનો.ગ્રેડ–૨,વર્ગ–૩ની ૮૯ જગ્યાઓ સામે ૫૮ ઉમેદવારો ઉત્તિર્ણ થતાં તમામ ઉમેદવારોને નિમણૂક આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br><br>આથી, ગુજરાતી સ્ટેનો. ગ્રેડ–૨, વર્ગ–૩નું પરીણામ આવ્યેથી અને અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ–૨, વર્ગ–૩ને નિમણૂક આપતા સમયે ઉપલબ્ધતા અનુસાર મહત્તમ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ–૨, વર્ગ–૩ની ફાળવણી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને કરવામાં આવશે. |
| ૮ | નાયબ સેક્શન અધિકારી (કા.બા.) | ૩ | ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતી કરવા માટે માંગણાપત્રક મોકલવાની કામગીરી ચાલુ છે, જે પૂર્ણ થયેથી આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવામાં આવશે. |
| ૯ | નાયબ સેક્શન અધિકારી (સા.બા.) | ૩ | અત્રેના તા.૦૭/૦૬/૨૦૨૧, તા.૨૩/૦૬/૨૦૨૧, તા.૦૬/૦૯/૨૦૨૧, તા.૦૭/૧૦/૨૦૨૧, તા.૦૮/૦૬/૨૦૨૨ અને તા.૧૦/૦૪/૨૦૨૩ ના હુકમોથી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ ખાતે નાયબ સેક્શન અધિકારીની ફાળવણી કરી ખાલી જગ્યાઓ ભરવામાં આવેલ છે.<br>નાયબ સેક્શન અધિકારી સંવર્ગની સીધી ભરતીની ખાલી જગ્યાઓ પૈકી ૧૨૦ જગ્યાનું માંગણી પત્રક તા.૦૬/૦૭/૨૦૨૩ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવેલ છે. જેમાં વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની ખાલી જગ્યાઓ પણ ધ્યાને લીધેલ છે. |
| ૧૦ | ભાષાંતરકાર | ૧ | ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતી કરવા માટે માંગણા પત્રક મોકલવાની કામગીરી ચાલુ છે, જે પૂર્ણ થયેથી આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવામાં આવશે. |
| ૧૧ | કચેરી સહાયક | ૭ | અત્રેના તા.૦૬/૦૩/૨૦૨૩ના હુકમોથી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ ખાતે ઓફીસ આસિસ્ટન્ટની ફાળવણી કરી ખાલી જગ્યાઓ ભરવામાં આવેલ છે.<br>ઓફીસ આસિસ્ટન્ટ સંવર્ગની સીધી ભરતીની ખાલી જગ્યાઓ પૈકી ૨૦૦ જગ્યાનું માંગણી પત્રક તા.૦૪/૦૯/૨૦૨૩ના રોજ ગૌણ સેવા પસંદગી મંડળને મોકલી આપવામાં આવેલ છે. જેમાં વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની ખાલી જગ્યાઓ પણ ધ્યાને લીધેલ છે. |
| ૧૨ | ડ્રાઈવર | ૪ | તા.૦૧–૦૪–૨૦૧૦ના ઠરાવથી રાજ્ય સરકારની, ખાતાના વડાની અને તેના તાબા હેઠળની કચેરીઓમાં કચેરી સુવિધા વસ્થાપન અને વાહન તથા વાહન હંકારનારની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટેની નીતિ અમલમાં છે. તદ્વાનુસાર ડ્રાઈવર તેમજ પટાવાળા સંવર્ગની સેવાઓ આઉટસોર્સ મારફત લેવાની થાય છે. |
| ૧૩ | પટ્ટાવાળા | ૧૯ | |

**ગાંધીનગર આરટીઓ કચેરીમાં થયેલ ગેરરીતિ**

અતારાંકિતઃ ૧૦૪૫ (૨૫–૦૯–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર આરટીઓ કચેરીમાં લશ્કરી જવાનના નામે ખોટા લાયસન્સ ઇસ્યુ કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખોટા લાયસન્સ ઇસ્યુ કરનાર ક્યા જવાબદારો સામે શા પગલાં લીધા, અને

(૩) ઉક્ત ગેરરીતિમાં કેટલા એજન્ટો સામેલ હોવાનું સામે આવેલ છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૧૩–૧૨–૨૦૨૩)

(૧) તા.૧૬–૦૬–૨૦૨૩ની પોલીસ F.I.R નં. ૧૧૧૯૧૦૧૧૨૩૦૧૮૯ મુજબ "ભારતીય સુરક્ષાદળોમાં ફરજ બજાવતા ન હોય તેવા જમ્મુ કશ્મિરના રહિશો, ગુન્હાહિત કાવતરાના ભાગરૂપે પોતાની સાચી ઓળખ છુપાવી, ભારતીય સુરક્ષાદળોના એકમોની વિગત ધરાવતા ડ્રાઈવીંગ લાયસન્સ, બનાવટી દસ્તાવેજોને આધારે", કચેરીમાં આવ્યા વગર ડ્રાઈવીંગ લાયસન્સ મેળવી રહેલ છે તેવી ફરિયાદો નોંધેલ છે. પોલીસ તપાસ ચાલુ છે જે પૂર્ણ થયેથી કેટલા ખોટા લાયસન્સ ઇસ્યુ કરવામાં આવ્યા છે તે બાબતે સ્પષ્ટતા થઇ શકે.

(૨) તા.૧૬-૦૬-૨૦૨૩ના રોજ પોલીસ F.I.R નં. ૧૧૧૯૧૦૧૧૨૩૦૧૮૯ થયેલ છે જેમાં પોલીસ તપાસ પૂર્ણ થયેથી ચાર્જશીટ ફાઇલ થયાની જાણ થયા બાદ, તેમા જો કોઇ સરકારી કર્મચારી/અધિકારીની જવાબદારી જણાઇ આવશે તો તેમના સામે નિયમોનુસાર પગલા લેવામાં આવશે.

(૩) તા.૧૬-૦૬-૨૦૨૩ના રોજ પોલીસ F.I.R નં. ૧૧૧૯૧૦૧૧૨૩૦૧૮૯ થી ગુનો દાખલ કરીને કાનુની કાર્યવાહી હાથ ધરેલ છે. પોલીસ તપાસ ચાલુ છે.

**આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બિન-અધિકૃત રીતે મળેલ પોષણ આહારના પેકેટ**

અતારાંકિતઃ ૧૧૮૭ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં આંગણવાડી અને પેટા આંગણવાડી કેન્દ્રો પરથી બાળકોને, ધાત્રી માતાઓને અને જરૂરિયાતવાળા વ્યક્તિઓને પુરક પોષણ તરીકે આપવાના આહારના કેટલા પેકેટ ક્યા-ક્યા સ્થળેથી બિન અધિકૃત રીતે મળી આવ્યા,

(૨) ઉક્ત પેકેટો ક્યા જિલ્લામાંથી આવ્યા હોવાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે ક્યા જવાબદારો સામે શાં પગલાં લીધા, અને

(૪) ઉક્ત પોષણ આહારનું વિતરણ જરૂરિયાતમંદો સુધી થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :** (૧૩-૧૨-૨૦૨૩)

(૧) આણંદ જિલ્લાના આણંદ-૨ ઘટકના ચિખોદરા ગામ ખાતેથી બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિના કુલ ૨૯૯૫ પેકેટો તેમજ બોરસદ તાલુકામાં રાસ અને કઠોલ ગામની સીમ વિસ્તારમાં આવેલ પોલ્ટ્રી ફાર્મમાંથી THR ના અંદાજે ૩૦૪૦ પેકેટનો જથ્થો મળી આવેલ હતો. બોરસદ તાલુકાના નાપા તળપદમાં કુલ ૭૭૯ પેકેટો મળી આવેલ છે.

(૨) પકડાયેલ પેકેટ ક્યા જિલ્લાના છે તે જાણવા પોલીસ કાર્યવાહી ચાલુ છે.

(૩) પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવેલ છે.

(૪) THR આંગણવાડીમાં ઉતરે ત્યારે આ વર્કરના રજિસ્ટર મોબાઇલ પર ઓ.ટી.પી મોકલવામાં આવે છે. આ ઓ.ટી.પી નંબર કાર્યકર દ્વારા ટ્રાન્સપોર્ટરને આપવામાં આવે છે. ટ્રાન્સપોર્ટર દ્વારા આ ઓ.ટી.પી નંબર તેઓના સિસ્ટમમાં એન્ટર કર્યા બાદ જ આંગણવાડીમાં ટી.એચ.આર. ઉતરે છે. પેકેટ વિતરણ કર્યાની પોષણ ટ્રેકર એપ્લિકેશનમાં નિયમિત એંટ્રી કરવામાં આવે છે અને OTP દ્વારા વેરીફાઇ કરવામાં આવે છે.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૯૪૨, ૧૦૫૪, ૧૦૭૮, ૧૪૨૨, | ૪ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૦૫૫, ૧૦૬૦, ૧૧૫૪, ૧૨૫૪ | ૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૬૦, ૯૯૯, ૧૦૫૨ | ૩ |
| ૪ | નાણા વિભાગ | ૭૯૮, ૮૦૯, ૧૩૩૭ | ૩ |
| ૫ | અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૩૪૪ | ૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૨૪૩ | ૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૯૬, ૭૯૯, ૮૦૪, ૮૦૭, ૮૧૩, ૮૨૫, ૧૧૪૦, ૧૨૦૪, ૧૩૪૫ | ૯ |
| ૮ | ગૃહ વિભાગ | ૨૭૧, ૯૪૮, ૯૬૦, ૯૬૩, ૯૬૪, ૧૦૮૩, ૧૧૦૬, ૧૧૮૮, ૧૨૪૦, ૧૨૬૧, ૧૨૭૫ | ૧૧ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૨૩, ૫૯૭, ૧૧૩૪, ૧૩૪૨ | ૪ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ | ૯૯૨, ૧૦૯૪, ૧૦૯૬, ૧૧૪૪ | ૪ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૩૯ | ૧ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૧૦૭૭, ૧૧૧૭ | ૨ |
| ૧૩ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૭૭૩ | ૧ |
| ૧૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૦૪૫ | ૧ |
| ૧૫ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૧૮૭ | ૧ |
| | | કુલ | ૫૦ |

--------

## છઠ્ઠી અતારાંકિત યાદી

### મુલ્કી સચિવાલયમાં કરાર આધારિત જગ્યાઓ ઉપર અનામતનો લાભ આપવા બાબત

અતારાંકિતઃ ૧૨૪૪ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ સચિવાલય, ગાંધીનગરના વિભાગોમાં કરાર આધારિત જગ્યાઓ પર થતી ભરતીમાં અનુ. જાતિ/જનજાતિ અને બક્ષી પંચના ઉમેદવારોને અનામતનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૨–૧૨–૨૦૨૩)

(૧) ના, જી.

લાંબાગાળાની કરાર આધારિત જગ્યાઓ પર થતી ભરતીમાં અનામત નીતિનું ચૂસ્તપણે પાલન થાય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કૃષિ પાકો અને જીવસૃષ્ટિને નુકસાન કરતું ગાજર ઘાસ**

અતારાંકિતઃ ૮૯૬ (૧૮–૦૮–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ પાકો તથા જીવસૃષ્ટિને વિનાશક ગાજર ઘાસ (પાર્થેનિયસ હોસ્ટેરોફોરસ) રાજ્યના કેટલા જિલ્લાઓમાં ફેલાય છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ ઘાસના ફેલાવા બાબતે છેલ્લા ત્રણ વર્ષમાં કયારે સર્વે કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ ઘાસનો નાશ કરવા કાયમી નિયંત્રણમાં લેવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૨–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના એક પણ જિલ્લામાં કૃષિ પાકોમાં ગાજર ઘાસનો ઉપદ્રવ જોવા મળેલ નથી. સદર ગાજર ઘાસનો ઉપદ્રવ ખરાબાની તેમજ પડતર જમીનમાં, રેલ્વે લાઇનની આજુબાજુ, કેનાલ વિસ્તારની આજુબાજુ તેમજ ગૌચરોમાં છુટાછવાયા વિસ્તારમાં રાજ્યના રાજકોટ, મોરબી, દેવભૂમિ દ્વારકા, કચ્છ, જામનગર, બોટાદ, અરવલ્લી, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જોવા મળેલ છે.

(૨) કૃષિ પાકોમાં ગાજર ઘાસનો ઉપદ્રવ જોવા મળેલ ન હોય સર્વે કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં થયેલ ગેરરીતિ**

અતારાંકિતઃ ૧૦૫૯ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં ફરજ બજાવતા રાજ્ય સરકારના અધિકારીઓએ તેને સત્તા ન હોવા છતાં આયોગની જુદી–જુદી યોજના અંતર્ગત કરેલ આર્થિક ગેરરીતિ અંગે નવેમ્બર–૨૦૧૯માં ફરીયાદ નોંધાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૯/૨૦૨૩ની સ્થિતિએ તે અન્વયે ક્યા અધિકારીઓ, કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) ઉક્ત ગેરરીતિ કઈ કઈ યોજનાઓમાં કેટલી રકમની આર્થિક ગેરરીતિ થયાનું સામે આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ પરત મેળવવામાં આવી અને કેટલી રકમ પરત મેળવવાની બાકી છે ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) હા.

(૨) તપાસ ચાલુ છે.

(૩) તપાસ ચાલુ છે.

(૪) તપાસ ચાલુ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં વેટરનરી ડોક્ટરની નિમણૂક**

અતારાંકિતઃ ૧૨૧૩ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા એસ.પી.સી.એ.માં રૂ.૪૫૦૦૦ના ફીક્સ પગારથી વેટરનરી ડોક્ટરની નિમણૂક કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત નિમણૂકો ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) હા.

(૨) અમદાવાદ જિલ્લા એસ.પી.સી.એ માં વેટરનરી ડોકટરની નિમણૂક માટે Gem Portal પર કાર્યવાહી કરવામાં આવેલ હતી, પરંતુ એજન્સી દ્વારા વેટરનરી ઓફિસર પુરા પાડી શકાયા ન હોવાથી ફરીથી Gem Portal પર બીડીંગ કરવામાં આવેલ છે. જેની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

(૩) માહે ડિસેમ્બર–૨૦૨૩માં નિમણૂક આપવાનું આયોજન છે.

--------

**અમદાવાદ જિલ્લામાં વેટરનરી ડોક્ટરની નિમણૂક**

અતારાંકિતઃ ૧૨૧૪ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વેટરનરી ડોક્ટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકીની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) પત્રક–અ સામેલ છે.

(૨) પત્રક–બ સામેલ છે.

(૩) પશુચિકિત્સા અધિકારી સંવર્ગમાં જિલ્લા ફેરબદલીઓ, આંતરિક ફેરબદલીઓ, બઢતી, અવસાન, રાજીનામા, સ્વૈ.નિવૃત્તિ, અન્ય જગ્યાએ સીધી પસંદગી જેવા વિવિધ કારણોસર સમયાંતરે સતત જગ્યાઓ ખાલી પડતી રહે છે. ભરતી નિયમો અનુસાર પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરવામાં આવે છે, સદરહુ ભરતી પ્રક્રિયા થકી ઉમેદવારો ઉપલબ્ધ બને તે સમય દરમિયાન ચાલતી બઢતી પ્રક્રિયા અનુસાર બઢતીના હુકમો થતાં તેટલી જગ્યાઓ ખાલી પડે છે તેથી પશુચિકિત્સા અધિકારી, સંવર્ગમાં જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૪) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ સરકારશ્રીના ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડરના વર્ષ ૨૦૧૮ની મંજૂર થયેલ ૪૦ જગ્યાઓની જાહેરાત સંદર્ભે ઉમેદવારોને તાજેતરમાં તા.૧૦/૧૧/૨૦૨૩ ના રોજ નિમણૂક આપવામાં આવેલ છે. તેમજ ભરતી કેલેન્ડરની વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ સુધીની મંજૂર થયેલ કુલ ૧૩૦ જગ્યાઓની જાહેરાત સંદર્ભે પશુચિકિત્સા અધિકારીની ૧૩૦ જગ્યાઓ સીધી ભરતથી ભરવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. જે વહીવટી પ્રક્રિયા પૂરી થયેથી અને ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભરી શકશે.

**પત્રક–અ**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**તા. ૩૧-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી સંવર્ગની જિલ્લાવાર કુલ મંજૂર જગ્યાની સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંજૂર જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨ |
| ૨ | અમરેલી | ૩૬ |
| ૩ | આણંદ | ૧૮ |
| ૪ | બનાસકાંઠા | ૬૨ |
| ૫ | ભરૂચ | ૨૩ |
| ૬ | ભાવનગર | ૨૯ |
| ૭ | બોટાદ | ૧૧ |
| ૮ | દાહોદ | ૨૨ |
| ૯ | ડાંગ | ૭ |
| ૧૦ | ગાંધીનગર | ૩૫ |
| ૧૧ | જામનગર | ૩૪ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧૪ |
| ૧૩ | જૂનાગઢ | ૩૨ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૦ |
| ૧૫ | કચ્છ | ૪૩ |
| ૧૬ | ખેડા | ૧૭ |
| ૧૭ | મહેસાણા | ૩૪ |
| ૧૮ | નર્મદા | ૧૯ |
| ૧૯ | નવસારી | ૨૨ |
| ૨૦ | પંચમહાલ | ૨૫ |
| ૨૧ | મહિસાગર | ૧૭ |
| ૨૨ | પાટણ | ૩૬ |
| ૨૩ | પોરબંદર | ૧૨ |
| ૨૪ | રાજકોટ | ૩૮ |
| ૨૫ | મોરબી | ૧૭ |
| ૨૬ | સાબરકાંઠા | ૨૮ |
| ૨૭ | સુરત | ૨૨ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૫ |
| ૨૯ | તાપી | ૧૦ |
| ૩૦ | વડોદરા | ૨૦ |
| ૩૧ | છોટાઉદેપુર | ૧૩ |
| ૩૨ | વલસાડ | ૧૧ |
| ૩૩ | અરવલ્લી | ૨૧ |
| | **કુલ જગ્યા** | **૮૧૫** |

**પત્રક-બ**

**તા. ૩૧-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી સંવર્ગની જિલ્લાવાર ખાલી જગ્યાની સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૧ |
| ૨ | અમરેલી | ૨૮ |
| ૩ | આણંદ | ૬ |
| ૪ | બનાસકાંઠા | ૨૨ |
| ૫ | ભરૂચ | ૧૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૬ | ભાવનગર | ૨૦ |
| ૭ | બોટાદ | ૬ |
| ૮ | દાહોદ | ૧૪ |
| ૯ | ડાંગ | ૨ |
| ૧૦ | ગાંધીનગર | ૭ |
| ૧૧ | જામનગર | ૨૬ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯ |
| ૧૩ | જૂનાગઢ | ૧૭ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૪ |
| ૧૫ | કચ્છ | ૩૨ |
| ૧૬ | ખેડા | ૭ |
| ૧૭ | મહેસાણા | ૮ |
| ૧૮ | નર્મદા | ૧૪ |
| ૧૯ | નવસારી | ૧૫ |
| ૨૦ | પંચમહાલ | ૧૫ |
| ૨૧ | મહિસાગર | ૧૩ |
| ૨૨ | પાટણ | ૧૮ |
| ૨૩ | પોરબંદર | ૮ |
| ૨૪ | રાજકોટ | ૨૪ |
| ૨૫ | મોરબી | ૯ |
| ૨૬ | સાબરકાંઠા | ૧૩ |
| ૨૭ | સુરત | ૧૫ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૬ |
| ૨૯ | તાપી | ૫ |
| ૩૦ | વડોદરા | ૮ |
| ૩૧ | છોટાઉદેપુર | ૮ |
| ૩૨ | વલસાડ | ૨ |
| ૩૩ | અરવલ્લી | ૧૦ |
| | **કુલ જગ્યા** | **૪૪૯** |

--------

**રાજ્યમાં આવેલ ઈન્ફરમરીમાં ભૂંડ સાચવવાની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૨૨૧ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દ્વારા બચાવવામાં આવેલ ભૂંડ સાચવવાની વ્યવસ્થા કઈ ઈન્ફરમરીમાં ઊભી કરવામાં આવી નથી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સુવિધા ન કરવાનાં શાં કારણો છે, અને

(૩) રાજ્યમાં થયેલ તમામ ઈન્ફરમરીમાં આવી સુવિધા ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તમામ જિલ્લાઓ પૈકી ફક્ત સુરત જિલ્લાની ઈન્ફરમરી ખાતે પોલીસ દ્વારા બચાવવામાં આવેલ ભૂંડ સાચવવાની વ્યવસ્થા નથી.

(૨) રોગચાળો ના ફેલાય તે હેતુસર ઈન્ફરમરી આ સુવિધા ઊભી કરવા તૈયાર નથી.

(૩) SPCA સુરત એનીમલ શેલ્ટર માટે જમીન ઉપલબ્ધ થયેથી આ સુવિધા ઊભી કરવામાં આવશે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર પ્રાણીઓને ઈયર ટેગીંગ**

અતારાંકિતઃ ૧૨૨૪ (૨૩-૧૦-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા પ્રાણીઓને ઈયર ટેગીંગ કરવાના બાકી છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂરી કરવાનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૧૨-૨૦૨૩)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગાય-ભેંસ વર્ગના પ્રાણીઓને ૨૦મી પશુધન વસ્તી ગણતરી મુજબ ઈયર ટેગીંગ કામગીરી પૂર્ણ કરેલ છે.

(૨) લાગુ પડતુ નથી.

**રાજ્યમાં લમ્પી વાયરસ રોકવા સરકારે લીધેલાં પગલાં**

અતારાંકિતઃ ૧૨૩૧ (૨૩-૧૦-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગાયોમાં ફેલાતો લમ્પી વાયરસ નામનો રોગ લાગુ પડ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રોગનો ભોગ બનતી ગાયોને રાજ્યની સીમા પરથી તેની આયાત અને નિકાસ રોકવા સરકારે શાં પગલાં લીધાં ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૧૨-૨૦૨૩)

(૧) ના.

(૨) લાગુ પડતુ નથી.

**રાજ્યમાં આવેલ ઈન્ફરમરીમાં ઘેટાં-બકરાં સાચવવાની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૨૫૫ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ**(વાંસદા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર જાહેર કરવામાં આવેલ પોલીસ દ્વારા બચાવવામાં આવેલ ઘેટાં બકરાંને સાચવવાની વ્યવસ્થા કઈ ઈન્ફરમરીમાં ઊભી કરવામાં આવી નથી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સુવિધા ઊભી ન કરવાનાં શાં કારણો છે, અને

(૩) રાજ્યમાં જાહેર થયેલ તમામ ઈન્ફરમરીમાં આવી વ્યવસ્થા ક્યાં સુધીમાં ઊભી કરવાનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૧૨-૨૦૨૩)

(૧) રાજ્યમાં તમામ જિલ્લાઓમાં પોલીસ દ્વારા બચાવવામાં આવેલ ઘેટાં બકરાંને જિલ્લાવાર જાહેર કરવામાં આવેલ ઈન્ફરમરીમાં સાચવવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

(૨) લાગુ પડતુ નથી.

(૩) લાગુ પડતુ નથી.

--------

**સુરેન્દ્રનગર અને બનાસકાંઠાના પાંજરાપોળમાં પશુઓના મૃત્યુ**

અતારાંકિતઃ ૧૨૫૭ (૨૭–૧૦–૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ પાંજરાપોળમાં કયા સંવર્ગના કેટલા પશુઓના મૃત્યુ થયા,

(૨) ઉક્ત વર્ષવાર મૃત્યુ પામેલ પશુઓમાં કેટલા વાછરડાંઓનો સમાવેશ થતો હતો, અને

(૩) ઉક્ત વાછરડાંઓના મૃત્યુ થવાનાં શાં કારણો સામે આવ્યા અને વાછરડાંઓના મૃત્યુ અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પત્રક–૨ મુજબ.

(૩) તાવ, ઝાડા, શારીરિક નબળાઈ, આફરો વગેરે કારણોસર વાછરડાંઓના મૃત્યુ થયેલ હોવાનું જણાયેલ હતુ. વાછરડાંના મૃત્યુ અટકાવવા માટે કૃમિનાશક દવાઓ આપવામાં આવી, રસીકરણ કરવામાં આવ્યું તથા માવજત માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આર્થિક સહાય આપવા જેવાં વિવિધ પગલાં લેવામાં આવેલ છે.

**પત્રક–૧**

**જિલ્લો – સુરેન્દ્રનગર**

| અ.નં. | વર્ષ | ગાય વર્ગ | ભેંસ વર્ગ | ઘેટાં વર્ગ | બકરાં વર્ગ | અન્ય | કુલ પશુઓ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૮૦૪૬ | ૨૭૮૮ | ૩૨ | ૧૫૬ | ૨ | ૧૧૦૨૪ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૯૩૨૩ | ૨૯૫૩ | ૧ | ૯૮ | ૧ | ૧૨૩૭૬ |
| ૩ | ૨૦૨૩–૨૪ તા.૩૦/૦૯/૨૦૨૩ અંતિત | ૪૨૦૭ | ૧૨૮૫ | ૫૮ | ૧૦૭ | ૦ | ૫૬૫૭ |
| **કુલ પશુઓ** | | **૨૧૫૭૬** | **૭૦૨૬** | **૯૧** | **૩૬૧** | **૩** | **૨૯૦૫૭** |

**જિલ્લો – બનાસકાંઠા**

| અ.નં. | વર્ષ | ગાય વર્ગ | ભેંસ વર્ગ | ઘેટાં વર્ગ | બકરાં વર્ગ | અન્ય | કુલ પશુઓ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૯૯૦૧ | ૧૦૬૮૬ | ૧૦૮ | ૧૩૦૧ | ૫ | ૨૨,૦૦૧ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૫૯૪૧ | ૬૪૧૨ | ૧૦૨ | ૧૨૦૨ | ૭ | ૧૩,૬૬૪ |
| ૩ | ૨૦૨૩–૨૪ તા.૩૦/૦૯/૨૦૨૩ અંતિત | ૩૯૬૦ | ૪૨૭૪ | ૮૮ | ૮૯૫ | ૩ | ૯૨૨૦ |
| **કુલ પશુઓ** | | **૧૯૮૦૨** | **૨૧૩૭૨** | **૨૯૮** | **૩૩૯૮** | **૧૫** | **૪૪,૮૮૫** |

**પત્રક–૨**

| અ.નં. | વર્ષ | સુરેન્દ્રનગર જિલ્લામાં વાછરડાંઓની સંખ્યા | બનાસકાંઠા જિલ્લામાં વાછરડાંઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૫૪૮૫ | ૩૪૧૫ | ૮૯૦૦ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૬૧૧૧ | ૨૦૪૯ | ૮૧૬૦ |
| ૩ | ૨૦૨૩–૨૪ તા.૩૦/૦૯/૨૦૨૩ અંતિત | ૨૭૯૬ | ૧૩૬૬ | ૪૧૬૨ |
| **કુલ** | | **૧૪૩૯૨** | **૬૮૩૦** | **૨૧૨૨૨** |

--------

**સહકાર પ્રભાગ માટે બજેટમાં રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૪૩ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ર૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) સહકાર પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**સહકાર મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) સહકાર પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧ ૨૦૨૧–૨૨, અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **જોગવાઈ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૦૨૧ | ૧૩૩૫૨૮.૦૭ |
| ૨ | ૨૦૨૧–૨૦૨૨ | ૧૩૬૬૫૦.૪૨ |
| ૩ | ૨૦૨૨–૨૦૨૩ | ૧૮૧૧૪૩.૭૮ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૦૨૧ | ૧૬૬૨૬૦.૪૩ |
| ૨ | ૨૦૨૧–૨૦૨૨ | ૧૨૯૭૨૫.૧૫ |
| ૩ | ૨૦૨૨–૨૦૨૩ | ૧૭૪૦૦૨.૭૯ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબ રકમ વપરાઈ અને નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **વપરાયેલ રકમ (રૂ.લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૦૨૧ | ૧૫૮૨૮૯.૬૪ | ૭૯૭૦.૭૯ |
| ૨ | ૨૦૨૧–૨૦૨૨ | ૧૨૭૬૯૦.૨૨ | ૨૦૩૪.૯૩ |
| ૩ | ૨૦૨૨–૨૦૨૩ | ૧૭૩૨૬૨.૨૫ | ૭૪૦.૫૪ |

**નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.**

- જિલ્લા કચેરીઓમાંથી પૂરતી દરખાસ્તો સમયસર ન મળવાથી.
- જિલ્લા કચેરીઓમાંથી દરખાસ્તની સમયસર પૂર્તતા ન થતાં.
- સમયસર ખર્ચની મંજૂરી ન મળવાથી.

--------

### રાજ્યમાં જિલ્લાવાર શિક્ષકોની ઘટ

અતારાંકિતઃ ૧૦૬૫ (૧૬–૧૦–૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નિમ્ન પ્રાથમિક (ધો.૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮)માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૭–૧૨–૨૦૨૩)

(૧)

| નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫) માં શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા | ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮) માં શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| ૯૩૩૩ | ૮૬૮૧ |

(૨) જેમ બને તેમ ઝડપથી.

--------

**અમદાવાદ શહેરની શાળામાં છત પડવાની ઘટના**

અતારાંકિતઃ ૧૦૭૧ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ ૨૦૧૯માં અમદાવાદ શહેરમાં બાપુનગરની ખાલસા લીટલ ફ્લાવર શાળામાં ચાલુ ક્લાસમાં છત પડવાની ઘટના બાબતે સંસ્થાને રૂ.૫૦૦૦૦નો દંડ ભરવાના આદેશ અને શાળાની માન્યતા ચાલુ રાખવી કે રદ કરવી તે સંબંધમાં સમિતિની રચના કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ શાળા દ્વારા ક્યારે ઉક્ત દંડની રકમ ભરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિતિએ શાળાની માન્યતા બાબતે ક્યારે અને શો નિર્ણય કર્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિતિના ચેરમેન અને સભ્યો કોણ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૧-૦૧-૨૦૨૪)

(૧) હા.

(૨) તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ.

(૩) સમિતિએ શાળાની માન્યતા બાબતે તા.૧૭/૧૨/૨૦૧૯ના રોજ ‘‘શાળા દ્વારા નજીકના ભવિષ્યમાં સ્થળ ફેરફાર કરવામાં આવે સરકારી ઈજનેરશ્રીના અભિપ્રાય મુજબ શાળા સલામતીના ધોરણો અનુસાર શાળાના મકાનનું પુનઃનિર્માણ કરવામાં આવે’’ તે શરતે શાળા ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

(૪) આર.ટી.ઈ. રૂલ્સ-૨૦૧૨ના નિયમ ક્રમાંકઃ ૧૪(ખ)માં નિયત થયેલ જોગવાઈ મુજબ શિક્ષણશાસ્ત્રીઓ, સભ્ય સમાજના પ્રતિનિધિઓ, મીડિયા અને સરકારી પ્રતિનિધિઓનો સમાવેશ કરતી પાંચ સભ્યોથી વધુ ન હોય તેટલા સભ્યોની સમિતિ રચવાની જોગવાઈ કરેલ છે, જેમાં સમિતિના ચેરમેનના હોદ્દાનો ઉલ્લેખ થયેલ નથી. જે મુજબ નીચેની વિગતે જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ દ્વારા તપાસ સમિતિની રચના કરવામાં આવેલ હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રીમતી ઇન્દુબેન ચાવડા | શિક્ષણ નિરીક્ષક (સરકારી પ્રતિનિધિ) |
| ૨ | શ્રી નરેશભાઈ રાવત | શિક્ષણશાસ્ત્રી |
| ૩ | શ્રી વિપુલભાઈ પટેલ | શિક્ષણશાસ્ત્રી |
| ૪ | શ્રી રૂપલ ભાવસાર | સભ્ય સમાજના પ્રતિનિધિ |
| ૫ | શ્રી અર્પિતભાઈ દરજી | મીડીયા પ્રતિનિધિ |

--------

**રાજ્યમાં જિલ્લાવાર શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૧૦૮૭ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત પ્રાથમિક શાળાઓમાં નિમ્ન પ્રાથમિક (ધો ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક (ધો ૬ થી ૮) માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૭–૧૨–૨૦૨૩)

(૧) ૩૦,૬૧૦

(૨)

| નિમ્ન પ્રાથમિક (ધો ૧ થી ૫) માં શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા | ઉચ્ચ પ્રાથમિક (ધો ૬ થી ૮) માં શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|
| ૯૩૩૩ | ૮૬૮૧ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

**રાજ્યમાં જિલ્લાની શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો**

અતારાંકિતઃ ૧૨૬૪ (૨૭–૧૦–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વર્ગ વધારાની દરખાસ્ત મળી,

(૨) ઉક્ત વર્ષવાર તે પૈકી કેટલી શાળાની ગ્રાન્ટ સહિત વર્ગ વધારાની દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત પૈકીની ઉક્ત વર્ષવાર કેટલી શાળાને ગ્રાન્ટ વગર વર્ગ વધારાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી, અને

(૪) ઉક્ત વર્ષવાર કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯–૧૨–૨૦૨૩)

(૧) આ સાથે સામેલ પત્રક–૧ મુજબ.

(૨) આ સાથે સામેલ પત્રક–૨ મુજબ.

(૩) ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટ વગર વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવતી નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ સાથે સામેલ પત્રક–૩ મુજબ તથા ઉક્ત સ્થિતિએ એકપણ દરખાસ્ત પડતર નથી.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧–૨૨ | | વર્ષ ૨૦૨૨–૨૩ | | વર્ષ ૨૦૨૩–૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨ | ૨૯ | ૦ | ૧૦ | ૧૫ | ૧૨ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૯ | ૧૪ | ૦ | ૭ | ૫ | ૬ |
| ૩ | અમરેલી | ૧ | ૨ | ૦ | ૨ | ૨ | ૨ |
| ૪ | આણંદ | ૧ | ૯ | ૦ | ૬ | ૧ | ૮ |
| ૫ | અરવલ્લી | ૦ | ૧૪ | ૦ | ૨ | ૧ | ૫ |
| ૬ | બનાસકાંઠા | ૨ | ૧૬ | ૦ | ૨ | ૨ | ૫ |
| ૭ | ભરૂચ | ૦ | ૫ | ૦ | ૨ | ૦ | ૪ |
| ૮ | ભાવનગર | ૫ | ૯ | ૦ | ૪ | ૩ | ૫ |
| ૯ | બોટાદ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૩ | ૨ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૧૧ | દાહોદ | ૧૨ | ૨૫ | ૦ | ૬ | ૧૦ | ૮ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૨ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૯ | ૦ | ૮ | ૨ | ૮ |
| ૧૫ | ગીર સોમનાથ | ૧ | ૪ | ૦ | ૩ | ૦ | ૩ |

| | | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | જામનગર | ૦ | ૬ | ૦ | ૪ | ૨ | ૫ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૮ | ૦ | ૩ | ૨ | ૬ |
| ૧૮ | ખેડા | ૩ | ૧૨ | ૦ | ૬ | ૨ | ૭ |
| ૧૯ | કચ્છ | ૦ | ૫ | ૦ | ૫ | ૧ | ૪ |
| ૨૦ | મહિસાગર | ૧ | ૫ | ૦ | ૨ | ૦ | ૫ |
| ૨૧ | મહેસાણા | ૦ | ૧૭ | ૦ | ૧૦ | ૧ | ૭ |
| ૨૨ | મોરબી | ૦ | ૪ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૩ | નર્મદા | ૦ | ૫ | ૦ | ૨ | ૦ | ૧ |
| ૨૪ | નવસારી | ૦ | ૧૧ | ૦ | ૧૧ | ૧ | ૩ |
| ૨૫ | પંચમહાલ | ૧૦ | ૧૮ | ૦ | ૭ | ૨ | ૬ |
| ૨૬ | પાટણ | ૧ | ૮ | ૦ | ૪ | ૧ | ૫ |
| ૨૭ | પોરબંદર | ૩ | ૩ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૨૮ | રાજકોટ | ૩ | ૯ | ૦ | ૪ | ૧ | ૪ |
| ૨૯ | સાબરકાંઠા | ૧ | ૧૦ | ૦ | ૫ | ૧ | ૫ |
| ૩૦ | સુરત | ૪ | ૧૭ | ૦ | ૨ | ૩ | ૮ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૯ | ૦ | ૭ | ૧ | ૬ |
| ૩૨ | તાપી | ૧ | ૭ | ૦ | ૪ | ૧ | ૫ |
| ૩૩ | વડોદરા | ૨ | ૮ | ૦ | ૪ | ૧ | ૫ |
| ૩૪ | વલસાડ | ૦ | ૫ | ૦ | ૨ | ૧ | ૨ |
| | **કુલ** | **૭૬** | **૩૦૮** | **૦** | **૧૪૪** | **૬૬** | **૧૫૭** |

**પત્રક-૨**

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૮ | ૦ | ૬ | ૧૧ | ૬ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૫ | ૬ | ૦ | ૬ | ૪ | ૫ |
| ૩ | અમરેલી | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૪ | આણંદ | ૧ | ૩ | ૦ | ૨ | ૦ | ૬ |
| ૫ | અરવલ્લી | ૦ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૬ | બનાસકાંઠા | ૨ | ૯ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૭ | ભરૂચ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૮ | ભાવનગર | ૪ | ૬ | ૦ | ૨ | ૩ | ૪ |
| ૯ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૩ | ૨ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૧૧ | દાહોદ | ૧૧ | ૧૩ | ૦ | ૨ | ૧૦ | ૭ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૧ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૭ | ૦ | ૬ | ૨ | ૫ |
| ૧૫ | ગીર સોમનાથ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૧૬ | જામનગર | ૦ | ૫ | ૦ | ૨ | ૨ | ૩ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૨ | ૦ | ૩ | ૨ | ૪ |
| ૧૮ | ખેડા | ૩ | ૪ | ૦ | ૧ | ૨ | ૬ |
| ૧૯ | કચ્છ | ૦ | ૪ | ૦ | ૩ | ૧ | ૪ |
| ૨૦ | મહિસાગર | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૪ |
| ૨૧ | મહેસાણા | ૦ | ૧૨ | ૦ | ૯ | ૧ | ૭ |
| ૨૨ | મોરબી | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૨૩ | નર્મદા | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૪ | નવસારી | ૦ | ૮ | ૦ | ૮ | ૧ | ૨ |
| ૨૫ | પંચમહાલ | ૮ | ૮ | ૦ | ૪ | ૨ | ૪ |
| ૨૬ | પાટણ | ૧ | ૩ | ૦ | ૪ | ૧ | ૩ |
| ૨૭ | પોરબંદર | ૨ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૮ | રાજકોટ | ૨ | ૩ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૨૯ | સાબરકાંઠા | ૧ | ૬ | ૦ | ૪ | ૧ | ૫ |
| ૩૦ | સુરત | ૨ | ૯ | ૦ | ૦ | ૩ | ૮ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૬ | ૦ | ૪ | ૧ | ૪ |
| ૩૨ | તાપી | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૩ |
| ૩૩ | વડોદરા | ૨ | ૪ | ૦ | ૩ | ૧ | ૪ |
| ૩૪ | વલસાડ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૫૯** | **૧૫૧** | **૦** | **૮૬** | **૫૯** | **૧૧૮** |

**પત્રક-૩**

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૨૧ | ૦ | ૪ | ૪ | ૬ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૪ | ૮ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૩ | અમરેલી | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૧ |
| ૪ | આણંદ | ૦ | ૬ | ૦ | ૪ | ૧ | ૨ |
| ૫ | અરવલ્લી | ૦ | ૯ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૭ | ૦ | ૨ | ૧ | ૨ |
| ૭ | ભરૂચ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૮ | ભાવનગર | ૧ | ૩ | ૦ | ૨ | ૦ | ૧ |
| ૯ | બોટાદ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | દાહોદ | ૧ | ૧૨ | ૦ | ૪ | ૦ | ૧ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૩ |
| ૧૫ | ગીર સોમનાથ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૮ | ખેડા | ૦ | ૮ | ૦ | ૫ | ૦ | ૧ |
| ૧૯ | કચ્છ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૨૦ | મહિસાગર | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૧ | મહેસાણા | ૦ | ૫ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નર્મદા | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૦ | ૩ | ૦ | ૩ | ૦ | ૧ |
| ૨૫ | પંચમહાલ | ૨ | ૧૦ | ૦ | ૩ | ૦ | ૨ |
| ૨૬ | પાટણ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨૭ | પોરબંદર | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૨૮ | રાજકોટ | ૧ | ૬ | ૦ | ૨ | ૦ | ૧ |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૨૯ | સાબરકાંઠા | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૩૦ | સુરત | ૨ | ૮ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૩ | ૦ | ૩ | ૦ | ૨ |
| ૩૨ | તાપી | ૦ | ૭ | ૦ | ૩ | ૦ | ૨ |
| ૩૩ | વડોદરા | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩૪ | વલસાડ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૧ |
| | **કુલ** | **૧૭** | **૧૫૭** | **૦** | **૫૮** | **૭** | **૩૯** |

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં આપેલ ગેરકાયદે પ્રવેશ**

અતારાંકિતઃ ૧૨૮૬ (૨૭-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાના ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં ગેરકાયદે પ્રવેશ બતાવી લાખો રૂપિયાની ફી ઉઘરાવવામાં આવી હોવાની કેટલી ઘટનાઓ બની,

(૨) ઉક્ત ઘટનાઓમાં કઈ સરકારી શાળાના કેટલા વિદ્યાર્થીઓને કઈ ખાનગી શાળામાં પ્રવેશ બતાવી કેટલી ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦-૧૨-૨૦૨૩)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદમાં ગોતાની સ્કૂલમાં વિદ્યાર્થીઓ પાસેથી ઈતર પ્રવૃત્તિ માટે વસૂલાતી ફી**

અતારાંકિતઃ ૧૨૯૨ (૨૭-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરના ગોતા વિસ્તારમાં આવેલ શેઠ અમુલખ સ્કૂલ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી ઈતર પ્રવૃત્તિના નામે વિવિધ પ્રકારની ફી વસૂલાતી હોવાની કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે કોની સામે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત શાળા દ્વારા કેટલા વિદ્યાર્થીઓ પાસેથી કયા હેતુઓ માટે કેટલી ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦-૧૨-૨૦૨૩)

(૧) ૧ (એક)

(૨) ઉક્ત ફરિયાદ અન્વયે શાળાને તા.૨૬-૦૯-૨૦૨૩ના રોજ શો-કોઝ નોટિસથી ખુલાસો માંગેલ જે અન્વયે શાળાએ તા.૨૯-૦૯-૨૦૨૩ના રોજ ખુલાસો મોકલેલ હતો અને તપાસ અધિકારીના જણાવ્યા મુજબ શાળા દ્વારા ફરજિયાતપણે ઈતર પ્રવૃત્તિની ફી ઉઘરાવવામાં આવતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાની ઉત્તરવહી ચકાસણીમાં ભૂલ બાબતે શિક્ષકોને દંડ**

અતારાંકિતઃ ૧૩૦૭ (૨૧–૧૨–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાની ઉત્તરવહીના માર્કસના સરવાળામાં ભૂલ કરી હોય તેવા કેટલા શિક્ષકોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા શિક્ષકોએ કેટલી દંડની રકમ જમા કરાવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શિક્ષકો પાસેથી કેટલી દંડની રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) બાકી રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૧–૦૧–૨૦૨૪)

(૧)

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર કુલ શિક્ષકોની સંખ્યા | | ભૂલ બદલ દંડની કુલ રકમ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ |
| ૨૦૨૧ | – | – | – | – |
| ૨૦૨૨ | ૧૬૨૧ | ૩૧૧૪ | ૨૨૨૬૯૫૦ | ૬૦૭૪૦૦૩ |
| ૨૦૨૩ | ૧૭૨૯ | ૨૭૫૪ | ૨૫૭૬૬૫૦ | ૪૫૬૩૬૦૦ |
| • માર્ચ–૨૦૨૧માં માસ પ્રમોશન હોય પરીક્ષા લેવાયેલ ન હોવાથી. | | | | |

(૨)

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર દંડ ભરેલ શિક્ષકોની સંખ્યા | | ભૂલ બદલ વસૂલ કરેલ દંડની રકમ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ |
| ૨૦૨૧ | – | – | – | – |
| ૨૦૨૨ | ૧૪૫૫ | ૧૯૮૪ | ૧૯૦૧૯૧૫ | ૩૩૯૧૭૦૦ |
| ૨૦૨૩ | ૧૦૩૨ | ૧૬૬૩ | ૧૪૯૫૧૫૦ | ૨૫૫૮૧૫૦ |
| • માર્ચ–૨૦૨૧માં માસ પ્રમોશન હોય પરીક્ષા લેવાયેલ ન હોવાથી. | | | | |

(૩)

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર બાકી શિક્ષકોની સંખ્યા | | બાકી લેણી દંડની રકમ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ | ધોરણ–૧૦ | ધોરણ–૧૨ |
| ૨૦૨૧ | – | – | – | – |
| ૨૦૨૨ | ૧૬૬ | ૧૧૩૦ | ૩૨૫૦૩૫ | ૨૬૮૨૩૦૩ |
| ૨૦૨૩ | ૬૯૭ | ૧૦૯૧ | ૧૦૮૧૫૦૦ | ૨૦૦૫૪૫૦ |
| • માર્ચ–૨૦૨૧માં માસ પ્રમોશન હોય પરીક્ષા લેવાયેલ ન હોવાથી. | | | | |

(૪)

- માર્ચ–૨૦૨૨ની પરીક્ષામાં ભૂલ બદલ દંડ ભરવામાં બાકી રહેલ વિષય શિક્ષકોની શાળાને તથા જિલ્લાની શિક્ષણાધિકારીશ્રી મારફતે જાણ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

- માર્ચ–૨૦૨૩ની પરીક્ષાની ભૂલ બદલ નોટિસ ઈસ્યૂ કરેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં પરવાનગી વગરની ખાનગી પ્રાથમિક શાળાઓ**

અતારાંકિતઃ ૧૪૩૭ (૦૬–૧૨–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ પકડવામાં આવી,

(૨) ઉક્ત શાળાઓ ક્યારથી કાર્યરત હોવાનું સામે આવ્યું,

(૩) ઉક્ત શાળાઓમાં ધોરણવાર કેટલા લાભાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતો હતો, અને

(૪) પરવાનગી વગર શાળાઓ ન ચાલે તે માટે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૧૨–૨૦૨૩)

(૧)

| જિલ્લો | અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી ખાનગી શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
| અમદાવાદ શહેર | ૦ | | |
| અમદાવાદ જિલ્લો | ૦ | | |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ મેળવેલ બોગસ પ્રવેશ**

અતારાંકિતઃ ૧૪૪૫ (૦૬–૧૨–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં આવક વધુ હોવા છતાં ઓછી આવક બતાવીને આર.ટી.ઈ. હેઠળ કેટલા વિદ્યાર્થીઓએ બોગસ પ્રવેશ મેળવ્યાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર બોગસ પ્રવેશ મેળવનાર સામે શા પગલાં લીધાં, અને

(૩) આર.ટી.ઈ. હેઠળ બોગસ પ્રવેશ અટકે તે માટે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૧૨–૨૦૨૩)

(૧)

| જિલ્લો | આવક વધુ હોવા છતાં ઓછી આવક બતાવીને આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
| અમદાવાદ શહેર | ૦ | | |
| અમદાવાદ જિલ્લો | ૦ | | |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં જિલ્લાવાર ખાદ્યતેલનું વિતરણ**

અતારાંકિતઃ ૧૦૫૬ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર જિલ્લાવાર કેટલા પરિવારોને રાહતદરે ખાદ્યતેલનું વિતરણ શા ભાવે કરવામાં આવ્યું,

(૨) ઉક્ત વિતરણ કરવામાં આવેલ ખાદ્યતેલ કોની પાસેથી કયા ભાવે કેટલો જથ્થો ખરીદવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર કોને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી:** (૧૪-૧૨-૨૦૨૩)

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર ખાદ્યતેલનું વિતરણ નીચે મુજબની વિગતે કરવામાં આવ્યુ. તથા રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ તથા વર્ષ ૨૦૨૩-૨૪ (સપ્ટે-૨૦૨૩ અંતિત) જિલ્લાવાર ખાદ્યતેલના વિતરણ અંગેનું પત્રક સામેલ રાખેલ છે.

| અ.નં. | વર્ષ | ખાદ્યતેલની વિગત | ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવેલ પરિવારોની સંખ્યા | વિતરણ ભાવ પ્રતિ પાઉચ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | રીફાઈન્ડ કપાસિયા તેલ | ૧,૩૬,૫૩,૫૫૪ | ૯૩/- |
| ૨ | ૨૦૨૨-૨૩ | ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ | ૧,૩૮,૧૪,૫૦૩ | ૧૦૦/- |
| ૩ | ૨૦૨૩-૨૪ (સપ્ટે-૨૩ અંતિત) | | ૬૮,૬૧,૬૯૬ | ૧૦૦/- |

(૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં ખાદ્યતેલના વિતરણ માટે સપ્લાયરો/ઉત્પાદકો પાસેથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે રીફાઈન્ડ કપાસિયા તેલ ૧ લીટર પાઉચ અને વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ (સપ્ટે-૨૩ અંતિત) માટે ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ ૧ લીટર પાઉચનો કયા ભાવે કેટલો જથ્થો ખરીદ્યો તથા વર્ષવાર કોને કેટલી રકમ ચૂકવવામાં આવી તે અંગેનું *પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યની સસ્તા અનાજની દુકાનમાં ડિજિટલ ત્રાજવાનો અમલ**

અતારાંકિતઃ ૧૨૩૩ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સસ્તા અનાજની એકપણ દુકાનમાં અનાજ જોખવા માટે ડિજિટલ ત્રાજવાનો ઉપયોગ કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ડિજિટલ ત્રાજવાનો અમલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી :** (૨૦-૧૨-૨૦૨૩)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

--------

**રાજ્યમાં ઘાસના સંગ્રહ કરવા માટેના ગોડાઉનો**

અતારાંકિતઃ ૧૧૪૭ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ અનામત અને બિનઅનામત ઘાસનો સંગ્રહ કરવા જિલ્લાવાર કેટલા ગોડાઉનો ઉપલબ્ધ છે અને તેની સંગ્રહ શક્તિ કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા વધુ ઘાસના ગોડાઉનની જરૂર છે, અને

(૩) ઉક્ત જરૂરિયાત મુજબના ગોડાઉનો ક્યાં સુધીમાં ઊભા કરવાનું આયોજન છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી:** (૨૨-૧૨-૨૦૨૩)

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ અનામત અને બિનઅનામત ઘાસનો સંગ્રહ કરવા જિલ્લાવાર ગોડાઉનો તથા સંગ્રહશક્તિ નીચે છે.

| જિલ્લાનું નામ | ગોડાઉનની સંખ્યા | સંગ્રહશક્તિ (લાખ કિ.ગ્રા.) |
|---|---|---|
| અમરેલી | ૨૪ | ૪૭.૦૦ |
| ગીર સોમનાથ | ૪ | ૬.૨૦ |
| જૂનાગઢ | ૪૫ | ૮૭.૮૦ |
| પોરબંદર | ૧૨ | ૨૩.૧૫ |
| પંચમહાલ | ૨૮ | ૪૮.૦૦ |
| દાહોદ | ૪૯ | ૧૦૪.૬૦ |
| છોટાઉદેપુર | ૧ | ૨.૦૦ |
| ભાવનગર | ૪૦ | ૯૧.૫૦ |
| બોટાદ | ૭ | ૧૭.૫૦ |
| રાજકોટ | ૩૯ | ૯૧.૫૦ |
| મોરબી | ૬ | ૧૩.૫૦ |
| જામનગર | ૩૫ | ૮૦.૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૬ | ૧૩.૦૦ |
| સુરેન્દ્રનગર | ૧૩ | ૧૭.૯૦ |
| કચ્છ | ૪૯ | ૮૫.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ હાલની પરિસ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ વધુ ઘાસ ગોડાઉનોની જરૂર છે.

| અ.નં. | જિલ્લાનું નામ | નવા ઘાસ ગોડાઉનની જરૂરીયાત |
|---|---|---|
| ૧ | જામનગર | ૪ |
| ૨ | મોરબી | ૩ |
| ૩ | ભાવનગર | ૩ |
| ૪ | જૂનાગઢ | ૧ |
| ૫ | દેવભૂમિ દ્વારકા | ૪ |

(૩) ઉક્ત જરૂરિયાત મુજબના ગોડાઉનો આવનાર વર્ષોમાં બજેટની ઉપલબ્ધતા મુજબ બાંધવાનું આયોજન છે.

--------

**રાજ્યમાં જંગલોમાં આગની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૧૫૬ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યના જંગલોમાં આગની કેટલી ઘટના બની,

(૨) તેમાં કેટલા વૃક્ષો, પ્રાણીઓ અને પક્ષીઓનો નાશ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગને ઝડપી બુઝાવવા માટે કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨-૧૨-૨૦૨૩)

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યના જંગલોમાં આગની ઘટના નીચે મુજબ છે.

| વર્ષ | ઘટનાની સંખ્યા |
|---|---|
| ૧૯-૦૯-૨૦ થી ૧૫-૦૯-૨૧ | ૧૨૩૧ |
| ૧૯-૦૯-૨૧ થી ૧૫-૦૯-૨૨ | ૭૯૯ |
| ૧૯-૦૯-૨૨ થી ૧૫-૦૯-૨૩ | ૮૪૭ |

(૨) તેમાં ૪૦ વૃક્ષોનો નાશ થયો. જ્યારે કોઈ પ્રાણીઓ અને પક્ષીઓનો નાશ થયેલ નથી.

(૩) રાજ્યના જંગલોમાં લાગેલ આગ (દવ)ને ઝડપથી ઓલવવા/બુજાવવા માટે જરૂરી સંશોધનો જેવા કે એર બ્લોવર પાણીની ટેન્કરો, દવ ટુકડીઓ રાખવામાં આવે છે. તે ઉપરાંત વન વિસ્તારમાં ફાયરલાઈન બનાવવામાં આવે છે.

--------

**પાટણ, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ઘાસના ગોડાઉનો**

અતારાંકિતઃ ૧૧૬૮ (૧૩-૧૦-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં અનામત અને બિન અનામત ઘાસનો સંગ્રહ કરવા પાટણમાં ૪, પંચમહાલમાં ૫ અને દાહોદમાં ૭ નવા ઘાસના ગોડાઉનની જરૂરિયાત હતી તે પૈકી તા.૩૦-૦૯-૨૦૨૩ સ્થિતિએ જિલ્લાવાર કેટલા ગોડાઉન બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા ગોડાઉન ક્યા કારણોસર બાંધવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગોડાઉન ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી:** (૨૨-૧૨-૨૦૨૩)

(૧) રાજ્યમાં અનામત અને બિન અનામત ઘાસનો સંગ્રહ કરવા પાટણમાં ૪ ગોડાઉનની જરૂરિયાત હતી પરંતુ કચ્છ જિલ્લાના ઘાસ ઉત્પાદન અને સંગ્રહ ક્ષમતા ધ્યાને લેતા પાટણ જિલ્લાના ૪ ગોડાઉન કચ્છ જિલ્લામાં તબદીલ કરેલ છે. પંચમહાલમાં ૫ અને દાહોદમાં ૭ નવા ઘાસના ગોડાઉનોની જરૂરીયાત હતી તે પૈકી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ ગોડાઉન બનાવવામાં આવ્યા.

| જિલ્લાનું નામ | બનાવેલ ગોડાઉનની સંખ્યા |
|---|---|
| પાટણ | ૦ |
| પંચમહાલ | ૫ |
| દાહોદ | ૭ |

(૨) કચ્છ જિલ્લાના ઘાસ ઉત્પાદન અને સંગ્રહ ક્ષમતા ધ્યાને લેતા પાટણ જિલ્લાના ૪ ગોડાઉન કચ્છ જિલ્લામાં તબદીલ કરેલ છે. જેની પાટણ જિલ્લામાં ગોડાઉન બાંધવામાં આવેલ નથી તથા પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કોઈ ગોડાઉન બાંધવાના બાકીમાં નથી.

(૩) પાટણ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તથા પંચમહાલ અને દાહોદ જિલ્લામાં જરૂરીયાત મુજબના ગોડાઉન બાંધવામાં આવેલ છે,

--------

**રાજ્યમાં હેરિટેજ વૃક્ષોનું સંરક્ષણ**

અતારાંકિતઃ ૧૧૭૫ (૧૩-૧૦-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કયા-કયા વૃક્ષોને હેરિટેજ વૃક્ષો તરીકે જાહેર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હેરિટેજ વૃક્ષોના સંરક્ષણ માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તે અન્વયે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૨૨–૧૨–૨૦૨૩)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કોઈ વૃક્ષોને સરકારશ્રી દ્વારા હેરિટેજ વૃક્ષો તરીકે જાહેર કરવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગીર સોમનાથ, અમરેલી અને કચ્છ જિલ્લામાં ઘાસના ગોડાઉનો**

અતારાંકિતઃ ૧૧૮૩ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં અનામત અને બિન અનામત ઘાસનો સંગ્રહ ગીર સોમનાથમાં ૧, અમરેલીમાં ૭ અને કચ્છમાં ૧૬ નવા ઘાસના ગોડાઉનની જરૂરિયાત હતી તે પૈકી તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા ગોડાઉન બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા ગોડાઉન કયા કારણોસર બાંધવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગોડાઉન ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી:** (૨૨–૧૨–૨૦૨૩)

(૧)

| **જિલ્લાનું નામ** | **બનાવેલ ગોડાનની સંખ્યા** |
|---|---|
| ગીર સોમનાથ | ૧ |
| અમરેલી | ૭ |
| કચ્છ | ૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લાના ૯ ગોડાઉન બાંધવાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત બાકી ગોડાઉન ચાલુ નાણાકીય વર્ષમાં બાંધવામાં આવશે.

--------

**વન પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૫૬ (૧૦–૧૧–૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વન પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**વન મંત્રીશ્રી :** (૨૦–૧૨–૨૦૨૪)

(૧) વન પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર નીચે મુજબ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | બજેટ જોગવાઈ | |
|---|---|---|
| | મુળ | સુધારેલ |
| ૨૦૨૦–૨૧ | ૧૫૬૬.૫૧ | ૧૩૧૬.૯૦ |
| ૨૦૨૧–૨૨ | ૧૭૭૮.૯૮ | ૧૫૬૫.૯૮ |
| ૨૦૨૨–૨૩ | ૧૭૬૭.૨૩ | ૧૭૦૧.૯૮ |
| ૨૦૨૩–૨૪ | ૧૯૭૮.૭૪ | – |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૩૧૬.૪૭ |
| ૨૦૨૧–૨૨ | ૧૫૫૭.૩૭ |
| ૨૦૨૨–૨૩ | ૧૬૫૮.૩૦ |
| ૨૦૨૩–૨૪ (૩૦.૦૯.૨૦૨૩ સુધી) | ૧૧૯૯.૫૪ |

(૩) વર્ષવાર વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૩૧૨.૮૬ | ૩.૬૧* |
| ૨૦૨૧–૨૨ | ૧૫૩૨.૫૨ | ૨૪.૮૫* |
| ૨૦૨૨–૨૩ | ૧૬૨૪.૧૫ | ૩૪.૧૫* |
| ૨૦૨૩–૨૪ (૩૦.૦૯.૨૦૨૩ સુધી) | ૬૧૮.૩૫ | ૫૮૧.૧૯ |

(*) ઉક્ત રકમ વિભાગમાં ખાલી રહેલ મહેકમના કારણે વણવપરાયેલ રહેલ છે. જે સામાન્ય છે.

--------

## રાજ્યમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

અતારાંકિતઃ ૧૪૩૬ (૧૦–૧૧–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ક્ષમતાના સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ કરવું પડે તેવું કેટલું (એસટીપી) ગંદુ પાણી નીકળે છે,

(૩) ઉક્ત સ્થિતિએ ક્ષમતા કરતાં વધુ ગંદુ પાણી નીકળતું હોય તો તે પાણીને સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ થાય તે માટે શાં પગલાં લેવામાં (એસટીપી) આવ્યા ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી:** (૨૭–૧૨–૨૦૨૩)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૫૨૩૫.૦૪ MLD ક્ષમતાના સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) આવેલા છે. (શહેરી વિસ્તાર)

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)માં ટ્રીટમેન્ટ કરવું પડે તેવું ૪૩૬૮.૪૧ MLD ગંદુ પાણી નીકળે છે.

(૩) ઉક્ત સ્થિતિએ સદર પરિસ્થિતિ માટે ૯૪૪.૪૨ MLD ક્ષમતાના ૫૫ STP ની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ૯૨૯.૮૦ MLD ક્ષમતાના ૪૫ STP મંજૂરી હેઠળ છે. જે પૂર્ણ થયેલી રાજ્યના શહેરી વિસ્તારોમાં ઉત્પન થતાં ગંદા પાણીનો તમામ જથ્થો ટ્રીટ થઈ શકશે.

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી

--------

**રાજ્યમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ**

અતારાંકિતઃ ૧૪૪૧ (૧૦-૧૧-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) કેટલા આવેલા છે,

(૨) ઉક્ત પ્લાન્ટની ક્ષમતા કેટલી છે,

(૩) ઉક્ત સ્થિતીએ કેટલી ક્ષમતાના કેટલા નવા સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત કેટલા નવા પ્લાન્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી:** (૨૭-૧૨-૨૦૨૩)

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૧૬૭ સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) આવેલા છે. (શહેરી વિસ્તાર)

(૨) ઉક્ત પ્લાન્ટની ક્ષમતા ૫૨૩૫.૦૪ MLD છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૯૪૪.૪૨ MLD ક્ષમતાના ૫૫ STPની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ૯૨૯.૮૦ MLD ક્ષમતાના ૪૫ એસટીપી મંજૂરી હેઠળ છે.

(૪) ઉક્ત કામગીરી પ્રગતી હેઠળના ૫૫ STP ડિસેમ્બર ૨૦૨૪ તથા મંજૂરી હેઠળના ૪૫ STP ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કાર્યરત આવનાર છે.

--------

**રાજ્યમાં કસ્ટોડીયલ ડેથના બનાનો**

અતારાંકિતઃ ૯૪૭ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો બન્યા, અને

(૨) તે અંગે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૧૨-૨૦૨૩)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) જવાબદાર પોલીસ/અધિકારી/કર્મચારી સામે તપાસ, ફરજ મોકૂફી, રોકડ દંડની શિક્ષા, રીપ્રિમાન્ડની શિક્ષા, ઈજાફો અટકાવવાની શિક્ષા, કારણદર્શક નોટિસ, પ્રાથમિક તપાસ, ચાર્જશીટ દાખલ કરી અને કસ્ટડીમાં લેવા સહિત નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| અનુ.નં. | શહેર/જિલ્લાનું નામ | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૧ | | તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૦૨ | ૨૧ | ૦૦ | ૨૫ | ૦૨ |
| ૨ | રાજકોટ શહેર | ૦૭ | ૦૧ | ૧૧ | ૦૦ | ૦૮ | ૦૨ |
| ૩ | સુરત શહેર | ૦૯ | ૦૧ | ૧૧ | ૦૧ | ૦૮ | ૦૧ |
| ૪ | વડોદરા શહેર | ૧૦ | ૦૨ | ૦૭ | ૦૧ | ૧૦ | ૦૧ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ખેડા | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૭ | આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| અનુ.નં. | શહેર/જિલ્લાનું નામ | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૧ | | તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી | જેલ કસ્ટડી | પોલીસ કસ્ટડી |
| ૮ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | સાબરકાંઠા | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૧૧ | મહેસાણા | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૨ | જામનગર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૫ | મોરબી | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૧૮ | કચ્છ–ભુજ | ૦૯ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૯ | કચ્છ–ગાંધીધામ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૨૦ | પાટણ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૨૧ | અમરેલી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | ભાવનગર | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨૩ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨૪ | જૂનાગઢ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૬ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮ | છોટાઉદેપુર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૯ | ભરૂચ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩૦ | નર્મદા | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૧ | પંચમહાલ–ગોધરા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩૨ | મહીસાગર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩૩ | દાહોદ | ૦૩ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૨ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩૫ | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૬ | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૩૭ | નવસારી | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ |
| ૩૮ | ડાંગ–આહવા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

--------

**રાજકોટ શહેર અને જિલ્લામાં એલઆરડીની બોગસ ભરતી**

અતારાંકિતઃ ૧૦૮૦ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર અને જિલ્લામાં પોલીસ વિભાગમાં બોગસ કોલલેટરથી એલઆરડીની ભરતી થયા હોવાના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનાઓમાં બોગસ કોલલેટરથી કેટલા ઈસમો ભરતી થયાનું સામે આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઈસમો સામે શા પગલાં લીધાં,

(૪) ઉક્ત ગુનાઓમાં સંડોવાયેલા કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૫) પોલીસ વિભાગમાં ભરતીમાં ગેરરીતિ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦–૧૨–૨૦૨૩)

(૧)

| તા.૧૬/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૩ | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **નોંધાયેલ ગુના** |
| રાજકોટ શહેર | ૦૧ |
| રાજકોટ ગ્રામ્ય | ૦૦ |

(૨) એકપણ નહીં.

(૩) ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ૧૨ આરોપીઓ પકડવાના બાકી છે.

(૫) ગુજરાત સરકાર દ્વારા પોલીસ વિભાગમાં ભરતીમાં ગેરરીતિ અટકે તે માટે પરીક્ષાના સ્થળે સઘન બંદોબસ્ત રાખવામાં આવે છે.

- ➢ તમામ ભરતી પ્રક્રિયા ઉચ્ચ અધિકારીશ્રીઓની સતત દેખરેખ હેઠળ યોજવામાં આવે છે.
- ➢ લેખિત પરીક્ષાના સ્થળે તેમજ શારીરિક પરીક્ષાના સ્થળે સી.સી.ટી.વી. કેમેરાના ઉપયોગથી દેખરેખ રાખવામાં આવે છે.
- ➢ પરીક્ષામાં ગેરરીતિ નિવારવા અદ્યતન આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.
- ➢ પરીક્ષામાં પાસ જાહેર થયેલ ઉમેદવારોના કોલલેટરની તેમજ દસ્તાવેજોની ઉચ્ચ કક્ષાએ સઘન ચકાસણી કરવામાં આવે છે.

**રાજ્યમાં થાપણદારોના હિતના રક્ષણ માટે ડિઝીગ્નેટેડ કોર્ટની સ્થાપના**

અતારાંકિતઃ ૧૨૭૦ (૧૭-૧૧-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત (નાણાકીય સંસ્થાઓમાં) થાપણદારોના હિતના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૦૩ હેઠળ ડીઝીગ્નેટેડ કોર્ટ સ્થાપવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી ડીઝીગ્નેટેડ કોર્ટ ક્યા સ્થળે ક્યારથી કાર્યરત છે,

(૩) જો ડીઝીગ્નેટેડ કોર્ટ સ્થાપવામાં ન આવેલ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧-૧૨-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) કાયદા વિભાગના તા.૧૫/૧૨/૨૦૧૭ના જાહેરનામા મુજબ કુલ-૦૪ ડીઝીગ્નેટેડ કોર્ટ અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે તા.૧૫/૧૨/૨૦૧૭ થી કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યની જેલોમાં કાચા કામના કેદીઓ બાબત**

અતારાંકિતઃ ૧૪૩૮ (૩૦-૧૧-૨૦૨૩) **શ્રી હેમંત આહીર** (જામજોધપુર): **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની જેલોમાં કેટલા કાચા કામના કેદીઓ રાખવામાં આવ્યા છે,

(૨) તે પૈકી કેટલા કાચા કામના કેદીઓ જામીન પર મુક્ત થવાને પાત્ર બને છે, અને

(૩) મુક્ત થવાને પાત્ર તમામ કાચા કામના કેદીઓને ક્યાં સુધીમાં જરૂરી કાર્યવાહી હાથ ધરીને મુક્ત કરવામાં આવનાર છે ?

**જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૯-૧૨-૨૦૨૩)

(૧) ૧૨,૫૮૫

(૨) જેલોમાં રહેલ કાચા કામના કેદીઓને જામીન મુક્ત કરવાની સત્તા નામદાર કોર્ટની છે, તેથી નામદાર કોર્ટના હુકમોને આધિન કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરતની પાનસરા જી.આઈ.ડી.સી. માં ગેસ ગળતરની દુર્ઘટના**

અતારાંકિતઃ ૧૪૧૦ (૦૪-૧૨-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે માસમાં સુરતની પાનસરા જી.આઇ.ડી.સી.માં ગેસ ગળતરના કારણે કેટલા શ્રમિકોના મૃત્યુ થયા,

(૨) ઉક્ત દુર્ઘટનામાં કઈ કંપનીમાંથી ક્યા પ્રકારના ઝેરી ગેસ કે કેમિકલ્સને લગતી કામગીરી દરમ્યાન ક્યા કારણોસર દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શ્રમિકોના પરિવારજનોને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૪) ઉક્ત ઘટનામાં સંબંધિત કઈ કંપની સામે શા પગલાં લીધાં ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૯-૧૨-૨૦૨૩)

(૧) સુરત જિલ્લામાં કોઈ પાનસરા જી.આઈ.ડી.સી. આવેલ નથી. પરંતુ સુરત જિલ્લા ખાતે પાંડેસરા, સચીન, ઈચ્છાપોર-ભાટપોર, કતારગામ, ખટોદરા, હજીરા, મગદલ્લા અને ઓલપાડ વિગેરે ખાતે જી.આઈ.ડી.સી. આવેલ છે. તા.૦૧/૦૯/૨૦૨૩ થી તા.૩૧/૧૦/૨૦૨૩ સુધીના સમયગાળામાં ઉપરોક્ત જી.આઈ.ડી.સી. ખાતે અત્રેના તાબા હેઠળની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, અમદાવાદના રેકર્ડ મુજબ ગેસ ગળતરના કારણે કોઈ શ્રમિકનું મૃત્યુ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મદદનીશ સરકારી વકીલની ભરતીમાં અનામત ધોરણો**

અતારાંકિતઃ ૧૪૨૭ (૧૦-૧૧-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ મદદનીશ સરકારી વકીલના ભરતી નિયમો અને પ્રક્રિયા સંદર્ભે હાલ ક્યા નિયમો અસ્તિત્વમાં છે,

(૨) ઉક્ત સંવર્ગની ભરતી પ્રક્રિયામાં અનામતના ધોરણો લાગુ પડે છે કે કેમ,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગનું પગાર ધોરણ શું છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગનું કુલ સંખ્યાબળ કેટલું છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૨૦-૧૨-૨૦૨૩)

(૧) આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૦૮.

(૨) હા.

(૩) રૂ.૫૩૧૦૦-૧૬૭૮૦૦/-

(૪) કાર્યભારણને આધારે કાર્યરત કુલ સંખ્યાબળ-૫૮૭

**રાજ્યમાં ઉંડા ગયેલા જળ સ્તર**

અતારાંકિતઃ ૧૦૭૯ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકાવાર ભૂગર્ભ જળના સ્તર કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ જળ સ્તર ઊંડા જવાના કારણો શા છે, અને

(૩) જળ સ્તર ઊંચા લાવવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૨–૧૨–૨૦૨૩)

(૧) રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તરની તાલુકાવાર વિગતો *પત્રક–૧ માં સામેલ છે.

(૨) (૧) વરસાદની અનિયમિતતા અને

(૨) ભૂગર્ભ જળનો વધારે પડતો વપરાશ

(૩) રાજ્યમાં ભૂગર્ભ જળનાં સ્તર ઉંચા લાવવા માટે જળ સંપત્તિ વિભાગ દ્વારા જળ સંચયના કામો જેવા કે ચેકડેમ બનાવવા અને રીપેરીંગ કરવા, તળાવો ઉંડા કરવા, ચેકડેમેમાં ડી–સીલ્ટીંગની કામગીરી વગેરે કરવામાં આવે છે.

ગુજરાતના ૬ જિલ્લાઓના ૩૬ તાલુકાઓ (રાજ્યના ઓવર એક્ષ્પ્લોઈટેડ, ક્રીટીકલ અને સેમી ક્રીટીકલ કક્ષામાં આવતા –વર્ષ ૨૦૧૭ ના અંદાજ મુજબ) ના ૧૮૭૩ ગ્રામ પંચાયતોમાં હાલમાં અટલ ભુજલ યોજના કાર્યરત છે.

અટલ ભુજલ યોજના ભૂગર્ભ જળને લગતી છે અને તેનું લક્ષ્ય દેશના એવા ભાગોમાં ભુજળ સ્તરને ઉપર લાવવાનું છે કે જ્યાં ભૂગર્ભ જળનું સ્તર ઘણુ જ નીચે ઉતરી ગયેલું છે.

અટલ ભુજલ યોજનાના વિસ્તારમાં રિચાર્જ ટ્યુબવેલ તેમજ સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ (ડ્રીપ/સ્પ્રીંકલર) નું આયોજન કરવામાં આવ્યું છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**કલ્પસર પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૨૭ (૧૭–૧૧–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કલ્પસર પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આલેવ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર)**:** (૦૧–૦૧–૨૦૨૪)

(૧) કલ્પસર પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં બજેટ જાગવાઈની રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મૂળ બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) | સુધારેલ બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | ૨૦૨૦–૨૧ | ૪૦૪૧૪.૧૦ | ૬૦૨૩૦.૬૨ |
| ૨. | ૨૦૨૧–૨૨ | ૧૫૦૦૫૬.૬૪ | ૪૧૫૩૩.૧૮ |
| ૩. | ૨૦૨૨–૨૩ | ૧૩૧૨૦૦.૦૦ | ૯૬૫૦૮.૩૩ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ સ્થિતિએ નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૨૦–૨૧ | ૪૨૦૫૧.૪૦ |
| ૨. | ૨૦૨૧–૨૨ | ૪૦૯૨૫.૭૦ |
| ૩. | ૨૦૨૨–૨૩ | ૬૬૧૭૭.૭૬ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર વપરાયેલ રકમ અને અને વણવપરાયેલ રકમની વિગતે નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વપરાયેલ રકમ (રૂ. લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) | કારણો |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૨૦–૨૧ | ૪૧૯૪૪.૭૪ | ૧૦૬.૬૬ | –વૈશ્વિક મહામારી કોવિડ–૧૯ને કારણે ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામમાં નિર્ધારીત પ્રગતિ ન થવાને કારણે.<br>– મંજૂર થયેલ મહેકમ મુજબની જગ્યાઓ ન ભરાવવાને કારણે |
| ૨. | ૨૦૨૧–૨૨ | ૪૦૮૭૬.૪૪ | ૪૯.૨૬ | – મંજૂર થયેલ મહેકમ મુજબની જગ્યાઓ ન ભરાવવાને કારણે અને CEIA રીપોર્ટનું આખરીકરણ પ્રગતિમાં હોવાથી. |
| ૩. | ૨૦૨૨–૨૩ | ૬૬૧૬૩.૪૨ | ૧૪.૩૩ | – મંજૂર થયેલ મહેકમ મુજબની જગ્યાઓ ન ભરાવવાને કારણે |

**રાજ્યમાં તાલુકા પંચાયત કચેરીનું મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૧૩૭ (૦૧–૦૫–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, સંવર્ગવાર તાલુકા પંચાયત કચેરીઓનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ કેટલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૦૬–૧૧–૨૦૨૩)

(૧) *પત્રક–અ મુજબ

(૨) *પત્રક–બ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓમાં વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યાઓ સરકારશ્રી દ્વારા ભરવામાં આવે છે અને વર્ગ–૩ની જુદા જુદા સંવર્ગની સીધી ભરતીની ખાલી જગ્યાઓ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત અને બઢતીથી જગ્યાઓ જિલ્લા કક્ષાએ ખાતાકીય બઢી સમિતિ દ્વારા બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર પ્રવર્તમાન જોગવાઈ અનુસાર આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૫૧૦ (૦૬–૧૨–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવી.

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) ઉક્ત વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૨૯–૧૨–૨૦૨૩)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવી છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૧૬૨૫૦૧.૧૬ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૧૭૪૯૮૫.૯૧ |
| ૩ | ૨૦૨૩–૨૪ | ૧૨૯૮૨૬.૭૮ |

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી કોઈ ગ્રાન્ટ વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ જેતે લાભાર્થી/પેઢીના ખાતામાં આ રકમ સીધી જ એફટીઓ (FTO) એટલે કે ફંડ ટ્રાન્સફર ઓર્ડર (Fund Transfer Order)થી જમા થાય છે.

(૩) ઉક્ત વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી બધી જ રકમનો એફટીઓ (FTO) એટલે કે ફંડ ટ્રાન્સફર ઓર્ડર (Fund Transfer Order) દ્વારા તાલુકાવાર ખર્ચ થતો હોવાના કારણે રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

--------

**માર્ગ અને મકાન વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૨૧ (૧૭–૧૧–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) માર્ગ અને મકાન વિભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૩–૦૧–૨૦૨૪)

(૧)

| વર્ષ | જોગવાઈ |
|---|---|
| ૨૦૨૦–૨૧ | રૂ.૧૦૧૯૯.૯૮ કરોડ |
| ૨૦૨૧–૨૨ | રૂ.૧૧૧૮૪.૬૨ કરોડ |
| ૨૦૨૨–૨૩ | રૂ.૧૨૦૨૪.૩૪ કરોડ |

(૨)

| વર્ષ | ફાળવેલ ગ્રાંટ |
|---|---|
| ૨૦૨૦–૨૧ | રૂ.૧૧૧૪૧.૮૬ કરોડ |
| ૨૦૨૧–૨૨ | રૂ.૧૧૫૬૨.૧૩ કરોડ |
| ૨૦૨૨–૨૩ | રૂ.૧૨૭૦૧.૪૦ કરોડ |

(૩) વર્ષ ૨૦૨૦–૨૧માં રૂ.૧૧૦૩૭.૮૫ કરોડની રકમ વપરાઈ અને કામગીરી અનુસાર ચૂકવણાં કરતા રૂ.૧૦૪.૦૧ કરોડ (ફાળવેલ ગ્રાંટના ૦.૯૩%) જેવી નગણ્ય રકમ વણવપરાયેલ રહેલ છે.

વર્ષ ૨૦૨૧–૨૨માં રૂ.૧૧૫૩૯.૨૩ કરોડની રકમ વપરાઈ અને કામગીરી અનુસાર ચૂકવણાં કરતા રૂ.૨૨.૮૯ કરોડ (ફાળવેલ ગ્રાંટના ૦.૧૯%) જેવી નગણ્ય રકમ વણવપરાયેલ રહેલ છે.

વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૧૨૬૦૯.૩૧ કરોડની રકમ વપરાઈ અને કામગીરી અનુસાર ચૂકવણાં કરતા રૂ.૯૨.૦૯ કરોડ (ફાળવેલ ગ્રાંટના ૦.૭૨%) જેવી નગણ્ય રકમ વણવપરાયેલ રહેલ છે.

--------

તા. ર૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓ માટે એરહોસ્ટેસ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટ યોજના**

અતારાંકિતઃ ૧૧૨૮ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓને એરહોસ્ટેસ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટની તાલીમ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આવા કેટલા યુવક/યુવતીઓને ઉક્ત તાલીમ આપવામાં આવી,

(૩) તે માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ વપરાઈ ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૧૯-૧૨-૨૦૨૩)

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ભિક્ષા પ્રતિબંધ ધારા હેઠળ આપવામાં આવતાં અધિકાર પત્ર**

અતારાંકિતઃ ૧૨૭૭ (૧૦-૧૧-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ભિક્ષા પ્રતિબંધક ધારા અને નિયમો હેઠળ પૈસા, ખોરાક અથવા બક્ષિસોની યાચના કરવા માટેના કેટલા અધિકાર પત્ર આપવામાં આવ્યા છે, અને

(૨) આ અધિકાર પત્રો આપવાના કારણો શા છે અને તેની મુદત કેટલા સમય માટેની હોય છે. ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:** (૦૨-૦૧-૨૦૨૪)

(૧) શૂન્ય માહિતી

(૨) શૂન્ય માહિતી

**ભિક્ષા અધિકાર પત્ર વગરનાં ભિક્ષુકો સામે કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૨૯૫ (૧૦-૧૧-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જાહેર સ્થળોએ અને રસ્તાઓ પર પૈસા, ખોરાક અથવા બક્ષિસોની યાચના કરવા માટેના અધિકાર પત્ર વગર ભિક્ષુકો ભીખ માંગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલા ભિક્ષુકોને પકડીને શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) જાહેર રસ્તાઓ અને સ્થળોએ અધિકાર પત્ર વગર ભિક્ષુકોને ભીખ ન માંગે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૦૨-૦૧-૨૦૨૩)

(૧) હા

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર ભિક્ષુકોને પકડીને કરેલ કાર્યવાહી અંગેનું પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૩) જાહેર રસ્તા અને સ્થળોએ ભીખ ન માંગે તે માટે પોલિસના પરામર્શમાં રહી રાઉન્ડ અપ કરવામાં આવે છે, અને પકડાયેલા ભિક્ષુકોને ભીખ ન માંગે તે માટે સમજાવવામાં આવે છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | કેટલાં ભિક્ષુકો પકડવામાં આવ્યા | | | નામ. કોર્ટના હુકમથી સંસ્થામાં એક વર્ષ માટે કમિટ કરવામાં આવ્યા | | | નામ. કોર્ટ દ્વારા ઠપકો આપીને છોડી મુક્યાં | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
| ૧ | અમદાવાદ | ૪૧ | ૫૧ | ૫૧ | ૩૩ | ૪૭ | ૩૯ | ૮ | ૪ | ૧૨ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૬ | ૪ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૬ | ૪ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯ | ૯ | ૨૯ | ૪ | ૮ | ૧૨ | ૫ | ૧ | ૧૭ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૮ | ૨૯ | ૩૦ | ૨૦ | ૧૫ | ૨૩ | ૨૮ | ૧૪ | ૭ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૮૨ | ૯૨ | ૯૧ | ૬૬ | ૭૬ | ૫૮ | ૧૬ | ૧૬ | ૩૩ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૦ | ૩૨ | ૫૧ | ૦ | ૯ | ૨૧ | ૦ | ૨૩ | ૩૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૨૪ | ૬૧ | ૨૧ | ૧૦ | ૧૧ | ૧૦ | ૧૪ | ૫૦ | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨૧૬** | **૨૮૦** | **૨૭૭** | **૧૩૩** | **૧૬૬** | **૧૬૩** | **૮૩** | **૧૧૪** | **૧૧૪** |

## ભિક્ષા પ્રતિબંધિત ધારા હેઠળ કાર્યવાહી

અતારાંકિતઃ ૧૩૦૬ (૧૦–૧૧–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર ભીખ માંગતા કેટલાં વ્યક્તિઓને ભિક્ષા પ્રતિબંધક ધારા હેઠળ પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલાં ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ધારાનો કડક અમલ થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૦૨–૦૧–૨૦૨૪)

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર ભીખ માંગતા પકડવામાં આવેલ ભિક્ષુકો. (પત્રક-૧ આ સાથે સામેલ છે.)

(૨) વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઇસમો સામે થયેલ કાર્યવાહી અંગેનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત ધારાનો કડક અમલ થાય તે માટે પોલીસના સંકલનમાં રહી રાઉન્ડ અપ કરવામાં આવે છે.

**પત્રક-૧**

| તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર ભીખ માંગતા પકડવામાં આવેલ ભિક્ષુકો | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
| ૧ | અમદાવાદ | ૪૧ | ૫૧ | ૫૧ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૬ | ૪ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯ | ૯ | ૨૯ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૮ | ૨૯ | ૩૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહીસાગર | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૮૨ | ૯૨ | ૯૧ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૦ | ૩૨ | ૫૧ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૨૪ | ૬૧ | ૨૧ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨૧૬** | **૨૮૦** | **૨૭૭** |

**પત્રક-૨**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **કેટલા ભિક્ષુકો પકડવામાં આવ્યા** | | | **નામ. કોર્ટના હુકમથી સંસ્થામાં એક વર્ષ માટે કમિટ કરવામાં આવ્યા** | | | **નામ. કોર્ટ દ્વારા ઠપકો આપીને છોડી મુક્યાં** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
| ૧ | અમદાવાદ | ૪૧ | ૫૧ | ૫૧ | ૩૩ | ૪૭ | ૩૯ | ૮ | ૪ | ૧૨ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૨ | ૬ | ૪ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૬ | ૪ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | કેટલા ભિક્ષુકો પકડવામાં આવ્યા | | | નામ. કોર્ટના હુકમથી સંસ્થામાં એક વર્ષ માટે કમિટ કરવામાં આવ્યા | | | નામ. કોર્ટ દ્વારા ઠપકો આપીને છોડી મુક્યાં | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૯ | ૯ | ૨૯ | ૪ | ૮ | ૧૨ | ૫ | ૧ | ૧૭ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૮ | ૨૯ | ૩૦ | ૨૦ | ૧૫ | ૨૩ | ૨૮ | ૧૪ | ૭ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૮૨ | ૯૨ | ૯૧ | ૬૬ | ૭૬ | ૫૮ | ૧૬ | ૧૬ | ૩૩ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૦ | ૩૨ | ૫૧ | ૦ | ૯ | ૨૧ | ૦ | ૨૩ | ૩૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૨૪ | ૬૧ | ૨૧ | ૧૦ | ૧૧ | ૧૦ | ૧૪ | ૫૦ | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨૧૬** | **૨૮૦** | **૨૭૭** | **૧૩૩** | **૧૬૬** | **૧૬૩** | **૮૩** | **૧૧૪** | **૧૧૪** |

### રાજ્યમાં શહેરવાર પ્રધાનમંત્રી આવાસ યોજના

અતારાંકિતઃ ૧૦૦૬ (૦૫–૧૦–૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજયમાં શહેરવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસ બાંધવાનું નકકી કરવામાં આવ્યું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, શહેરવાર કેટલા આવાસ બાંધવાની વહીવટી મંજૂરી આપવામાં આવી,

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી ઉક્ત સ્થિતિએ શહેરવાર, વર્ષવાર કેટલા આવાસની કામગીરી પૂર્ણ થઇ અને કબ્જો લાભાર્થીને સોંપવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ શહેરવાર કેટલા આવાસની કામગીરી ચાલે છે કે બાકી છે તે કયા સુધીમાં પૂર્ણ કરીને આવાસનો કબ્જો લાભાર્થીને સોંપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૧૨–૧૨–૨૦૨૩)

(૧) *એનેક્ષર–૧ મુજબ.

(૨) * એનેક્ષર–૨ મુજબ.

(૩) * એનેક્ષર–૩ મુજબ.

(૪) શહેરવાર આવાસોની બાકી અને ચાલુ કામગીરીની વિગતો એનેક્ષર–૪ માં સામેલ છે જયારે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બી.એલ.સી. ઘટક અંતર્ગતના પ્રગતિ હેઠળના આવાસો પૈકી સદર ઘટક હેઠળ લાભાર્થી પોતાની આગેવાની હેઠળ જાતે જ મકાન બાંધકામ કરતા હોવાથી કામગીરીના તબક્કા મુજબ બાંધકામ સહાય ચૂકવવામાં આવતી હોઇ લાભાર્થીને મકાનનો કબ્જો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જયારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના સમુચિત

અતારાંકિત પ્રશ્નોની યાદી

સત્તામંડળ આયોજીત એએચપી તેમજ આઇએસએસઆર ઘટક હેઠળના આવાસો બનતી ત્વરાએ પૂર્ણ કરી લાભાર્થીને કબ્જો સોંપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

(એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં શહેરવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોનું બાંધકામ**

અતારાંકિતઃ ૧૦૧૯ (૦૫–૧૦–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેરવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસ બાંધવાનું નકકી કરવામાં આવ્યું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, શહેરવાર કેટલા આવાસ બાંધવાની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી જિલ્લાવાર, શહેરવાર કેટલા આવાસની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૧૨–૧૨–૨૦૨૩)

(૧) *એનેક્ષર–૧ મુજબ.

(૨) * એનેક્ષર–૨ મુજબ.

(૩) * એનેક્ષર–૩ મુજબ.

(એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ઝોન ફેરફારની મંજૂરી**

અતારાંકિતઃ ૧૦૬૯ (૧૭–૧૦–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કયા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં આવતી કયા ગામની કેટલી જમીન એગ્રીકલ્ચર ઝોનમાંથી વાણિજ્યિક (કોમર્શીયલ) ઝોનમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત ઝોન ફેરફારની મંજૂરી આપવાના કારણો શા છે, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાજ્ય સરકાર અને સત્તામંડળને કેટલી રકમની આવક થઇ ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૧૨–૧૨–૨૦૨૩)

(૧) વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૧૫/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૩) – શૂન્ય.
વર્ષ ૨૦૨૧–૨૨ (તા.૧૫/૦૯/૨૦૨૧ થી તા.૧૪/૦૯/૨૦૨૨) – શૂન્ય.
વર્ષ ૨૦૨૦–૨૧ (તા.૧૫/૦૯/૨૦૨૦ થી તા.૧૪/૦૯/૨૦૨૧) – શૂન્ય.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

**રાજ્યના એશીયન ગેમ્સના રમતવીરોને પુરસ્કાર/પ્રોત્સાહન રકમ**

અતારાંકિતઃ ૧૩૯૨ (૩૦–૧૧–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ એશીયન ગેમ્સ–૨૦૨૩માં રાજ્યના કયા ખેલાડીઓને કઈ રમતમાં કયા પ્રકારના કેટલા મેડલ મળ્યા, અને

(૨) ઉક્ત રમતવીરોને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કાર કે પ્રોત્સાહન પેટે કેટલી રકમ કયા ખેલાડીને ક્યારે આપવામાં
આવી ?

**રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૧-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ એશીયન ગેમ્સ-૨૦૨૩માં રાજ્યના એક પણ ખેલાડીએ મેડલ મેળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં જિલ્લાવાર પ્રાણીના ટ્રાન્સપોર્ટેશન વાહનોને સ્પેશીયલ લાઇસન્સ આપવા બાબત**

અતારાંકિતઃ ૧૦૪૮ (૨૫-૧૦-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર સેન્ટ્રલ મોટર વ્હીકલ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૧૫ અન્વયે પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન કરતા કેટલા વાહનોને પરમીટ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા વાહનોમાં ઉપરોક્ત કાયદાની જોગવાઇ મુજબ બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ડર્ડ મુજબ કાયમી પાર્ટીશનો ઊભા કરવામાં આવ્યા ન હતા,

(૩) કાયમી પાર્ટીશન વિનાના વાહનોને પરમીટ આપવાના શા કારણો છે અને તે માટે જવાબદાર સામે શા પગલા લેવાયા છે, અને

(૪) કાયમી પાર્ટીશન વિનાના વાહનોના પરમીટ રદ કરવા શી કાર્યવાહી થઇ છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૨૦-૧૨-૨૦૨૩)

(૧)

| વર્ષ | આપવામાં આવેલ પરમીટ |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | ૦૩ |
| તા.૦૧-૦૪-૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૨ | ૧૧ |
| તા.૦૧-૦૪-૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | ૦૬ |
| **કુલ** | **૨૦** |

(૨) માહિતી શૂન્ય છે.

(૩) મુદ્દા નં ૧ અને ૨ ધ્યાને લેતા આવી પરમીટ આપવામાં આવેલ ન હોય કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૪) મુદ્દા નં ૧ અને ૨ ધ્યાને લેતા આવી પરમીટ આપવામાં આવેલ ન હોય કાર્યવાહી કરવાની રહેતી નથી.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૨૪૪ | ૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૮૯૬, ૧૦૫૯, ૧૨૧૩, ૧૨૧૪, ૧૨૨૧, ૧૨૨૪, ૧૨૩૧, ૧૨૫૫, ૧૨૫૭, ૧૩૪૩ | ૧૦ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૦૬૫, ૧૦૭૧, ૧૦૮૭, ૧૨૬૪, ૧૨૮૬, ૧૨૯૨, ૧૩૦૭, ૧૪૩૭, ૧૪૪૫ | ૯ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોનો વિભાગ | ૧૦૫૬, ૧૨૩૩ | ૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૧૪૭, ૧૧૫૬, ૧૧૬૮, ૧૧૭૫, ૧૧૮૩, ૧૩૫૬, ૧૪૩૬, ૧૪૪૧ | ૮ |
| ૬ | ગૃહ વિભાગ | ૯૪૭, ૧૦૮૦, ૧૨૭૦, ૧૪૩૮ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૪૧૦ | ૧ |
| ૮ | કાયદા વિભાગ | ૧૪૨૭ | ૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૦૭૯, ૧૩૨૭ | ૨ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૩૭, ૧૫૧૦ | ૨ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૧૩૨૧ | ૧ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૧૨૮, ૧૨૭૭, ૧૨૯૫, ૧૩૦૬ | ૪ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૦૦૬, ૧૦૧૯, ૧૦૬૯ | ૩ |
| ૧૪ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૩૯૨ | ૧ |
| ૧૫ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૦૪૮ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

--------

**સાતમી અતારાંકિત યાદી**

**રાજ્યમાં સિડવિલેજ (બીજગ્રામ) યોજના**

અતારાંકિતઃ ૬૪૭ (૦૩-૦૭-૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહીર** (જામજોધપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૫-૨૦૨૩ની સ્થિતિએ સિડવિલેજ (બીજગ્રામ) યોજના હેઠળ ખેડૂતોને બિયારણ માટે કઇ સહાય પૂરી પાડવામાં આવે છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અન્વયે જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૫-૦૧-૨૦૨૪)

(૧) સિડવિલેજ યોજના હેઠળ ખેડૂતોને સર્ટીફાઇડ અને ફાઉન્ડેશન બિયારણ વાવેતર માટે સહાય પૂરી પાડવામાં આવે છે,

(૨) શૂન્ય

(૩) વર્ષ ૨૦૨૦-૨૧ બીજગ્રામ યોજના હેઠળ કરેલ કામગીરીની બાકી ચૂકવણાની વિગત પત્રક-૧ આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

| અનુ. નં. | જિલ્લાનું નામ | ખેડૂતોની સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯૦ | ૫૬,૫૦૦.૦૦ |
| ૨ | અમરેલી | ૩૨૧ | ૧૨,૪૯,૯૨૦.૦૦ |
| ૩ | આણંદ | ૨૭૦ | ૫૧,૩૦૦.૦૦ |
| ૪ | અરવલ્લી | ૧૮૫ | ૬,૧૧,૬૦૦.૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૩૭ | ૨૬,૨૮૦.૦૦ |
| ૬ | ભરૂચ | ૧૨૫ | ૯૦,૦૦૦.૦૦ |
| ૭ | ડાંગ | ૧૮૦ | ૩૨,૪૦૦.૦૦ |
| ૮ | દાહોદ | ૭૮૭ | ૪,૧૦,૮૭૫.૦૦ |
| ૯ | જૂનાગઢ | ૫૬૦ | ૨૭,૮૫,૪૪૦.૦૦ |
| ૧૦ | ખેડા | ૧૨૦ | ૨૨,૮૦૦.૦૦ |
| ૧૧ | કચ્છ | ૧૩૬૦ | ૧૧,૩૦,૦૪૦.૦૦ |
| ૧૨ | મહીસાગર | ૨૭૨ | ૫૧,૬૮૦.૦૦ |
| ૧૩ | મહેસાણા | ૧૧૦ | ૭૯,૨૦૦.૦૦ |
| ૧૪ | નર્મદા | ૫૦ | ૩૨,૦૦૦.૦૦ |
| ૧૫ | નવસારી | ૩૩૦ | ૬૨,૭૦૦.૦૦ |

| અનુ. નં. | જિલ્લાનું નામ | ખેડૂતોની સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧૬ | પંચમહાલ | ૫૪૦ | ૧,૦૧,૬૫૦.૦૦ |
| ૧૭ | પાટણ | ૨૩ | ૧૬,૨૦૦.૦૦ |
| ૧૮ | પોરબંદર | ૧૨૯ | ૮,૭૩,૬૦૦.૦૦ |
| ૧૯ | રાજકોટ | ૧૬૮ | ૯,૬૭,૬૮૦.૦૦ |
| ૨૦ | સાબરકાંઠા | ૨૨૭ | ૭,૪૦,૦૮૮.૦૦ |
| ૨૧ | સુરત | ૩૩૨ | ૫૧,૦૫૦.૦૦ |
| ૨૨ | તાપી | ૪૫૦ | ૮૫,૧૦૦.૦૦ |
| ૨૩ | વલસાડ | ૫૩૬ | ૨,૦૩,૮૩૨.૦૦ |
| **કુલ** | | **૭,૩૦૨** | **૯૭,૩૧,૯૩૫.૦૦** |

--------

**રાજ્યમાં એગ્રીકલ્ચર સેન્સસ મુજબ ખેતીની જમીન**

અતારાંકિતઃ ૬૮૧ (૧૪–૦૭–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એગ્રીકલ્ચર સેન્સસ મુજબ ખેતીની ચોખ્ખી જમીનનું ક્ષેત્રફળ કેટલું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ એગ્રીકલ્ચર સેન્સસ મુજબ અગાઉના સેન્સસ મુજબ જિલ્લાવાર કેટલી ખેતીની ચોખ્ખી જમીનમાં કેટલાં ક્ષેત્રફળનો વધારો કે ઘટાડો નોંધાયો છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૦–૦૧–૨૦૨૪)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

**પત્રક–૧**

**એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૫–૧૬ અંતર્ગત ભારત સરકારના પ્રોવિઝનલ રીપોર્ટ મુજબ જિલ્લાવાર ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીનની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૦૮૪૭૨ |
| ૨ | અમરેલી | ૫૪૫૬૬૬ |
| ૩ | આણંદ | ૨૧૩૪૩૬ |
| ૪ | અરવલ્લી | ૨૧૧૧૨૯ |
| ૫ | બનાસકાંઠા | ૭૫૪૫૦૩ |
| ૬ | ભરૂચ | ૩૧૪૪૫૦ |
| ૭ | ભાવનગર | ૪૨૦૧૨૦ |
| ૮ | બોટાદ | ૧૯૨૨૧૧ |
| ૯ | છોટાઉદેપુર | ૧૯૪૧૧૯ |
| ૧૦ | દાહોદ | ૨૧૨૪૦૦ |
| ૧૧ | ડાંગ | ૫૬૮૭૪ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨૩૨૦૫૪ |
| ૧૩ | ગાંધીનગર | ૧૫૮૪૮૩ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૭૧૪૭૧ |
| ૧૫ | જામનગર | ૩૭૦૩૭૬ |
| ૧૬ | જૂનાગઢ | ૩૫૪૪૫૩ |
| ૧૭ | ખેડા | ૨૭૦૨૩૩ |
| ૧૮ | કચ્છ | ૭૫૩૯૦૭ |
| ૧૯ | મહીસાગર | ૧૩૪૮૫૩ |
| ૨૦ | મહેસાણા | ૩૪૮૯૫૪ |
| ૨૧ | મોરબી | ૩૧૯૮૭૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) |
|---|---|---|
| ૨૨ | નર્મદા | ૧૧૭૬૯૮ |
| ૨૩ | નવસારી | ૧૩૩૭૬૩ |
| ૨૪ | પંચમહાલ | ૨૦૮૩૫૦ |
| ૨૫ | પાટણ | ૩૯૬૨૬૯ |
| ૨૬ | પોરબંદર | ૧૩૫૫૨૭ |
| ૨૭ | રાજકોટ | ૫૩૭૪૦૧ |
| ૨૮ | સાબરકાંઠા | ૨૪૭૭૨૫ |
| ૨૯ | સુરત | ૨૪૯૯૯૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૬૨૩૧૦૭ |
| ૩૧ | તાપી | ૧૩૬૭૩૭ |
| ૩૨ | વડોદરા | ૨૯૫૫૩૪ |
| ૩૩ | વલસાડ | ૧૫૭૬૪૯ |

**પત્રક–૨**

**એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૫–૧૬ અંતર્ગત ભારત સરકારના પ્રોવિઝનલ રીપોર્ટ અને અગાઉના સેન્સસ ૨૦૧૦–૧૧ના રીપોર્ટ મુજબ જિલ્લાવાર ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીનની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૦–૧૧ | એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૫–૧૬ | વધારો/ઘટાડો (હેક્ટરમાં) | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) | | |
| ૧ | અમદાવાદ | ૫૮૦૨૫૮ | ૫૦૮૪૭૨ | –૭૧૭૮૬ | વર્ષ ૨૦૧૩માં નવરચિત જિલ્લાઓની માહિતી એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧માં ઉપલબ્ધ નથી. |
| ૨ | અમરેલી | ૫૫૮૫૩૭ | ૫૪૫૬૬૬ | –૧૨૮૭૧ | |
| ૩ | આણંદ | ૨૦૮૮૫૧ | ૨૧૩૪૩૬ | ૪૫૮૫ | |
| ૪ | અરવલ્લી | – | ૨૧૧૧૨૯ | | |
| ૫ | બનાસકાંઠા | ૭૫૪૭૪૯ | ૭૫૪૫૦૩ | –૨૪૬ | |
| ૬ | ભરૂચ | ૨૮૭૭૦૦ | ૩૧૪૪૫૦ | ૨૬૭૫૦ | |
| ૭ | ભાવનગર | ૫૨૬૨૮૩ | ૪૨૦૧૨૦ | –૧૦૬૧૬૩ | |
| ૮ | બોટાદ | – | ૧૯૨૨૧૧ | | |
| ૯ | છોટાઉદેપુર | – | ૧૯૪૧૧૯ | | |
| ૧૦ | દાહોદ | ૨૧૬૨૯૩ | ૨૧૨૪૦૦ | –૩૮૯૩ | |
| ૧૧ | ડાંગ | ૫૭૩૭૯ | ૫૬૮૭૪ | –૫૦૫ | |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | – | ૨૩૨૦૫૪ | | |
| ૧૩ | ગાંધીનગર | ૧૫૯૪૦૨ | ૧૫૮૪૮૩ | –૯૧૯ | |
| ૧૪ | ગીર સોમનાથ | – | ૧૭૧૪૭૧ | | |
| ૧૫ | જામનગર | ૬૨૫૪૪૩ | ૩૭૦૩૭૬ | –૨૫૫૦૬૭ | |
| ૧૬ | જૂનાગઢ | ૫૧૩૬૫૫ | ૩૫૪૪૫૩ | –૧૫૯૨૦૨ | |
| ૧૭ | ખેડા | ૨૯૨૫૦૩ | ૨૭૦૨૩૩ | –૨૨૨૭૦ | |
| ૧૮ | કચ્છ | ૮૦૨૮૩૧ | ૭૫૩૯૦૭ | –૪૮૯૨૪ | |
| ૧૯ | મહીસાગર | – | ૧૩૪૮૫૩ | | |
| ૨૦ | મહેસાણા | ૩૨૯૯૯૧ | ૩૪૮૯૫૪ | ૧૮૯૬૩ | |
| ૨૧ | મોરબી | – | ૩૧૯૮૭૦ | | |
| ૨૨ | નર્મદા | ૧૨૧૭૯૭ | ૧૧૭૬૮૯ | –૪૧૦૮ | |
| ૨૩ | નવસારી | ૧૩૬૪૦૬ | ૧૩૩૭૬૩ | –૨૬૪૩ | |
| ૨૪ | પંચમહાલ | ૩૧૩૫૧૧ | ૨૦૮૩૫૦ | –૧૦૫૧૬૧ | |
| ૨૫ | પાટણ | ૩૮૭૧૦૨ | ૩૯૬૨૬૯ | ૯૧૬૭ | |
| ૨૬ | પોરબંદર | ૧૩૧૪૭૧ | ૧૩૫૫૨૭ | ૪૦૫૬ | |
| ૨૭ | રાજકોટ | ૭૩૫૩૧૦ | ૫૩૭૪૦૧ | –૧૯૭૯૦૯ | |
| ૨૮ | સાબરકાંઠા | ૪૪૦૨૩૦ | ૨૪૭૭૨૫ | –૧૯૨૫૦૫ | |

| ક્રમ | જિલ્લાનું નામ | એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૦-૧૧ | એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૫-૧૬ | વધારો/ઘટાડો (હેક્ટરમાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) | ખાતેદાર ખેડૂતોએ ધારણ કરેલ જમીન (હેક્ટરમાં) | | |
| ૨૯ | સુરત | ૨૩૬૫૨૮ | ૨૪૯૯૯૫ | ૧૩૪૬૭ | |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૭૧૪૮૬૨ | ૬૨૩૧૦૭ | -૯૧૭૫૫ | |
| ૩૧ | તાપી | ૧૩૮૮૬૦ | ૧૩૬૭૩૭ | -૨૧૨૩ | |
| ૩૨ | વડોદરા | ૪૭૬૪૦૦ | ૨૯૫૫૩૪ | -૧૮૦૮૬૬ | |
| ૩૩ | વલસાડ | ૧૫૨૧૧૪ | ૧૫૭૬૪૯ | ૫૫૩૫ | |

--------

**ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં થયેલ ગેરરીતિ**

અતારાંકિતઃ ૧૦૫૯ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં ફરજ બજાવતા રાજ્ય સરકારના અધિકારીઓએ તેને સત્તા ન હોવા છતાં આયોગની જુદી-જુદી યોજના અંતર્ગત કરેલ આર્થિક ગેરરીતિ અંગે નવેમ્બર-૨૦૧૯માં ફરિયાદ નોંધાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૯/૨૦૨૩ની સ્થિતિએ તે અન્વયે ક્યા અધિકારીઓ, કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) ઉક્ત ગેરરીતિ કઈ કઈ યોજનાઓમાં કેટલી રકમની આર્થિક ગેરરીતિ થયાનું સામે આવ્યું, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ પરત મેળવવામાં આવી અને કેટલી રકમ પરત મેળવવાની બાકી છે ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૮-૧૨-૨૦૨૩)

(૧) હા.

(૨) તપાસ ચાલુ છે.

(૩) તપાસ ચાલુ છે.

(૪) તપાસ ચાલુ છે.

**અરવલ્લી, છોટાઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં ઈન્ફરમરી**

અતારાંકિતઃ ૧૦૭૫ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) અરવલ્લી, છોટાઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લા કલેક્ટર દ્વારા ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરાવવામાં આવેલ ન હતા તે સત્વરે જાહેર કરવામાં આવનાર હતા તો તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે જાહેર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત જિલ્લાઓમાં પશુ આશ્રયસ્થાનો ઉક્ત સ્થિતિએ જાહેર ન થયેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૪-૧૨-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ,

૧. અરવલ્લી જિલ્લામાં તા.૦૩-૧૧-૨૦૨૦ના રોજ,

૨. છોટાઉદેપુર જિલ્લામાં તા.૧૧-૧૧-૨૦૨૦ના રોજ,

૩. અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૭-૨૦૨૦ના રોજ ઈન્ફરમરી (પશુ આશ્રયસ્થાન) જાહેર કરવામાં આવેલ છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

---------

**રાજ્યમાં લમ્પી વાયરસથી ગાયોના મૃત્યુ**

અતારાંકિતઃ ૧૨૨૭ (૨૩-૧૦-૨૦૨૩) **શ્રી તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગાયોમાં ફેલાતો લમ્પી વાયરસ નામનો રોગ લાગુ પડ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ગાયો લમ્પી વાયરસનો ભોગ બની છે અને તે પૈકીની કેટલી મૃત્યુ પામી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગાયોને લમ્પી વાયરસથી બચાવી લેવા શાં પગલાં લીધાં ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૧૨-૨૦૨૩)

(૧) ના

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

**અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે ટ્રેન અડફેટે ગૌવંશના મોત**

અતારાંકિતઃ ૧૩૯૭ (૦૬-૧૨-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઓક્ટોબર-૨૦૨૩માં અમરેલી જિલ્લાના સાવરકુંડલા નજીક ટ્રેનની અડફેટે અંદાજિત ૨૪ જેટલી ગાયો કે ગૌવંશના મોત થયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઘટનામાં કુલ કેટલી ગાયો કે ગૌવંશના કયા વર્ગના કેટલા પશુના મૃત્યુ નિપજ્યા હતા,

(૩) ઉક્ત ઘટનાઓ ન બને તે માટે પશુપાલન વિભાગ દ્વારા શાં પગલાં લેવાયા, અને

(૪) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ મૃતક ગાયોના માલિકોને કેટલી રકમ વળતર તરીકે ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૧-૦૧-૨૦૨૪)

(૧) હા.

(૨) ગૌવંશના ગાય વર્ગની ૨૦ ગાયોના મૃત્યુ નિપજ્યા હતા.

(૩) પશુપાલન વિભાગના ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા અવાર નવાર રેલવે ટ્રેકની આસપાસ પશુઓને ચરવા માટે ના લઈ જવા માટે વિસ્તૃત સૂચનાઓ આપવામાં આવે છે જેથી રેલવે દ્વારા પશુઓને થતા નુકસાન/પશુમરણ નિવારી શકાય. વધુમાં આ બાબતે રેલવે ટ્રેકની આસપાસના ગામોમાં ભારત સરકારની યોજના અંતર્ગત તમામ પશુઓને ટેગીંગ કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે, જેથી પશુ માલિકની ઓળખ પ્રસ્થાપિત થઇ શકે તથા તમામ જિલ્લા કલેકટરશ્રીઓને ટ્રેનની અડફેટે આવવાને કારણે થતા પશુઓને ઈજા/મૃત્યુ નિવારવા વધુ સઘન પગલા લેવા સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

(૪) મૃતક ગાયો બિનવારસી હોય, જેથી વળતર ચૂકવવા માટે કોઇ દાવો થયેલ નથી જેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન નથી.

**જયમાં બિન-વારસી ગૌ-વંશ પશુઓને સહાય**

અતારાંકિતઃ ૧૬૪૧ (૨૮-૧૨-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રખડતા અને બિનવારસી ગૌવંસ પશુઓને દૈનિક કેટલી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવા માટે કયા જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ છે,

(૩) ઉક્ત હુકમો અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલા ગૌવંશ પશુઓ માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સહાય ચૂકવવા માટે કયા જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ નથી ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૨–૦૧–૨૦૨૪)

(૧) પ્રતિ દિન પશુ દીઠ રૂ.૩૦/–

(૨) જૂનાગઢ, ભાવનગર

(૩)

| તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ | હુકમ મળેલ જિલ્લો | ગૌવંશની સંખ્યા | સહાયની રકમ |
|---|---|---|---|
| તા.૦૧–૧૨–૨૦૨૦ થી તા.૩૦–૧૧–૨૦૨૧ | –– | –– | –– |
| તા.૦૧–૧૨–૨૦૨૧ થી તા.૩૦–૧૧–૨૦૨૨ | –– | –– | –– |
| તા.૦૧–૧૨–૨૦૨૨ થી તા.૩૦–૧૧–૨૦૨૩ | જૂનાગઢ | ૧૧૮ | રૂ.૨,૦૧,૧૫૦/– |
| | ભાવનગર | ૭૩ | નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી હુકમ રજૂ કરેલ હોવાથી વર્ષ ૨૦૨૨–૨૩ના ઠરાવની જોગવાઈ મુજબ સહાય મળવાપાત્ર ન હતી. |

(૪) જામનગર, દાહોદ, રાજકોટ, બોટાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, વડોદરા, નર્મદા, તાપી, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, આણંદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, ગીર સોમનાથ, કચ્છ, વલસાડ, પાટણ, સુરત, નવસારી, પોરબંદર, છોટા ઉદેપુર, અરવલ્લી, મહિસાગર, ડાંગ.

--------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિન–વારસી ગૌ–વંશ પશુઓને સહાય**

અતારાંકિતઃ ૧૬૬૮ (૨૮–૧૨–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર**(જામજોધપુર): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રખડતા અને બિનવારસી ગૌવંશ પશુઓને દૈનિક કેટલી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સહાય મેળવવા માટે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કઈ પાંજરાપોળ/ ગૌશાળામાં કેટલા ગૌવંશ પશુઓને સહાય ચૂકવવા માટે હુકમો સરકારમાં મોકલવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર, પાંજરાપોળ/ ગૌશાળાવાર કેટલા ગૌવંશ પશુઓ માટે કેટલી રકમ મળી ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૨–૦૧–૨૦૨૪)

(૧) પ્રતિ દિન પશુ દીઠ રૂ.૩૦/–

(૨) જામનગર અને દેવભૂમિ દ્વારકાની જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ નથી.

(૩) હુકમો મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પોરબંદર અને રાજકોટ જિલ્લામાં બિન–વારસી ગૌ–વંશ પશુઓને સહાય**

અતારાંકિતઃ ૧૬૭૧ (૨૮–૧૨–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રખડતા અને બિનવારસી ગૌવંશ પશુઓને દૈનિક કેટલી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સહાય મેળવવા માટે પોરબંદર અને રાજકોટ જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કઈ પાંજરાપોળ/ ગૌશાળામાં કેટલા ગૌવંશ પશુઓને સહાય ચૂકવવા માટે હુકમો સરકારમાં મોકલવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર, પાંજરાપોળ/ ગૌશાળાવાર કેટલા ગૌવંશ પશુઓ માટે કેટલી રકમ મળી ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૨-૦૧-૨૦૨૪)

(૧) પ્રતિ દિન પશુ દીઠ રૂ.૩૦/-

(૨) પોરબંદર અને રાજકોટની જિલ્લા કક્ષાની સમિતિના હુકમો મળેલ નથી.

(૩) હુકમો મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં બિન-વારસી ગૌ-વંશ પશુઓને સહાય**

અતારાંકિતઃ ૧૬૭૬ (૨૮-૧૨-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રખડતા અને બિનવારસી ગૌવંશ પશુઓને દૈનિક કેટલી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સહાય મેળવવા માટે ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાની જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કઈ પાંજરાપોળ/ ગૌશાળામાં કેટલા ગૌવંશ પશુઓને સહાય ચૂકવવા માટે હુકમો સરકારમાં મોકલવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર, પાંજરાપોળ/ ગૌશાળાવાર કેટલા ગૌવંશ પશુઓ માટે કેટલી રકમ મળી ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૧૨-૦૧-૨૦૨૪)

(૧) પ્રતિ દિન પશુ દીઠ રૂ.૩૦/-

(૨)

| જિલ્લો | પાંજરાપોળ / ગૌશાળા | ગૌવંશના પશુઓ | નોંધ |
|---|---|---|---|
| **ગીર સોમનાથ** | **હુકમો મળેલ નથી.** | | |
| ભાવનગર | ઓમશીવ કામધેનુ ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, જૂનાબંદર રોડ ભાવનગર | ૭૩ | વર્ષ ૨૦૨૨-૨૩ના ઠરાવની જોગવાઈ મુજબ નાણાકિય વર્ષ પૂર્ણ થયા પછી હુકમ રજૂ કરેલ હોવાથી સહાય મળવાપાત્ર ન હતી. |

(૩) સહાય ચૂકવેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં સરકારની મંજૂરી વગર ચાલતી પ્રાથમિક ડમી શાળાઓ**

અતારાંકિતઃ ૧૨૨૯ (૨૩-૧૦-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારની મંજૂરી વગરની કેટલી ડમી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત શાળાઓના સંચાલકો કોણ છે,

(૩) ઉક્ત સ્થિતિએ સંચાલકો સામે શાં કાનુની પગલાં લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી સ્કૂલોને ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૯-૦૧-૨૦૨૪)

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) શૂન્ય (૦)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ**

અતારાંકિતઃ ૧૨૫૮ (૨૭-૧૦-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ બંધ કરવામાં આવી અથવા મર્જ કરવામાં આવી,

(૨) ઉક્ત સરકારી શાળાઓ બંધ કરવાનાં અથવા મર્જ કરવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નવી ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી તથા વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૦૩-૦૧-૨૦૨૪)

(૧) બંધ કરેલ અથવા મર્જ કરવામાં આવેલ પ્રાથમિક શાળાઓની વિગત-પત્રક-૦૧ મુજબ

છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં એક પણ સરકારી માધ્યમિક શાળા બંધ અથવા મર્જ કરવામાં આવેલ નથી.

(૨) પ્રાથમિક શાળાઓ બંધ અથવા મર્જ થવાના કારણો

- વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના કારણે
- એક જ કેમ્પસમાં શાળા હોવાના કારણે
- શાળાઓ એક કિ.મી.ના અંદર આવેલ હોવાના કારણે

(૩) પ્રાથમિક શાળાઓની વિગત-પત્રક-૨

માધ્યમિક શાળાઓની વિગત-પત્રક-અ

**પત્રક-૦૧**

**બંધ કરેલ અથવા મર્જ કરવામાં આવેલ પ્રાથમિક શાળાઓની વિગત**

| ક્રમ | જિલ્લો | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ |
| | | જિલ્લા શિક્ષણ સમિતી | | | | | |
| ૧ | અમદાવાદ | ૦ | ૨૮ | ૦ | ૯ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૭ | ૦ | ૦ | ૧ | ૨ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૨ | ૨ | ૧ | ૩૨ | ૦ | ૮ |
| ૫ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૨ |
| ૭ | દાહોદ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૦ | ૫ | ૧ | ૫ | ૦ | ૩ |
| ૧૦ | જામનગર | ૦ | ૦ | ૪ | ૪૧ | ૦ | ૦ |

તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લો | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ |
| | | જિલ્લા શિક્ષણ સમિતી | | | | | |
| ૧૧ | જૂનાગઢ | ૭ | ૬૬ | ૪ | ૧ | ૪ | ૧ |
| ૧૨ | ખેડા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૩ | કચ્છ | ૩ | ૪ | ૨ | ૧૪ | ૭ | ૧ |
| ૧૪ | મહેસાણા | ૩ | ૨ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૧૫ | નર્મદા | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૧ |
| ૧૬ | નવસારી | ૦ | ૩૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ |
| ૧૮ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | પોરબંદર | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૦ | ૧૧ | ૧ | ૦ | ૦ | ૪ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦ | ૨૧ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૦ | ૩૦ | ૦ | ૨૪ | ૦ | ૧ |
| ૨૩ | સુરત | ૦ | ૧૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૪ | વડોદરા | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | વલસાડ | ૦ | ૯ | ૨ | ૧ | ૦ | ૬ |
| ૨૬ | તાપી | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૪ | ૦ | ૧ | ૩૯ | ૬ | ૧ |
| ૨૮ | બોટાદ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | મોરબી | ૪ | ૧ | ૫ | ૨ | ૨ | ૧ |
| ૩૦ | ગીર સોમનાથ | ૨ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩૨ | અરવલ્લી | ૧ | ૪૪ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૩૩ | મહીસાગર | ૧ | ૦ | ૦ | ૫ | ૧ | ૧ |
| | નગર શિક્ષણ સમિતી | | | | | | |
| ૧ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | અંકલેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જેતપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ | ૦ | ૧૮ | ૦ | ૪૩ | ૦ | ૧ |
| ૬ | જામનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૭ | અંજાર કચ્છ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | રાજકોટ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવસારી | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૪ | સિધ્ધપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | સુરત | ૧ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૧૮ | ઉંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લો | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ | બંધ શાળાઓ | મર્જ શાળાઓ |
| | | જિલ્લા શિક્ષણ સમિતી | | | | | |
| ૧૯ | મહુવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | નડીયાદ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |

**પત્રક-૨**

## પ્રાથમિક શાળાની વિગત

| ક્રમ | જિલ્લો | શહેરી વિસ્તારમાં નવી પ્રાથમિક શાળા / વર્ગ વધારાની મંજૂરી અપાયેલ ખાનગી શાળાઓની સંખ્યા | | | | | | ગ્રામ્ય વિસ્તારમાં નવી પ્રાથમિક શાળા / વર્ગ વધારાની મંજૂરી અપાયેલ ખાનગી શાળાઓની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | |
| | | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ | નવી મંજૂરી મેળવેલ શાળાઓ | વર્ગ વધારાની મંજૂરી મેળવેલ શાળાઓ |
| ૧ | અમદાવાદ | ૮ | ૧૩ | ૫ | ૭ | ૧૪ | ૩૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૮ | ૯ |
| ૨ | અમરેલી | ૩ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૫ | ૭ | ૮ | ૧૯ | ૮ |
| ૫ | ભાવનગર | ૦ | ૫ | ૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભરૂચ | ૧ | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૫ | ૫ | ૬ | ૧ | ૧૦ | ૮ |
| ૭ | દાહોદ | ૨ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ | ૨ | ૧૦ | ૦ | ૧૫ | ૦ | ૧ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૮ | ૭ | ૧ | ૧૩ | ૧૦ |
| ૧૦ | જામનગર | ૬ | ૩ | ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ | ૭ | ૦ | ૪ | ૨ |
| ૧૧ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૧૪ | ૦ | ૦ | ૧ | ૭ |
| ૧૨ | ખેડા | ૫ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧૩ | ૦ | ૭ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૭ | ૨ | ૫ | ૧૨ | ૨ |
| ૧૪ | મહેસાણા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૬ | ૪ | ૧૫ | ૨ | ૯ | ૧૩ |
| ૧૫ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | નવસારી | ૫ | ૪ | ૦ | ૩ | ૧ | ૭ | ૨ | ૧૨ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૧ | ૩ |
| ૧૮ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૮ | ૧ | ૬ | ૨ | ૬ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૨૦ | ૫ | ૧૪ | ૧૬ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૪ | ૧૧ | ૦ | ૯ | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૨ |
| ૨૩ | સુરત | ૯ | ૮૩ | ૪ | ૨૮ | ૧૨ | ૧૯ | ૧૮ | ૩૭ | ૧૨ | ૪૯ | ૧૮ | ૧૫ |
| ૨૪ | વડોદરા | ૨ | ૯ | ૦ | ૧ | ૩ | ૫ | ૧૦ | ૭ | ૬ | ૫ | ૬ | ૩ |
| ૨૫ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૬ | ૭ | ૧૦ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૩ | ૨ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૨ | ૨ | ૦ | ૨ |
| ૨૮ | બોટાદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૫ | ૦ |
| ૨૯ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ | ૧ | ૫ | ૧ | ૩ |
| ૩૦ | ગીર સોમનાથ | ૦ | ૫ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૪ | ૨ | ૧૨ | ૧ |
| ૩૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | ૩ |
| ૩૨ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૩ | ૨ | ૦ | ૦ |
| ૩૩ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |

**પત્રક-અ**

**વર્ષઃ ૨૦૨૨-૨૩માં બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના મંજૂર કરેલ વર્ગ વધારાની વિગત**

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | | કુલ | વર્ષ ૨૦૨૨-૨૩ | | કુલ | વર્ષ ૨૦૨૩-૨૪ તા.(૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિ) | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૬ | ૮ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૦ | ૧૧ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ |
| ૩ | અમરેલી | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૪ | આણંદ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૬ | બનાસકાંઠા | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૭ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ભાવનગર | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૯ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | દાહોદ | ૧૧ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૧૦ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૫ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૮ | ખેડા | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૯ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨૦ | મહીસાગર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨૨ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૫ | પંચમહાલ | ૮ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૨૬ | પાટણ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૯ | સાબરકાંઠા | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩૦ | સુરત | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩૨ | તાપી | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩૩ | વડોદરા | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩૪ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૪૬ | ૧૩ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૩૩ | ૨૬ | ૫૯ |

--------

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૪૭ (૧૦-૧૧-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૦૮–૦૧–૨૦૨૪)

(૧) ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ.

| વર્ષ | કુલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૩૫૭૪૬૮.૭૮ |
| ૨૦૨૧–૨૨ | ૩૪૮૬૭૩.૧૬ |
| ૨૦૨૨–૨૩ | ૩૬૨૦૭૮.૯૨ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી તેની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

| | **(રૂ.લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** |
| **ફાળવેલ ગ્રાન્ટ** | ૩૭૦૪૨૦.૩૩ | ૩૭૭૫૭૯.૯૦ | ૩૯૨૯૦૯.૦૪ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, તેની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

| | **(રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **ખર્ચ** | **બચત** |
| ૨૦૨૦–૨૧ | ૩૬૦૨૮૪.૩૬ | ૧૦૧૩૫.૯૭ |
| ૨૦૨૧–૨૨ | ૩૭૧૫૯૫.૨૩ | ૫૯૮૪.૬૭ |
| ૨૦૨૨–૨૩ | ૩૮૬૦૨૩.૫૭ | ૬૮૮૫.૪૭ |

**વણવપરાયેલી રકમના કારણોઃ**

**૨૦૨૦–૨૧**

(૧) કોવિડ–૧૯ની મહામારીના કારણે ઊભી થયેલ અતિ ગંભીર પરિસ્થિતિને કારણે સરકારી ખર્ચમાં કરકસરના ભાગના પગલાને લીધે બચત રહેવા પામેલ છે.

(૨) કોવિડ–૧૯ની મહામારીના બીજી લહેરના કારણે એન.સી.સી. કચેરીની વાર્ષિક તાલીમ શિબિરો રદ કરવામાં આવેલ.

**૨૦૨૧–૨૨**

(૧) બિન આદિજાતિ સરકારી કોલેજોમાં મદદનીશ પ્રોફેસરોની બદલીને કારણે ખાલી જગ્યાઓને કારણે બચત રહેલ છે.

(૨) જગ્યાઓ ન ભરવાના કારણોસર તેમજ સાતમા પગારપંચના એરીયર્સ માટે વર્ષાંતે ગ્રાન્ટની ફાળવણી કરેલ હોઈ બચત રહેલ છે.

(૩) કેડેટોને આપવામાં આવતા રિફ્રેશમેન્ટના નિયમોમાં ફેરફાર થવાના કારણે.

**૨૦૨૨–૨૩**

(૧) નવી બાબતની સાધન–સામગ્રીની ખરીદી થઈ શકેલ ન હોવાથી ખર્ચ ઓછો થયેલ છે. તેમજ મદદનીશ અધ્યાપકોની જગ્યાઓ ન ભરાતા બચત રહેલ છે.

(૨) નવી બાબતોની વહીવટી મંજૂરીના મળવાના તેમજ જગ્યાઓ ના ભરવાના કારણોસર બચત રહેલ છે.

(૩) વર્ષ ૨૦૨૨–૨૩ના વાર્ષિક તાલીમ શિબિરો ૧૦ દિવસના બદલે ૦૮ દિવસના કરવામાં આવેલ.

--------

**શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં કરેલ જોગવાઈ**

અતારાંકિતઃ ૧૪૦૨ (૦૬–૧૨–૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૦-૦૧-૨૦૨૪)

(૧) પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, તેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૮૨૯૩.૫૦ |
| ૨૦૨૧-૨૨ | ૨૯૧૪૫.૪૨ |
| ૨૦૨૨-૨૩ | ૩૧૧૭૯.૩૨ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, તેની વિગતો નીચે મુજબ છે.

| | (રૂ. કરોડમાં) | | |
|---|---|---|---|
| | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** |
| **ફાળવેલ ગ્રાન્ટ** | ૨૮૪૮૯.૫૮ | ૨૮૭૪૧.૫૫ | ૪૦૬૧૮.૬૬ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, તેની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

| | (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | **ખર્ચ** | **બચત** |
| ૨૦૨૦-૨૧ | ૨૯૭૧૩.૭૭ | - |
| ૨૦૨૧-૨૨ | ૩૧૮૦૭.૦૪ | - |
| ૨૦૨૨-૨૩ | ૪૦૧૮૧.૩૫ | (+) ૪૩૭.૩૧ |

**વણવપરાયેલી રકમના કારણોઃ**

સને ૨૦૨૦-૨૧ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સને ૨૦૨૧-૨૨ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સને ૨૦૨૨-૨૩ :

- ખાલી જગ્યાઓ ભરાયેલ ન હોવાથી બચત રહેવા પામેલ છે.
- યોજનાકીય બાબતોના અમલીકરણમાં ઓછો ખર્ચ થયેલ છે.
- પી.એમ.પોષણ યોજનામાં અંદાજિત લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ. જ્યારે ખર્ચ લાભાર્થી વિદ્યાર્થીઓની ખરેખર સંખ્યાના આધારે થતો હોઈ બચત રહેવા પામેલ છે.
- મુખ્ય સદર ૨૦૭૧ હેઠળ ઓછો ખર્ચ થયેલ છે.

--------

**રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો ચાર્જ સરપંચને સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૫૩૭ (૦૬-૧૨-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૧૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળામાં એક પણ શિક્ષક ન હોય તો શાળાનો ચાર્જ ગામના સરપંચને સોંપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કઈ સરકારી પ્રાથમિક શાળાનો ચાર્જ કેટલા સમય માટે સરપંચને સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત શાળાઓમાં એક પણ શિક્ષક ન રહેવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં પૂરતા શિક્ષકો મુકવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૩–૦૨–૨૦૨૪)

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં સસ્તા અનાજના પુરવઠાનું કાળાબજાર**

અતારાંકિતઃ ૧૨૧૨ (૩૦–૧૧–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વર્ષ ૨૦૨૨ માં રાજ્યમાં જિલ્લાવાર સસ્તા અનાજ માટેનો અનાજનો કેટલો પુરવઠો ખાનગી બજાર/ કાળાબજારમાં જતો પકડી પાડવામાં આવ્યો,

(૨) આ જથ્થો કયા સરકારી ગોડાઉન અથવા સસ્તા અનાજની દુકાનમાંથી મેળવવામાં આવ્યો હતો,

(૩) આ આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) આવી ગુનાહિત પ્રવૃત્તિઓ થતી અટકાવવા શા પગલાં લેવામાં આવ્યા છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી :** (૦૫–૦૧–૨૦૨૪)

(૧), (૨) અને (૩)

વર્ષ ૨૦૨૨ માં રાજ્યના ૯ (નવ) જિલ્લાઓમાં કુલ :– ૩,૮૦,૮૦૪ કિ.ગ્રા. નો અનાજનો જથ્થો ખાનગી બજાર/ કાળાબજારમાં જતો પકડી પાડવામાં આવ્યો. જિલ્લાવાર અનાજનો જથ્થો, સરકારી ગોડાઉન/સસ્તા અનાજની દુકાનની વિગત તેમજ આરોપી સામે કરેલ કાનૂની કાર્યવાહી વિગત દર્શાવતું પત્રક–૧ સામેલ છે.

(૪)

૧. સરકારી ગોડાઉન અને સસ્તા અનાજની દુકાનોમાંથી થતી ગુનાહીત પ્રવૃત્તિઓ અટકાવવા માટે સરકારશ્રી દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબની તપાસો જિલ્લા તાલુકા સ્તરેથી થાય તે માટે રાજ્ય કક્ષાએથી સતત મોનીટરીંગ તેમજ વખતોવખત જરૂરી સૂચનાઓ જિલ્લાઓને પરિપત્રિત કરવામાં આવે છે.

૨. રાજ્યમાં લાભાર્થીઓને થતું વિતરણ આધાર બેઈઝ્ડ બાયોમેટ્રીક ઓથેન્ટીકેશનથી થાય તે માટે મોનીટરીંગ કરવામાં આવે છે.

૩. નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉનોમાં C.C.T.V કેમેરા લગાવવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

૪. સરકારી અનાજના જથ્થાના પરિવહન માટે વપરાતા વાહનોમાં G.P.S. Track System દાખલ કરાયેલ છે.

૫. જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા “My Ration" Mobile App તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દરેક N.F.S.A. રેશનધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગત, જથ્થાની કિંમત, છેલ્લા છ માસના વિતરણની વિગત વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે. આ એપ્લિકેશનનો ઉપયોગ કરીને નાગરિક તેમની વાજબી ભાવની દુકાન તથા તેમની નજીકમાં આવેલ અન્ય વાજબી ભાવની દુકાન અંગેની વિગતો સરળતાથી મેળવી શકે છે.

**પત્રક–૧**

| તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ દરમ્યાન રાજ્યમાં અનાજના (ઘઉં, ચોખા અને બાજરી) સસ્તા અનાજના પુરવઠાનું કાળા બજાર અને તેઓ સામે લીધેલ પગલાંની વિગત દર્શાવતું પત્રક | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | અનાજનો પુરવઠો ખાનગી | પકડાયેલ જથ્થો કયા સરકારી ગોડાઉન/સસ્તા | ૬–એ હેઠળ લેવાયેલ પગલાં | ખાતારાહે પગલા | | | પરવાના | કાનૂની કાર્યવાહી | રીમાર્કસ |
| | | | | કબજે લીધેલ જથ્થો | રાજ્યસાત | પરવાના અનામત | દંડ | | | |

# તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

# અતારાંકિત પ્રશ્નોની યાદી

| | | | | આ.ચી.વ | જથ્થો કિ.ગ્રા. | કિંમત (રૂ.) | જથ્થો કિ.ગ્રા. | કુલ કિંમત | | | મોકુફ | રદ | કોર્ટ કેસ | પી.બી. એમ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | અમદાવાદ શ. | ૧ | ગુંજન કંઝ્યુમર્સ કો.સો.લી.-૧૩૧૦૨ | ઘઉં | ૧૪૫૦૦ | ૧૫૭૮૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | |
| | | | | ચોખા | ૧૦૨૦૦ | ૩૦૬૦૦ | | | | | | | | | |
| ૨ | ભરૂચ | ૧ | દઢાલ કો.ઓ.મ.પ.સો.લી. | ચોખા | ૨૧૬૦૦ | ૬૦૪૮૦૦ | ૨૧૬૦૦ | ૬૦૪૮૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | |
| ૩ | દેવભૂમિ દ્વારકા | ૧ | (૧) માળિયા દેવાભાઈ વરવાભાઈ, વભદ (પરવાના-૬) ગામ-કાટકોલા, તા.ભાણવડ (૨) જિતેશભાઈ ઉર્ફે જીતુભાઈ મેણંદભાઈ ખુટી, સંચાલક, વભદ (પરવાના-૩૭), રાણપર સહકારી સેવા મંડળી, રાણપર, તા.ભાણવડ (૩) બરાઈ નગીનભાઈ અરજણભાઈ, વભદ (પરવાના-૮૨), શેઢાભાઈ, તા.ભાણવડ (૪) મેહુલભારથી ભીખુભારથી ગોસ્વામી, વભદ (પરવાના-૩૮), સૌરાષ્ટ્ર અનુસૂચિત ઉત્કર્ષ મંડળી, ભાણવડ | ઘઉં | ૮૬૦૦ | ૧૯૭૮૦૦ | ૦ | ૦ | ૨૦,૦૦૦ | ૦ | ૦ | ૪ | ૧ | ૦ | |
| | | | | ચોખા | ૩૭૦૦૦ | ૯૨૫૦૦૦ | ૦ | ૦ | | | | | | | |
| ૪ | ખેડા | ૨ | (૧) શ્રુતિબેન કિશોરકુમાર શાહ, પંડીત દિનદયાળ ગ્રા.ભંડાર મુ.દેવકી વણસોલ તા.મહેમદાવાદ જિ.ખેડા (૨) ડી.એન.ચાવડા પંડીત દિનદયાળ ગ્રા.ભંડાર મુ.દાનીયાની મુવાડી, તા.ઠાસરા જિ.ખેડા | ચોખા | ૪૫૦૦ | ૭૫૬૦૦ | ૧૮૦૦ | ૫૪૦૦ | ૫૦૦૦ | ૧૫૦૦૦ | ૧ | ૦ | ૦ | ૦ | કાર્યવાહી ચાલુમાં છે. |
**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૦–૦૧–૨૦૨૪)

(૧)

- ધોરણ–૧૦ (*પત્રક–ક મુજબ)
- ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ– ૨૦૨૨, *પત્રક–ખ મુજબ)
- ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ– ૨૦૨૩, *પત્રક–ગ મુજબ)
- ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ– ૨૦૨૨, *પત્રક–ઘ મુજબ)
- ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ– ૨૦૨૩, *પત્રક–ચ મુજબ)
- કોરોના (કોવિડ–૧૯) ના કારણે એસ.એસ.સી. (ધોરણ–૧૦) અને એચ.એસ.સી. (ધોરણ–૧૨) માર્ચ–૨૦૨૧ની પરીક્ષામાં માસ પ્રમોશન આપેલ હોવાથી દરેક જિલ્લાનું પરિણામ ૧૦૦% ગણવામાં આવેલ છે.

(૨)

- બોર્ડ દ્વારા પ્રશ્નબેંક તૈયાર કરાવી દર પંદર દિવસે શાળાઓને મોકલી આપી, સમયપત્રક મુજબ એકમ કસોટીનું આયોજન અને તેના મૂલ્યાંકન બાદ શાળાઓ દ્વારા ઉપચારાત્મક અને નિદાનાત્મક શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે પરિણામ સુધારણા માટેની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ૦% થી ૩૦% સુધીનું પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય સાથે સમીક્ષા બેઠકનું આયોજન.
- જિલ્લામાં શ્રેષ્ઠ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યોને ૩૦% થી ઓછા પરિણામ ધરાવતી શાળાને શિક્ષણની ગુણવત્તા સુધારણા અર્થે દત્તક આપવામાં આવી.
- આવી શાળાઓમાં નિયમિત શિક્ષણ કાર્ય ઉપરાંત 'શૂન્ય' તાસનું આયોજન.
- જિલ્લા કક્ષાએ ૩૦% થી ઓછા પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષણકાર્યનું સતત મોનીટરીંગની વ્યવસ્થા.
- બિટ નિરીક્ષકો દ્વારા ઓછામાં ઓછું અઠવાડિયામાં એકવાર તેમને સોંપેલી શાળાના શિક્ષણ કાર્ય અને ઉપચારાત્મક કાર્ય અંગે માર્ગદર્શન આપવાની વ્યવસ્થા.
- જિલ્લા તજજ્ઞ શિક્ષકોની સમિતિ દ્વારા ૩૦% થી ઓછા પરિણામવાળી શાળાઓના વિદ્યાર્થીઓને માર્ગદર્શનની વ્યવસ્થા.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયુક્ત કરેલ નોડેલ ઓફિસર દ્વારા આવી શાળાઓના આચાર્ય/શિક્ષકો/ વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે શૈક્ષણિક બેઠકનું આયોજન.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૧૧૬૪ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નીલગાય/રોઝને મારવાની સત્તા માનદ્ વાઈલ્ડ લાઈફ વોર્ડનને અપાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નીલગાય/રોઝને મારવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીલગાય/રોઝને મારવાના મુખ્યત્વે શા કારણો છે ?

**વન મંત્રીશ્રી :** (૨૪–૦૧–૨૦૨૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગીર અભયારણ્યમાં હોટલ અને કોમર્શીયલ એકમો**

અતારાંકિતઃ ૧૧૮૧ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ ગીર અભયારણ્ય અને તેના રક્ષિત વન વિસ્તારમાં કેટલી હોટલ અને કોમર્શીયલ એકમોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની કેટલી આવક થઈ ?

**વન મંત્રીશ્રી :** (૨૪–૦૧–૨૦૨૪)

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યની જેલોમાં આરોપી/કેદીઓને ઈ–મુલાકાતની સુવિધા**

અતારાંકિતઃ ૧૪૨૫ (૩૦–૧૧–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગૃહ વિભાગના તા.૦૯–૧૨–૨૦૨૧ના ઠરાવથી રાજ્યની જેલોમાં આરોપી/કેદીઓને ઇ–મુલાકાતની સુવિધા આપવા જોગવાઇ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કઇ જેલોમાં આરોપી/કેદીઓને ઇ–મુલાકાતની સુવિધા આપવામાં આવતી નથી,

(૩) તેના શા કારણો છે, અને

(૪) રાજ્યની તમામ જેલોમાં આ સુવિધા કયાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૦–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) તાલુકા સબ જેલોમાં ઈ–મુલાકાતની સુવિધા ઉપલબ્ધ નથી.

(૩) તાલુકા સબ જેલમાં સંબંધિત તાલુકાના જ આરોપીઓ/કેદીઓને રાખવામાં આવે છે. તાલુકા સબ જેલોમાં કેદીઓને ઓછા સમય માટે રાખવામાં આવે છે તથા કેદીઓની સંખ્યા પણ નહિવત હોય છે. તેથી તાલુકા જેલોમાં ઈ–મુલાકાતની સુવિધાની જરૂરિયાત જણાયેલ નથી. કેદીઓને રૂબરૂ મુલાકાત આપવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નર્મદા જિલ્લામાં સરકારી કર્મચારીઓને ડરાવવા/ધમકાવાના નોંધાયેલ ગુના**

અતારાંકિતઃ ૧૪૩૩ (૩૦-૧૧-૨૦૨૩) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૦૬-૧૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીઓને ડરાવવા, ધમકાવવા અને લાંચ માંગવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૩) બાકી ઈસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૧-૨૦૨૪)

(૧) ૦૬ ગુનાઓ નોંધાયેલ છે.

(૨)

| પકડાયેલ ઇસમોની સંખ્યા | પકડવાના બાકી ઇસમોની સંખ્યા |
|---|---|
| ૧૫ | ૦૬ |

(૩) પકડવાના બાકી રહેતા આરોપીઓના મોબાઇલ ફોન તેમજ ટેકનીકલ એનાલીસીસ આધારે તપાસ કરવામાં આવેલ છે. આરોપીઓના મિત્ર વર્તુળ તેમજ સગાસંબંધીઓની તપાસ કરવામાં આવેલ છે. ભરોસાના બાતમીદારો થકી આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં ટ્રાફિક બ્રિગેડના માનદ સભ્યો/જવાનોને મળતું માનદ વેતન**

અતારાંકિતઃ ૧૫૬૮ (૧૯-૧૨-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ટ્રાફિક નિયમનની વ્યવસ્થા માટે ટ્રાફિક પોલીસની મદદમાં ટ્રાફિક બ્રિગેડના માનદ સભ્યો/જવાનો કેટલા છે,

(૨) ઉક્ત ટ્રાફિક બ્રિગેડના જવાનો/સભ્યોને વેતન કે માનદ વેતન કેટલું આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત વેતનમાં ક્યારે છેલ્લે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૧-૨૦૨૪)

(૧) ટ્રાફિક બ્રિગેડના માનદ સભ્યો/જવાનોની સંખ્યા - ૧૦,૦૦૦

(૨) રૂ.૩૦૦/- દૈનિક

(૩) ગુજરાત સરકાર, ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૧૨/૫૦૩/વ, તા.૦૬-૦૪-૨૦૧૮થી રાજ્યમાં ટ્રાફિક બ્રિગેડના જવાનોને અપાતા દૈનિક માનદ વેતનમાં રૂ.૨૦૦/- માં રૂ.૧૦૦/- નો વધારો કરવામાં આવેલ અને હાલમાં રૂ.૩૦૦/- લેખે દૈનિક માનદ વેતન આપવામાં આવે છે.

--------

**કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશનમાં કસ્ટોડીયલ ડેથ**

અતારાંકિતઃ ૧૬૧૭ (૧૮-૧૨-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં નવેમ્બર–૨૦૨૩માં કસ્ટોડીયલ ડેથની ઘટના બનેલ છે, તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ આ આરોપીના કસ્ટોડીયલ ડેથ માટે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) બનાવ સબબ નાયબ પોલીસ અધીક્ષકશ્રી હાલોલ તથા જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જ્યુડીશિયલ ઈન્કવાયરી ચાલુ છે.

**સરકાર હસ્તક રહેલ યાત્રાધામો પેટે થયેલ આવક**

અતારાંકિતઃ ૧૨ (૨૭–૦૨–૨૦૨૩) **શ્રી અમીતભાઈ ચાવડા** (આંકલાવ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મુખ્ય કયા કયા પવિત્ર યાત્રાધામોનો વહીવટ સરકાર હસ્તક છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર યાત્રાધામ દીઠ કેટલી આવક સરકારને થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કયા કયા હેતુઓ માટે ખર્ચ થયેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ વિકાસ) **:** (૨૩–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જાહેર થયેલ (નોટીફાઈડ) પવિત્ર યાત્રાધામોમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી અને શ્રી દ્વારકાધીશ દેવસ્થાન ટ્રસ્ટ, દ્વારકાનો વહીવટ સરકાર હસ્તક છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી અને શ્રી દ્વારકાધીશ દેવસ્થાન ટ્રસ્ટ, દ્વારકામાં થયેલ આવકની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | અંબાજી | દ્વારકા |
|---|---|---|
| તા.૦૧–૦૨–૨૦૨૧ થી તા.૩૧–૦૧–૨૦૨૨ | ૫૦૬૧૪૭૮૮૪.૫૮ (રકમ રૂપિયામાં) | ૪૪૨૯૦૫૯૮.૦૦ (રકમ રૂપિયામાં) |
| તા.૦૧–૦૨–૨૦૨૨ થી તા.૩૧–૦૧–૨૦૨૩ | ૬૯૦૧૧૧૧૭૦.૩૪ (રકમ રૂપિયામાં) | ૪૪૪૧૩૦૪૨.૦૦ (રકમ રૂપિયામાં) |

(૩) ઉક્ત સ્થિતિએ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી અને શ્રી દ્વારકાધીશ દેવસ્થાન ટ્રસ્ટ, દ્વારકામાં જે હેતુ માટે ખર્ચ થયેલ છે, તેની વિગત નીચે મુજબ છે.

| | **ક્રમ** | **હેતુ** | **તા.૦૧–૦૨–૨૦૨૧ થી તા.૩૧–૦૧–૨૦૨૨ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં)** | **તા.૦૧–૦૨–૨૦૨૨ થી તા.૩૧–૦૧–૨૦૨૩ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં)** |
|---|---|---|---|---|
| **અંબાજી** | ૧ | વહીવટી ખર્ચ (આ સદરે મંદિર ટ્રસ્ટના પગાર, કમીશન ચાર્જીસ, સ્ટેશનરી, પ્રિન્ટિંગ, ટી.વી.–કોમ્પ્યુટરનો મેઈન્ટેનન્સ ખર્ચ, ઇલેક્ટ્રિક ખર્ચ, ગ્રેજ્યુઇટી, સ્ટાફનો ડ્રેસ, ઝેરોક્ષ ખર્ચ વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.) | ૬૫૪૫૫૦૬૬.૪૧ | ૬૪૫૬૦૬૬૧.૧૪ |
| | ૨ | ટ્રસ્ટ હેતુ ખર્ચ (આ સદરે સદાવ્રત, નવરાત્રી, દિવાળી, ભાદરવી–ચૈત્રી–પોષી પૂનમ, પરબ, પગરખાં કેન્દ્ર, લગેજ રૂમ, સિકયુરીટી ખર્ચ, વ્યાજ વિધિ વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.) | ૨૧૮૯૨૯૫૧૧.૪૦ | ૩૧૩૦૬૨૯૮૭.૩૦ |
| | ૩ | મિલકતને લગતા ખર્ચાઓ | ૫૩૮૫૯૫૬.૦૦ | ૧૧૬૨૮૪૯૭.૦૦ |
| | ૪ | પેટા સંસ્થાઓને આવક કરતાં ખર્ચનો વધારો | ૬૪૦૬૮૨૦.૦૮ | ૧૨૯૪૩૭૨.૪૭ |
| | ૫ | સામાજિક મદદ હેતુ ખર્ચ | ૨૯૭૫૮૫૮.૦૦ | ૩૬૨૩૬૧૭૪.૦૦ |
| | ૬ | મિલકત ઘસારા ખર્ચ | ૬૯૦૧૫૮૯૯.૮૦ | ૬૩૦૯૧૦૫૪.૧૧ |
| | ૭ | ડેડ સ્ટોક તથા સ્થાવર મિલકત પાછળ કરેલ ખર્ચ | ૮૨૩૪૩૨૯.૦૦ | ૨૦૫૮૧૦૫૯.૭૦ |
| | | **કુલ રકમ રૂ.** | **૩૭૬૪૦૩૪૪૦.૬૯** | **૫૧૦૪૫૪૮૦૫.૭૨** |

| | ક્રમ | હેતુ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં) | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં) |
|---|---|---|---|---|
| | | | | |
| | ક્રમ | હેતુ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં) | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધીનો ખર્ચ (રકમ રૂપિયામાં) |
| દ્વારકા | ૧ | મિલકત સંબંધી ખર્ચ | ૪૩૮૫૪૯.૦૦ | ૩૪૩૮૪૪.૦૦ |
| | ૨ | વહીવટી ખર્ચ-પગાર ભથ્થા | ૫૨૩૫૯૬૭.૦૦ | ૫૦૯૩૩૨૭.૦૦ |
| | | વહીવટી ખર્ચ અન્ય | ૩૩૨૯૯૯૬.૦૦ | ૫૨૦૨૩૬૯.૦૦ |
| | ૩ | ફંડમાં તબદીલ | ૫૨૫૪૫૫૮.૦૦ | ૭૫૦૯૨૨૨.૦૦ |
| | ૪ | ઓડીટ/પરચૂરણ | ૩૪૦૭૭.૦૦ | ૩૪૧૨૨.૦૦ |
| | ૫ | ટ્રસ્ટ હેતુના ખર્ચ | ૪૧૩૦૦૨૭.૦૦ | ૨૮૪૬૫૪૫.૦૦ |
| | | કુલ રકમ રૂ. | ૧૮૪૨૩૧૭૪.૦૦ | ૨૧૦૨૯૪૨૯.૦૦ |

**રાજ્યમાં લિગ્નાઈટ ખનિજ**

અતારાંકિતઃ ૮૬૯ (૧૦-૦૮-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર લિગ્નાઈટ ખનિજની કેટલી માઈનીંગ લીઝો અસ્તિત્વમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, લીઝવાર લિગ્નાઈટ ખનિજનું કેટલુ ખનન થયેલ છે, અને

(૩) ઉક્ત અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી આવક થઈ ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૨૩-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર લિગ્નાઈટ ખનિજની ૧૭ માઈનીંગ લીઝો અસ્તિત્વમાં છે.

| ક્રમ | જિલ્લો | લીઝની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૪ |
| ૨ | ભાવનગર | ૫ |
| ૩ | ભરૂચ | ૩ |
| ૪ | કચ્છ | ૫ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબ લિગ્નાઈટ ખનિજનું ખનન થયેલ છે. (જથ્થો મે.ટનમાં)

| ક્રમ | જિલ્લો | લીઝનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|---|
| ૧ | સુરત | GMDC તડકેશ્વર ML 1705014924 | ૧૨૭૩૨૧૩.૦૦ | ૮૯૯૪૩૦.૦૦ | ૬૦૭૭૦૬.૦૦ |
| ૨ | સુરત | GIPCL નાની નરોલી ML 174014524 | ૪૨૯૭૭૭.૦૦ | ૪૨૧૧૮૩.૦૦ | ૫૧૬૬૦૨.૦૦ |
| ૩ | સુરત | GIPCL નાની નરોલી ML 1704014724 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૪ | સુરત | GIPCL નાની નરોલી ML 1704014924 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૫ | ભાવનગર | ગુજરાત હેવી કેમિકલ્સ લી. ML 040100424 | ૩૬૦૭૦.૪૬ | ૬૮૬૫૩.૦૧ | ૯૧૩૪૯.૬૨ |
| ૬ | ભાવનગર | જી.એમ.ડી.સી.લી. ML0401000324 | ૪૯૨૪૩૮.૮૦ | ૧૬૩૮૯૦૮.૬૫ | ૧૧૫૮૦૭૯.૬૦ |
| ૭ | ભાવનગર | ગુજરાત પાવર કોર્પોરેશન લી. ML0401000224 | ૧૨૭૨૨૪૬.૧૬ | ૧૮૫૧૮૦૮.૭૨ | ૧૫૭૯૯૨૨.૮૧ |
| ૮ | ભાવનગર | ગુજરાત પાવર કોર્પોરેશન લી. ML0401001224 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૯ | ભાવનગર | ગુજરાત પાવર કોર્પોરેશન લી. ML0401001124 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | ભરૂચ | GMDC ML1607002524 | ૫૪૮૩૯૩.૦૭ | ૭૧૧૧૫૮.૦૦ | ૭૦૬૯૮૬.૬૭ |
| ૧૧ | ભરૂચ | GMDC | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | ભરૂચ | GIPC ML1608000124 | ૩૦૮૧૦૮૩.૯૦ | ૨૪૯૭૬૩૨.૪૮ | ૨૫૩૫૪૭૫.૯૪ |
| ૧૩ | કચ્છ | જી.એમ.ડી.સી.લી. ML0705008624 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૪ | કચ્છ | જી.એમ.ડી.સી.લી. ML0705008824 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૫ | કચ્છ | જી.એમ.ડી.સી.લી. ML0705009124 | ૧૯૭૨૫૩૪.૦૦ | ૩૪૮૪૫૩૫.૦૦ | ૩૪૬૧૫૩૩.૦૦ |
| ૧૬ | કચ્છ | જી.એમ.ડી.સી.લી. ML0705009324 | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૭ | કચ્છ | જી.એમ.ડી.સી.લી. ML0705009924 | ૧૩૬૬૬૭૫.૦૦ | ૧૮૨૦૧૦૮.૦૦ | ૧૬૪૬૫૪૪.૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આવકની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | આવક (લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૩૭૦.૯૪ |
| ૨૦૨૧-૨૨ | ૨૨૧૯૦.૪૭ |
| ૨૦૨૨-૨૩ | ૨૨૦૨૩.૨૨ |

--------

**સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ પાછળ ખર્ચ**

અતારાંકિતઃ ૧૦૮૬ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત પ્રવાસન પ્રભાગ દ્વારા કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત કાર્યક્રમ પાછળ કરવામાં ખર્ચ પૈકી પ્રવાસન, ભોજન, જાહેરાતો, રહેવા, પરિવહન સહિત કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૨૩-૦૧-૨૦૨૪)

(૧) ગુજરાત પ્રવાસન લિ. દ્વારા કુલ રૂ.૧૦,૯૪,૦૮,૬૮૮/- નો ખર્ચ કરવામાં આવેલ છે તથા અમુક ઈવેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી માટેના બિલના આખરીકરણની કામગીરી પ્રગતિમાં છે.

(૨)

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | ફિલ્મ મેકિંગ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી | ૪૫,૭૦,૧૪૦ |
| ૨ | ગુજરાતમાં હોર્ડિંગ્સ | ૫૫,૩૬,૮૦૦ |
| ૩ | ન્યૂઝ પેપર એડવર્ટાઈઝમેન્ટ | ૯૦,૦૦,૦૦૦ |
| ૪ | એક્ઝિબિશન-સ્ટોલ થીમ પાવેલીયન | ૨૧,૨૪,૦૦૦ |
| ૫ | આમંત્રણ પત્રિકા | ૧,૧૪,૩૪૨ |
| ૬ | વર્ચ્યુઅલ રિયાલિટી સ્ટોલ | ૨,૩૬,૦૦૦ |
| ૭ | GSRTC બસ પેનલમાં જાહેરાત | ૭,૨૫,૪૬૪ |
| ૮ | ગુજરાત બહારના એરપોર્ટ બ્રાન્ડિંગ | ૪,૬૦,૧૧૬ |
| ૯ | ગુજરાત બહાર બસ શેલતરમાં જાહેરાત | ૩૩,૩૩,૯૨૪ |
| ૧૦ | ગુજરાત બહાર સિનેમા દ્વારા જાહેરાત | ૨૦,૩૩,૯૪૨ |
| | **કુલ જાહેરાત પાછળ ખર્ચ** | **૨,૮૧,૩૪,૭૨૮** |
| ૧૧ | પ્રવાસન પાછળ ખર્ચ | ૫,૩૫,૫૦,૦૦૦ |
| ૧૨ | રહેવા પાછળ ખર્ચ | ૯,૪૫,૩૬૦ |
| ૧૩ | પરિવહન પાછળ ખર્ચ | ૯૬,૦૧,૧૭૧ |
| ૧૪ | ગીર સોમનાથ કલેક્ટર | ૭,૧૧,૯૭૯ |
| ૧૫ | કુરિયર પાછળ ખર્ચ | ૧,૬૫,૪૫૦ |

(૩) જાહેરાતનો ખર્ચ પ્રચાર અને પ્રસિદ્ધિ તથા એક્ઝિબિશન અને સેમિનારની ગ્રાન્ટ હેઠળ ઉધારવામાં આવ્યો.

પ્રવાસ, રહેવા, પરિવહન, ગીર સોમનાથ કલેક્ટર, કુરિયર ખર્ચ નિગમના સ્વભંડોળમાં ઉધારવામાં આવેલ છે.

જ્યારે ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા કરવામાં આવેલ ખર્ચ પ્રવાસન નિગમના સ્વભંડોળ તેમજ મેળા અને ઉત્સવના હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી

**ખુશ્બુ ગુજરાત કી એડના બાકી એપીસોડ**

અતારાંકિતઃ ૧૧૦૩ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ ખુશ્બુ ગુજરાત કી એડ ફિલ્મના કેટલા એપીસોડ તૈયાર થયેલા પ્રસિદ્ધ કરવાના બાકી છે,

(૨) ઉક્ત એપીસોડ તૈયાર કરવા માટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત એપીસોડ પ્રસિદ્ધ કરવાના બાકી હોવાના કારણો શા છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૨૩–૦૧–૨૦૨૪)

(૧) એક પણ એપીસોડ પ્રસિદ્ધ કરવાનો બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ઉના તાલુકામાં લાઈમસ્ટોન ખનિજનું બિનઅધિકૃત ખનન પેંટે વસૂલવાની દંડકીય રકમ**

અતારાંકિતઃ ૧૧૩૬ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ફેબ્રુઆરી–૨૦૨૩માં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ઉનાના સર્વે નં.૨૦૫ પૈકી ૧માં ૨,૧૩,૫૫૦.૪૧૫ મે.ટન બિલ્ડિંગ લાઈમસ્ટોન ખનિજનું બિનઅધિકૃત રીતે ખનન સબબ કુલ રૂ.૧૦,૭૬,૨૯,૪૦૯/– દંડની રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરવા ફ્લાઈંગ સ્કવોર્ડ, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૧૫/૦૮/૨૩ની સ્થિતિએ તે પેંટે કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (૨૩–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) વસૂલવામાં આવેલ રકમ–શૂન્ય

વસૂલવાની બાકી રકમ – રૂ. ૧૦,૭૬,૨૯,૪૦૯/–

(૩) તા.૧૯.૦૨.૨૦૨૩ થી લીઝધારક વિરૂદ્ધ રૂ.૧૦,૭૬,૨૯,૪૦૯/– (અંકે રૂપિયા દસ કરોડ છોત્તેર લાખ ઓગણત્રીસ હજાર ચારસો નવ પુરા) ભરપાઈ કરાવવા વસૂલાત હુકમ કરવામાં આવેલ છે, અને બાકી રહેલ રકમ માટે મહેસૂલી રાહે વસૂલાત કરવા તા.૦૭/૧૧/૨૦૨૩ના પત્રથી કલેક્ટરશ્રી, ગીરસોમનાથને જણાવેલ છે.

--------

**રાજ્યના પ્રસિદ્ધ મંદિરો અને યાત્રાધામ સ્થળોને ભિખારીમુક્ત બનાવવાનો પ્રોજેક્ટ**

અતારાંકિતઃ ૧૩૦૧ (૧૭–૧૧–૨૦૨૩) **શ્રી અમીતભાઈ ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) રાજ્યમાં આવેલ પ્રસિદ્ધ મંદિરો અને યાત્રાધામ સ્થળોને ભિખારી મુક્ત ગુજરાત બનાવવાના ભાગરૂપે વર્ષ ૨૦૨૧માં રાજપીપળામાં પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ યાત્રાધામ સ્થળોને ભિખારીમુક્ત બનાવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજયના કયા પ્રસિદ્ધ મંદિરો અને યાત્રાધામ સ્થળોને ભિખારીમુક્ત બનાવીને તેની જાહેરાત ક્યારે કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (યાત્રાધામ વિકાસ) **:** (૨૩–૦૧–૨૦૨૪)

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નાગરિક ઉડ્ડયન પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૪૦૪ (૪–૧૨–૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) નાગરિક ઉડ્ડયન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના બજેટમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ મુખ્યત્વે ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી :** (૨૩–૦૧–૨૦૨૪)

(૧)

| ક્રમ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઈ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | રૂ.૧૩૮૫૯.૯૩ |
| ૨ | ૨૦૨૧–૨૨ | રૂ.૨૬૨૫૯.૪૯ |
| ૩ | ૨૦૨૨–૨૩ | રૂ.૨૪૯૧૨.૯૧ |

(૨)

| ક્રમ | વર્ષ | તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ ફાળવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | રૂ.૧૩૮૫૯.૯૩ |
| ૨ | ૨૦૨૧–૨૨ | રૂ.૨૬૨૫૯.૪૯ |
| ૩ | ૨૦૨૨–૨૩ | રૂ.૨૪૯૧૨.૯૧ |

(૩)

| ક્રમ | નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ (લાખમાં) | વણ વપરાયેલ રકમ (લાખમાં) | કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | રૂ.૧૨૧૭૩.૨૪ | રૂ.૧૬૮૬.૬૮ | કોરોના મહામારીના કારણોસર વી.વી.આઇ.પી.ની ફ્લાઈટ મુવમેન્ટ, તેમજ હવાઈ જહાઝને લગત મરામત ખર્ચ ઓછો થવાના અને વહીવટી ખર્ચ ઘટાડાના કારણે વણ વપરાયેલ રહેલ હતી. |
| ૨ | ૨૦૨૧–૨૨ | રૂ.૨૬૨૫૯.૪૯ | ૦.૦૦ | – |
| ૩ | ૨૦૨૨–૨૩ | રૂ.૧૭૪૪૮.૯૭ (રૂ. ૮૩૨.૫૦ લાખની રકમ પરત | રૂ.૬૬૩૨.૧૪ | • રીઝ્યોનલ એર કનેક્ટીવીટી સ્કિમ હેઠળ થયેલ ખર્ચના બિલો ત્રિમાસિક રજૂ થતા હતા જે બિલો પછીના વર્ષમાં |

| | | | | |
|---|---|---|---|---|
| | | જમા કરાવેલ છે.) | | રજૂ થયેલ અને તેના ચૂકવણા કરેલ છે.<br>• નિયામક, નાગરિક ઉડ્ડયન તથા ગુજસેલ કચેરી ખાતે ટેકનીકલ/વહીવટી અધિકારી/કર્મચારીઓની ઘટના કારણે વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ છે.<br>• એરપોર્ટ હવાઈપટ્ટી અને એર સ્ટ્રીપની કામગીરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત હોઈ તેના વિકાસ અર્થેના કામો સમય માંગી લે તેવા હોય કામગીરી પૂર્ણ થયે તબક્કાવાર તેનું ચૂકવણા કરવાના હોવાથી રકમ વણવપરાયેલ છે. |

--------

**મોટા ઉદ્યોગોનું અન્ય રાજ્યમાં સ્થળાંતર**

અતારાંકિતઃ ૧૬૫૩ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી કિરીટકુમાર પટેલ**(પાટણ): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી કયા મોટા ઉદ્યોગો અન્ય રાજ્યમાં સ્થળાંતર થયા,

(૨) તેના શા કારણો છે, અને

(૩) રાજ્યમાં કાર્યરત મોટા ઉદ્યોગો બીજા રાજ્યોમાં સ્થળાંતર ન થાય તે માટે શી વ્યવસ્થા કરાઈ છે ?

**ઉદ્યોગ મંત્રીશ્રી :** (૨૪-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી મોટા ઉદ્યોગો અન્ય રાજ્યોમાં સ્થળાંતર થયા બાબતની રજૂઆત અત્રે મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**માહિતી અને પ્રસારણ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૩૨ (૧૭-૧૧-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) માહિતી અને પ્રસારણ વિભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) **:** (૨૪-૦૧-૨૦૨૪)

(૧) માહિતી અને પ્રસારણ વિભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની બજેટ જોગવાઈ કરવામાં આવેલ.

| વર્ષ | જોગવાઈની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૬૬.૭૮ |
| ૨૦૨૧-૨૨ | ૧૬૬.૩૩ |
| ૨૦૨૨-૨૩ | ૩૧૭.૮૪ |

(૨) ઉક્ત જોગવાઈની રકમ પૈકી નીચે મુજબ વર્ષવાર તા.૩૦-૦૯-૨૩ની સ્થિતિએ રકમ ફાળવવામાં આવી છે.

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ર૦ર૦-ર૧ | ૧૬૬.૭૮ |
| ર૦ર૧-રર | ૧૬૬.૩૩ |
| ર૦રર-ર૩ | ૩૧૭.૮ર |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર વપરાયેલ રકમ, વણવપરાયેલ રકમ અને કારણોની વિગત નીચે મુજબ છે.

**(રકમ રૂ. કરોડમાં)**

| વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|
| ર૦ર૦-ર૧ | ૧૬૫.ર૮ | ૧.૫૦ | વણવપરાયેલ રકમ મુખ્યત્વે કોરોના વાયરસના લોકડાઉનનાં કારણે રજા પ્રવાસ રાહત અને રજાઓના રોકડમાં રૂપાંતરનો ઓછો ખર્ચ થતાં તથા ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે તેમજ વિવિધ એજન્સીઓના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ હોવાના કારણે તેમના તરફથી બિલો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને ન મળવાને કારણે બચત રહેવા પામેલ હતી. |
| ર૦ર૧-રર | ૧૬૩.૪૩ | ર.૯૦ | વણવપરાયેલ રકમ મુખ્યત્વે રજા પ્રવાસ રાહત અને રજાઓના રોકડમાં રૂપાંતરનો ઓછો ખર્ચ થતાં તથા ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે તેમજ વિવિધ એજન્સીઓ તરફથી બિલો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને ન મળવાને કારણે બચત રહેવા પામેલ હતી. |
| ર૦રર-ર૩ | ૩૦૫.૩૭ | ૧ર.૪૫ | • ૧ર ગુજરાતી ચલચિત્રોનાં નિર્માતાઓની અરજી નિયત સમયમર્યાદા બાદ મળતા ચૂકવણી ન થતાં રૂ.૪.૭૪ કરોડની બચત રહેલ હતી.<br>• ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે તથા રજા પ્રવાસ રાહત અને રજાઓના રોકડમાં રૂપાંતરનો ઓછો ખર્ચ થવાના કારણે તેમજ વિવિધ એજન્સીઓ તરફથી બિલો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને ન મળવાને કારણે રૂ.૭.૭૧ કરોડ બચત રહેવા પામેલ હતી. |

**રાજ્યમાં કૌશલ્ય સહાયકોને બઢતી, પ્રવરતા તથા ઉ.પ.ધો. બાબત**

અતારાંકિતઃ ૧૦૪૭ (ર૫-૧૦-ર૦ર૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/ર૦ર૩ ની સ્થિતિએ રાજ્યમાં વર્ષ ર૦૦૧માં બે વર્ષ ફિક્સ માનદ વેતનથી કરારના ધોરણે ભરતી કરેલ કૌશલ્ય સહાયક તથા ગૃપ કૌશલ્ય સહાયકોની સેવાના બે વર્ષ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણમાં ગણતરીમાં લેવામાં આવતા નથી તે હકીકત સાચી છે,

(ર) જો હા, તો તેના કારણો શા છે,

(૩) કૌશલ્ય સહાયક તથા ગૃપ કૌશલ્ય સહાયકોની ઉક્ત સ્થિતિએ સંખ્યા કેટલી છે, અને

(૪) અન્ય વિભાગોમાં ફિક્સ / કરારનો સમયગાળો સળંગ ગણી બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણમાં તમામ લાભો આપવામાં આવે છે તે મુજબ કર્મચારીઓને લાભ મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૮-૦૧-ર૦ર૪)

(૧) હા, જી.

(ર) નાણા વિભાગના તા.૧૮-૦૧-ર૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ર૦૦ર/૫૭/પાર્ટ-ર/ઝ-૧ની જોગવાઈ મુજબ નાણા વિભાગના તા.૧૬-૦ર-ર૦૦૬ના ઠરાવથી નિયત થયેલ ફિક્સ પગારની નીતિ અંતર્ગત નિમાયેલા કર્મચારીઓને જ લાગુ પડે છે. તા.૧૬-૦ર-ર૦૦૬ ના ઠરાવ પહેલા નિમાયેલ ફિક્સ પગારના કર્મચારીઓની બાબતમાં લાગુ પડતી નથી.

(૩) કૌશલ્ય સહાયકોની કુલ સંખ્યા - ૧૩૪ છે જ્યારે ગૃપ કૌશલ્ય સહાયકોની સંખ્યા ૧૯ છે.

(૪) વર્ષ ર૦૦૧-૦રમાં નિમણૂક પામેલ કૌશલ્ય સહાયક અને ગૃપ કૌશલ્ય સહાયકોની બે વર્ષની નોકરી સળંગ ગણવાની બાબત નીતિ વિષયક હોય, હાલ સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવાયેલ નથી.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૯૧ (૦૪-૧ર-ર૦ર૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના બજેટમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ,

(૨) તા. ૩૦/૦૯/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ મુખ્યત્વે કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૯–૦૧–૨૦૨૪)

(૧)

| વર્ષ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના બજેટમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૪૩૨.૬૪ |
| ૨૦૨૧–૨૨ | ૧૫૦૨.૩૨ |
| ૨૦૨૨–૨૩ | ૧૮૩૬.૮૩ |

(૨)

| વર્ષ | તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૧૪૩.૭૮ |
| ૨૦૨૧–૨૨ | ૧૨૭૯.૮૮ |
| ૨૦૨૨–૨૩ | ૧૫૯૧.૮૭ |

(૩)

૧. નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ માં કુલ રૂ.૧૦૭૦.૭૪ લાખની રકમ વપરાયેલ હતી. તેમજ રૂ.૭૩.૦૪ કરોડની રકમ વણવપરાયેલ રહેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

– ખાલી જગ્યાઓ માટે કરેલ જોગવાઈ માટે કરેલ પગાર ભથ્થાની રકમ બચત રહેલ છે.

– કોરોના મહામારીના કારણે તાલીમ સાહિત્ય ખરીદી શકાયેલ ન હોવાથી તેમજ તાલીમ ક્લાસનુ આયોજન ન થયેલ હોવાથી બચત રહેલ હતી.

– કોરોના મહામારીના કારણે વિવિધ યોજનામાં અરજીઓ ઓછી આવવાના કારણે તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણે બચત રહેલ હતી.

– કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના અંતર્ગત કેન્દ્રમાંથી ફંડ ન મળતા બચત રહેલ હતી.

– કચેરી ખર્ચ રીનોવેશન તેમજ આઈટી હાર્ડવેરની ખરીદી કોરોના મહામારીને લીધે થઈ શકેલ ન હતી, જેથી બચત રહેલ હતી.

૨. નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ રૂ.૧૨૧૨.૧૩ લાખની રકમ વપરાયેલ હતી. તેમજ રૂ.૬૭.૬૫ કરોડની રકમ વણવપરાયેલ રહેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

– ખાલી જગ્યાઓ માટે કરેલ જોગવાઈ માટે કરેલ પગાર ભથ્થાની રકમ બચત રહેલ છે.

– કોરોના મહામારીના કારણે તાલીમ સાહિત્ય ખરીદી શકાયેલ ન હોવાથી તેમજ તાલીમ ક્લાસનુ આયોજન ન થયેલ હોવાથી બચત રહેલ હતી.

– કોરોના મહામારીના કારણે વિવિધ યોજનામાં અરજીઓ ઓછી આવવાના કારણે તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણે બચત રહેલ હતી.

– ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ વિવિધ યોજનાઓ ઓનલાઈન કરવાની મંજૂરી તા.૩૦/૦૩/૨૦૨૨ના રોજ મળતા

તેમજ હાર્ડવેર ખરીદી પૂર્ણ થયેલ ન હોઈ બચત રહેલ હતી.

– વર્ષ ૨૦૨૧–૨૨ માં મંજૂર બજેટને ધ્યાને લઈ જરૂરી ટેન્ડર ફ્લોટ કરેલ. પરંતુ ટેન્ડર વહીવટી/ટેકનિકલ કારણોસર રદ કરી રી–ટેન્ડર કરવાના થતા હોઈ વર્ષ ૨૦૨૧–૨૨ ના અંત સુધી સંપૂર્ણ ખર્ચ થઈ શકેલ ન હતો.

૩. નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં કુલ રૂ.૧૪૭૦.૭૧ કરોડની રકમ વપરાયેલ હતી. તેમજ રૂ.૧૨૧.૧૬ કરોડની રકમ વણવપરાયેલ રહેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

– ખાલી જગ્યાઓ માટે કરેલ જોગવાઈ માટે કરેલ પગાર ભથ્થાની રકમ બચત રહેલ છે.

– કોરોના મહામારીના કારણે તાલીમ સાહિત્ય ખરીદી શકાયેલ ન હોવાથી તેમજ તાલીમ ક્લાસનું આયોજન ન થયેલ હોવાથી બચત રહેલ હતી.

– કોરીના મહામારીના કારણે વિવિધ યોજનામાં અરજીઓ ઓછી આવવાના કારણે તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણે બચત રહેલ હતી.

– વિવિધ યોજનામાં અરજીઓ ઓછી આવવાના કારણે તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણે બચત રહેલ હતી.

– કોમ્પ્યુટર, લેપટોપ અને સ્માર્ટબોર્ડ જેવા આઈ.ટી.નું ટેસ્ટીંગ ફેઈલ જતા ખરીદીની કાર્યવાહી પૂર્ણ થતા બચત રહેલ હતી.

--------

**સાબરમતી સત્યાગ્રહ આશ્રમની જમીનોના વેચાણ અંગેના ખાસ તપાસ પંચ બાબત**

અતારાંકિતઃ ૧૫૪૫ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી અર્જુન મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૨૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ સાબરમતી સત્યાગ્રહ આશ્રમ (ગાંધી આશ્રમ) અમદાવાદની જમીનોના વેચાણ બાબતે ખાસ તપાસ દળ/પંચ (ટાસ્ક ફોર્સ)ની રચના કાયદા વિભાગ દ્વારા કરવામાં આવી છે તે હકીકત સાચી છે, કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત તપાસપંચ/દળ/ફોર્સમાં કોણ કોણ સભ્યો છે,

(૩) કયા સુધીમાં અહેવાલ સરકારને સુપ્રત કરવાનો છે, અને

(૪) ઉક્ત દળ/પંચ/ફોર્સને ક્યા પ્રકારની તપાસ કરવાના આદેશો કરવામાં આવ્યા છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૧૭–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) શ્રી વિનય વ્યાસા, નિવૃત આઈ.એ.એસ.
શ્રી વાય. એમ. શુક્લા, ચેરીટી કમિશનર

(૩) દિન–૧૫ માં(પરંતુ સરકારશ્રી દ્વારા કમિટીની લેખિત વિનંતીના આધારે વધુ ૨–માસનો સમય આપેલ છે.)

(૪) સાબરમતી હરિજન આશ્રમની મિલકતોની તબદિલીઓ તેમજ આશ્રમની જમીનોના વિવાદ બાબતે જરૂરી તપાસ તથા તપાસ રિપોર્ટ રજૂ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા અંગેના આદેશો કરવામાં આવેલ છે.

--------

**લીટીગેશન પોલીસી બનાવવા બાબત**

અતારાંકિતઃ ૧૫૮૩ (૧૧–૧૨–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) નામ. ગુજરાત હાઇકોર્ટે ઓક્ટોબર–૨૦૨૩માં એક લીટીગેશન પોલીસી બનાવવા સરકારને જણાવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને

(૩) તા.૨૫.૧૧.૨૦૨૩ ને સ્થિતિએ આ સંબંધમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૧૯–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) નામ. વડી અદાલતમાં દાખલ થયેલ LPA NO. 19960/2023 in SCA NO. 13473/2016 with C.A. (for Condonation of Delay) NO. 1/2023 માં નામ. ગુજરાત હાઇકોર્ટમાં તા.૨૫.૧૦.૨૦૨૩ના હુકમથી સ્ટેટ લીટીગેશન પોલીસી બનાવીને રાજ્ય સરકારને આઠ અઠવાડિયામાં રજૂ કરવા જણાવેલ છે.

(૩) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ હાલની સ્ટેટ લીટીગેશન પોલીસી બાબતે પત્ર ક્રમાંક: પરચ/૦૮/૨૦૨૩/૨૮૦/જ થી તા.૨૦.૧૧.૨૦૨૩ ના રોજ રજિસ્ટ્રાર જનરલ સાહેબશ્રી નામ. વડી અદાલતને પત્ર પાઠવેલ છે.

**સૌની યોજના અન્વયે જળાશયો ભરવા બાબત**

અતારાંકિતઃ ૨૬૯ (૦૪–૦૫–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કયા જિલ્લાના કયા જળાશય, ડેમ, સિંચાઇ યોજનામાં સૌની યોજના અન્વયે પાણી ભરવાનું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર ઉક્ત કયા જળાશય, ડેમ, સિંચાઇ યોજનામાં કેટલું પાણી નાખવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ નાખવામાં આવેલ પાણીમાંથી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલું પાણી સિંચાઇ માટે વપરાયેલ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૭–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ આ સાથે સામેલ *પત્રક–૧ મુજબના જળાશય, ડેમ, સિંચાઈ યોજનામાં સૌની યોજના અન્વયે પાણી ભરવામાં આવેલ છે.

(૨) સૌની યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ડેમ/જળાશય/સિંચાઈ યોજનામાં નાખવામાં આવેલ પાણીના જથ્થાની વિગત દર્શાવતું *પત્રક–૨ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ, ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર આ સાથે સામેલ *પત્રક–૩ મુજબ પાણીનો જથ્થો સૌની યોજના દ્વારા પીવાના પાણી તેમજ સિંચાઈના હેતુસર નાખવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ગૌચરની જમીનો પર ગેરકાયદેસર દબાણ**

અતારાંકિતઃ ૯૬ (૨૬–૦૪–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર**(દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનો પર ગેરકાયદેસર દબાણો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગેરકાયદેસર દબાણ દૂર કરી કેટલી ગૌચરની જમીન ખુલ્લી કરાવવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૨૪–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગૌચરની ૪૪૨૦.૯૮.૦૨ હે. આરે. પ્ર. જમીન પર ગેરકાયદેસર દબાણો છે. (જિલ્લાવાર *પત્રક સામેલ છે.)

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગેરકાયદેસર દબાણ દૂર કરી નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરાવવામાં આવી.

| ક્રમ | વર્ષ ૨૦૨૦–૨૧ | વર્ષ ૨૦૨૧–૨૨ | વર્ષ ૨૦૨૨–૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૩૮૧.૯૨.૧૭ | ૬૨૭.૬૮.૬૭ | ૩૪૩.૨૮.૧૩ | ૧૩૫૨.૮૮.૯૭ |

(જિલ્લાવાર *પત્રક સામેલ છે.)

(૩) અમુક કિસ્સામાં સબજયુડીશ મેટર હોઇ, નામ, કોર્ટના ચુકાદા બાદ, અમુક કિસ્સામાં દબાણ હેતુફેર/રેગ્યુલરાઇઝ કરવા સંબંધે કલેક્ટરશ્રી સમક્ષ કરવામાં આવેલ દરખાસ્ત પરત્વેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તથા અમુક કિસ્સાઓમાં ડી.આઇ.એલ.આર. કચેરી મારફતે ગૌચર જમીન માપણી થયા બાદ આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી દબાણ દૂર કરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ગ્રામ પંચાયતોને પાકા મકાન ફાળવવા બાબત**

અતારાંકિતઃ ૨૦૭ (૦૪–૦૫–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પાકા મકાન નથી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાનો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત બાકી ગ્રામ પંચાયતોના પોતાના પાકા મકાનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૨૨–૦૧–૨૦૨૪)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોતાના પાકા મકાન નથી તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૧ |
| ૨ | અમરેલી | ૪૪ |
| ૩ | અરવલ્લી | ૧૨ |
| ૪ | આણંદ | ૦૦ |
| ૫ | કચ્છ | ૧૭ |
| ૬ | ખેડા | ૦૬ |
| ૭ | ગાંધીનગર | ૦૯ |
| ૮ | ગીર સોમનાથ | ૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦૪ |
| ૧૦ | જામનગર | ૧૩ |
| ૧૧ | જૂનાગઢ | ૦૩ |
| ૧૨ | ડાંગ | ૩૫ |
| ૧૩ | તાપી | ૦૫ |
| ૧૪ | દાહોદ | ૪૩ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૪૪ |
| ૧૬ | નર્મદા | ૦૯ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોતાના પાકા મકાન નથી તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧૭ | નવસારી | ૦૦ |
| ૧૮ | પંચમહાલ | ૦૧ |
| ૧૯ | પાટણ | ૪૬ |
| ૨૦ | પોરબંદર | ૦૦ |
| ૨૧ | બનાસકાંઠા | ૯૪ |
| ૨૨ | બોટાદ | ૦૨ |
| ૨૩ | ભરૂચ | ૦૨ |
| ૨૪ | ભાવનગર | ૧૧૪ |
| ૨૫ | મહિસાગર | ૦૭ |
| ૨૬ | મહેસાણા | ૨૬ |
| ૨૭ | મોરબી | ૪૯ |
| ૨૮ | રાજકોટ | ૧૭ |
| ૨૯ | વડોદરા | ૧૫ |
| ૩૦ | વલસાડ | ૦૫ |
| ૩૧ | સાબરકાંઠા | ૫૯ |
| ૩૨ | સુરત | ૧૩ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૫૮ |
| | **કુલ** | **૭૭૩** |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ પંચાયતના મકાનો મંજૂર કરવામાં આવ્યા તેવી ગ્રામ પંચાયતની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ | મંજૂર ગ્રા.પં. મકાનની સંખ્યા |
| ૧ | અમદાવાદ | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૯ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૭૯ |
| ૨ | અમરેલી | સને ૨૦૨૦-૨૧ | ૧૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૭ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૮૭ |
| ૩ | અરવલ્લી | સને ૨૦૨૦-૨૧ | ૦૨ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૩ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૪૫ |
| ૪ | આણંદ | સને ૨૦૨૦-૨૧ | ૦૫ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૩ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૫૧ |
| ૫ | કચ્છ | સને ૨૦૨૦-૨૧ | ૦૯ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૦ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૧૩ |
| ૬ | ખેડા | સને ૨૦૨૦-૨૧ | ૧૭ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૬૬ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૧ |
| ૭ | ગાંધીનગર | સને ૨૦૨૦-૨૧ | ૦૧ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૬ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૬ |
| ૮ | ગીર સોમનાથ | સને ૨૦૨૦-૨૧ | ૦૨ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૪૨ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૯ |
| ૯ | છોટાઉદેપુર | સને ૨૦૨૦-૨૧ | ૨૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૪૪ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૫૭ |
| ૧૦ | જામનગર | સને ૨૦૨૦-૨૧ | ૦૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૯૪ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૨૭ |
| ૧૧ | જૂનાગઢ | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ પંચાયતના મકાનો મંજૂર કરવામાં આવ્યા તેવી ગ્રામ પંચાયતની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ | મંજુર ગ્રા.પં. મકાનની સંખ્યા |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૨ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૨૯ |
| ૧૨ | ડાંગ | સને ૨૦૨૦-૨૧ | ૦૨ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૫ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૩ |
| ૧૩ | તાપી | સને ૨૦૨૦-૨૧ | ૨૮ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૪૯ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૨ |
| ૧૪ | દાહોદ | સને ૨૦૨૦-૨૧ | ૦૧ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૨ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૭૬ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | સને ૨૦૨૦-૨૧ | ૪૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૦ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૦ |
| ૧૬ | નર્મદા | સને ૨૦૨૦-૨૧ | ૦૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૦ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૨૮ |
| ૧૭ | નવસારી | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૭૫ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૫ |
| ૧૮ | પંચમહાલ | સને ૨૦૨૦-૨૧ | ૦૮ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૧ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૫૧ |
| ૧૯ | પાટણ | સને ૨૦૨૦-૨૧ | ૦૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૪ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૪૮ |
| ૨૦ | પોરબંદર | સને ૨૦૨૦-૨૧ | ૦૨ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૧ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૮ |
| ૨૧ | બનાસકાંઠા | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૯ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૪૭ |
| ૨૨ | બોટાદ | સને ૨૦૨૦-૨૧ | ૦૨ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૦ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૬ |
| ૨૩ | ભરૂચ | સને ૨૦૨૦-૨૧ | ૦૧ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૦૧ |
| | | મનરેગા હેઠળ | ૨૫ |
| | | ૧૫મું નાણાપંચ | ૦૪ |
| | | ડી.એમ.એફ. | ૦૬ |
| | | સી.ડી.પી. બચત ગ્રાન્ટ | ૦૬ |
| ૨૪ | ભાવનગર | સને ૨૦૨૦-૨૧ | ૩૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૫૧ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૮ |
| ૨૫ | મહિસાગર | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૪૭ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૩ |
| ૨૬ | મહેસાણા | સને ૨૦૨૦-૨૧ | ૨૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૨૫ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૫૭ |
| ૨૭ | મોરબી | સને ૨૦૨૦-૨૧ | ૦૬ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૩૨ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૧ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ પંચાયતના મકાનો મંજૂર કરવામાં આવ્યા તેવી ગ્રામ પંચાયતની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ | મંજૂર ગ્રા.પં. મકાનની સંખ્યા |
| ૨૮ | રાજકોટ | સને ૨૦૨૦-૨૧ | ૧૭ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૩ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૮૦ |
| ૨૯ | વડોદરા | સને ૨૦૨૦-૨૧ | ૦૩ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૫૦ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૧ |
| ૩૦ | વલસાડ | સને ૨૦૨૦-૨૧ | ૦૪ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૫૬ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૧૪ |
| ૩૧ | સાબરકાંઠા | સને ૨૦૨૦-૨૧ | ૦૦ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૧૨૧ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૦૭ |
| ૩૨ | સુરત | સને ૨૦૨૦-૨૧ | ૧૩ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૨૫ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૩૫ |
| ૩૩ | સુરેન્દ્રનગર | સને ૨૦૨૦-૨૧ | ૧૭ |
| | | સને ૨૦૨૧-૨૨ | ૩૩ |
| | | સને ૨૦૨૨-૨૩ | ૬૦ |
| | **કુલ** | | **૨૭૪૩** |

(૩) ઉક્ત બાકી ગ્રામ પંચાયતોના પોતાના પાકા મકાનો પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૦-૧૨-૨૦૨૧ના ઠરાવ મુજબ બનતી ત્વરાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**રાજ્યમાં મનરેગા યોજના અન્વયે પૂર્ણ થયેલ કામો**

અતારાંકિતઃ ૬૭૦ (૧૪-૦૭-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ક્યા પ્રકારના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૭-૦૧-૨૦૨૪)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ‘‘*પત્રક-અ’’ ની વિગતે પ્રકારવાર કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ‘‘*પત્રક-બ’’ની વિગતે કામો પ્રગતિ હેઠળ છે.

(૩) આ કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં મનરેગા યોજના અન્વયે પૂર્ણ થયેલ કામો**

અતારાંકિતઃ ૬૭૭ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ક્યા પ્રકારના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૨૦–૦૧–૨૦૨૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ''*પત્રક–અ'' ની વિગતે પ્રકારવાર કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ''*પત્રક–બ''ની વિગતે કામો પ્રગતિ હેઠળ છે.

(૩) આ કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં મનરેગા યોજના અન્વયે પૂર્ણ થયેલ કામો**

અતારાંકિતઃ ૭૧૭ (૧૪–૦૭–૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ક્યા પ્રકારના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૨૦–૦૧–૨૦૨૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજના હેઠળ ''*પત્રક–અ'' ની વિગતે પ્રકારવાર કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ''*પત્રક–બ''ની વિગતે કામો પ્રગતિ હેઠળ છે.

(૩) આ કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કલોલ તાલુકાની ગૌચર જમીનો વેચાણ કર્યા અંગેની મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૮૩૭ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી**(દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાંદોલી ગામમાં ગૌચરમાં દબાણ કરી વેચી નાંખવામાં આવેલ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તે અન્વયે ક્યારે તપાસ કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન કેટલી જમીન વેચી નાખી હોવાનું સામે આવ્યું, અને

(૪) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૨૨–૦૧–૨૦૨૪)

(૧) તા. ૩૦–૦૬–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાંદોલી ગામમાં ગૌચરમાં દબાણ કરી વેચી નાંખવામાં આવેલ હોવા અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્ય સમકારી નિધિમાં જમા રકમ બાબત**

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૯૯૭ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સમકારી નિધિમાં કેટલી રકમ જમા છે, અને

(૨) આ નિધિમાંથી રાજ્યમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૨૦-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સમકારી નિધિમાં રૂ. ૫,૦૯,૪૮,૨૪૩/- જમા છે.

(૨) પ્રસ્તુત બાબતે રાજ્યમાં વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૫,૩૭,૭૭૦/- વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૪,૦૩,૮૨૭/- અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧,૧૬,૮૩૨/- રકમ વાપરવામાં આવી છે. હેતુવાર વપરાયેલ રકમની વિગતો પરિશિષ્ટમાં સામેલ છે.

**પરિશિષ્ટ**

**વર્ષ ૨૦૨૦-૨૧**

| ક્રમ | જિલ્લાનું નામ | ખર્ચની રકમ | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૦૦૦૦૦ | બાબરા તાલુકાના થોરખાણ ગામે પીવાના પાણીના હયાત બોરમાં ૧૫ એચ.પી. ની મોટર, ૨.૫ નો ડંડો, સ્ટાર્ટર પેનલ બોર્ડ તથા વાયર |
| ૨ | બનાસકાંઠા | ૧૩૭૦૦૦ | પાલનપુર તાલુકાના લીંબોઈ ગામે વોટર ટેન્કથી નાવિસણા રોડ સુધી હવાડો તથા પાઈપલાઈનનું કામ |
| ૩ | જામનગર | ૫૮૨૫ | જામનગર તાલુકાના મોડપર ગામે એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટનું કામ |
| ૪ | | ૨૨૪૮૭ | કાલાવડ તાલુકાના બાલંભડી ગામે સ્મશાનમાં પેવર બ્લોકનું કામ |
| ૫ | | ૨૨૪૫૮ | જામજોધપુર તાલુકાના ધુનડા ગામે આંગણવાડી મેદાનમાં પેવર બ્લોકનું કામ |
| ૬ | વલસાડ | ૫૦૦૦૦ | ધરમપુર તાલુકાના કુરગામ વિઠલભાઈ લાછીયાભાઈ ગાવિતના મહોલ્લામાં બોર હેડ પંપનું કામ |
| ૭ | | ૫૦૦૦૦ | ધરમપુર તાલુકાના ઉગતા ચિકારી ફળિયામાં પાણીનો બોર મોટર |
| ૮ | | ૫૦૦૦૦ | ધરમપુર તાલુકાના બરોલીયા મગળદેવી ફળિયામાં પાણીનો બોર મોટર |
| **કુલ ખર્ચ** | | **૫૩૭૭૭૦** | |

**વર્ષ ૨૦૨૧-૨૨**

| ક્રમ | જિલ્લાનું નામ | ખર્ચની રકમ | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૫૩૬૫૦ | બાબરા તાલુકાના શિરવાણિયા ગામે પીવાના હયાત બોરમાં ૧૫ એચ.પી.ની મોટર, ૨.૫ નો ડંડો, સ્ટાર્ટર પેનલ બોર્ડ તથા વાયર. |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૭૪૨૭ | ખંભાળીયા તાલુકાના નવીફોટ ગામે દેવીપુજક વાસમાં પીવાના પાણીની પાઈપ લાઈનનું કામ |
| ૩ | | ૩૫૦૦૦ | કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે પાણીના ટાંકાથી રામદે મશરી ચાવડા ઘર સુધી પાણીની પાઈપ લાઈનનું કામ |
| ૪ | રાજકોટ | ૧૦૦૦૦૦ | ગોંડલ તાલુકાના ખડવંથલી ગામે અ.જા. વિસ્તારમાં ભરતભાઈના ઘરેથી અનિડના રસ્તા તરફ પેવરબ્લોકનું કામ |
| ૫ | | ૯૭૭૫૦ | ગોંડલ તાલુકાના કોલીથડ ગામે અ.જા. વિસ્તારમાં અજયભાઈ પ્રવિણભાઈના ઘરથી ઉમેશભાઈ દેવીપુરજકના ઘર સુધી પેવરબ્લોકનું કામ |
| **કુલ ખર્ચ** | | **૪૦૩૮૨૭** | |

**વર્ષ ૨૦૨૨-૨૩**

| ક્રમ | જિલ્લાનું નામ | ખર્ચની રકમ | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩૬૦૦૦ | કપરાડા તાલુકાના જોગવેલ આસલોણ ફ. માં નરેશભાઈ બિસ્તુભાઈ મિશાલના મહોલ્લામાં બોરનું કામ |
| ૨ | | ૩૬૦૦૦ | કપરાડા તાલુકામાં જોગવેલ ગામે ડુંગરપાડા ફળિયામાં મહેશભાઈ છોટૂભાઈ ગુનગુનીયાના મહોલ્લામાં બોરનું કામ |
| ૩ | | ૪૪૮૩૨ | કપરાડા તાલુકામાં સુથારપાડા ચોકી ફળીયામાં આંબાદાસભાઈ દેવુભાઈ ગાંગોડાના મહોલ્લામાં બોરનું કામ |
| **કુલ ખર્ચ** | | **૧૧૬૮૩૨** | |

--------

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નાણાકીય ગેરરીતિ**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૧૦૫૧ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નાણાપંચ હેઠળ નાણાપંચની યોજનાઓમાં કામગીરી કર્યા વગર નાણાંની ચૂકવણી કરીને ગેરરીતિ થઈ હોવા બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે ક્યારે કઈ કક્ષાએ તપાસ સોંપવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૨૨-૦૧-૨૦૨૪)

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નાણાપંચ હેઠળ નાણાપંચની યોજનાઓમાં કામગીરી કર્યા વગર નાણાંની ચૂકવણી કરીને ગેરરીતિ થઈ હોવા બાબતની ૦૮ ફરીયાદો સરકારને મળી.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) મળેલ ફરીયાદો પૈકી ૦૨માં તપાસ પૂર્ણ કરવામાં આવી છે. જે પૈકી ૦૧ તપાસમાં નાણાંકીય ગેરરીતિ સામે આવેલ છે તથા ૦૧ તપાસમાં ગેરરીતિ સામે આવેલ નથી. જ્યારે અન્ય ૦૬ કિસ્સાઓમાં તપાસ ચાલુ છે.

(૪) તે અન્વયે જવાબદારો સામે ફોજદારી રાહે કાર્યવાહી માટેના પગલાં લેવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | અરજદારીશ્રીનું નામ અને સરનામું | રજૂઆતની વિગત | જિલ્લા પંચાયતનું નામ | કરેલ કાર્યવાહીની અદ્યતન વિગતો | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | શ્રા રણછોડભાઈ ગવજીભાઈ પલાસ<br>મુ. નેનકી તા.સંજેલી જિ.દાહોદ | ગ્રુપ ગ્રામ પંચાયત નેનકીમાં ૧૫માં નાણાપંચના કામોમાં ગેરરીતિની તપાસ બાબત | જિલ્લા પંચાયત દાહોદ | તપાસ પૂર્ણ કરેલ છે. અહેવાલ અત્રે મળેલ છે. | ગેરરીતિ સામે આવેલ નથી. |
| ૨ | શ્રી જોગભાઈ પુંજાભાઈ ભુરીયા<br>મો.જે. ઉચવાણીયા તા.દાહોદ | મોજે. ગામ ઉચવાણીયા ગ્રામ પંચાયતમાં સને ૨૦૧૧ થી ૨૦૨૧-૨૨ સુધી ૧૪માં તથી ૧૫માં નાણાપંચ યોજનાઓમાં ખોટા ઠરાવો કરી બારોબાર રૂ.૩,૫૦,૦૦૦/- ના ભ્રષ્ટાચાર કરેલ હોઈ તે અંગેની તપાસ | જિલ્લા પંચાયત દાહોદ | જિલ્લા કક્ષાએ તપાસ ટીમને તપાસ સોંપેલ છે. તપાસ ચાલુ છે. | - |
| ૩ | અરજદારશ્રી વળવાઈ લેમસીંગભાઈ પારસીંગભાઈ ગ્રામ પંચાયત સાગડાપાડા | ગ્રામ પંચાયત સાગડાપાડા ૧૫માં નાણાપંચ અંતર્ગત થયેલ ગેરરીતિની રજૂઆત | જિલ્લા પંચાયત દાહોદ | નિયત નમુનામાં તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ છે. અહેવાલ મળેલ નથી. | - |
| ૪ | અરજદારશ્રી ભાભોર ભુરસિંહ દામલાભાઈ<br>મુ. પો. મારગાળા તા. ફતેપુરા<br>જિ. દાહોદ | મારગાળા ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫માં નાણાપંચની ગ્રાંટ તલાટી કમ મંત્રી તથા વહીવટદારની જાણ બહાર નાણાની લેવડ દેવડ થયેલ છે તેની તપાસ કરવા બાબતે | જિલ્લા પંચાયત દાહોદ | જિલ્લા કક્ષાએ તપાસ ટીમને તપાસ સોંપેલ છે. તપાસ ચાલુ છે. | - |
| ૫ | શ્રી અમિત ચાવડા માન. નેતાશ્રી વિરોધ પક્ષ નેતા | ૧૪/૧૫માં નાણાપંચની વિકાસ લક્ષી ગ્રાન્ટના નાણા ઉપાડવા બાબત. | જિલ્લા પંચાયત દાહોદ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) ને તપાસ સોંપેલ છે. તપાસ ચાલુ છે. | - |
| ૬ | શ્રી મછાર ધારું ભાઈ તેજાભાઈ<br>રહે નાના બોરીદા તા. ફતેપુરા | ૧૫માં નાણાપંચમાં કામ કર્યા વગરની નાણા ઉપાડવાની ઉચાપત બાબત. | જિલ્લા પંચાયત દાહોદ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) ને તપાસ સોંપેલ છે. | - |

| ક્રમ | અરજદારીશ્રીનું નામ અને સરનામું | રજૂઆતની વિગત | જિલ્લા પંચાયતનું નામ | કરેલ કાર્યવાહીની અદ્યતન વિગતો | રિમાર્કર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | તપાસ ચાલુ છે. | |
| ૭ | અરજદારશ્રી વળવાઈ લેમસીંગભાઈ પારસીંગભાઈની ગ્રામ પંચાયત સાગડાપાડા | ૧૩,૧૪, તથા ૧૫માં નાણાપંચમાં કામ કર્યા વગરની નાણા ઉપાડવાની ઉચાપત બાબત. | જિલ્લા પંચાયત દાહોદ | તાલુકા વિકાસ અધિકારશ્રી ફતેપુરાને તપાસ સોંપેલ છે. તપાસ ચાલુ છે. | – |
| ૮ | માછી રમેશભાઈ ગોકળભાઈ<br>મુ. પો. નદીસર તા.ગોધરા<br>જિ. પંચમહાલ | નદીસર ગામે નમરેગા યોજના તથા ૧૫મા નાણાપંચ યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત. | જિલ્લા પંચાયત પંચમહાલ | તપાસ પૂર્ણ કરેલ છે. અહેવાલ અત્રે મળેલ છે. | તપાસ દરમ્યાન નાણાંકીય ગેરરીતિ સામે આવેલ છે. |

--------

## રાજ્યમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા બાબત

અતારાંકિતઃ ૧૬૮ (૦૧–૦૫–૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શહેરમાં ગેરકાયદે બાંધકામોને રેગ્યુલાઈઝ (નિયમિત) કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદા હેઠળ કેટલી અરજીઓ શહેરવાર મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી ઉક્ત શહેરવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૨૨–૦૧–૨૦૨૪)

(૧) સામેલ *પત્રકના કોલમ–૩ મુજબ.

(૨) સામેલ *પત્રકના કોલમ–૪ અને ૫ મુજબ.

(૩) સામેલ *પત્રકના કોલમ–૬ અને ૭ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટ હેઠળ ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત

અતારાંકિતઃ ૧૬૬૩ (૦૧–૦૧–૨૦૨૪) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) તા.૧૫/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત એક્ટ હેઠળ ગેરકાયદે બાંધકામો કાયદેસર/નિયમિત કરવા ઈમ્પેક્ટ ફી ભરવા માટે ક્યારે મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરવાના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૨૨–૦૧–૨૦૨૪)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૧૭/૧૦/૨૦૨૨ થી

(૨) તા.૧૦/૦૩/૨૦૨૩ ના જાહેરનામાંથી ૪ માસ

તા.૧૫/૦૬/૨૦૨૩ ના જાહેરનામાંથી ૬ માસ

તા.૧૪/૧૨/૨૦૨૩ ના જાહેરનામાંથી ૬ માસ

(૩) જાહેરહિતમાં

**બંદરો પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૨૮ (૧૭-૧૧-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બંદરો પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો) **:** (૨૩-૦૧-૨૦૨૪)

(૧) બંદરો પ્રભાગ માટે વર્ષ વાઈઝ નીચે મુજબ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ.

**(રૂ. લાખમાં)**

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૯૦૯૧.૮૭ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૮૯૯૪.૯૪ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૭૧૪૨.૬૧ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

**(રૂ. લાખમાં)**

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૩૮૮૧.૦૬ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૨૨૩૨.૪૭ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૭૮૨૬.૮૩ |

ઉક્ત ક્ર. ૩માં જણાવેલ રૂ.૭૮૨૬.૮૩ લાખની ગ્રાન્ટ સુધારેલ અંદાજો સામે ફાળવેલ હતી.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**(રૂ. લાખમાં)**

| ક્રમ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૩૬૮૮.૨૦ | ૧૯૨.૮૬ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૨૧-૨૨ | ૨૨૨૬.૬૯ | ૫.૭૮ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૭૮૨૪.૬૨ | ૨.૨૧ |

- વિભાગ પ્રોપરમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ વર્ષના અંતે ખાલી રહેવાને લીધે વર્ષઃ ૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં ફાળવેલ ગ્રાન્ટ સામે ગ્રાન્ટ વણવપરાયેલ છે.
- વર્ષઃ ૨૦૨૦-૨૧માં શિપિંગ મંત્રાલય, શિપ રિસાઈકલિંગ એસોસિયેશન, ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટીંગ ફર્મ વચ્ચે તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૦માં થયેલ મિટિંગમાં શિપિંગ મંત્રાલય દ્વારા પ્રોજેક્ટમાં નિર્ધારિત કરેલ ઘટકોને રિવાઈઝડ કરવાનું સૂચન કરવામાં આવેલ હતું. જે મુજબ પ્રોજેક્ટમાં નિર્ધારિત કરેલ ઘટકોને રિવાઈઝડ કરવાનું કાર્ય પ્રોજેક્ટના મુખ્ય સ્ટોક હોલ્ડરો જેવાકે શિપ રિસાયકલિંગ એસોસિયેશન અલંગ ખાતે આવેલ ટ્રીટમેન્ટ સ્ટોરેજ એન્ડ ડિસ્પોઝલ ફેસિલિટી (TSDF) ઓપરેટર પ્રોજેક્ટ મેનેજમેન્ટ કંસલ્ટીંગ એજન્સી (PMC), જાપાન ઈન્ટરનેશનલ એજન્સી (JICA) અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકલ અફેર (DEA) સાથે વિચારણા હેઠળ હોવાથી તથા કોવિડ-૧૯ પેંડેમિકને લીધે રિવાઈઝડ પ્રોજેક્ટ પ્રપોઝલનું આખરીકરણ થઈ ન શકતાં વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રોજેક્ટના અમલીકરણ માટે નિર્ધારિત કરેલ કામો થઈ શકેલ ન હોવાથી વર્ષ ૨૦૨૦-૨૧માં ફાળવેલ ગ્રાંટ સામે ગ્રાંટ વણવપરાયેલ રહેલ.

**રાજ્યમાં આદિજાતિના લોકો માટે ભવાઈ, પપેટ શો, ડાયરા જેવા કાર્યક્રમોનું આયોજન**

અતારાંકિતઃ ૧૬૩૨ (૧૫-૧૨-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં આદિજાતિના લોકો માટે ભવાઈ, પપેટ શો, ડાયરા જેવા કેટલા કાર્યક્રમો જિલ્લાવાર યોજવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ઉક્ત કાર્યક્રમોમાં આદિજાતિના કેટલા લોકોએ ભાગ લીધો,

(૩) ઉક્ત કાર્યક્રમો માટે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૧૭-૦૧-૨૦૨૪)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૧૯૭, ૧૪૨૪, ૧૪૪૩ | ૩ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૬૩૬, ૧૬૪૦, ૧૬૪૩, ૧૬૪૬, ૧૬૪૯, ૧૬૫૧, ૧૬૫૭, ૧૬૬૫, ૧૬૭૩, ૧૬૮૧, ૧૬૮૪, ૧૬૮૫ | ૧૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૧૧૫, ૧૨૪૨, ૧૬૨૪ | ૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૧૬૪, ૧૧૮૧ | ૨ |
| ૫ | ગૃહ વિભાગ | ૧૪૨૫, ૧૪૩૩, ૧૫૬૮, ૧૬૧૭ | ૪ |

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૨, ૮૬૯, ૧૦૮૬, ૧૧૦૩, ૧૧૩૬, ૧૩૦૧, ૧૪૦૪, ૧૬૫૩ | ૮ |
| ૭ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૧૩૩૨ | ૧ |
| ૮ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૧૦૪૭, ૧૩૯૧ | ૨ |
| ૯ | કાયદા વિભાગ | ૧૫૪૫, ૧૫૮૩ | ૨ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૬૯ | ૧ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૯૬, ૨૦૭, ૬૭૦, ૬૭૭, ૭૧૭, ૮૩૭, ૯૯૭, ૧૦૫૧ | ૮ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૬૮, ૧૬૬૩ | ૨ |
| ૧૩ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૧૩૨૮ | ૧ |
| ૧૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૬૩૨ | ૧ |
| | | કુલ | ૫૦ |

**નવમી અતારાંકિત યાદી**

**કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નો**

અતારાંકિતઃ ૧૧૮૯ (૦૩–૧૦–૨૦૨૩) **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કેટલા પ્રશ્નો કેન્દ્ર સરકાર સમક્ષ પડતર હતા ?

(૨) આ પ્રશ્નોના ઉકેલ માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રજૂઆતો કરી ?

(૩) તે અન્વયે કેન્દ્ર સરકારના શા પ્રતિભાવો મળ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) ૧૮ પડતર પ્રશ્નો

(૨) ૭૧ રજૂઆતો

(૩) કેન્દ્ર સરકાર દ્વારા પ્રશ્નોમાં સકારાત્મક પ્રતિભાવઃ ૦૭

કેન્દ્ર સરકારમાં વિચારણા હેઠળ પ્રશ્નોઃ ૧૧

**રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૫૭ (૦૫–૦૬–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની કેટલી ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ ઘટ કેટલા સમયમાં પુરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫–૦૧–૨૦૨૪)

(૧) પત્રક–૧ મુજબ

(૨) જેમ બને તેમ ઝડપથી

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૪૩ |
| ૨ | અમરેલી | ૬૬૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે |
|---|---|---|
| ૩ | આણંદ | ૬૪૨ |
| ૪ | અરવલ્લી | ૩૮૭ |
| ૫ | બનાસકાંઠા | ૧૦૨૮ |
| ૬ | ભરૂચ | ૫૦૭ |
| ૭ | ભાવનગર | ૫૯૪ |
| ૮ | બોટાદ | ૨૪૪ |
| ૯ | છોટાઉદેપુર | ૩૫૦ |
| ૧૦ | દાહોદ | ૧૧૭૯ |
| ૧૧ | ડાંગ | ૧૨૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૫૭૮ |
| ૧૩ | ગાંધીનગર | ૨૯૨ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૩૩ |
| ૧૫ | જામનગર | ૩૩૪ |
| ૧૬ | જૂનાગઢ | ૪૩૧ |
| ૧૭ | ખેડા | ૬૨૧ |
| ૧૮ | કચ્છ | ૧૫૧૦ |
| ૧૯ | મહીસાગર | ૮૧૨ |
| ૨૦ | મહેસાણા | ૫૪૩ |
| ૨૧ | મોરબી | ૫૪૫ |
| ૨૨ | નર્મદા | ૩૩૩ |
| ૨૩ | નવસારી | ૩૨૯ |
| ૨૪ | પંચમહાલ | ૬૦૦ |
| ૨૫ | પાટણ | ૩૬૭ |
| ૨૬ | પોરબંદર | ૨૩૦ |
| ૨૭ | રાજકોટ | ૭૨૫ |
| ૨૮ | સાબરકાંઠા | ૫૯૮ |
| ૨૯ | સુરત | ૫૭૮ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૫૫૩ |
| ૩૧ | તાપી | ૪૨૯ |
| ૩૨ | વડોદરા | ૫૯૮ |
| ૩૩ | વલસાડ | ૩૩૮ |

--------

## રાજ્યમાં શાળાઓમાં શિક્ષકોની ઘટ

અતારાંકિતઃ ૩૭૨ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) તમામ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫-૦૧-૨૦૨૪)

(૧) પત્રક-૧ મુજબ

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૨)

| વિભાગ | શિક્ષકોની ઘટ પૂરી કરવા અંગે આયોજન |
|---|---|
| પ્રાથમિક | • ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા નિયત લાયકાત ધરાવતા પ્રવાસી શિક્ષકોને જરૂરિયાત મુજબ માનદ વેતનથી નિમણૂંક આપવામાં આવેલ હતી.<br>• ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૬૦૦ વિદ્યાસહાયકની ભરતી બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ૨૬૦૦ વિદ્યાસહાયકની ફાઇનલ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.<br>• પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યા પર ૧૫૦૦૦ જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણૂંક અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. |
| માધ્યમિક અને<br>ઉચ્ચતર માધ્યમિક | આ વિભાગના તા.૨૯-૦૭-૨૦૨૩ના ઠરાવથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જરૂરી લાયકાત માટે ટાટ પરીક્ષાનું નવું દ્વિસ્તરીય માળખું નિયત કરવામાં આવેલ છે. આ પરીક્ષાના પરિણામના આધારે તૈયાર કરવામાં આવનાર મેરિટ લિસ્ટ મુજબ શિક્ષકોની ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

(૩) જેમ બને તેમ ઝડપથી.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રાથમિક શિક્ષકોની ઘટ | માધ્યમિક શિક્ષકોની ઘટ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ઘટ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૪૩ | ૧૨ | ૧૪ |
| ૨ | અમરેલી | ૬૬૩ | ૪૫ | ૩૬ |
| ૩ | અરવલ્લી | ૩૮૭ | ૩ | ૧૨ |
| ૪ | આણંદ | ૬૪૨ | ૩ | ૬ |
| ૫ | બનાસકાંઠા | ૧૦૨૮ | ૭૦ | ૧૫૮ |
| ૬ | ભરૂચ | ૫૦૭ | ૧૫ | ૫ |
| ૭ | ભાવનગર | ૫૯૪ | ૬૩ | ૧૦૬ |
| ૮ | બોટાદ | ૨૪૪ | ૪૧ | ૩૨ |
| ૯ | છોટાઉદેપુર | ૩૫૦ | ૨૧ | ૨૩ |
| ૧૦ | ડાંગ | ૧૨૧ | ૩ | ૩૪ |
| ૧૧ | દાહોદ | ૧૧૭૯ | ૪૬ | ૩૮ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૫૭૮ | ૫૨ | ૩૬ |
| ૧૩ | ગાંધીનગર | ૨૯૨ | ૦ | ૨ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૩૩ | ૮ | ૧૬ |
| ૧૫ | જૂનાગઢ | ૪૩૪ | ૧ | ૧૧ |
| ૧૬ | જામનગર | ૪૩૧ | ૨૭ | ૪૨ |
| ૧૭ | કચ્છ | ૧૫૧૦ | ૨૩૬ | ૨૦૮ |
| ૧૮ | ખેડા | ૬૨૧ | ૧ | ૬ |
| ૧૯ | મહેસાણા | ૫૪૩ | ૨ | ૨ |
| ૨૦ | મોરબી | ૫૪૫ | ૧૧ | ૧૧ |
| ૨૧ | મહીસાગર | ૮૧૨ | ૭ | ૨૬ |
| ૨૨ | નવસારી | ૩૨૯ | ૧ | ૧૦ |
| ૨૩ | નર્મદા | ૩૩૩ | ૧૨ | ૨૬ |
| ૨૪ | પાટણ | ૩૬૭ | ૨૧ | ૨૬ |
| ૨૫ | પંચમહાલ | ૬૦૦ | ૭ | ૨૭ |
| ૨૬ | પોરબંદર | ૨૩૦ | ૪ | ૧૩ |
| ૨૭ | રાજકોટ | ૭૨૫ | ૧૬ | ૩૨ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૫૫૩ | ૬૨ | ૫૮ |
| ૨૯ | સુરત | ૫૭૮ | ૨ | ૧૮ |
| ૩૦ | સાબરકાંઠા | ૫૯૮ | ૨ | ૫ |
| ૩૧ | તાપી | ૪૨૯ | ૮ | ૪૧ |

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રાથમિક શિક્ષકોની ઘટ | માધ્યમિક શિક્ષકોની ઘટ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ઘટ |
|---|---|---|---|---|
| ૩૨ | વલસાડ | ૩૩૮ | ૬ | ૧૯ |
| ૩૩ | વડોદરા | ૫૯૮ | ૧ | ૬ |

--------

**રાજ્યમાં શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૭૬ (૦૫–૦૬–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે ?

(૨) ઉક્ત ઘટ પૈકી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૪) તમામ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫–૦૧–૨૦૨૪)

(૧) પત્રક–૧ મુજબ

| વિભાગ | શિક્ષકોની ઘટ |
|---|---|
| પ્રાથમિક | ૨૧૭૨૯ |
| માધ્યમિક | ૮૦૯ |
| ઉચ્ચતર માધ્યમિક | ૧૧૨૫ |

(૨)

| વિભાગ | છેલ્લા ત્રણ વર્ષથી શિક્ષકોની ઘટ |
|---|---|
| માધ્યમિક | ૧૧૧ |
| ઉચ્ચતર માધ્યમિક | ૧૪૮ |

(૩)

| વિભાગ | શિક્ષકોની ઘટ પૂરી કરવા અંગે આયોજન |
|---|---|
| પ્રાથમિક | • ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પૂરી કરવા નિયત લાયકાત ધરાવતા પ્રવાસી શિક્ષકોને જરૂરિયાત મુજબ માનદ વેતનથી નિમણૂંક આપવામાં આવેલ હતી.<br>• ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૬૦૦ વિદ્યાસહાયકની ભરતી બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ૨૬૦૦ વિદ્યાસહાયકની ફાઇનલ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જિલ્લા પસંગદગીની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>• પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યા પર ૧૫૦૦૦ જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણૂંક અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. |
| માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક | આ વિભાગના તા.૨૯–૦૭–૨૦૨૩ના ઠરાવથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જરૂરી લાયકાત માટે ટાટ પરીક્ષાનું નવું દ્વિસ્તરીય માળખું નિયત કરવામાં આવેલ છે. આ પરીક્ષાના પરિણામના આધારે તૈયાર કરવામાં આવનાર મેરિટ લિસ્ટ મુજબ શિક્ષકોની ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

(૪) જેમ બને તેમ ઝડપથી.

--------

તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબત**

અતારાંકિતઃ ૬૩૬ (૦૩–૦૭–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી,અને

(૨) ઉક્ત સ્થિતિએ આવી શાળાઓ બંધ કરવાના મુખ્ય કારણો શાં છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧)

| વર્ષ | બંધ કરવામાં આવેલ સરકારી શાળાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૦–૨૧ | ૪૬ |
| ૨૦૨૧–૨૨ | ૮૦ |
| ૨૦૨૨–૨૩ | ૨૫ |

(૨)

- વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે
- નજીકમાં શાળા હોવાના કારણે

--------

**રાજ્યમાં જિલ્લાવાર શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૧૦૯૭ (૧૪–૧૨–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાસંદા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત પ્રાથમિક શાળાઓમાં નિમ્ન પ્રાથમિક (ધો ૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક (ધો ૬ થી ૮)માં શિક્ષકોની જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) પત્રક ૧ મુજબ

(૨) પત્રક ૨ મુજબ

(૩) જેમ બને તેમ જલ્દી

**પત્રક–૧**

તા. ૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમની વિગત

| ક્રમ | જિલ્લાનું નામ | મંજૂર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪૭૯ |
| ૨ | વડોદરા | ૪૯૪૯ |
| ૩ | રાજકોટ | ૫૩૨૪ |
| ૪ | સુરત | ૪૬૧૪ |
| ૫ | ખેડા | ૭૫૯૮ |
| ૬ | આણંદ | ૬૨૯૪ |
| ૭ | પંચમહાલ | ૭૭૦૮ |
| ૮ | દાહોદ | ૧૧૫૬૧ |

| ક્રમ | જિલ્લાનું નામ | મંજૂર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૯ | સાબરકાંઠા | ૬૫૧૭ |
| ૧૦ | જૂનાગઢ | ૩૮૪૮ |
| ૧૧ | પોરબંદર | ૧૭૫૬ |
| ૧૨ | મહેસાણા | ૬૭૨૬ |
| ૧૩ | પાટણ | ૫૪૪૯ |
| ૧૪ | ભાવનગર | ૭૧૭૮ |
| ૧૫ | જામનગર | ૩૬૯૦ |
| ૧૬ | અમરેલી | ૫૦૮૦ |
| ૧૭ | કચ્છ | ૯૫૫૬ |
| ૧૮ | ભરૂચ | ૪૫૩૩ |
| ૧૯ | નર્મદા | ૨૭૮૭ |
| ૨૦ | વલસાડ | ૫૧૯૯ |
| ૨૧ | નવસારી | ૩૩૨૮ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૫૪૪૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૯૯૫ |
| ૨૪ | ગાંધીનગર | ૩૮૯૪ |
| ૨૫ | ડાંગ | ૧૭૦૬ |
| ૨૬ | તાપી | ૩૨૧૫ |
| ૨૭ | અરવલ્લી | ૫૩૩૧ |
| ૨૮ | ગીર સોમનાથ | ૪૦૧૨ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૩૧૯૬ |
| ૩૦ | મહિસાગર | ૫૧૭૬ |
| ૩૧ | મોરબી | ૩૭૦૦ |
| ૩૨ | બોટાદ | ૨૧૧૧ |
| ૩૩ | છોટાઉદેપુર | ૪૮૨૮ |

**પત્રક-૨**

તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ શિક્ષકોની ખાલી જગ્યાની વિગત

| ક્રમ | જિલ્લાનું નામ | ઉક્ત પ્રાથમિક શાળાઓમાં નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫)માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે ? | ઉક્ત પ્રાથમિક શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮)માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે ? |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૦૩ | ૨૩૯ |
| ૨ | વડોદરા | ૨૯૩ | ૨૫૮ |
| ૩ | રાજકોટ | ૩૯૬ | ૩૨૯ |
| ૪ | સુરત | ૨૮૨ | ૨૭૦ |
| ૫ | ખેડા | ૪૫૨ | ૩૧૨ |
| ૬ | આણંદ | ૨૯૬ | ૩૩૯ |
| ૭ | પંચમહાલ | ૮૯ | ૫૧૧ |
| ૮ | દાહોદ | ૪૯૭ | ૬૭૨ |
| ૯ | સાબરકાંઠા | ૨૫૭ | ૩૪૧ |
| ૧૦ | જૂનાગઢ | ૩૩૦ | ૧૦૧ |
| ૧૧ | પોરબંદર | ૧૬૯ | ૬૧ |
| ૧૨ | મહેસાણા | ૧૭૧ | ૩૭૨ |
| ૧૩ | પાટણ | ૨૨૫ | ૧૩૪ |
| ૧૪ | ભાવનગર | ૨૩૨ | ૩૨૬ |
| ૧૫ | જામનગર | ૧૪૪ | ૧૯૦ |
| ૧૬ | અમરેલી | ૩૬૫ | ૨૯૮ |
| ૧૭ | કચ્છ | ૭૭૫ | ૭૫૭ |
| ૧૮ | ભરૂચ | ૨૭૦ | ૩૦૭ |
| ૧૯ | નર્મદા | ૧૬૪ | ૧૬૯ |
| ૨૦ | વલસાડ | ૨૮૪ | ૧૦૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | ઉક્ત પ્રાથમિક શાળાઓમાં નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫)માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે ? | ઉક્ત પ્રાથમિક શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮)માં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે ? |
|---|---|---|---|
| ૨૧ | નવસારી | ૨૩૩ | ૧૩૨ |
| ૨૨ | બનાસકાંઠા | ૭૨૩ | ૩૦૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૬૩ | ૧૯૦ |
| ૨૪ | ગાંધીનગર | ૧૧૮ | ૧૭૪ |
| ૨૫ | ડાંગ | ૫૬ | ૬૨ |
| ૨૬ | તાપી | ૨૮૬ | ૧૪૩ |
| ૨૭ | મોરબી | ૩૨૬ | ૧૯૬ |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ૨૨૪ | ૩૫૪ |
| ૨૯ | બોટાદ | ૧૪૦ | ૧૦૪ |
| ૩૦ | ગીર સોમનાથ | ૨૭૧ | ૧૬૨ |
| ૩૧ | છોટાઉદેપુર | ૧૧૦ | ૨૦૩ |
| ૩૨ | અરવલ્લી | ૬૯ | ૧૪૭ |
| ૩૩ | મહિસાગર | ૩૨૦ | ૪૨૦ |

--------

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૧૧૩૩ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ શાળા દીઠ શિક્ષક દીઠ કે આચાર્ય દીઠ કેટલી ફાળવવામાં આવે છે,

(૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ, અને

(૪) ઉક્ત દરોમાં વધારો કરવાનું સરકારનું શું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) તા. ૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ. ૮ (અંકે રૂપિયા આઠ પુરા) ડેટમ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, ડેટમ કેપીટેશનમાંથી શાળાના મુખ્ય શિક્ષક દીઠ રૂ. ૨૫ તથા વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ. ૧૦ કન્ટીજન્સી પેટે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત દરો તા. ૧૮-૦૩-૧૯૯૯ થી અમલમાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં તા. ૧૮-૦૩-૧૯૯૯ બાદ કોઇ વધારો કરવામાં આવેલ નથી, અને

(૪) ઉક્ત દરોમાં વધારો કરવાનું સરકારનું હાલ કોઇ આયોજન નથી.

**રાજ્યમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના**

અતારાંકિતઃ ૪૫૭ (૧૬-૦૬-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ કુલ કેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે, અને

(૨) ઉક્ત વીમા યોજના હેઠળ કઇ વીમા કંપનીને વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૫-૦૧-૨૦૨૪)

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) વિભાગના તા.૦૭–૦૯–૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ/૧૦૨૦૧૮/૮૨૨/બ–૧ ના ક્રમ ૩.૨ મુજબ તા.૩૦–૦૯–૨૦૧૮ સુધી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના ચાલુ રાખવી અને ત્યારબાદ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ થયેલ હોઇ, તા.૩૧–૦૩–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ કોઇ લાભાર્થીએ લાભ લીધેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ તૈયાર થયેલ હોસ્પિટલો**

અતારાંકિતઃ ૧૫૩૫ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બિલ્ડીંગો/મકાનો તૈયાર થયેલ હોય અને સાધનો વસાવેલ હોવા છતાં હોસ્પિટલ સમયસર કાર્યરત થયેલ નથી તે હકીકત સાચી છે, કે કેમ,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત હોસ્પિટલોને ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧)

- રાજકોટ ખાતે તા.૨૮/૧૨/૨૦૧૯થી પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત સુપર સ્પેશ્યાલીટી સારવાર કાર્યરત થઈ ગયેલ છે.
- સુરત ખાતે PMSSY હેઠળ બાંધવામાં આવનાર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બિલ્ડીંગો/મકાનોનું બાંધકામ ચાલુ છે. સાધનો હાલ કાર્યરત વિભાગ ખાતે દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાઇ રહ્યા છે.
- ભાવનગર ખાતે હોસ્પિટલ બિલ્ડિંગની લીગલ પ્રક્રિયા જેવી કે એન.ઓ.સી., એરપોર્ટ એન.ઓ.સી., ફાયર એન.ઓ.સી. વગેરે ઓક્ટોબરમાં જ પૂર્ણ થયેલ છે. અને હસ્તાંતરણ પ્રક્રિયા ચાલુ છે. પરંતુ કુલ ૬ ટર્ન કી પ્રોજેક્ટ પૈકી હજુ ૨ પ્રોજેક્ટનું કામ ચાલુ છે. જે આગામી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

  આ ઉપરાંત સંસ્થા માટે મંજૂર થયેલ કુલ–૬૪ કરોડના સાધનો પૈકી રૂ.૩૩ કરોડના સાધનોની ખરીદી થઈ ગયેલ છે. બાકીના સાધનોની ખરીદ પ્રક્રિયા પી.એમ.એસ.એસ.વાય.ની નિયુક્ત એજન્સી દ્વારા ચાલી રહેલી છે. સાથે સાથે જે સાધનોની ખરીદ પ્રક્રિયા થઈ ગઈ છે અને સાધનોની ડીલીવરી થઈ ચૂકી છે તે સાધનોના ઈન્સ્ટોલેશનની પ્રક્રિયા પણ ચાલી રહી છે. આ ઉપરાંત આ હોસ્પિટલ માટે બજેટમાં મંજૂર થયેલ અને વહીવટી મંજૂરી મળેલ હોય તે સ્ટાફની ભરતી પ્રક્રિયા પણ ગતિમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

- સુરત ખાતે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ બીજા તબક્કાની ગ્રાન્ટ ભારત સરકાર તરફથી ફાળવેલ ન હતી. હાલમાં ગ્રાન્ટ ફાળવવા માટે અધિક મુખ્ય સચિવશ્રીએ ભારત સરકારને પત્ર લખેલ છે. કિડની હોસ્પિટલ(ગ્રાઉન્ડ + ૫)માં સુપર સ્પેશ્યાલીટી ફેસિલીટી કાર્યરત કરવા જરૂરી ગ્રાન્ટ ફાળવણી અને ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ થયે કાર્યરત કરવામાં આવશે.
- ભાવનગર ખાતે તમામ ટર્ન કી પ્રોજેક્ટનું કાર્ય પૂર્ણ થયેથી તથા તમામ સાધનોની ડીલીવરી તેમજ ઈન્સ્ટોલેશન થયેથી તથા જરૂરી સ્ટાફની ભરતી થયેથી તરત જ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવશે.

**પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો**

અતારાંકિતઃ ૧૫૩૯ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ક્યાં–ક્યાં બનાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત હોસ્પિટલોમાં કેટલી કિંમતના સાધનો વસાવેલ છે, અને

(૩) ઉક્ત યોજના હેઠળ તૈયાર થયેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા દર્દીઓની સારવાર કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં રાજકોટ, ભાવનગર અને સુરત ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો બનાવવામાં આવેલ છે.

(૨)

| ક્રમ | હોસ્પિટલ | વસાવેલ સાધનોની કિંમત |
|---|---|---|
| ૧ | રાજકોટ | રૂ. ૩૨.૬૩ કરોડ |
| ૨ | સુરત | રૂ. ૨૯.૮૩ કરોડ |
| ૩ | ભાવનગર | રૂ. ૩૩.૦૦ કરોડ |

(૩) રાજકોટ ખાતેની હોસ્પિટલ ખાતે સારવાર કરવામાં આવેલ દર્દીઓની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | દર્દીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧ | કોરોના મહામારીના કારણે બિલ્ડિંગનો ઉપયોગ કોરોના દર્દીઓને દાખલ કરવા માટે કરવામાં આવેલ હતો. |
| ૨૦૨૨ | |
| ૨૦૨૩ | ૩૩૫૮૯ |

સુરત ખાતેની હોસ્પિટલ ખાતે સારવાર કરવામાં આવેલ દર્દીઓની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | દર્દીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧ | ૧૦૬૭૪ |
| ૨૦૨૨ | ૧૬૯૩૧ |
| ૨૦૨૩ | ૨૧૩૪૩ |

ભાવનગર ખાતેની હોસ્પિટલ હજુ ઓક્ટોબર ૨૦૨૩માં તૈયાર થયેલ છે. સાધનોના ઇન્સ્ટોલેશન અને ટર્ન કી પ્રોજેક્ટના પૂર્ણ થયેથી હોસ્પિટલ શરૂ કરાશે.

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બેડની જરૂરિયાત**

અતારાંકિતઃ ૧૬૬૦ (૦૨–૦૧–૨૦૨૪) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૦–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં કેટલા વધારે બેડની જરૂરિયાત છે, અને

(૨) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૦–૧૦–૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ૩૨૦૦ બેડ ઉપલબ્ધ છે. વધુમાં ચેપી રોગની હોસ્પિટલ બનાવવા માટે બીજા ૫૦૦ બેડની તેમજ સ્પેશિયલ રૂમ કોમ્પ્લેક્ષ માટે બીજા ૧૦૦ બેડની હાલમાં જરૂરિયાત છે.

(૨) ૧૦૦ બેડના સ્પેશિયલ રૂમની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે ૧૨ મહિનાની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. તેમજ ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. સદર કામની મંજૂરી મળ્યેથી ૨૪ મહિનાની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**પાટણ જિલ્લા કલેક્ટર કચેરીમાં આત્મવિલોપનની ઘટના**

અતારાંકિતઃ ૮૩૯ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૨/૦૭/૨૦૧૯ના રોજ નવમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક:૫૬૬૫ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:–

(૧) પાટણ શહેરમાં જિલ્લા કલેકટરની કચેરીમાં જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૧૮માં દલિત સમાજની, વ્યકિતની આત્મવિલોપનની ગંભીર ઘટના બાદ સ્વ.શ્રી ભાનુભાઇ વણકર પરિવાર સાથે કરવામાં આવેલ સમજૂતીના મુદ્દાઓ પૈકી ગૃહ વિભાગ સંબંધિત મુદ્દા નં. ૮ મુજબ આંદોલન દરમિયાન નોંધાયેલ કેસો પરત ખેંચવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી તો તા.૩૧/૦૩/૨૩ની સ્થિતીએ કેટલા કેસો પરત ખેંચવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસો કયા કારણોસર પરત ખેંચવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કેસો કયાં સુધીમાં પરત ખેંચવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૧–૨૦૨૪)

(૧), (૨) અને (૩)

આ બાબત વિચારણા હેઠળ છે.

**ચોરીનો મુદ્દામાલ મૂળ માલિકને પરત સોંપવાના કિસ્સા**

અતારાંકિતઃ ૧૦૮૨ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૯/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ચોરીનો મુદ્દામાલ આરોપીઓ પાસેથી શોધી કાઢી કેટલા કિસ્સાઓમાં મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલા કિસ્સામાં મુળ માલિકોને મુદ્દામાલ સોંપવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કિસ્સામાં મૂળ માલિકોને મુદ્દામાલ સોંપવામાં આવ્યો નથી, અને

(૪) મુળ માલિકને મુદ્દામાલ ન સોંપવાના કારણો શા છે અને કયાં સુધીમાં સોંપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) અને (૨) પત્રક–૧ મુજબ.

(૩) પત્રક–૨ મુજબ.

(૪) મુળ માલિક દ્વારા નામદાર કોર્ટમાંથી મુદ્રામાલ છોડવા હુકમ મેળવેલ ન હોય, મુળ માલિકોને મુદામાલ સોંપવામાં આવેલ નથી. મુળ માલિક દ્વારા નામદાર કોર્ટમાં મુદ્દામાલ પરત લેવા અરજી કર્યા બાદ નામદાર કોર્ટના હુકમ આધારે મુદ્દામાલ પરત સોંપી શકાય.

**પત્રક–૧**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૧૬–૦૯–૨૦૨૦ થી તા.૧૫–૦૯–૨૦૨૧ | | તા.૧૬–૦૯–૨૦૨૧ થી તા.૧૫–૦૯–૨૦૨૨ | | તા.૧૬–૦૯–૨૦૨૨ થી તા.૧૫–૦૯–૨૦૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૪૩ | ૧૭૦૧ | ૧૬૮૯ | ૧૫૬૭ | ૧૯૪૬ | ૧૭૩૨ |
| ૨ | રાજકોટ શહેર | ૧૮૪ | ૧૬૭ | ૩૦૪ | ૨૭૦ | ૫૪૮ | ૪૩૯ |
| ૩ | સુરત શહેર | ૧૩૭૮ | ૧૧૪૪ | ૧૩૪૪ | ૧૧૦૮ | ૧૬૫૫ | ૧૨૭૬ |
| ૪ | વડોદરા શહેર | ૩૮૯ | ૩૦૦ | ૩૭૦ | ૩૧૩ | ૪૪૭ | ૩૩૫ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૧૮૯ | ૧૮૧ | ૧૪૦ | ૧૧૮ | ૨૮૨ | ૧૯૬ |
| ૬ | ખેડા | ૮૯ | ૭૦ | ૧૧૨ | ૮૭ | ૧૪૭ | ૧૧૭ |

# તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૧૬-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ | | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ | | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા | શોધી કાઢેલ મુદ્દામાલના કિસ્સા | પરત સોંપેલ મુદ્દામાલના કિસ્સા |
| ૭ | આણંદ | ૧૪૪ | ૧૦૭ | ૧૬૪ | ૧૧૯ | ૨૪૦ | ૧૬૯ |
| ૮ | ગાંધીનગર | ૨૩૩ | ૧૬૦ | ૨૯૬ | ૨૧૯ | ૨૮૫ | ૧૮૩ |
| ૯ | સાબરકાંઠા | ૧૪૪ | ૧૨૯ | ૧૮૬ | ૧૭૧ | ૧૯૮ | ૧૬૫ |
| ૧૦ | અરવલ્લી | ૧૧૧ | ૧૦૫ | ૯૧ | ૮૪ | ૧૦૮ | ૧૦૫ |
| ૧૧ | મહેસાણા | ૨૦૩ | ૧૫૪ | ૧૯૪ | ૧૨૩ | ૩૨૯ | ૧૮૧ |
| ૧૨ | જામનગર | ૧૫૧ | ૧૩૯ | ૧૮૧ | ૧૫૦ | ૧૯૯ | ૧૫૧ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૪૬ | ૩૮ | ૫૦ | ૩૪ | ૬૯ | ૨૭ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૧૦૫ | ૯૧ | ૯૫ | ૭૪ | ૧૦૯ | ૮૫ |
| ૧૫ | મોરબી | ૮૦ | ૬૧ | ૧૦૧ | ૯૩ | ૧૧૦ | ૮૬ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૨૮ | ૧૧૨ | ૧૦૧ | ૯૪ | ૧૦૫ | ૮૪ |
| ૧૭ | બનાસકાંઠા | ૨૧૩ | ૧૮૪ | ૧૮૯ | ૧૫૭ | ૨૩૫ | ૧૯૬ |
| ૧૮ | કચ્છ-પૂર્વ ગાંધીધામ | ૧૯૩ | ૧૩૮ | ૨૮૬ | ૨૦૩ | ૨૧૪ | ૧૫૪ |
| ૧૯ | કચ્છ-પશ્ચિમ ભુજ | ૧૭૯ | ૧૨૫ | ૩૧૨ | ૧૩૩ | ૨૧૩ | ૧૪૧ |
| ૨૦ | પાટણ | ૧૩૩ | ૮૮ | ૧૪૭ | ૮૯ | ૧૩૪ | ૮૯ |
| ૨૧ | અમરેલી | ૫૬ | ૪૭ | ૯૭ | ૮૧ | ૧૯૪ | ૧૫૯ |
| ૨૨ | ભાવનગર | ૧૪૫ | ૧૩૩ | ૧૫૯ | ૧૪૦ | ૨૫૮ | ૨૨૩ |
| ૨૩ | બોટાદ | ૨૮ | ૨૧ | ૩૨ | ૧૯ | ૩૩ | ૨૫ |
| ૨૪ | જૂનાગઢ | ૧૩૮ | ૧૨૬ | ૧૨૨ | ૧૦૫ | ૧૨૨ | ૯૪ |
| ૨૫ | ગીર સોમનાથ | ૫૮ | ૩૮ | ૬૪ | ૫૧ | ૮૩ | ૭૧ |
| ૨૬ | પોરબંદર | ૩૦ | ૨૩ | ૪૫ | ૨૮ | ૪૧ | ૧૬ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૮૪ | ૬૨ | ૧૦૧ | ૬૭ | ૯૪ | ૬૩ |
| ૨૮ | છોટાઉદેપુર | ૩૭ | ૨૯ | ૫૨ | ૪૦ | ૨૭ | ૧૯ |
| ૨૯ | ભરૂચ | ૧૩૮ | ૧૦૯ | ૧૯૦ | ૧૫૯ | ૧૮૬ | ૧૩૯ |
| ૩૦ | નર્મદા | ૫૯ | ૪૬ | ૩૯ | ૨૯ | ૨૮ | ૧૬ |
| ૩૧ | પંચમહાલ | ૧૦૯ | ૯૭ | ૧૪૭ | ૧૩૫ | ૧૬૬ | ૧૪૫ |
| ૩૨ | મહિસાગર | ૩૭ | ૨૩ | ૫૨ | ૩૨ | ૪૨ | ૨૭ |
| ૩૩ | દાહોદ | ૧૦૯ | ૯૫ | ૧૦૬ | ૮૪ | ૯૮ | ૮૭ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧૪૫ | ૧૧૬ | ૧૪૧ | ૧૦૧ | ૩૧૦ | ૨૦૨ |
| ૩૫ | તાપી | ૩૧ | ૨૩ | ૩૬ | ૨૮ | ૪૦ | ૨૫ |
| ૩૬ | વલસાડ | ૧૫૯ | ૯૯ | ૧૩૭ | ૮૭ | ૧૩૫ | ૭૨ |
| ૩૭ | નવસારી | ૭૧ | ૬૫ | ૬૧ | ૫૫ | ૬૪ | ૪૭ |
| ૩૮ | ડાંગ | ૧૩ | ૧૨ | ૦૮ | ૦૭ | ૦૮ | ૦૭ |
| ૩૯ | પ.રેલ્વે વડોદરા | ૭૬ | ૩૬ | ૨૫૬ | ૧૬૮ | ૪૫૦ | ૩૬૫ |
| ૪૦ | પ.રેલ્વે અમદાવાદ | ૬૬ | ૩૨ | ૧૧૦ | ૬૩ | ૩૪૫ | ૧૭૪ |

**પત્રક-૨**

| અ.નં. | શહેર/જિલ્લા | પરત સોંપેલ નથી |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪૭૮ |
| ૨ | રાજકોટ શહેર | ૧૬૦ |
| ૩ | સુરત શહેર | ૮૪૯ |
| ૪ | વડોદરા શહેર | ૨૫૮ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૧૧૬ |
| ૬ | ખેડા | ૭૪ |
| ૭ | આણંદ | ૧૫૩ |
| ૮ | ગાંધીનગર | ૨૫૨ |
| ૯ | સાબરકાંઠા | ૬૩ |
| ૧૦ | અરવલ્લી | ૧૬ |
| ૧૧ | મહેસાણા | ૨૬૮ |

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી

| અ.નં. | શહેર/જિલ્લા | પરત સોંપેલ નથી |
|---|---|---|
| ૧૨ | જામનગર | ૯૧ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૬૬ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૫૯ |
| ૧૫ | મોરબી | ૫૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૪૪ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૦૦ |
| ૧૮ | કચ્છ-પૂર્વ ગાંધીધામ | ૧૯૮ |
| ૧૯ | કચ્છ-પશ્ચિમ ભુજ | ૩૦૫ |
| ૨૦ | પાટણ | ૧૪૮ |
| ૨૧ | અમરેલી | ૬૦ |
| ૨૨ | ભાવનગર | ૬૬ |
| ૨૩ | બોટાદ | ૨૮ |
| ૨૪ | જૂનાગઢ | ૫૭ |
| ૨૫ | ગીર સોમનાથ | ૪૫ |
| ૨૬ | પોરબંદર | ૪૯ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૮૭ |
| ૨૮ | છોટાઉદેપુર | ૨૮ |
| ૨૯ | ભરૂચ | ૧૦૭ |
| ૩૦ | નર્મદા | ૩૫ |
| ૩૧ | પંચમહાલ | ૪૫ |
| ૩૨ | મહિસાગર | ૪૯ |
| ૩૩ | દાહોદ | ૪૭ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧૭૭ |
| ૩૫ | તાપી | ૩૧ |
| ૩૬ | વલસાડ | ૧૭૩ |
| ૩૭ | નવસારી | ૨૯ |
| ૩૮ | ડાંગ | ૩ |
| ૩૯ | પ.રેલ્વે વડોદરા | ૨૧૩ |
| ૪૦ | પ.રેલ્વે અમદાવાદ | ૨૫૨ |

--------

**ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં ખોટી રીતે કોરોના સહાય મેળવવા બાબત**

અતારાંકિતઃ ૧૧૧૦ (૧૬-૧૦-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં કોરોનામાં મૃત્યુ પામેલાના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી હોવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનાઓમાં સંડોવાયેલા ઉક્ત જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે,

(૩) બાકી ગુનેગારોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત ગુનામાં તપાસ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોએ કેટલી રકમ ખોટી રીતે મેળવી હોવાનું સામે આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧)

| **તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૩** | |
|---|---|
| ગાંધીનગર | ૦૧ |

| | |
|---|---|
| સાબરકાંઠા | ૦૧ |

(૨)

| જિલ્લો | પકડવામાં આવેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|
| ગાંધીનગર | ૨૬ | ૦૭ (તે પૈકી ૧-એબેટેડ) |
| સાબરકાંઠા | ૦૫ | ૨૦ |

(૩) બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઈલ તેમજ ટેકનિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી પણ આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.

(૪)

| જિલ્લો | ઇસમો | રકમ |
|---|---|---|
| ગાંધીનગર | ૩૨ | રૂ.૧૬,૦૦,૦૦૦/- |
| સાબરકાંઠા | ૦૦ | ૦૦ |

--------

## રાજ્યમાં એટીએમ તોડવાના બનાવો

અતારાંકિતઃ ૧૨૮૦ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં એટીએમ તોડવાના, એટીએમમાંથી નાણા ચોરી અંગેના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમની ચોરી થયાનું સામે આવ્યું,

(૩) ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) અને (૨)

| વર્ષ | એટીએમ તોડવાના, એટીએમમાંથી નાણા ચોરી અંગેના બનાવો | ચોરી થયેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | ૫૮ | ૧,૮૩,૦૮,૯૦૦/- |
| તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | ૬૧ | ૧,૪૦,૬૫,૫૦૦/- |
| તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ | ૪૩ | ૬૧,૧૦,૬૦૦/- |

(૩) અને (૪)

| વર્ષ | પકડવામાં આવેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|
| તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | ૪૮ | ૧૩ |
| તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | ૮૬ | ૨૨ |
| તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ | ૪૩ | ૦૪ |

--------

## અમદાવાદ શહેરમાં વર્લ્ડ કપ ક્રિકેટ મેચની બોગસ ટીકીટનું વેચાણની ફરિયાદ

અતારાંકિતઃ ૧૩૮૪ (૩૦-૧૧-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક માસમાં અમદાવાદ શહેરમાં વર્લ્ડ કપ ક્રિકેટ મેચની ડુપ્લીકેટ/બોગસ ટીકીટ વેચવાની કેટલી ફરિયાદો નોંધાઈ,

(૨) ઉક્ત ફરિયાદોમાં આરોપીઓએ કયા મેચની કેટલી ડુપ્લીકેટ ટીકીટો બનાવી હોવાનું સામે આવ્યું અને કેટલી ટીકિટો કેટલી રકમમાં વેચી હોવાનું સામે આવ્યું, અને

(૩) તેમાં સંડોવાયેલા કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) ૦૩

(૨)

| મેચની વિગત | બનાવેલ ડુપ્લીકેટ ટીકીટો | વેચાણ કરવામાં આવેલ ડુપ્લીકેટ ટીકીટો | ડુપ્લીકેટ ટીકીટોના વેચાણની રકમ |
|---|---|---|---|
| ભારત–પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય વર્લ્ડ કપ–૨૦૨૩ | ૧૬૪૫ | ૪૪૯ | ૩.૧૮,૮૯,૧૬૦/– |

(૩)

| સંડોવાયેલ આરોપીઓ | પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|
| ૧૩ | ૧૨ | ૦૧ |

--------

**રાજ્યમાં શેરબજારની ઠગાઈ કર્યા અંગેના ગુનાઓ**

અતારાંકિતઃ ૧૪૯૨ (૧૮–૧૨–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર શેરબજારમાં ટિપ્સ આપી ઠગાઈ કરવાના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનાઓમાં સંડોવાયેલા કેટલા ઈસમોને ઉક્ત સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૩) બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) પત્રક મુજબ.

(૨)

| પકડવામાં આવેલ ઈસમોની સંખ્યા | પકડવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ૩૫૧ | ૮૨ |

(૩) બાકી ઈસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઈલ તેમજ ટેકનિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી પણ આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.

**પત્રક**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧–૧૧–૨૦૨૦ થી તા.૩૧–૧૦–૨૦૨૧ | તા.૦૧–૧૧–૨૦૨૧ થી તા.૩૧–૧૦–૨૦૨૨ | તા.૦૧–૧૧–૨૦૨૨ થી તા.૩૧–૧૦–૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૯<br>(તે પૈકી–૦૨ FIR રદ) | ૨ | ૧ |
| ૨ | સુરત શહેર | ૧ | ૦ | ૦ |
| ૩ | વડોદરા શહેર | ૨ | ૨ | ૧ |
| ૪ | આણંદ | ૦ | ૧ | ૦ |
| ૫ | સાબરકાંઠા | ૧ | ૦ | ૪ |
| ૬ | મહેસાણા | ૫ | ૪ | ૨૫ |
| ૭ | અમરેલી | ૦ | ૦ | ૧ |
| ૮ | પોરબંદર | ૧ | ૦ | ૦ |
| ઉક્ત સિવાયના જિલ્લાની માહિતી શૂન્ય છે. | | | | |

--------

**દાહોદ જિલ્લામાં ખોટી સરકારી ગ્રાન્ટ મેળવવાના નોંધાયેલ ગુના**

અતારાંકિતઃ ૧૬૧૪ (૧૮–૧૨–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં ખોટી/નકલી સરકારી કચેરી ઊભી કરી રાજ્ય સેવક તરીકેની ગ્રાન્ટ મેળવી હોવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને

(૩) બાકી આરોપીઓને પકડવા શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) ૦૧ ગુનો નોંધાયેલ છે.

(૨)

| પકડાયેલ ઇસમોની સંખ્યા | પકડવાના બાકી ઇસમોની સંખ્યા |
|---|---|
| ૧૩ | ૦૨ |

(૩) આરોપીઓના રહેણાંકના સરનામે તપાસ કરવામાં આવેલ છે. તેમજ જે તે આરોપીના મોબાઈલ નંબરના સી.ડી.આર. મંગાવી એનાલીસીસ કરવામાં આવેલ છે.

**રાજ્યમાં જિલ્લાવાર વિદેશ જવા ઇચ્છુક લોકોની એજન્ટો સામે ફરિયાદ**

અતારાંકિતઃ ૧૬૧૬ (૧૮-૧૨-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર/જિલ્લાવાર વિદેશ જવા ઇચ્છુક લોકો પાસેથી એજન્ટો દ્વારા છેતરપીંડી કરી રકમ લીધેલ હોય તેવી કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વેય શહેર/જિલ્લાવાર કેટલા એજન્ટોની ધરપકડ કરવામાં આવી અને કેટલા એજન્ટોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) લીધેલ રકમ પૈકી કેટલા રકમ લોકોને પરત અપાવવામાં આવી અને કેટલી રકમ પરત મેળવવાની બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩)

| પરત આપવામાં આવેલ રકમ (રૂપિયા) | પરત મેળવવાની બાકી રકમ (રૂપિયા) |
|---|---|
| ૭૪,૧૫,૦૦૦/- | ૪૧,૧૪,૪૩,૦૭૧/- |

**પત્રક-૧**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ | તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૨ | તા.૦૧/૧૨/૨૦૨૨ થી તા.૩૦/૧૧/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૧૩ | ૧૦ (તે પૈકી ૦૧ FIR રદ) |
| ૨ | રાજકોટ શહેર | ૦ | ૧ | ૦ |
| ૩ | સુરત શહેર | ૧ | ૮ (તે પૈકી ૦૧ FIR રદ) | ૧૦ |
| ૪ | વડોદરા શહેર | ૫ | ૬ | ૨૦ |
| ૫ | ખેડા | ૧ | ૦ | ૨ |
| ૬ | આણંદ | ૬ | ૨ | ૨ |
| ૭ | ગાંધીનગર | ૧ | ૪ | ૩ |
| ૮ | સાબરકાંઠા | ૧ | ૧ | ૧ |
| ૯ | મહેસાણા | ૩ | ૭ | ૭ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ | ૧ |
| ૧૧ | બનાસકાંઠા | ૦ | ૧ | ૩ |
| ૧૨ | કચ્છ-પૂર્વ | ૨ | ૦ | ૦ |
| ૧૩ | કચ્છ-પશ્ચિમ | ૦ | ૩ | ૧ |
| ૧૪ | પોરબંદર | ૦ | ૧ | ૦ |

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ | તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૨ | તા.૦૧/૧૨/૨૦૨૨ થી તા.૩૦/૧૧/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧૫ | વડોદરા ગ્રામ્ય | ૧ | ૦ | ૦ |
| ૧૬ | ભરૂચ | ૦ | ૧ | ૧ |
| ૧૭ | ગોધરા | ૦ | ૦ | ૧ |
| ૧૮ | મહીસાગર | ૧ | ૦ | ૦ |
| ૧૯ | નવસારી | ૩ | ૧ | ૧ |
| ઉક્ત સિવાયના જિલ્લા/શહેરની માહિતી શૂન્ય છે. | | | | |

**પત્રક-૨**

| અ.નં. | શહેર/જિલ્લા | ધરપકડ કરવામાં આવેલ એજન્ટોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી એજન્ટોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૨૯ | ૧૭ (તે પૈકી ૦૨ આરોપીઓની એફ.આઇ.આર. રદ) |
| ૨ | રાજકોટ શહેર | ૦૨ | ૦ |
| ૩ | સુરત શહેર | ૨૩ | ૯ (તે પૈકી ૦૨ આરોપીઓની એફ.આઇ.આર. રદ) |
| ૪ | વડોદરા શહેર | ૫૭ | ૬ |
| ૫ | ખેડા | ૦ | ૧૮ |
| ૬ | આણંદ | ૨૧ | ૭ |
| ૭ | ગાંધીનગર | ૧૧ | ૧૩ |
| ૮ | સાબરકાંઠા | ૪ | ૩ |
| ૯ | મહેસાણા | ૨૩ | ૨૮ |
| ૧૧ | જામનગર | ૨ | ૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૨ | ૨ |
| ૧૨ | કચ્છ-પૂર્વ | ૧ | ૧ |
| ૧૩ | કચ્છ-પશ્ચિમ | ૪ | ૩ |
| ૧૪ | પોરબંદર | ૨ | ૦ |
| ૧૫ | વડોદરા ગ્રામ્ય | ૧ | ૦ |
| ૧૬ | ભરૂચ | ૩ | ૨ |
| ૧૭ | ગોધરા | ૩ | ૨ |
| ૧૮ | મહીસાગર | ૨ | ૦ |
| ૧૯ | નવસારી | ૩ | ૩ |

--------

**શામળાજી ચેકપોસ્ટ પરથી કતલ માટે લઈ જવાતા પ્રાણીઓ પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૬૫૮ (૦૧-૦૧-૨૦૨૪) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર શામળાજી ચેકપોસ્ટ પરથી રાજસ્થાનથી ગુજરાતમાં અને મહારાષ્ટ્ર માટે કતલ માટે લઈ જવાતા કેટલા બળદો અને ગૌવંશ પ્રાણીઓ પકડવામાં આવ્યા,

(૨) બચાવેલા ગૌવંશ પ્રાણીઓને કઈ જગ્યાએ સાચવવામાં આવ્યા, અને

(૩) આ પ્રકારની ઘટનામાં સંડોવાયેલા ઈસમો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૧–૨૦૨૪)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં કતલ માટે પ્રાણીઓ અને ગૌમાંસ લઈ જવા વાહનોને એન.ઓ.સી. આપવા બાબત**

અતારાંકિતઃ ૧૬૬૬ (૦૧–૦૧–૨૦૨૪) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૦/૨૦૨૩ની સ્થિતિએ કતલ માટે પ્રાણીઓ ભરીને લઈ જવાતા તથા ગૌ માંસ (બીફ) ભરીને લઈ જવાતા વાહનોને અદાલતોમાં એન.ઓ.સી. આપવાની કોઈ જોગવાઈ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર પોલીસ તરફથી અદાલતોને કેટલા એન.ઓ.સી. આપવામાં આવ્યા, અને

(૩) એન.ઓ.સી. આપનાર પોલીસ અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાણી પુરવઠા પ્રભાગ માટે બજેટમાં રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૩૯ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) પાણી પુરવઠા પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૨૫–૦૧–૨૦૨૪)

(૧)

| વર્ષ | રાજ્યની જોગવાઈ (રૂ.લાખમાં) | કેન્દ્ર જોગવાઈની રકમ (રૂ.લાખમાં) | કુલ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૪૦૫૫૪૨.૦૦ | ૩૬૨૦૦.૦૦ | ૪૪૧૭૪૨.૦૦ |
| ૨૦૨૧–૨૨ | ૩૫૯૯૮૨.૫૦ | ૩૭૪૦૬.૫૦ | ૩૯૭૩૮૯.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૫૪૫૧૦૨.૦૦ | ૩૫૯૦૧૬.૦૦ | ૯૦૪૧૧૮.૦૦ |

(૨)

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | | કુલ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| | રાજ્ય દ્વારા ફાળવેલ | કેન્દ્ર દ્વારા ફાળવેલ | |
| ૨૦૨૦–૨૧ | ૩૧૧૭૬૮.૨૭ | ૯૩૪૮૧.૭૨ | ૪૦૫૨૪૯.૯૯ |
| ૨૦૨૧–૨૨ | ૩૯૧૫૮૭.૨૧ | ૨૬૦૬૨૨.૦૭ | ૬૫૨૨૦૯.૨૮ |
| ૨૦૨૨–૨૩ | ૬૦૩૪૫૧.૫૯ | ૩૫૯૦૧૬.૩૨ | ૯૬૨૪૬૭.૯૧ |
| ૨૦૨૩–૨૪ (૩૦/૦૯/૨૦૨૩ સુધી) | ૩૨૭૨૭૦.૬૦ | ૧૪૯૧૪૨.૫૦ | ૪૭૬૪૧૩.૧૪ |

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (રૂ. લાખમાં) | | | વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) | કયા કારણોસર વણવપરાયેલ રહી ? |
|---|---|---|---|---|---|
| | રાજ્યની ગ્રાન્ટ | કેન્દ્રની ગ્રાન્ટ | કુલ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૫૯૪૯૫.૨૭ | ૮૮૧૬૨.૨૦ | ૪૪૭૬૫૭.૪૭ | ઉક્ત ફાળવેલ રકમ પૂરેપૂરી વપરાયેલ છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦૨૧-૨૨ | ૫૨૨૯૭૯.૫૨ | ૨૧૮૦૧૪.૬૭ | ૭૪૦૯૯૪.૧૯ | | |
| ૨૦૨૨-૨૩ (પ્રોવિઝનલ) | ૬૬૨૫૧૫.૫૭ | ૩૨૦૫૯૨.૯૬ | ૯૮૩૧૦૮.૫૩ | | |
| ૨૦૨૩-૨૪ (૩૦/૦૯/૨૩-સુધી) | ૨૩૭૭૬૬.૯૯ | ૮૬૬૮૯.૬૧ | ૩૨૪૪૫૬.૬૦ | ૧૫૧૯૫૬.૫૪ | સને ૨૦૨૩-૨૪ અંતિત ખર્ચ પૂર્ણ રૂપે વાપરવા માટે આયોજન કરેલ છે. |

--------

**મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૪૪૪ (૦૬-૦૨-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) મનરેગા યોજના હેઠળ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળવાપાત્ર હતી,

(૨) તે સામે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ઓછી મળી, અને

(૩) આ બાબતમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સાથે શી વાટાઘાટો કરી અને કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૨૪-૦૧-૨૦૨૪)

(૧) મનરેગા યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી ઉત્પન્ન થયેલ માનવદિન આધારિત મજૂરી પેટે તથા તેને આનુષાંગિક મટીરિયલ ખર્ચ પેટે રકમ ફાળવણી કરવામાં આવે છે. મનરેગા યોજનામાં ઉપરોક્ત અનુસંધાને કેન્દ્ર સરકાર તરફથી રકમની ફાળવણી કરવામાં આવતી હોવાથી મળવાપાત્ર રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેન્દ્ર સરકાર તરફથી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં રાજયને નીચે મુજબની રકમ મળેલ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૧૬૨૫૦૧.૧૬ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૭૪૯૮૫.૯૧ |

(૨) કેન્દ્ર સરકાર તરફથી ઉત્પન્ન થયેલ માનવદિન આધારિત મજૂરી પેટે તથા તેને આનુષાંગિક મટીરિયલ ખર્ચ પેટે રકમ ફાળવણી કરવામાં આવતી હોવાથી મળવાપાત્ર રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જેથી ઓછી મળેલ રકમનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજ્ય સરકારશ્રીને ગ્રાન્ટ ફાળવણીમાં વિલંબના સંજોગોમાં સરકારી પત્રો કે અર્ધસરકારી પત્રો પાઠવવામાં આવે છે. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ-૯ વખત પત્રો / અર્ધસરકારી પત્રો પાઠવવામાં આવેલ હતા જેને પરિણામે કેન્દ્ર સરકારશ્રી દ્વારા અનુક્રમે ૧૨/૦૮/૨૦૨૧, ૧૨/૧૦/૨૦૨૧, ૦૯/૧૧/૨૦૨૧, ૨૪/૦૨/૨૦૨૨, ૧૭/૦૩/૨૦૨૨ ના રોજ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.

જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં તા કુલ-૪ વખત સરકારી પત્રો કે અર્ધસરકારી પત્રો પાઠવવામાં આવેલ હતા. જેને પરિણામે કેન્દ્ર સરકારશ્રી દ્વારા અનુક્રમે તા.૨૩/૦૫/૨૦૨૨ તથા તા.૧૦/૦૮/૨૦૨૨ના રોજ ગ્રાન્ટ ફાળવેલ છે.

--------

**મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૫૦૭ (૦૬-૧૨-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી.

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર તાલુકાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૨૪-૦૧-૨૦૨૪)

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થી / પેઢીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. જેથી જિલ્લા દ્વારા પણ તાલુકામાં ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ જિલ્લા/તાલુકા દ્વારા કરવામાં આવેલ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જ સીધી જ ફંડ લાભાર્થી / પેઢીના ખાતામાં જમા થાય છે.

(૩) ઉક્ત વર્ષવાર તાલુકાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી બધી જ રકમનો એફ્ટીઓ (FTO) એટલે કે ફંડ ટ્રાન્સફર ઓર્ડર (Fund Transfer Order) દ્વારા તાલુકાવાર ખર્ચ થતો હોવાના કારણે રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

**રાજ્ય ભુદાન સમિતિની રચના**

અતારાંકિતઃ ૧૧૯૧ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભુદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભુદાનની જમીનોની રેકર્ડ પરની ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરીને ભુદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા.૧૭/૦૨/૨૦૧૭ના ઠરાવથી રાજ્ય કક્ષા તથા જિલ્લા કક્ષાની ભુદાન સમિતિઓની રચના કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે ?

(૨) જો હા, તો તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યકક્ષાની ભુદાન સમિતિની બેઠકો ક્યારે ક્યારે મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ ઘડવાની કામગીરી કયા તબક્કે છે ?

**મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) **:** (૨૫-૦૧-૨૦૨૪)

(૧) હા.

(૨) તા.૧૭/૦૭/૨૦૨૩ના રોજ એકવાર મળેલ છે.

(૩) રાજ્યકક્ષાની ભુદાન સમિતિ સમક્ષ વિચારણાધીન છે.

--------

**ગાંધીનગરના અક્ષરધામ મંદિરના ભાડા પેટે થયેલ આવક**

અતારાંકિતઃ ૧૧૫૨ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાન-BAPS (અક્ષરધામ મંદિર)ને કેટલી જમીન, કયા ભાડાના દરથી કેટલા સમય માટે ક્યારથી લીઝ/ભાડે કે ટોકનદરે કઈ શરતોને આધીન કયા હેતુ માટે આપવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારને ભાડા પેટે કેટલી આવક થઈ,

(૩) ઉક્ત સ્થિતિએ ભાડા પેટે કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત શરતોને ભંગ થતો હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૨૯-૦૧-૨૦૨૪)

(૧) ગાંધીનગર શહેરમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થાન- BAPS (અક્ષરધામ મંદિર)ને સેક્ટર-૨૦ માં બગીચો વિકસાવવાના હેતુ માટે માર્ગ અને મકાન વિભાગના તા.૦૫/૦૩/૧૯૯૦ ઠરાવ ક્રમાંકઃ- એલએનડી/૧૦૮૮/૨૩૬૯/ ૨૫૩/૨(૧), તા.૦૫/૦૪/૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃ- એલએનડી/૧૦૮૮/૨૩૬૯/૨૫૩/ભાગ-૨/૨(૧) તથા તા.૨૩/૧૦/૨૦૧૭ ઠરાવ ક્રમાંકઃ-

એલએનડી/૧૦૮૮/૨૩૬૯/૨૫૩/આર–૧ના ઠરાવોમાં દર્શાવેલ શરતોથી કુલ.૭૨,૪૭૩ ચો.મી. જમીન રૂ.૧/– પ્રતિક ભાડા (વાર્ષિક) થી ૯૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગના તા.૧૦/૧૦/૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ– જમન/૧૦૨૦૦૩/૯૩૩/ ૧૮૮૮/આર–૧ના ઠરાવમાં દર્શાવેલ શરતોથી ઉક્ત સંસ્થાને ખુલ્લા પાર્કિંગ પ્લોટ અને આનુષાંગિક સુવિધાઓ વિકસાવવા માટે સેક્ટર–૩૦ ખાતે ૧૦૦૦૦ ચો. મી. જમીન પ્રવર્તમાન વિકાસ દર રૂ.૧૧૦૦/– પ્રતિ ચો.મી.ના ધોરણે ૯૯ વર્ષના ભોગવટા માટે જમીન ફાળવવામાં આવેલ છે.

(૨) છેલ્લા ૩(ત્રણ) વર્ષમાં વર્ષવાર અનુક્રમે વર્ષ–૨૦૨૧, ૨૦૨૨ તથા ૨૦૨૩માં પ્રતિ વર્ષે રૂ.૧/– લેખે કુલ રૂ.૩/– ભાડાપેટે સરકારશ્રીને આવક થઈ.

(૩) ભાડા પેટે કોઈ વસૂલાત બાકી નથી.

(૪) ભાડાની રકમ ભરપાઈ કરવા બાબતે શરતભંગ થતો નથી.

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત કર્મચારીઓ દ્વારા આવાસો પરત ન સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૧૬૧ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપેલ ન હોઈ તેવા કઈ કેટેગરીના કેટલા આવાસો છે,

(૨) આવા કર્મચારીઓ, અધિકારીઓ પાસેથી સમય–મર્યાદામાં આવાસ ખાલી કરાવવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આવા આવાસો સમય–મર્યાદામાં પરત મેળવવા શું કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) **:** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) કુલ ૧૫૩ કર્મચારીઓ, અધિકારીઓએ આવાસ ખાલી કરેલ નથી.

| **ક્રમ** | **કક્ષા** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ક | ૧ |
| ૨ | ખ | ૧ |
| ૩ | ગ | ૪ |
| ૪ | ગ–૧ | ૩ |
| ૫ | ઘ | ૭ |
| ૬ | ઘ–૧ | ૧ |
| ૭ | ચ | ૧૩ |
| ૮ | ચ–૧ | ૫ |
| ૯ | છ | ૭૨ |
| ૧૦ | જ | ૩૬ |
| ૧૧ | જ–૨ | ૯ |
| ૧૨ | જ–૧ | ૧ |
| **કુલ** | | **૧૫૩** |

(૨) આવા કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ખાલી કરવા નોટિસ પાઠવવામાં આવેલ છે, તેમજ ઈવિક્શન કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) આવા કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ખાલી કરવા નોટિસ પાઠવવામાં આવેલ છે, તેમજ ઈવિક્શન કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

--------

**ગાંધીનગર શહેરમાં આવાસ વધુ સમય રાખવાની અરજીઓ**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૧૧૯૪ (૧૭-૦૮-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપવાને બદલે આવાસ વધુ સમય રાખવા અંગેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) આવા કર્મચારીઓ, અધિકારીઓ પાસેથી ઉક્ત વર્ષવાર આવાસના ભાડા પેટે કયા દરે કેટલી રકમ વસૂલવામાં આવી, અને

(૪) કેટલા કર્મચારીઓ, અધિકારીઓ પાસેથી કુલ કેટલી ભાડાની રકમ વસૂલવાની બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી :** પાટનગર યોજના (૩૦-૦૧-૨૦૨૪)

(૧)

| ક્રમ | સમયગાળો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | ૧૪૭ |
| ૨. | તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | ૩૩૯ |
| ૩. | તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ | ૨૩૨ |

(૨)

| ક્રમ | સમયગાળો | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | ૧૩૨ |
| ૨. | તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | ૨૭૦ |
| ૩. | તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ | ૧૩૫ |

(૩)

| દર | તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧ | તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ |
|---|---|---|---|
| સ્ટાન્ડર્ડ દર | રૂ. ૫,૦૫,૮૫૪/- | રૂ. ૧૦,૬૭,૨૪૮/- | રૂ. ૭,૨૯,૪૫૮/- |
| આર્થિક દર +માર્કેટ દર | રૂ. ૨૩,૦૭,૩૪૦/- | રૂ. ૨૪,૨૩,૮૦૪/- | રૂ. ૬૯,૫૯,૨૧૬/- |

છેલ્લા ત્રણ વર્ષમાં કુલ રૂ. ૧,૩૯,૯૨,૯૨૦/- (અંકે રૂપિયા એક કરોડ ઓગણચાલીસ લાખ બાણું હજાર નવસો વીસ પુરા) વસૂલવામાં આવેલ છે.

(૪) કુલ ૧૫૩ કર્મચારીઓ અધિકારીઓ પાસે અંદાજિત રકમ રૂ. ૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ પુરા) વસૂલાત કરવાની બાકી રહેલ છે.

--------

**ગાંધીનગર શહેરમાં કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર આવાસો**

અતારાંકિતઃ ૧૨૦૧ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં કર્મચારીઓ, અધિકારીઓને વર્ગવાર કઇ કેટેગરીના આવાસ મળવાપાત્ર છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સરકારી આવાસ મેળવવા કેટેગરીવાર કેટલી અરજીઓ પડતર છે,

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત કર્મચારીઓ, અધિકારીઓને ક્યાં સુધી સરકારી આવાસ ફાળવવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) **:** (૩૦-૦૧-૨૦૨૪)

(૧) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૩–૧૧–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ એસીડી–૧૧૯૮–૧૧૭૦–(૩૧)–ન/૧ મુજબ નીચે મુજબ વર્ગવાર આવાસ મળવાપાત્ર છે.

| ક્રમ | વસવાટની કક્ષા | સાતમા પગારપંચ મુજબ મૂળ પગાર (રૂપિયા) |
|---|---|---|
| ૧. | ક* | રૂ. ૧,૪૪,૨૦૦/– |
| ૨. | ખ | રૂ. ૧,૩૧,૧૦૦/– |
| ૩. | ગ | રૂ. ૧,૨૩,૧૦૦/– |
| ૪. | ગ–૧ | રૂ. ૭૮,૮૦૦/– |
| ૫. | ઘ | રૂ. ૫૬,૧૦૦/– |
| ૬. | ઘ–૧ | રૂ. ૫૩,૧૦૦/– |
| ૭. | ચ | રૂ. ૩૯,૯૦૦/– |
| ૮. | ચ–૧ | રૂ. ૨૯,૨૦૦/– |
| ૯. | છ | રૂ. ૨૫,૫૦૦/– |
| ૧૦. | જ | રૂ. ૧૯,૯૦૦/– |
| ૧૧. | જ–૨ | રૂ. ૧૮,૦૦૦/– |
| ૧૨. | જ–૨ | રૂ. ૧૪,૮૦૦/– |

**નોધ*:** રૂ. ૧,૮૨,૨૦૦/– મૂળ પગાર ધરાવનાર અધિકારીને અગ્રતા તથા રૂ. ૨,૨૫,૦૦૦/– મૂળ પગાર ધરાવતા અધિકારીને ઉચ્ચ અગ્રતા આપવાની રહેશે.

(૨) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કક્ષાવાર પ્રતિક્ષાયાદી

| ક્રમ | વસવાટની કક્ષા | પ્રતિક્ષાથી ફાળવવાના બાકી |
|---|---|---|
| ૧. | ક | ૨૧ |
| ૨. | ખ | ૧૧ |
| ૩. | ગ | ૦ |
| ૪. | ગ–૧ | ૩૨ |
| ૫. | ઘ | ૧૪૪ |
| ૬. | ઘ–૧ | ૧૮૦ |
| ૭. | ચ | ૧૪૭૧ |
| ૮. | ચ–૧ | ૪૮૦ |
| ૯. | છ | ૧૦૮૫ |
| ૧૦. | જ | ૧૮૮૫ |
| ૧૧. | જ–૨ | ૪૧૫ |
| ૧૨. | જ–૧ | ૨૨ |

(૩) ગાંધીનગર ખાતે જર્જરિત/ભયજનક આવાસોની મોટી સંખ્યા તેમજ નવીન આવાસો બનવામાં લાગતી સમયમર્યાદા.

(૪) આવાસ ઉપલબ્ધ થયેથી.

--------

**કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત**

અતારાંકિતઃ ૧૦૭૬ (૧૩–૧૦–૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૧૫–૦૯–૨૩ની સ્થિતએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કોને, ક્યારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, ક્યા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત દુકાનો લીઝ પેટે આપવા માટે જાહેર હરાજી, નિવિદા આપીને કે અન્ય કઇ કાર્યવાહીથી આપવામાં આવેલ, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઇ ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૨૪–૦૧–૨૦૨૪)

(૧) હા, જી.

(૨) પત્રક–૧ મુજબ.

(૩) ઉક્ત દુકાનો પૈકી દુકાન નંબર ૧ અને ૨ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જંગલ સફારી/ સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કની સ્થાપના કરવા માટે નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરની અધ્યક્ષતા હેઠળ બનાવવામાં આવેલ સમિતિમાં PCCF વાઈલ્ડલાઈફ દ્વારા રજૂ કરવામાં આવેલ દરખાસ્ત ઉપર સર્વ સંમતિથી તેમની ચૌદમી અને સોળમી બેઠકમાં એકતાનગર ખાતે બનાવવામાં આવેલ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં આપવામાં આવેલ દુકાનના ધારા ધોરણ મુજબ આપવા માટે મંજૂરી આપેલ છે.

ઉક્ત દુકાનો પૈકી દુકાન નંબર–૩ ઉક્ત સમિતિ દ્વારા તેમની સોળમી બેઠકમાં સર્વ સંમતિથી અમુલને સોપવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી.

તદઉપરાંત કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક) સોસાયટીની વર્ષ–૨૦૨૦–૨૧ ની પ્રથમ ગવર્નીંગ બોડીની બેઠકમાં ઉક્ત દુકાનોને ફાળવણી કરવા માટેના કરારને મંજૂર કરવામાં આવેલ હતો.

(૪)

| ક્રમ | વર્ષ | થયેલ આવક |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | રૂ.૫,૯૩,૫૦૪/– |
| ૨ | ૨૦૨૨–૨૩ | રૂ.૬,૨૮,૫૬૦/– |
| ૩ | ૨૦૨૩–૨૪ (૧૫–૧૧–૨૦૨૩ સુધી) | રૂ.૪,૮૭,૩૩૬/– |

**પત્રક–૧**

| ક્રમ | દુકાન નંબર | દુકાન સોંપણીની તારીખ અને દુકાનોની સંખ્યા | કેટલા સમય માટે | દુકાન સોંપવામાં આવેલ એજન્સીનું નામ | લીઝ પેટે આપવામાં આવેલ દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૧, ૨ | તા. ૧૮–૦૨–૨૦૨૦ (કુલ બે દુકાનો) | ૫ વર્ષ માટે | યુનિટી ફૂડ્સ | રૂ.૫,૦૦,૦૦૦/– પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫ %, બે માંથી જે વધારે હોય તે |
| ૨ | ૩ | તા. ૦૬–૦૩–૨૦૨૦ | શરૂઆતમાં ૨ વર્ષ અને ત્યારપછી બે વાર– ૧–૧ વર્ષ માટે કરાર લંબાવવામાં આવેલ | અમુલ | પહેલા બે વર્ષ માટે રૂ.૮૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૩ %, બે માથી જે વધારે હોય તે.<br>ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકાના ૫%, બે માંથી જે વધારે હોય તે<br>ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે |

--------

**બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત**

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૧૫૬૬ (૧૧–૧૨–૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર ક્યા રક્ષિત સ્મારકો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જરૂરિયાત હોય તેવા ક્યા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી કરવાની બાકી છે ?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકોનું પત્રક–અ આ સાથે સામેલ છે. તેમજ દાહોદ જિલ્લામાં કોઈ રાજ્ય રક્ષિત સ્મારક આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) પુરારક્ષણ/માવજતની કામગીરીની જરૂરિયાત હોય એવા બનાસકાંઠા ખાતે આવેલ બાકી રાજ્ય રક્ષિત સ્મારકો

૧. પ્રાચીન શિવ મંદિર, કસરા

૨. મીઠી વાવ, પાલનપુર

**પત્રક–અ**

| **ક્રમ** | **સ્મારકનું નામ** | **ગામ** | **તાલુકો** |
|---|---|---|---|
| ૧ | પ્રાચીન શિવમંદિર | કસરા | કાંકરેજ |
| ૨ | કુંભેશ્વર મહાદેવ મંદિર | કુંભારીયા | દાંતા |
| ૩ | મંદિર નં.૧ કાંટીવાસ નજીક | તરસંગના જંગલમાં | દાંતા |
| ૪ | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૫ | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૬ | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૭ | મંદિર નં. ૫ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૮ | મંદિર નં. ૬ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૯ | મંદિર નં. ૧ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૦ | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૧ | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૨ | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૩ | વાવ | હળાદ | દાંતા |
| ૧૪ | પ્રાચીન મંદીર | હળાદ | દાંતા |
| ૧૫ | મીઠીવાવ | પાલનપુર | પાલનપુર |
| ૧૬ | મુલેશ્વર મહાદેવ મંદિર | પાડણ | વાવ |
| ૧૭ | કપિલેશ્વર મહાદેવ મંદિર | વાવ | વાવ |

--------

**બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત**

અતારાંકિતઃ ૧૫૬૯ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કયા રક્ષિત સ્મારકો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જરૂરિયાત હોય તેવા કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી કરવાની બાકી છે ?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :** (૩૦–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકોનું પત્રક–અ આ સાથે સામેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં આવતા રાજ્ય રક્ષિત સ્મારકોની વિગત

૧. રણમુક્તેશ્વર મંદિર, સંખેડા

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ રાજ્ય રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) પુરારક્ષણ/માવજતની કામગીરીની જરૂરિયાત હોઈ એવા બનાસકાંઠા જિલ્લા ખાતે બાકી રક્ષિત સ્મારકો

૧. પ્રાચીન શિવ મંદિર, કસરા

૨. મીઠી વાવ, પાલનપુર

**પત્રક–અ**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | પ્રાચીન શિવમંદિર | કસરા | કાંકરેજ |
| ૨ | કુંભેશ્વર મહાદેવ મંદિર | કુંભારીયા | દાંતા |
| ૩ | મંદિર નં. ૧ કાંટીવાસ નજીક | તરસંગના જંગલમાં | દાંતા |
| ૪ | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૫ | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૬ | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૭ | મંદિર નં. ૫ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૮ | મંદિર નં. ૬ | તરસંગના જંગલમાં | દાંતા |
| ૯ | મંદિર નં. ૧ મહુડી નજીક | તરસંગના જંગલમાં | દાંતા |
| ૧૦ | મંદિર નં. ૨ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૧ | મંદિર નં. ૩ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૨ | મંદિર નં. ૪ | તરસંગના જંગલમાં (મહુડી નજીક) | દાંતા |
| ૧૩ | વાવ | હળાદ | દાંતા |
| ૧૪ | પ્રાચીન મંદિર | હળાદ | દાંતા |
| ૧૫ | મીઠીવાવ | પાલનપુર | પાલનપુર |
| ૧૬ | મુલેશ્વર મહાદેવ મંદિર | પાડણ | વાવ |
| ૧૭ | કપિલેશ્વર મહાદેવ મંદિર | વાવ | વાવ |

––––––––

**ભરૂચ અને ડાંગ જિલ્લામાં રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત**

અતારાંકિતઃ ૯૭૪ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ, બોટાદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક કેટલા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા રસ્તાઓનું કામ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૨-૦૨-૨૦૨૪)

(૧)

| અ.નં. | જિલ્લો | વર્ષ | રસ્તાની સંખ્યા | મંજૂરીની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | ગીર સોમનાથ | ૨૦૨૦-૨૧ | ૪૩ | ૩૭૨૫.૨૫ |
| | | ૨૦૨૧-૨૨ | ૧ | ૯૨૦.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૧ | ૪૩૫૦.૦૦ |
| ૨. | બોટાદ | ૨૦૨૦-૨૧ | ૨૯ | ૧૪૫૧.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૨ | ૨૨૩૦.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૯ | ૨૧૫૦૦.૦૦ |
| ૩. | છોટાઉદેપુર | ૨૦૨૦-૨૧ | ૧૧૩ | ૭૯૧૪.૧૬ |
| | | ૨૦૨૧-૨૨ | ૮ | ૨૪૮૩.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૬ | ૪૨૧૨.૦૦ |

(૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | પૂર્ણ | પ્રગતિ | શરૂ કરનાર |
|---|---|---|---|---|---|
| ૧. | ગીર સોમનાથ | ૨૦૨૦-૨૧ | ૩૯ | ૨ | ૨ |
| | | ૨૦૨૧-૨૨ | ૧ | ૦ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૦ | ૧ | ૦ |
| ૨. | બોટાદ | ૨૦૨૦-૨૧ | ૨૮ | ૧ | ૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૨ | ૦ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૨ | ૪ | ૩ |
| ૩. | છોટાઉદેપુર | ૨૦૨૦-૨૧ | ૧૧૩ | ૦ | ૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૬ | ૨ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૧ | ૨ | ૩ |

(૩) સામેલ *પરિશિષ્ટ - મુજબ

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રસ્તાના સુધારણા પાછળ ખર્ચ**

અતારાંકિતઃ ૯૮૨ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક કેટલા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા રસ્તાઓનું કામ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૨-૦૨-૨૦૨૪)

(૧) અને (૨) * પરિશિષ્ટ-અ મુજબ.

(૩) * પરિશિષ્ટ-બ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં રસ્તાના સુધારણા પાછળ ખર્ચ**

અતારાંકિતઃ ૯૮૭ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નવસારી, તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક કેટલા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા રસ્તાઓનું કામ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૨-૦૨-૨૦૨૪)

(૧) અને (૨) * પરિશિષ્ટ-અ મુજબ.

(૩) * પરિશિષ્ટ-બ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં ગામોના ફળિયાઓને પાકા રસ્તાથી જોડવા બાબત**

અતારાંકિતઃ ૧૧૪૮ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ૨૫૦ થી ૫૦૦ની વસ્તી ધરાવતા ૨૧૭ ફળિયાઓ મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડાયેલ ન હતા તે પૈકી તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ કેટલા ફળિયાઓને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ફળિયાઓને મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડવાના બાકી છે, અને

(૩) આવા પાકા રસ્તાથી વંચિત (૩ ફળિયાઓને મૂળ ગામ સાથે પાકા રસ્તાથી જોડવા માટેનું સરકારનું શું આયોજન છે અને ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૧-૦૨-૨૦૨૪)

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ૨૫૦ થી ૫૦૦ની વસ્તી ધરાવતા વાસ્તવિક રીતે કુલ ૨૧૬ પૈકી ૧૨૬ ફળિયાઓને પાકા રસ્તાથી જોડવામાં આવેલ છે, જ્યારે ૭ ફળિયા વૈકલ્પિક માર્ગ થી જોડાયેલ છે.

(૨) ૮૩ ફળિયાઓને પાકા રસ્તાથી જોડવાના બાકી છે.

(૩) બાકી રહેલ ૮૩ ફળિયા પૈકી ૭૧ કામો મંજૂર થયેલ છે. તે પૈકી ૩ પરાઓને જમીન પ્રશ્ન નિરાકરણ આવ્યેથી જોડાણ આપવાનું નાણાકિય ઉપલબ્ધતા મુજબ વિચારણા લેવામાં આવશે તથા ૧ પરૂ બિન વસવાટી (ઉજ્જડ) હોઈ જોડવાનુ રહેતુ નથી, ૬૭ કામોની વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરી બનતી ત્વરાએ જોડવામા આવશે તથા ૧૨ ફળિયાને નાણાકિય ઉપલબ્ધતાને આધારે જોડી આપવાની વિચારણા હાથ ધરવામાં આવશે.

**સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે ભારત સરકારે ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૩૨૯ (૧૭-૧૧-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ભારત સરકારે સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે કેટલી રકમ ફાળવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

**રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩૧-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ભારત સરકારે સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ફાળવેલ રકમ નીચે દર્શાવ્યા મુજબ છે.

| વર્ષ | સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરી | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ડેસરની કચેરી |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૧.૮૮ કરોડ | રૂ.૩.૦૦ કરોડ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૮૭.૫૦ કરોડ | રૂ.૩.૨૫ કરોડ |
| ૨૦૨૨-૨૩ | રૂ.૦૦.૦૦ કરોડ | રૂ.૦.૭૫ કરોડ |
| **કુલ** | **રૂ. ૨૮૯.૩૮ કરોડ** | **રૂ.૭.૦૦ કરોડ** |

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ડેસરની કચેરીમાં અગાઉ ભારત સરકાર દ્વારા "સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ" માટે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૩.૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૮-૧૯ના રૂ.૩.૦૦ કરોડ એમ કુલ રૂ.૬.૦૦ કરોડ ફાળવેલ હતા. આમ, આ હેતુ માટે રૂ.૬.૦૦ કરોડ અને ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રૂ.૭.૦૦ કરોડ એમ મળીને કુલ રૂ.૧૩.૦૦ કરોડ ભારત સરકારે ફાળવેલ હતા.

(૨) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર થયેલ ખર્ચ અને વણવપરાયેલ રકમની વિગતો નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

| વર્ષ | સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરી | | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ડેસરની કચેરી | |
|---|---|---|---|---|
| | ખર્ચ | વણવપરાયેલ રકમ | ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૧.૧૮ કરોડ | રૂ.૦.૭૦ કરોડ | રૂ.૦૦.૦૦ કરોડ | રૂ.૦૦.૦૦ કરોડ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૧૧૬.૮૮ કરોડ | રૂ.૧૭૦.૬૨ કરોડ | રૂ.૯.૦૦ કરોડ | રૂ.૦૦.૦૦ કરોડ |
| ૨૦૨૨-૨૩ | રૂ.૫૦.૦૦ કરોડ | રૂ.-૫૦.૦૦ કરોડ | રૂ.૩.૮૩ કરોડ | રૂ.૦૦.૧૭ કરોડ |
| **કુલ રકમ** | **રૂ. ૧૬૮.૦૬ કરોડ** | **રૂ. ૧૨૧.૩૨ કરોડ** | **રૂ.૧૨.૮૩ કરોડ** | **રૂ.૦૦.૧૭ કરોડ** |

- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં કોઈ ગ્રાન્ટ આવેલ ન હોવાથી ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની આવેલ ગ્રાન્ટમાંથી ઉધારેલ હોવાથી રૂ.-૫૦.૦૦ કરોડ દર્શાવેલ છે.

(૩) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર હસ્તક ૨(બે) પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ હતા. જેમાં સંપૂર્ણ ગ્રાન્ટ વપરાયેલ છે. અમદાવાદ ખાતે નારણપુરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવાનું કામ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફત કરવામાં આવી રહેલ છે. જે અન્વયે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરનું કામ કેન્દ્ર સરકારમાંથી મળતી ગ્રાન્ટને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવાની રહેતી હોઈ, છેલ્લે તા.૦૪-૧૧-૨૦૨૩ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ.૧૦૦.૦૦ કરોડ તેમજ એસ.એ.જી. હસ્તકના કામોમાં રૂ.૦૧.૩૨ કરોડનું ચૂકવણું કરેલ. આથી, હાલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત પાસે વણવપરાયેલ ગ્રાન્ટ રૂ.૨૦.૦૦ કરોડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માંગણી મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવાની હોવાથી જમા છે.

- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે વહીવટી કારણોસર તા.૩૦-૦૯-૨૦૨૩ સુધી રૂ.૦.૧૭ કરોડ વણવપરાયેલ હતા.

--------

તા. ર૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત**

અતારાંકિતઃ ૧૫૯૭ (૧૧-૧૨-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કયા રક્ષિત સ્મારકો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જરૂરિયાત હોય તેવા કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી કરવાની બાકી છે ?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :** (૩૧-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકોનું પત્રક-અ આ સાથે સામેલ છે. તેમજ અમરેલી જિલ્લામાં આવતા રાજ્ય રક્ષિત સ્મારકોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | રાજ્ય રક્ષિત સ્મારક |
|---|---|
| ૧ | ટીંબો (બાબરા) |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં આવેલ રાજ્ય રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) પુરારક્ષણ/માવજતની કામગીરીની જરૂરિયાત હોય એવા જૂનાગઢ ખાતે આવેલ બાકી રાજ્ય રક્ષિત સ્મારકો

૧. નવાબ મહોબતખાનજી પહેલાના બાબી રાજાના મકબરા

૨. નાજીબીબીના મકબરા સાથે બારા સૈયદ

૩. રા. ખેંગારવાવ વંથલી

**પત્રક-અ**

**જૂનાગઢ જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકો**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | કિલ્લાની દિવાલ અને ઉપરકોટના દરવાજા | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૨ | અડીકડી વાવ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૩ | જુમ્મા મસ્જિદ અને તોપ નીલમ અને કડાનલ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૪ | નવઘણ કૂવો | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૫ | રા, માંડલિકનો સંવત ૧૫૦૭નો શિલાલેખ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૬ | લશ્કરી વાવ | જૂનાગઢ (ઉપરકોટ) | જૂનાગઢ |
| ૭ | દામોદર કૂંડ | જૂનાગઢ (ગિરનાર જતા રસ્તા ઉપર) | જૂનાગઢ |
| ૮ | દાતારનો ચીલો | જૂનાગઢ | જૂનાગઢ |
| ૯ | બોરીયા સ્તૂપ, લાખામેડી અને વડી લાખામેઠી | જૂનાગઢ (બોરદેવી નજીક) | જૂનાગઢ |
| ૧૦ | ધોરી(પીર) નો મકબરો | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૧ | નરસિંહ મહેતાનો ચોરો | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૨ | નવાબ મહોબતખાનજી પહેલાના બાબી રાજાના મકબરા | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૩ | નાજીબીબીના મકબરા સાથે બારા સૈયદ | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૪ | પંચેશ્વર ગુફાઓ | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૫ | મહોબત મકબરો | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૬ | માત્રી | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૭ | અશોક શીલાલેખની પ્રતિલિપિ | જૂનાગઢ (ગિરનાર જતા રસ્તા ઉપર) | જૂનાગઢ |

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧૮ | હિં.સ. ૬૮૫ના શિલાલેખ સાથે માઇ ગઢેચી | જૂનાગઢ | જૂનાગઢ |
| ૧૯ | કાલીકા માતા | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૦ | ગુરુ દત્તાત્રેય | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૧ | ગોરખ ટૂંક | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૨ | ગૌ મુખી | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૩ | ભીમકુંડ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૪ | ભૈરવ જપ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૫ | રામચંદ્રજી પાદુકા | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૬ | હનુમાન ધારા | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૭ | હાથી પગલાં | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૮ | સ્તંભ ઉપરના સવંત ૧૩૩૩, ૩૫ અને ૩૯ના ત્રણ શિલાલેખ સાથેનું નેમિનાથ મંદિર | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૨૯ | સંવત ૧૨૮૮ના છ શિલાલેખ સાથેનું વસ્તુપાલનું મંદિર | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૩૦ | રા,ખેંગાર મહેલ | જૂનાગઢ (ગિરનાર ઉપર) | જૂનાગઢ |
| ૩૧ | ધન્વંતરીનો પાળીયો | માળીયા–હાટીના | માળીયા–હાટીના |
| ૩૨ | દાહ સંસ્કારની સ્મૃતીનો પાળીયો | બગસરા (ઘેડ) | માંગરોલ |
| ૩૩ | હોથલ પદમણીની ગુફાઓ | જેતલપુર | વિસાવદર |
| ૩૪ | નાની વાવનો શિલાલેખ | વંથલી | વંથલી |
| ૩૫ | જુમ્મા મસ્જિદના મંડપ અને છત | ધંધુસર | વંથલી |
| ૩૬ | વિજયેશ્વર મહાદેવ અને સં. ૧૩૪૬ (ઇ.સ. ૧૨૯૦)ના શિલાલેખો | ધંધુસર | વંથલી |
| ૩૭ | સૂર્યકુંડ | ધંધુસર | વંથલી |
| ૩૮ | જુમ્મા મસ્જિદમાં આવેલ સં.૧૪૦૮નો શિલાલેખ | ધંધુસર | વંથલી |
| ૩૯ | રાં, ખેંગારવાવ | વંથલી પાસે | વંથલી |

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત**

અતારાંકિતઃ ૧૬૦૦ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચૂડાસમા** (સોમનાથ): **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કયા રક્ષિત સ્મારકો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જરૂરિયાત હોય તેવા કયા રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજતની કામગીરી કરવાની બાકી છે ?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :** (૩૧–૦૧–૨૦૨૪)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકોનું પત્રક–અ આ સાથે સામેલ છે. અને ભાવનગર જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકોનું પત્રક–બ આ સાથે સામેલ છે.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય રક્ષિત સ્મારકોની પુરારક્ષણ/માવજત માટે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે, જ્યારે ભાવનગર જિલ્લામાં આ કામગીરી માટે કોઇ ખર્ચ થયેલ નથી.

| ગીર સોમનાથ જિલ્લાના રાજ્ય રક્ષિત સ્મારકો પર થયેલ ખર્ચની વિગતો (તા.૩૧–૧૦–૨૦૨૩ ની સ્થિતિએ) | | | |
|---|---|---|---|
| **સ્મારકનું નામ** | **ખર્ચ** | | |
| | **૨૦૨૦–૨૦૨૧** | **૨૦૨૧– ૨૦૨૨** | **૨૦૨૨–** |

| | | | ૨૦૨૩ |
|---|---|---|---|
| ૧. હજરતશાહનો મકબરો અને મલિક અયાઝની કબર, ઉના<br>૨. ચ્યવન કુંડ, સુત્રાપાડા | ૦ | ૨૭૨૦/- | ૦ |
| **કુલ** | **૦** | **૨૭૨૦/-** | **૦** |

(૩) પુરારક્ષણ/માવજતની કામગીરી જરૂરિયાત હોય એવા બાકી રાજ્ય રક્ષિત સ્મારકોનું પત્રક-ક આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

**ગીર સોમનાથ જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકો**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | મંદિર અને બે શિલાલેખો | અજારા | ઉના |
| ૨ | હજરતશાહનો મકબરો અને મલિક અયાઝની કબર | ઉના | ઉના |
| ૩ | ગરમ પાણીના સાત કુંડો | ઉના તુલશીશ્યામ રોડ | ઉના |
| ૪ | તળાવ પાસેના શિલાલેખો | ઉના તુલશીશ્યામ રોડ | ઉના |
| ૫ | ભીમચાસ | ઉના તુલશીશ્યામ રોડ | ઉના |
| ૬ | જુમ્મા મસ્જિદ | દેલવાડા | ઉના |
| ૭ | મીનારાવાળી મસ્જિદ | દેલવાડા | ઉના |
| ૮ | વેજલકોઠો | દેલવાડા | ઉના |
| ૯ | શાહકોઠો | દેલવાડા | ઉના |
| ૧૦ | ગુફાઓ | શાણા-વાંકીયા | ઉના |
| ૧૧ | આદનાથ મંદિર | આદપુરકાર | કોડીનાર |
| ૧૨ | ગંગનાથ મહાદેવ મંદિર | તોસણ | કોડીનાર |
| ૧૩ | કાંધમાટડના બે શિલાલેખ | જુની ફાંફણી | કોડીનાર |
| ૧૪ | ભીમદેવળ | ભીમદેવળ | તાલાળા |
| ૧૫ | બૌધ્ધસ્તુપ ઉર્ફે વજીર પનાતનો કોઠો | હડમતીયા | તાલાળા |
| ૧૬ | પ્રાચીન મંદિરો | ઉંબા | વેરાવળ-પાટણ |
| ૧૭ | કાલિકા માતાનું મંદિર | નાવદરા | વેરાવળ-પાટણ |
| ૧૮ | ગાયત્રી મંદિરમાં આવેલ (ફારસી સંસ્કૃત) દ્વિભાષી શિલાલેખ | પસ્નાવાડા | વેરાવળ-પાટણ |
| ૧૯ | પ્રાચી કુંડ | ઉના-વેરાવળ રોડ | વેરાવળ-પાટણ |
| ૨૦ | મુળ પ્રાચી | ઉના-વેરાવળ રોડ | વેરાવળ-પાટણ |
| ૨૧ | કાજીની મસ્જિદમાં આવેલ હિ.સ. ૯૦૨ નો શિલાલેખ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૨ | ગોરખનાથ મહાદેવ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૩ | જૈન મંદિર | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૪ | તળાવ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૫ | નગરાનો ટીંબો | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૬ | નેક મહમદની મસ્જિદ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૭ | પ્રાચીન ગુફાઓ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૮ | પ્રાચીન જૈન મંદિર (સંગ્રહાલયનું મકાન) | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૨૯ | ભદ્રકાલિ માતાનો શિલાલેખ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૩૦ | માઇપૂરી મસ્જિદ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૩૧ | માંગરોલી શાહનો મકબરો અને શિલાલેખ સાથેની શાહીની કબરો | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |
| ૩૨ | મુઝફ્ફર મસ્જિદમાં આવેલ શિલાલેખ | પ્રભાસપાટણ | વેરાવળ-પાટણ |

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૩૩ | મોટા દરવાજા પાસેનો શિલાલેખ | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૪ | રૈયાપીર મસ્જિદની છત | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૫ | રૂદ્રેશ્વર | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૬ | વેણેશ્વર મહાદેવ મંદિર | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૭ | વેરાવળ દરવાજો | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૮ | સુલતાન અહેમદનો હિ.સં. ૯૦૫–૧૫૪૩નો શિલાલેખ | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૩૯ | સૂર્ય મંદિર | પ્રભાસપાટણ નગર ટીંબા ઉપર શિતળાના મંદિર પાસે | વેરાવળ–પાટણ |
| ૪૦ | સાવનો ટીંબો | પ્રભાસપાટણ | વેરાવળ–પાટણ |
| ૪૧ | જામે મસ્જિદમાં આવેલ હિં.સં. ૭૩૨<br>(ઇ.સ. ૧૩૩૧–૩૨) નો શિલાલેખ | વેરાવળ | વેરાવળ–પાટણ |
| ૪૨ | હર્ષદમાતાના મંદિરમાં આવેલ શિલાલેખ | વેરાવળ | વેરાવળ–પાટણ |
| ૪૩ | મંડોવરની બૌધ્ધ ગુફાઓ | સવની–ગીર | વેરાવળ–પાટણ |
| ૪૪ | ચ્યવન ગુફાઓ | સુત્રાપાડા | વેરાવળ–પાટણ |
| ૪૫ | નવદુર્ગા મંદિર | સુત્રાપાડા | વેરાવળ–પાટણ |

**પત્રક–બ**

**ભાવનગર જિલ્લામાં આવેલ રક્ષિત સ્મારકો**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | છત અને દિવાલ ઉપરના ચિત્રો | ગોપનાથ મંદિર | તળાજા |
| ૨ | હડપ્પીય ટીંબો | બુધેલ | ભાવનગર |
| ૩ | ગંગા છત્રી | ભાવનગર | ભાવનગર |
| ૪ | જુના દરબારગઢની કોતરણી | ભાવનગર | ભાવનગર |
| ૫ | ભવનાથનું મંદિર | ભાવનગર | ભાવનગર |
| ૬ | પ્રાચીન મંદિર | ગુંદી | ભાવનગર |
| ૭ | ફિરંગી દેવળ | કળસાર | મહુવા |
| ૮ | મીનારો | લોલિયાણા | વલ્લભીપુર |
| ૯ | બ્રહ્મકુંડ | શિહોર | શિહોર |
| ૧૦ | સાતશેરી | શિહોર | શિહોર |

**પત્રક–ક**

**પુરારક્ષણ/માવજતની કામગીરી કરવાની બાકી હોય એવા રક્ષિત સ્મારકો**

**ભાવનગર જિલ્લા ખાતે રાજ્ય રક્ષિત સ્મારકો**

૧. ગંગા છત્રી

૨. બ્રહ્મકુંડ, શિહોર

૩. સાતશેરી, શિહોર

**ગીર સોમનાથ જિલ્લા ખાતે રાજ્ય રક્ષિત સ્મારકો**

૧. ભીમ દેવળ, તાલાળા

૨. નગરાનો ટીંબો, પ્રભાસ પાટણ

૩. પ્રાચીન ગુફાઓ, પ્રભાસ પાટણ

૪. સૂર્ય મંદિર, પ્રભાસ પાટણ

૫. પ્રાચીન જૈન મંદિર (સંગ્રહાલયનું મકાન), પ્રભાસ પાટણ

૬. રૂદ્રેશ્વર, પ્રભાસ પાટણ

--------

**ઉર્જા પ્રભાગ માટે બજેટમાં રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૩૬ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભઈ આહિર** (જામજોધપુર): **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઉર્જા પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટ જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૦૨-૦૨-૨૦૨૪)

(૧) ઉર્જા પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ. ૧૨૯૨૬.૪૦૪૯ કરોડ, ૨૦૨૧-૨૨માં રૂ.૧૪૫૨૮.૦૬૩૪ કરોડ અને ૨૦૨૨-૨૩માં રૂ. ૧૫૮૨૪.૬૮૧૭ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૨૯૨૨.૦૯૩૬ કરોડ, ૨૦૨૧-૨૨માં રૂ.૧૪૩૯૩.૧૭૩૫ કરોડ અને ૨૦૨૨-૨૩માં રૂ. ૧૫૮૨૪.૩૧૭૯ કરોડની રકમ ફાળવવામાં આવી.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી

| | | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| **વર્ષ** | **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૧૨૯૨૧.૬૬૯૫ | રૂ. ૦.૪૨૪૧ |
| ૨૦૨૧-૨૨ | રૂ. ૧૪૩૯૦.૫૩૧૯ | રૂ. ૨.૬૪૧૬ |
| ૨૦૨૨-૨૩ | રૂ. ૧૫૮૨૧.૨૭૫૫ | રૂ. ૩.૦૪૨૪ |

અને ઉક્ત વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે.

--------

**પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે બજેટમાં રકમની જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૪૦ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટ જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી

**ઉર્જામંત્રીશ્રી :** (૩૧-૦૧-૨૦૨૪)

(૧) પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬૨૨.૧૯ કરોડ, ૨૦૨૧-૨૨માં ૪૬૫.૧૨૧૯ કરોડ અને ૨૦૨૨-૨૩માં ૨૫૧૭.૧૬૩૮ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬૨૨.૦૭૧૭ કરોડ, ૨૦૨૧-૨૨માં ૪૬૪.૮૮૬૪ કરોડ અને ૨૦૨૨-૨૩ ૨૫૧૭.૨૨ કરોડની કેટલી રકમ ફાળવવામાં આવી.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬૨૧.૮૭૪૩ કરોડ, ૨૦૨૧-૨૨માં ૪૬૪.૮૮૬૪ કરોડ અને ૨૦૨૨-૨૩ ૨૫૧૭.૨૧૯૩ કરોડની રકમ વપરાયેલ છે અને

વર્ષ ૨૦૨૦-૨૧માં વિભાગના તાબા હેઠળની પેટ્રોલીયમ નિયાકમશ્રીની કચેરી ખાતે રૂ.૧૯.૭૪ લાખ નિયામક, એકાઉન્ટન્ટ અને આસી. મેનેજરની જગ્યાઓ ખાલી રહેવાના કારણે તથા આ કચેરીના મદદનીશ વ્યવસ્થાપકશ્રીને ફરજમોકુફ કરવાના કારણે તેમની રજાઓના પગારની ચૂકવણી ન થતાં સદરહું રકમ વણવપરાયેલ રહેલ હતી.

વર્ષ ૨૦૨૨-૨૩માં વિભાગના તાબા હેઠળની પેટ્રોલિયમ નિયામકશ્રીની કચેરી ખાતે માત્ર રૂ.૦.૦૭ લાખની રકમ વણવપરાયેલ રહેલ હતી. જે ફાળવવામાં આવેલ રકમના સાપેક્ષમાં નહીવત છે.

**આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ફાળવેલ ફંડ**

અતારાંકિતઃ ૦૭ (૦૮-૦૨-૨૦૨૨) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે સરકાર દ્વારા કેટલું ફંડ ફાળવવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ ફંડમાંથી વર્ષવાર કેટલું ફંડ ખર્ચ કરવામાં આવ્યું અને કેટલું ફંડ વણવપરાયેલ રહ્યું ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૩૧-૦૧-૨૦૨૪)

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે સરકાર દ્વારા નીચેના પત્રક મુજબ ફંડ ફાળવેલ છે.

| | **રકમ રૂ. લાખમા** |
|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨** | **નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧/૧૨/૨૦૨૨ ની સ્થિતિએ)** |
| ૧૩૪૬૪૧૩.૧૭ | ૧૧૫૭૬૪૩.૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ ફંડમાંથી વર્ષવાર ખર્ચ થયેલ ફંડ તથા વણવપરાયેલ ફંડની વિગતો નીચેના પત્રક મુજબ છે.

| | | | **રકમ રૂ. લાખમા** |
|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨** | | **નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧/૧૨/૨૦૨૨ ની સ્થિતિએ)** | |
| **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** | **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** |
| ૧૩૧૭૭૧૧.૩૨ | ૨૮૭૦૧.૮૫ | ૯૨૭૨૮૩.૧૯ | ૨૩૦૩૬૦.૧૧ |

--------

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના**

અતારાંકિતઃ ૨૩ (૨૮-૦૨-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં કેટલી ગ્રાન્ટ કયા હેતુઓ માટે ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી:** (૦૧-૦૨-૨૦૨૪)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ તથા હેતુઓની વિગત આ સાથે સામલ રાખેલ પત્રક–અ મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ થયેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| | (રૂ. લાખમાં) |
|---|---|
| **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** |
| ૧૯૩૯૯.૨૪ | ૧૪૪૪.૫૫ |

**પત્રક–અ**

| | | **(રૂ. લાખમાં)** |
|---|---|---|
| **ક્રમ** | **નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ)** | |
| | **હેતુ** | **ગ્રાન્ટ ફાળવણી** |
| ૧ | વિવેકાધીન તાલુકા કક્ષા યોજના, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના | ૩૭૨.૦૦ |
| ૨ | ટ્રેઈનર્સના વેતન, સાધન–મેદાનના કામો, તાલુકાકક્ષા અનુસૂચિત જનજાતિ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર, તાલુકાકક્ષા યુવા ઉત્સવ, ગ્રંથાલયના કર્મચારીના પગાર ભથ્થા, કચેરી ખર્ચ, કચેરીના તમામ કોન્ટ્રાક્ટથી લીધેલ સેવાઓ, રાજયરક્ષિત સ્મારકોની સાફ સફાઈને લગતી કામગીરી | ૫૯.૪૬ |
| ૩ | વ્યાજ સહાય | ૪.૮૭ |
| ૪ | કુવાના વીજળીકરણ, ઘર વપરાશના વિજજોડાણો તથા વનબંધુ કલ્યાણ યોજના–૨ અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વધુ સારા વોલ્ટેજ પ્રોફાઈલ સાથે મોડર્ન ટેકનોલોજીનો ઉપયોગ કરી વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા | ૫૭૮.૮૦ |
| ૫ | અનસૂચિત જનજાતિના ખેડૂતોને ખેત ઉપયોગી સહાયકીય યોજનાઓ, કૃષિ પોલીટેકનીકના શૈક્ષણિક હેતુ માટે, પશુ દવાખાના અને પશુ આરોગ્ય સેવાઓ, અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં પશુ આરોગ્ય મેળાનું આયોજન, અનુસૂચિત જનજાતિની મહિલા લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) સ્થાપના માટે સહાય, અનુસૂચિત જનજાતિઓના પશુપાલકોને બિયારણ મીનીકીટનું વિતરણ, અનુસૂચિત જનજાતિઓના પશુપાલકોને ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય, આદિજાતિ વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીને દુધઘર બાંધકામ સહાય, અનુસૂચિત જનજાતિ લાભાર્થીઓ માટે મરઘાપાલન તાલીમ અને ૨૫ આર.આઈ.આર. પક્ષી એકમની સ્થાપના પર સહાય, મત્સ્યબીજ સંગ્રહ અને બોટ–જાળ સહાય ઘટક વગેરે માટે | ૧૪૩૩.૨૮ |
| ૬ | સ્પેશીયલ ટ્રેનીંગ પ્રોગ્રામ, ટ્રાન્સપોર્ટેશન, સીઝનલ હોસ્ટેલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, સંયુક્ત ગ્રાન્ટ, બોયસ ટોઈલેટનું બાંધકામ, ગર્લ્સ ટોઈલેટનું બાંધકામ, બાંધકામ રીપેરીંગ, બાળ આગનવાડીનું બાંધકામ, મધ્યાહન ભોજનનાં શેડનું બાંધકામ, મધ્યાહન ભોજનનાં શેડનું બાંધકામનું રીપેરીંગ, સિવિલ ફાયર સેફ્ટી, વોકેશનલ એજ્યુકેશન, સ્પોર્ટસ ઈકિવપમેન્ટ, સેલ્ફ ડીફેન્સ, શાળા સ્વચ્છતા, પ્રાથમિક શાળા ખાતે ફર્સ્ટ એઈડ કિટ, શાળા પ્રવેશોત્સવ, આર.ટી.ઈ., સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રવાસી શિક્ષકોના પગાર માટે, વિદ્યાર્થી પહેલ યોજના માટે, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના પગાર માટે, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના પગાર માટે, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રવાસી શિક્ષકોના પગાર માટે, ગણિત વિજ્ઞાન પ્રદર્શન (બી. આર. સી. કક્ષાએ), કલાઉત્સવ, કરચારી પગાર તથા માદન વેતન વધારો, કન્ટીજન્સી ખર્ચ, સુખડી / સુપરવાઈઝર પગાર, માદન વેતન, પેશગી, એમ.એમ.ઈ. તથા એફ.એસ.એ. | ૨૨૨૪.૮૪ |
| ૭ | પગાર ભથ્થા, કચેરી ખર્ચ, રો–મટિરિયલ, શિષ્યવૃત્તિ અને યંત્ર સામગ્રી ખર્ચ પેટે | ૪૦૮.૧૯ |
| ૮ | ફીમેલ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ સુપરવાઈઝરના પગાર ભથ્થાં. પ્રવાસ ખર્ચ, કચેરી ખર્ચ, દવાઓ, ડાયેટ, આઉટસોર્સ સેલેરી તથા રોગી કલ્યાણ સમિતિને અનુદાન | ૪૪૩૯.૫૦ |
| ૯ | તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટીંગ અને રીપેરીંગ કામ, નવીન ચેકડેમ બનાવવા તથા ડેઈનેજ ડીસીલ્ટીંગ ડેવા જળસંગ્રહના કામ, સ્ટોરેડ ટેન્ક તેમજ નાની સિંચાઈ યોજનાઓની કામગીરી | ૧૩૦૫.૮૧ |
| ૧૦ | નાણાપંચના વિકાસના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મનરેગા યોજના, સ્વચ્છ ભારત મિશન, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, તલાટી કમ મંત્રી આવાસ બનાવવા | ૪૪૫૪.૭૨ |
| ૧૧ | નિયામકશ્રી (મહિલા વિંગ) દ્વારા PFMS મારફતે DBT દ્વારા લાભાર્થીનાં ખાતાંમાં સીધી સહાયનું ચૂકવણું, નિયામકશ્રી (આઈસીડીએસ) દ્વારા ગરમનાસ્તો, ફળ, શાકભાજી, વાહતુક, દળામણ, મસાલા તથા પોષણસુધા યોજના માટે | ૩૮૯.૭૦ |
| ૧૨ | સરકારી શાળાઓમાં એલઈડી ટ્યુબલાઈટ બેસાડવાની યોજના | ૧.૪૩ |
| ૧૩ | વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ, વન સંશોધન, તાલીમ અને પ્રચાર, વન સંરક્ષણ અને વિકાસ, રસ્તા અને મકાનો, સામૂહિક વન નિર્માણ, વૃક્ષખેતી વગેરે યોજનાની કામગીરી | ૨૫૬૧.૫૯ |
| ૧૪ | ન્યુ ગુજરાત પેટર્ન, ન્યુ ગુજરાત પેટર્ન (૧૦% રાજ્ય કક્ષા), દૂધ સંજીવની યોજના, બોર્ડર વિલેજ, ન્યુક્લિયસ બજેટ, એફ.આર.એ, ડી–સેગ, વી.ટી.સી | ૨૬૦૯.૬૦ |
| | **કુલ** | **૨૦૮૪૩.૭૯** |

––––––––

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના**

અતારાંકિતઃ ૧૫૩૧ (૦૬-૧૨-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ કેવા પ્રકારના લાભ અપાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૩૧-૦૧-૨૦૨૪)

(૧) હા જી.

(૨) ઉક્ત યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે આવાસ, હળપતિ આવાસ તથા આદિમજૂથ આવાસ યોજનાઓમાં આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

**(૧) વ્યક્તિગત ધોરણે આવાસ યોજના**

| અ.નં. | જિલ્લાઓનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧-૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨-૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૪૩,૦૫,૦૦૦ | ૭૩,૯૧,૫૦૦ | ૮૨,૪૨,૦૦૦ | ૩૪,૮૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૧,૮૫,૯૬,૦૦૦ | ૨,૦૭,૭૪,૦૦૦ | ૩,૨૮,૪૬,૦૦૦ | ૧૧,૧૦,૦૦૦ |
| ૩ | અરવલ્લી | ૧,૦૪,૧૫,૦૦૦ | ૧,૨૫,૮૨,૦૦૦ | ૧,૭૯,૫૮,૫૦૦ | ૪૮,૬૮,૦૦૦ |
| ૪ | પંચમહાલ | ૩૪,૫૯,૦૦૦ | ૮૦,૨૫,૦૦૦ | ૧,૫૦,૪૦,૦૦૦ | ૪૯,૬૬,૦૦૦ |
| ૫ | મહિસાગર | ૧,૧૬,૩૦,૦૦૦ | ૧,૯૬,૩૦,૦૦૦ | ૨,૯૪,૫૦,૦૦૦ | ૧,૦૭,૪૦,૦૦૦ |
| ૬ | દાહોદ | ૧,૨૦,૭૧,૦૦૦ | ૪,૨૦,૦૦,૦૦૦ | ૫,૮૭,૧૩,૭૫૦ | ૮૩,૭૦,૦૦૦ |
| ૭ | વડોદરા | ૫૨,૦૪,૦૦૦ | ૪૬,૮૮,૦૦૦ | ૩૯,૦૦,૦૦૦ | ૨૩,૮૬,૫૦૦ |
| ૮ | છોટાઉદેપુર | ૮૦,૧૩,૦૦૦ | ૧,૭૧,૦૦,૦૦૦ | ૧,૯૫,૪૫,૫૦૦ | ૯૪,૫૦,૫૦૦ |
| ૯ | નર્મદા | ૫૩,૧૦,૦૦૦ | ૨,૯૯,૮૦,૦૦૦ | ૪,૪૧,૦૦,૦૦૦ | ૧,૨૦,૭૦,૦૦૦ |
| ૧૦ | ભરૂચ | ૨,૧૦,૦૦૦ | ૧૪,૪૨,૦૦૦ | ૯૧,૨૫,૦૦૦ | ૮,૯૦,૦૦૦ |
| ૧૧ | તાપી | ૦ | ૮૩,૭૦,૦૦૦ | ૧,૯૫,૪૦,૦૦૦ | ૬૪,૩૦,૦૦૦ |
| ૧૨ | સુરત | ૧,૧૯,૨૫,૦૦૦ | ૨,૩૮,૫૦,૦૦૦ | ૨,૭૦,૫૦,૦૦૦ | ૯૫,૮૧,૫૦૦ |
| ૧૩ | નવસારી | ૪૪,૪૬,૦૦૦ | ૯૬,૧૨,૦૦૦ | ૨,૫૫,૩૨,૦૦૦ | ૧,૫૦,૭૦,૦૦૦ |
| ૧૪ | વલસાડ | ૪૭,૩૨,૦૦૦ | ૨,૬૫,૦૦,૦૦૦ | ૩,૮૪,૪૪,૦૦૦ | ૧,૬૯,૭૦,૦૦૦ |
| ૧૫ | ડાંગ | ૩૮,૯૪,૦૦૦ | ૧,૫૫,૦૦,૦૦૦ | ૨,૪૬,૪૦,૦૦૦ | ૧,૦૭,૪૦,૦૦૦ |
| ૧૬ | અમદાવાદ | ૦ | ૩,૬૦,૦૦૦ | ૧૧,૩૯,૦૦૦ | ૦ |
| ૧૭ | રાજકોટ | ૦ | ૬૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| | **કુલ** | **૧૦,૪૨,૧૦,૦૦૦** | **૨૪,૭૮,૬૪,૫૦૦** | **૩૭,૫૬,૪૫,૭૫૦** | **૧૧,૭૨,૫૨,૫૦૦** |

**(૨) હળપતિ આવાસ યોજના**

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧-૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨-૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩,૮૭,૪૩,૦૦૦ | ૩,૦૨,૪૦,૦૦૦ | ૫,૮૩,૨૦,૦૦૦ | ૧,૩૫,૯૦,૦૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૩,૦૨,૮૦,૦૦૦ | ૨,૩૮,૫૦,૦૦૦ | ૨,૨૪,૧૦,૦૦૦ | ૩,૦૫,૯૦,૦૦૦ |
| ૩ | ભરૂચ | ૨,૯૬,૬૦,૦૦૦ | ૩,૧૦,૯૦,૦૦૦ | ૪,૩૪,૩૦,૦૦૦ | ૨,૦૫,૨૦,૦૦૦ |
| ૪ | તાપી | ૨,૧૧,૦૦,૦૦૦ | ૧,૮૯,૮૦,૦૦૦ | ૩,૬૧,૨૦,૦૦૦ | ૧,૩૪,૪૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | સુરત | ૧૧,૪૩,૦૦,૦૦૦ | ૧૦,૦૭,૩૦,૦૦૦ | ૧૯,૩૩,૦૯,૦૦૦ | ૫,૭૭,૮૦,૦૦૦ |
| ૬ | નવસારી | ૬,૦૯,૨૧,૦૦૦ | ૫,૬૨,૨૦,૦૦૦ | ૯,૨૦,૦૦,૦૦૦ | ૪,૩૦,૬૦,૦૦૦ |
| ૭ | વલસાડ | ૪,૯૪,૧૦,૦૦૦ | ૪,૭૪,૫૦,૦૦૦ | ૮,૩૬,૩૦,૦૦૦ | ૩,૪૩,૯૦,૦૦૦ |
| | **કુલ** | **૩૪,૪૪,૧૪,૦૦૦** | **૩૦,૮૫,૬૦,૦૦૦** | **૫૨,૯૨,૧૯,૦૦૦** | **૨૧,૩૩,૭૦,૦૦૦** |

## (૩) આદિમજૂથ આવાસ યોજના

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦–૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧–૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨–૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩–૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૧,૪૪,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૦ | ૭,૨૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | ૦ |
| ૩ | ભરૂચ | ૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧૦,૮૦,૦૦૦ | ૦ |
| ૪ | નર્મદા | ૧૨,૦૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | ૩૧,૨૦,૦૦૦ | ૬૬,૦૦,૦૦૦ |
| ૫ | સુરત | ૩૭,૨૦,૦૦૦ | ૧,૨૯,૬૦,૦૦૦ | ૧,૩૨,૦૦,૦૦૦ | ૦ |
| ૬ | તાપી | ૯૦,૦૦,૦૦૦ | ૩,૩૦,૦૦,૦૦૦ | ૨,૯૧,૬૦,૦૦૦ | ૭,૮૦,૦૦,૦૦૦ |
| ૭ | નવસારી | ૬૦,૦૦,૦૦૦ | ૨,૪૧,૨૦,૦૦૦ | ૨,૨૮,૦૦,૦૦૦ | ૯૦,૦૦,૦૦૦ |
| ૮ | વલસાડ | ૩૩,૬૦,૦૦૦ | ૨,૪૬,૦૦,૦૦૦ | ૨,૧૦,૦૦,૦૦૦ | ૩,૨૨,૮૦,૦૦૦ |
| ૯ | ડાંગ | ૦ | ૨૭,૬૦,૦૦૦ | ૪૨,૦૦,૦૦૦ | ૧,૪૪,૦૦,૦૦૦ |
| ૧૦ | તાલાલા | ૪૦,૮૦,૦૦૦ | ૯૩,૬૦,૦૦૦ | ૧,૦૮,૦૦,૦૦૦ | ૦ |
| ૧૧ | અમદાવાદ | ૭૨,૦૦,૦૦૦ | ૧,૬૨,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦,૦૦૦ | ૦ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૩૦,૦૦,૦૦૦ | ૭૩,૨૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | ૦ |
| | **કુલ** | **૩,૭૫,૬૦,૦૦૦** | **૧૩,૩૬,૮૦,૦૦૦** | **૧૨,૫૭,૬૦,૦૦૦** | **૧૫,૪૬,૮૦,૦૦૦** |

————————

**આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના**

અતારાંકિતઃ ૧૫૬૩ (૦૬–૧૨–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ કેવા પ્રકારના લાભ અપાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૩૧–૦૧–૨૦૨૪)

(૧) હા જી.

(૨) ઉક્ત યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે આવાસ, હળપતિ આવાસ તથા આદિમજૂથ આવાસ યોજનાઓમાં આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.

(૩) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

**(૧) વ્યક્તિગત ધોરણે આવાસ યોજના**

| અ.નં. | જિલ્લાઓનું નામ | વર્ષ ૨૦૨૦–૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧–૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨–૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩–૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૪૩,૦૫,૦૦૦ | ૭૩,૯૧,૫૦૦ | ૮૨,૪૨,૦૦૦ | ૩૪,૮૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૧,૮૫,૯૬,૦૦૦ | ૨,૦૭,૭૪,૦૦૦ | ૩,૨૮,૪૬,૦૦૦ | ૧૧,૧૦,૦૦૦ |
| ૩ | અરવલ્લી | ૧,૦૪,૧૫,૦૦૦ | ૧,૨૫,૮૨,૦૦૦ | ૧,૭૯,૫૮,૫૦૦ | ૪૮,૬૮,૦૦૦ |
| ૪ | પંચમહાલ | ૩૪,૫૯,૦૦૦ | ૮૦,૨૫,૦૦૦ | ૧,૫૦,૪૦,૦૦૦ | ૪૯,૯૬,૦૦૦ |
| ૫ | મહિસાગર | ૧,૧૬,૩૦,૦૦૦ | ૧,૯૬,૩૦,૦૦૦ | ૨,૯૪,૫૦,૦૦૦ | ૧,૦૭,૪૦,૦૦૦ |
| ૬ | દાહોદ | ૧,૨૦,૭૧,૦૦૦ | ૪,૨૦,૦૦,૦૦૦ | ૫,૮૭,૧૩,૭૫૦ | ૮૩,૭૦,૦૦૦ |
| ૭ | વડોદરા | ૫૨,૦૪,૦૦૦ | ૪૬,૮૮,૦૦૦ | ૩૯,૦૦,૦૦૦ | ૨૩,૮૬,૫૦૦ |
| ૮ | છોટાઉદેપુર | ૮૦,૧૩,૦૦૦ | ૧,૭૧,૦૦,૦૦૦ | ૧,૯૫,૪૫,૫૦૦ | ૯૪,૫૦,૫૦૦ |
| ૯ | નર્મદા | ૫૩,૧૦,૦૦૦ | ૨,૯૯,૮૦,૦૦૦ | ૪,૪૧,૦૦,૦૦૦ | ૧,૨૦,૭૦,૦૦૦ |
| ૧૦ | ભરૂચ | ૨,૧૦,૦૦૦ | ૧૪,૪૨,૦૦૦ | ૯૧,૨૫,૦૦૦ | ૮,૯૦,૦૦૦ |
| ૧૧ | તાપી | ૦ | ૮૩,૭૦,૦૦૦ | ૧,૯૫,૪૦,૦૦૦ | ૬૪,૩૦,૦૦૦ |
| ૧૨ | સુરત | ૧,૧૯,૨૫,૦૦૦ | ૨,૩૮,૫૦,૦૦૦ | ૨,૭૦,૫૦,૦૦૦ | ૯૫,૮૧,૫૦૦ |
| ૧૩ | નવસારી | ૪૪,૪૬,૦૦૦ | ૯૬,૧૨,૦૦૦ | ૨,૫૫,૩૨,૦૦૦ | ૧,૫૦,૭૦,૦૦૦ |
| ૧૪ | વલસાડ | ૪૭,૩૨,૦૦૦ | ૨,૬૫,૦૦,૦૦૦ | ૩,૮૪,૪૪,૦૦૦ | ૧,૬૯,૭૦,૦૦૦ |
| ૧૫ | ડાંગ | ૩૮,૯૪,૦૦૦ | ૧,૫૫,૦૦,૦૦૦ | ૨,૪૬,૪૦,૦૦૦ | ૧,૦૭,૪૦,૦૦૦ |
| ૧૬ | અમદાવાદ | ૦ | ૩,૬૦,૦૦૦ | ૧૧,૩૯,૦૦૦ | ૦ |
| ૧૭ | રાજકોટ | ૦ | ૬૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| | **કુલ** | **૧૦,૪૨,૧૦,૦૦૦** | **૨૪,૭૮,૬૪,૫૦૦** | **૩૭,૫૬,૪૫,૭૫૦** | **૧૧,૭૨,૫૨,૫૦૦** |

**(૨) હળપતિ આવાસ યોજના**

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧-૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨-૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ। |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩,૮૭,૪૩,૦૦૦ | ૩,૦૨,૪૦,૦૦૦ | ૫,૮૩,૨૦,૦૦૦ | ૧,૩૫,૯૦,૦૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૩,૦૨,૮૦,૦૦૦ | ૨,૩૮,૫૦,૦૦૦ | ૨,૨૪,૧૦,૦૦૦ | ૩,૦૫,૯૦,૦૦૦ |
| ૩ | ભરૂચ | ૨,૯૬,૬૦,૦૦૦ | ૩,૧૦,૯૦,૦૦૦ | ૪,૩૪,૩૦,૦૦૦ | ૨,૦૫,૨૦,૦૦૦ |
| ૪ | તાપી | ૨,૧૧,૦૦,૦૦૦ | ૧,૮૯,૮૦,૦૦૦ | ૩,૬૧,૨૦,૦૦૦ | ૧,૩૪,૪૦,૦૦૦ |
| ૫ | સુરત | ૧૧,૪૩,૦૦,૦૦૦ | ૧૦,૦૭,૩૦,૦૦૦ | ૧૯,૩૩,૦૯,૦૦૦ | ૫,૭૭,૮૦,૦૦૦ |
| ૬ | નવસારી | ૬,૦૯,૨૧,૦૦૦ | ૫,૬૨,૨૦,૦૦૦ | ૯,૨૦,૦૦,૦૦૦ | ૪,૩૦,૬૦,૦૦૦ |
| ૭ | વલસાડ | ૪,૯૪,૧૦,૦૦૦ | ૪,૭૪,૫૦,૦૦૦ | ૮,૩૬,૩૦,૦૦૦ | ૩,૪૩,૯૦,૦૦૦ |
| | **કુલ** | **૩૪,૪૪,૧૪,૦૦૦** | **૩૦,૮૫,૬૦,૦૦૦** | **૫૨,૯૨,૧૯,૦૦૦** | **૨૧,૩૩,૭૦,૦૦૦** |

**(૩) આદિમજૂથ આવાસ યોજના**

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૧-૨૨ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૨-૨૩ ખર્ચ રૂ. | વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૦/૨૦૨૩ અંતિત) ખર્ચ રૂ |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૧,૪૪,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૦ | ૭,૨૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | ૦ |
| ૩ | ભરૂચ | ૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧૦,૮૦,૦૦૦ | ૦ |
| ૪ | નર્મદા | ૧૨,૦૦,૦૦૦ | ૧૪,૪૦,૦૦૦ | ૩૧,૨૦,૦૦૦ | ૬૬,૦૦,૦૦૦ |
| ૫ | સુરત | ૩૭,૨૦,૦૦૦ | ૧,૨૯,૬૦,૦૦૦ | ૧,૩૨,૦૦,૦૦૦ | ૦ |
| ૬ | તાપી | ૯૦,૦૦,૦૦૦ | ૩,૩૦,૦૦,૦૦૦ | ૨,૯૧,૬૦,૦૦૦ | ૭,૮૦,૦૦,૦૦૦ |
| ૭ | નવસારી | ૬૦,૦૦,૦૦૦ | ૨,૪૧,૨૦,૦૦૦ | ૨,૨૮,૦૦,૦૦૦ | ૯૦,૦૦,૦૦૦ |
| ૮ | વલસાડ | ૩૩,૬૦,૦૦૦ | ૨,૪૬,૦૦,૦૦૦ | ૨,૧૦,૦૦,૦૦૦ | ૩,૨૨,૮૦,૦૦૦ |
| ૯ | ડાંગ | ૦ | ૨૭,૬૦,૦૦૦ | ૪૨,૦૦,૦૦૦ | ૧,૪૪,૦૦,૦૦૦ |
| ૧૦ | તાલાલા | ૪૦,૮૦,૦૦૦ | ૯૩,૬૦,૦૦૦ | ૧,૦૮,૦૦,૦૦૦ | ૦ |
| ૧૧ | અમદાવાદ | ૭૨,૦૦,૦૦૦ | ૧,૬૨,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦,૦૦૦ | ૦ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૩૦,૦૦,૦૦૦ | ૭૩,૨૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | ૦ |
| | **કુલ** | **૩,૭૫,૬૦,૦૦૦** | **૧૩,૩૬,૮૦,૦૦૦** | **૧૨,૫૭,૬૦,૦૦૦** | **૧૫,૪૬,૮૦,૦૦૦** |

**અતારાંકીત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪૧૯ | ૦૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૪૫,૧૩૫૮ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૪, ૩૭૩, ૩૮૭, ૪૦૧, ૭૯૪, ૧૦૭૦ | ૦૬ |
| ૪ | નાણા વિભાગ | ૪૭૭ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૧૬૫, ,૧૧૭૯, ૧૧૯૨, ૧૬૩૩, ૧૬૩૪, ૧૬૩૫, ૧૬૩૮ | ૦૭ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૩૩૦, ૧૫૩૪, ૧૫૪૩, ૧૫૪૪, ૧૫૬૪, ૧૬૦૭ | ૦૬ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૦૧, ૩૦૬, ૩૨૭, ૯૫૩, ૧૧૦૧, ૧૨૭૬, ૧૪૪૮, ૧૬૮૯ | ૦૮ |
| ૮ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૧૬૧૩ | ૦૧ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૭૮૪ | ૦૧ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૯૩૯, ૯૫૧, ૯૫૭, ૯૭૦, ૯૭૪, ૯૮૨, ૯૮૭, ૧૧૪૮ | ૦૮ |
| ૧૧ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૩૨૯, ૧૫૯૭, ૧૬૦૦ | ૦૩ |
| ૧૨ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૩૩૬, ૧૩૪૦ | ૦૨ |
| ૧૩ | આદિજાતિ વિકાસ વિભાગ | ૭, ૨૩, ૧૫૩૧, ૧૫૬૩ | ૦૪ |
| | **કુલ** | | **૫૦** |

## અગિયારમી અતારાંકિત યાદી

### સરકારી નોકરી મેળવનારની શૈક્ષણિક ડિગ્રી તપાસવા માટેની વ્યવસ્થા

અતારાંકિતઃ ૧૬૮૦ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી અમીત ચાવડા**(આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦/૧૦/૨૦૨૩ની સ્થિતિએ સરકારી નોકરી મેળવનાર કર્મચારીની શૈક્ષણિક ડિગ્રી તપાસવા તેને યુનિવર્સિટી / શૈક્ષણિક સંસ્થાને મોકલવા શી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, અને

(૨) તેના અમલની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૦૫-૦૫-૨૦૨૪)

(૧) સા.વ.વિ.ના તા.૨૩/૦૭/૧૯૯૦ના પરિપત્રની જોગવાઈ અનુસાર સંબંધિત જગ્યાના ભરતી નિયમોની જોગવાઈના આધારે નિયત થયેલ સંબંધિત બોર્ડ /સંસ્થા જેમકે, S.S.C. બોર્ડ, HSC બોર્ડ કે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ''શૈક્ષણિક ડિગ્રી'' ની ખરાઈની સત્તા નિમણૂકી સત્તાને છે. સામાન્ય રીતે કોઈ કિસ્સામાં ડિગ્રી અંગેના પ્રમાણપત્રમાં જો કોઈ પ્રશ્ન / સંદિગ્ધતા જણાય તેવા સંજોગોમાં સંબંધિત નિમણૂકી સત્તા સંબંધિત ડિગ્રી આપનાર સંસ્થા /બોર્ડનો યોગ્ય પ્રકારે પરામર્સ કરી શકે છે. આ અંગે કોઈ સૂચના પ્રસિદ્ધ કરાયેલ નથી.

(૨) સા.વ.વિ.ના તા.૨૩/૦૭/૧૯૯૦ના પરિપત્રથી જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત, ઉંમર ઈત્યાદીની ચોકસાઈ અને ખાતરી કરી લેવા અંગેની પ્રાથમિક જવાબદારી નિમણૂકી સત્તાની છે.

**રાજ્યમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજના**

અતારાંકિતઃ ૭૮૦ (૧૫-૦૭-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજના (PKVY) હેઠળ કેટલા હેક્ટરમાં ઓર્ગેનિક કૃષિ / ખેતી કરતા લાભાર્થી ખેડૂતોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત યોજના હેઠળ ઓર્ગેનિક ખેતીના ક્ષેત્રફળ અને ખેડૂતોમાં કેટલો વધારો-ઘટાડો થયો, અને

(૩) ઉક્ત યોજના હેઠળ ખેડૂતોને કયા પ્રકારના લાભો આપવામાં આવે છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૩-૦૨-૨૦૨૪)

(૧) વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ખેડૂતોની સંખ્યા** | **વિસ્તાર (હે.)** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૯૭૨ | ૧૬૧૨.૬૭ |
| ૨૦૨૧-૨૨ | ૨૦૯૯ | ૧૭૧૨.૬૭ |
| ૨૦૨૨-૨૩ (તા. ૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ) | ૨૦૯૯ | ૧૭૧૨.૬૭ |
| | નોંધઃ આ યોજના અંતર્ગત પસંદ કરેલ ખેડૂતોને ત્રણ વર્ષ લાભ આપવાની જોગવાઈ છે. | |

(૨) PKVY યોજના અંતર્ગત ક્લસ્ટર બેઝ કામગીરી થાય છે. જેમાં ખેડૂતોને ત્રણ વર્ષ માટે નિયત થયેલ ઘટકોમાં વર્ષ વાઈઝ સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ ની સરખામણીએ વર્ષ ૨૦૨૧-૨૨ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં ખેડૂતોની સંખ્યામાં ૧૨૭ તથા વિસ્તારમાં ૧૦૦ હેક્ટરનો વધારો થયેલ છે.

(૩) યોજના હેઠળ ખેડૂતોને નીચે મુજબના ઘટકોમાં માંગણી આધારિત લાભ આપવામાં આવે છે.

(૧) કેપેસિટી બિલ્ડિંગ ઘટકો જેવા કે ક્લસ્ટર ફોર્મેશન, તાલીમ એક્સપોજર વિઝિટ વગેરે

(૨) માનવ બળ અને વ્યવસ્થાપન ખર્ચ

(૩) સર્ટિફિકેશન માટે રિજિયોનલ કાઉન્સિલને સર્વિસ ચાર્જ

(૪) પાક અવશેષોના પૃથક્કરણ

(૫) ઓર્ગેનિક ઈનપુટ સહાય જેવા કે કંપોસ્ટિંગ, લીલો પડવાસ, ઓર્ગેનિક બીજ, વર્મીકંપોસ્ટ તથા ઓર્ગેનિક મેન્યુર, બાયોફર્ટિલાઈઝર, બાયોપેસ્ટિકસાઈડ, વેસ્ટ ડિકમ્પોઝર, પ્લાન્ટ પ્રોટેક્શન/એજન્ટસ વગેરે

(૬) માર્કેટિંગ ફેસેલિટી ઘટકો જેવા કે માર્કેટિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ, જગ્યાભાડું, પરિવહન, વેલ્યુ એડિશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સહાય

(૭) IEC ઘટકો જેવા કે બ્રાન્ડ નિર્માણ, વેપાર મેળાઓ, સ્થાનિક પ્રચાર, સ્થાનિક માર્કેટિંગ અને રાષ્ટ્રીય મેળાઓમાં ભાગીદારી.

--------

**બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન–ઓઇલસીડ યોજના**

અતારાંકિતઃ ૧૧૩૧ (૨૩–૦૮–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર**(જામજોધપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર વર્ષવાર જંતુનાશક દવાઓના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) ઉક્ત વર્ષવાર તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ બિનપ્રમાણિત થયા, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર ક્યા ઉત્પાદક સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૩–૦૨–૨૦૨૪)

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર વર્ષવાર જંતુનાશક દવાઓના સામેલ *પત્રક–૧ મુજબનાં નમૂનાઓ લેવામાં આવ્યા.

(૨) ઉક્ત વર્ષવાર તે પૈકી નીચે મુજબનાં નમૂનાઓ પ્રમાણિત તથા બિનપ્રમાણિત થયા.

| અ.નં. | વર્ષ | પ્રમાણિત નમૂનાની સંખ્યા | બિનપ્રમાણિત નમૂનાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૪૧૫૦ | ૧૩૫ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૪૨૧૦ | ૧૬૫ |
| ૩ | ૨૦૨૩–૨૪ (તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ) | ૪૮૦૧ | ૧૪૭ |

(૩) તે અન્વયે વર્ષવાર દાખલ કરેલ કોર્ટકેસ અંતર્ગત આખરી નિર્ણય થયેલ છે તેમજ ફોજદારી કેસ દાખલ કરેલ છે. તેવા ઉત્પાદકની વિગત સામેલ *પત્રક–૨ મુજબ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**૧૯૬૨ – કરુણા એમ્બ્યુલન્સની કામગીરી**

અતારાંકિતઃ ૧૨૦૬ (૧૭–૧૦–૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ ત્રણ વર્ષમાં વર્ષવાર ૧૯૬૨ – કરુણા એમ્બ્યુલન્સની નબળી કામગીરી સંબંધમાં જિલ્લાવાર કેટલી ફરિયોદો મળી,

(૨) ઉક્ત મળેલ ફરિયાદોનું સ્વરૂપ કેવું હતું અને ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) મળેલ ફરિયાદો સંબંધમાં જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લેવાયા ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૮–૦૨–૨૦૨૪)

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) મળેલ ફરિયાદો પૈકી, ૦૭ ફરિયાદો એમ્બ્યુલન્સની સંખ્યા વધારવા અને ૨૪ કલાક ચાલુ રાખવા બાબત, ૧૩ ફરિયાદો એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચવા બાબત તેમજ ૦૧ ફરિયાદ જરૂરિયાત મુજબની દવાનો સ્ટોક ન હોવા બાબત મળેલ હતી. ઉક્ત તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત મળેલ ફરિયાદો વ્યક્તિલક્ષી ન હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નોની યાદી

**પત્રક**

| જિલ્લો | સમયગાળો | | |
|---|---|---|---|
| | **તા.૦૧-૧૦-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૧** | **તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨** | **તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩** |
| અમદાવાદ | ૧ | ૧ | ૦ |
| ગાંધીનગર | ૧ | ૦ | ૦ |
| જામનગર | ૦ | ૦ | ૧ |
| જૂનાગઢ | ૩ | ૨ | ૦ |
| કચ્છ (ભૂજ) | ૧ | ૧ | ૦ |
| મહેસાણા | ૧ | ૦ | ૦ |
| સુરત | ૧ | ૧ | ૦ |
| વડોદરા | ૦ | ૨ | ૦ |
| વલસાડ | ૩ | ૦ | ૧ |
| **કુલ** | **૧૧** | **૭** | **૨** |

--------

**રાજ્યમાંથી ગીર ગાય, વાછરડી તથા વાછરડાંની અન્ય રાજ્યમાં સ્થળાંતર**

અતારાંકિતઃ ૧૪૯૭ (૦૬-૧૨-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં કેટલી ગીર ગાય, વાછરડી તથા વાછરડાંની ખાસ કિસ્સામાં સ્થળાંતર કરવામાં આવ્યું,

(૨) ગીર ગાયોને સ્થળાંતર કરવા માટે માંગણીકર્તા તથા આયાતકર્તા કોણ કોણ હતા, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ગીર ગાયની વસ્તી ટકાવી રાખવા ખાસ કિસ્સામાં ગીર ગાયના સ્થળાંતર પર નિયંત્રણ રાખવા શાં આદેશો આપવામાં આવ્યા ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૨-૦૨-૨૦૨૪)

(૧) ગીર ગાય - ૩૮૪

વાછરડી/વાછરડાં - ૪૬૦

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) નીચે મુજબના પત્ર, પરિપત્રો અને જાહેરનામાથી નિયંત્રણના આદેશો આપવામાં આવેલ છે.

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૨૨-૧૦-૨૦૧૩નો પત્ર

૨. પશુપાલન નિયામકની કચેરીનો તા.૩૦-૧૦-૨૦૧૩નો પરિપત્ર

૩. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૫-૯-૨૦૧૭નું જાહેરનામું

૪. પશુપાલન નિયાકમની કચેરીનો તા.૨૦-૦૬-૨૦૧૮ પરિપત્ર.

**પત્રક**

| ક્રમ | નિકાસ કર્તા | આયાત કર્તા |
|---|---|---|
| ૧ | શ્રી ક્રિષ્ના ગૌસેવા મંડળ, કેશોદ, જૂનાગઢ | શ્રી રમેશભાઈ ધડૂક, સાંસદ(પોરબંદર) નવી દિલ્હી ફાર્મ હાઉસ, દિલ્હી |
| ૨ | શ્રી ગોહિલ હરપાલસિંહ છત્રસિંહ શ્રી દૂ.ઉ.સ.મં.લી., નવા જાળીયા, તા-શિહોર, જિ-ભાવનગર | શ્રી મોતિ નેવાર, ડાયરેક્ટર ભરલીપરીયા કન્યકા બહુમુખિપમ, મોરાનાકુરી જિ.સોનિતપુર, આસામ |

| ક્રમ | નિકાસ કર્તા | આયાત કર્તા |
|---|---|---|
| ૩ | શ્રી ગોહિલ હરપાલસિંહ છત્રસિંહ શ્રી દૂ.ઉ.સ.મં.લી., નવા જાળીયા, તા–શિહોર, જિ–ભાવનગર | શ્રી મોતિ નેવાર, ડાયરેક્ટર ભરલીપરીયા કન્યકા બહુમુખિપમ, મોરાનાકુરી જિ.સોનિતપુર, આસામ |
| ૪ | નેત્ર ચિકિત્સા આયુર્વેદ ફાર્મસી, અમરેલી | GYR હેરિટેજ પ્રા.લી., મુ–કોન્ડાપુર, જિ.મેડક, તેલંગણા |
| ૫ | શ્રી ગોહિલ હરપાલસિંહ છત્રસિંહ શ્રી દૂ.ઉ.સ.મં.લી., નવા જાળીયા, તા–શિહોર, જિ–ભાવનગર | ડાયરેક્ટર ઓફ એગ્રીકલ્ચર, ગવર્નમેન્ટ ઓફ આસામ, ગુરૂખુંટી લેન્ડ ડેવલેપમેન્ટ પ્રોજેક્ટ, સિપજહાર, જિ.ડરંગ, આસામ. |
| ૬ | સાબરમતી આશ્રમ, ધરમપુર, ખેડા | FSBS–બારાપેટા, આસામ લાઇવસ્ટોક ડેવલેપમેન્ટ એજન્સી, ખાનાપરા, ગુવાહાટી, આસામ. |
| ૭ | રાહુરી સિમેન સ્ટેશન, યુનીટ ઓફ એન.ડી.ડી.બી. ડેરી સર્વિસ, અહમદનગર, મહારાષ્ટ્ર | ગુરૂખુંટી લેન્ડ ડેવલેપમેન્ટ પ્રોજેક્ટ, સિપજહાર, જિ.ડરંગ, આસામ. |
| ૮ | શ્રી ચિત્રકુટ ધામ ટ્રસ્ટ, તલગાજરડા, તા. મહુવા, જિ.ભાવનગર | આદેશ ગૌસંરક્ષણ સંસ્થાન, રબચા, નાથદ્વારા, રાજસમંદ રાજસ્થાન |
| ૯ | શ્રી ભારતીય સંસ્કૃતિ સંવર્ધક ટ્રસ્ટ, પોરબંદર | શ્રી કલ્યાણ સેવા આશ્રમ ટ્રસ્ટ, અમરકંટક, જિ.અનુપૂર, મધ્યપ્રદેશ |
| ૧૦ | શ્રી નિત્યાનંદ સ્વામી એજ્યુકેશન ટ્રસ્ટ નાર, તા. પેટલાદ જિ આણંદ | અમૃતસર પાંજરાપોળ ગૌશાળા, અમૃતસર, પંજાબ |
| ૧૧ | શ્રી ચિત્રકુટ ધામ ટ્રસ્ટ, તલગાજરડા, તા. મહુવા, જિ.ભાવનગર | આદેશ ગૌસંરક્ષણ સંસ્થાન, રબચા, નાથદ્વારા, રાજસમંદ રાજસ્થાન |
| ૧૨ | શ્રી રાજેશભાઈ ઉકાભાઈ મહેતા મુ. કોઠારીયા તા.જિ.રાજકોટ | શ્રી અકીલ મંઝીર બાંકીપુર પટના બિહાર c/o નિરકેર એગ્રો પ્રા.લી. નોયડા, ઉત્તર પ્રદેશ |
| ૧૩ | ડેપ્યુટી રજિસ્ટ્રાર, સેન્ટ્રલ હર્ડ રજિસ્ટ્રેશન સ્કીમ, અમદાવાદ | સેન્ટ્રલ કેટલ બ્રીડિંગ ફાર્મ, ચિપલીમા, જિ.સાંબલપુર, ઓડિસા |
| ૧૪ | શ્રી અતુલ બાબુભાઈ સોરઠીયા દેવળકી તા. કુકાંવાવ જિ. અમરેલી | શ્રી કૃષ્ણમાં જાલપા ભવાની ગૌશાળા સમિતિ, નોઇડા ઉત્તર પ્રદેશ |
| ૧૫ | શ્રી રાજેશભાઈ ઉકાભાઈ મહેતા મુ. કોઠારીયા તા.જિ.રાજકોટ | શ્રી નિરજ શ્રીવાસ્તવ, નિરકેર એગ્રો પ્રા. લી., નોઇડા ઉત્તર પ્રદેશ |

--------

**રાજ્યમાં આવેલ ઈન્ફરમરીમાં પશુઓ સાચવવાની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૫૭૦ (૦૭–૧૨–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આવેલી કઇ કઇ ઇન્ફરમરીમાં પોલીસ દ્વારા સોંપવામાં આવતા ભૂંડ તથા ઘેટાં બકરાંને સાચવવાની વ્યવસ્થા કરવામાં આવી નથી,

(૨) તેના શાં કારણો છે, અને

(૩) આવી વ્યવસ્થા ક્યાં સુધી કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૨–૦૨–૨૦૨૪)

(૧) સુરત જિલ્લાની ઈન્ફરમરી.

(૨) રોગચાળો ના ફેલાય તે હેતુસર સુરત ઇન્ફરમરી ભૂંડ સાચવાની સુવિધા ઊભી કરવા તૈયાર નથી.

(૩) સોસાયટી ફોર પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ, સુરત ખાતે એનીમલ શેલ્ટર માટે જમીન ઉપલબ્ધ થયેથી આ વ્યવસ્થા ઊભી કરવામાં આવનાર છે.

--------

**એનીમલ વેલફેર બોર્ડ દ્વારા ગ્લુટ્રેપ પર પ્રતિબંધ મુકવા બાબત**

અતારાંકિતઃ ૧૫૭૩ (૦૭–૧૨–૨૦૨૩) **શ્રી દિનેશભાઇ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી તા.૧૬/૧૧/૨૦૨૦ ના રોજ ગ્લુ ટ્રેપ પર પ્રતિબંધ મુકવા એક એડવાઇઝરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ પ્રસ્તુત એડવાઇઝરીના અનુસંધાને સરકાર કક્ષાએ શા પગલાં લેવાયા છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૨-૦૨-૨૦૨૪)

(૧) હા.

(૨) તા. ૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી તા. ૧૬/૧૧/૨૦૨૦ ના પત્રના અનુસંધાને રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ક્ષેત્રીય કક્ષાએ સદર બાબતની કામગીરી માટે નીચે જણાવેલ પગલાં લીધેલ છે.

1. તા. ૨૯/૧૨/૨૦૨૦ ના રોજ તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી તથા તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને સદર બાબતે
તા. ૧૬/૧૧/૨૦૨૦ના પત્ર અન્વયે કામગીરી કરવા જણાવેલ છે.
2. તા. ૨૩/૦૩/૨૦૨૨ ના રોજ તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી તથા તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને સદર બાબતે
તા. ૧૬/૧૧/૨૦૨૦ના પત્ર અન્વયે કામગીરી કરવા પુન: જણાવેલ છે.
3. તા. ૦૫/૦૯/૨૦૨૩ના રોજ ગ્લુ ટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ લાદવા અંગે ક્ષેત્રીય કક્ષાએ અમલીકરણ અર્થે પરિપત્ર કરેલ છે.
4. તદુપરાંત, ગ્લુ ટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ લાદવા અંગેનું નોટીફિકેશન પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

**રાજ્યમાં વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૪૨ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ માટેના શિક્ષકો (વ્યાયામ શિક્ષક) ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૭-૦૨-૨૦૨૪)

(૧)

| પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક |
|---|---|
| શૂન્ય | પત્રક-અ મુજબ |

(૨)

| પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક |
|---|---|
| પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | જેમ બને તેમ ઝડપથી |

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગ | ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | સરકારી માધ્યમિક વિભાગ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૭ | ૨૯ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૧૫ | ૭ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૬ | ૩ | ૦ | ૦ |
| ૬ | ભરૂચ | ૩ | ૧ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૫ | ૦ | ૨ | ૧ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લો | ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગ | ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | સરકારી માધ્યમિક વિભાગ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|---|
| ૯ | છોટાઉદેપુર | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૧૪ | ૨ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૭ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨ | ૩ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૮ | ૧ | ૦ | ૦ |
| ૧૭ | ખેડા | ૨૧ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | કચ્છ | ૫ | ૦ | ૨ | ૧ |
| ૧૯ | મહિસાગર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૧૬ | ૬ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૪ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૮ | ૧ | ૧ | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૩ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૧ | ૦ | ૦ |

--------

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

અતારાંકિતઃ ૯૭૫ (૧૮-૦૮-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૭૪૧૭ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપી બનાવવાના હતા તો તા.૩૧-૦૩-૨૩ની સ્થિતિએ ઉક્ત બાકી પૈકીના કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૩-૦૨-૨૦૨૪)

(૧)

| વર્ષ | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૬૯ |
| ૨૦૨૦-૨૧ | ૪૯૬૬ |
| ૨૦૨૧-૨૨ | ૪૯૭૬ |

(૨) ૯૧૫૩ ઓરડાઓની ઘટ છે.

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

--------

**ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજ એન્ડ ઈન્સ્ટીટ્યુટ એક્ટ અન્વયે દંડ**

અતારાંકિતઃ ૧૨૬૫ (૧૦-૧૧-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસાણા જિલ્લાની કોલેજોને ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજ એન્ડ ઈન્સ્ટીટ્યુટ્સ એક્ટ અન્વયે ફી નિયમન સમિતિએ તા.૨૯-૦૭-૨૦૧૯ના હુકમથી કોલેજોને રૂ.૧૩,૩૦,૦૦૦ દંડ કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કોલેજના સંચાલકો પાસેથી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત રકમ પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત સંચાલકો બાકી રકમ જમા ન કરાવતા હોઈ કોલેજના સંચાલકો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪-૦૨-૨૦૨૪)

(૧) હા.

(૨) ઈન્દ્રશીલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંચાલકો પાસેથી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત રકમ પૈકી શૂન્ય રકમ વસૂલવામાં આવી અને રૂ.૧૩,૩૦,૦૦૦/- વસૂલવાના બાકી છે.

(૩) સદર સંસ્થાએ ફી નિયમન સમિતિના તા.૨૯-૦૭-૨૦૧૯ના હુકમ વિરુદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં SPECIAL CIVIL APPLICATION NO. 17983 OF 2019 દાખલ કરેલ છે. જે હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડતર છે. આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે મનાઈ હુકમ આપેલ છે. આ કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચૂકાદો આવ્યેથી ચુકાદાને અનુરૂપ કાર્યવાહી કરવામાં આવશે.

--------

**ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજ એન્ડ ઈન્સ્ટીટ્યુટ એક્ટ અન્વયે દંડ**

અતારાંકિતઃ ૧૩૦૫ (૧૦-૧૧-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાની બે કોલેજોને ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજ એન્ડ ઈન્સ્ટીટ્યુટ્સ એક્ટ અન્વયે ફી નિયમન સમિતિએ તા.૨૯-૦૭-૨૦૧૯ના હુકમથી કોલેજોને રૂ.૨૦,૦૬,૦૦૦ દંડ કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કોલેજના સંચાલકો પાસેથી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત રકમ પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત સંચાલકો બાકી રકમ જમા ન કરાવતા હોઈ કોલેજના સંચાલકો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં ?

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪-૦૨-૨૦૨૪)

(૧) હા.

(૨) R.N.G. Patel Institute of Technology (B.E./B.Tech) સંસ્થાને રૂ.૮,૫૪,૦૦૦/- નો દંડ અને N. G. Patel Polytechnic (Diploma Engg.) સંસ્થાને રૂ. ૧૧,૫૨,૦૦૦/- નો દંડ એમ મળીને રૂ.૨૦,૦૬,૦૦૦/- નો કરવામાં આવેલ હતો. જે પરત્વે બંને કોલેજના સંચાલકો પાસેથી તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત રકમ પૈકી શૂન્ય રકમ વસૂલવામાં આવી અને રૂ.૨૦,૦૬,૦૦૦/- વસૂલવાની બાકી છે.

(૩) સદર સંસ્થાઓએ ફી નિયમન સમિતિના તા.૨૯-૦૭-૨૦૧૯ના હુકમ વિરુદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં SPECIAL CIVIL APPLICATION NO. 17982 OF 2019 દાખલ કરેલ છે. જે હાલમાં નામદાર ગુજરાત

હાઈકોર્ટમાં પડતર છે. આ બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટે આ કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચુકાદો આવ્યેથી ચુકાદાને અનુરૂપ કાર્યવાહી કરવામાં આવશે.

--------

**રાજ્યમાં ગુણોત્સવ–૨ અંતર્ગત સરકારી પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

અતારાંકિતઃ ૧૬૨૫ (૧૫–૧૨–૨૦૨૩) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષ દરમ્યાન ગુણોત્સવ–૨ અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ મૂલ્યાંકન માટે નિયત થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી શાળાઓમાં મૂલ્યાંકન કામગીરી પૂર્ણ થયેલ છે,

(૩) ઉક્ત મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓમાં જિલ્લાવાર કેટલી શાળાઓ કયા ગ્રેડમાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ નબળા ગ્રેડમાં આવેલ શાળાઓમાં સુધારાત્મક શાં પગલાંઓ લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૩–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષ દરમ્યાન ગુણોત્સવ–૨ અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર મૂલ્યાંકન માટે નિયત થયેલ સરકારી પ્રાથમિક શાળાઓની માહિતીનુ *પત્રક–A આ સાથે સામેલ છે.

(૨) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી શાળાઓમાં મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ છે તેની માહિતીનું *પત્રક–B આ સાથે સામેલ છે.

(૩) પ્રથમ ત્રણ શૈક્ષણિક વર્ષ (૨૦૧૯–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ની મૂલ્યાંકન થયેલ શાળાઓના જિલ્લાવાર ગ્રેડ મુજબના *પત્રક ક્રમશ C, D અને E આ સાથે સામેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન મૂલ્યાંકન થયેલ શાળાઓના પરિણામ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે જે પૂર્ણ થયે શાળાઓના ગ્રેજ નક્કી થઈ શકશે.

(૪) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ સુધારાત્મક પગલાઃ

૧. મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રીપોર્ટકાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો તેમજ સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ટકા તેમજ ગ્રડ પણ દર્શાવવામાં આવે છે.

૨. રાજ્ય કક્ષાએથી રાજ્યના જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી, પ્રાચાર્યશ્રી ડાયટ, બી.આર.સી. કોર્ડીનેટર, સી.આર.સી. કોર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ તેમજ નબળા ગ્રેડ મેળવનાર શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

૩. ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલા માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

૪. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટકાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાકંન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં સસ્તા અનાજના દુકાનધારકોને કમિશન**

અતારાંકિતઃ ૧૩૦૩ (૨૫–૧૦–૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ સસ્તા અનાજના દુકાનધારકો એનએફએસએ કાર્ડની ૩૦૦(ત્રણસો) સુધીની અને ૩૦૦(ત્રણસો)થી વધુ કાર્ડધારકો હોય તેવા દુકાનધારકોને કમિશન પેટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રૂ.૨૦,૦૦૦ (વીસ હજાર) કે તેથી વધુ રકમની ચૂકવણી થઈ હોય તેવા કેટલા દુકાનધારકો છે, અને

(૩) ઉક્ત રકમમાં છેલ્લે ક્યારે કેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી :** (૦૯-૦૨-૨૦૨૪)

(૧) ૩૦૦(ત્રણસો) સુધીના એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધરાવતા રાજ્યના ૩,૩૦૧ વાજબી ભાવની દુકાનના દુકાનધારકોને કમિશમન પેટે રૂ.૩,૦૪,૭૭,૭૬૭.૫૩ તથા ૩૦૦(ત્રણસો)થી વધુ એન.એફ.એસ.એ. કાર્ડ ધરાવતા રાજ્યના ૧૧,૧૪૨ વાજબી ભાવની દુકાનના દુકાનદારોને કમિશમન પેટે રૂ.૨૭,૭૨,૨૫,૪૧૭.૫ રકમ ચૂકવવામાં આવી છે. તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કુલ ૧૪,૪૪૩ વાજબી ભાવની દુકાનના દુકાનદારોને કમિશમન પેટે એક માસ માટે કુલ રૂ. ૩૦,૭૭,૦૩,૧૮૫.૦૩ રકમ ચૂકવવામાં આવી છે.

(૨) છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં રૂ.૨૦,૦૦૦ કે તેથી વધુ રકમની ચૂકવણી થઈ હોય તેવા કુલ દુકાનદારોની સંખ્યા ૧૪,૫૧૫ છે. (જિલ્લાવાર સ્થિતિ અંગેનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.)

(૩) વિભાગના તા.૧૪-૦૨-૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ વભદ/૧૨૨૦૧૮/ઓ/૫૭૮/ક થી વાજબી ભાવની દુકાનના દુકાનદારોને આપવામાં આવતા કમિશનમાં જણસીવાર વધારો કરેલ છે. જે તા.૦૧-૦૧-૨૦૨૨થી અમલમાં છે. જે મુજબ તા.૦૧-૦૧-૨૦૨૨થી નીચે મુજબની રકમનો વધારો કરવામાં આવેલ છે.

- ઘઉં અને ચોખાના કમિશનમાં રૂ.૪૨ પ્રતિ ક્વિન્ટલ
- તુવેરદાળના કમિશનમાં રૂ.૧.૯૨ પ્રતિ કિલો બેગ
- ખાંડના કમિશનમાં રૂ.૯૦ પ્રતિ ક્વિન્ટલ
- મીઠાના કમિશનમાં રૂ.૧૨૫ પ્રતિ ક્વિન્ટલ
- ખાદ્ય તેલના કમિશનમાં રૂ.૨ પ્રતિ લીટર પાઉચ

**પત્રક-ક**

| ક્રમ | જિલ્લો | છેલ્લા એક વર્ષમાં રૂ.૨૦,૦૦૦ કે તેથી વધુ રમકની ચૂકવણી થઈ હોય તેવા કુલ દુકાનધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૦૪ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૪૦૦ |
| ૩ | અમરેલી | ૩૭૧ |
| ૪ | આણંદ | ૬૨૫ |
| ૫ | અરવલ્લી | ૩૫૫ |
| ૬ | બનાસકાંઠા | ૯૭૮ |
| ૭ | ભરૂચ | ૪૫૮ |
| ૮ | ભાવનગર | ૬૧૫ |
| ૯ | બોટાદ | ૧૭૧ |
| ૧૦ | છોટાઉદેપુર | ૩૪૧ |
| ૧૧ | દાહોદ | ૬૧૬ |
| ૧૨ | ડાંગ | ૧૧૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧૭૫ |
| ૧૪ | ગાંધીનગર | ૨૯૬ |
| ૧૫ | ગીર સોમનાથ | ૨૭૭ |
| ૧૬ | જામનગર | ૨૭૯ |
| ૧૭ | જૂનાગઢ | ૩૭૬ |
| ૧૮ | ખેડા | ૬૧૮ |
| ૧૯ | કચ્છ | ૫૨૮ |
| ૨૦ | મહિસાગર | ૩૦૮ |
| ૨૧ | મહેસાણા | ૬૦૪ |
| ૨૨ | મોરબી | ૨૩૦ |

| ક્રમ | જિલ્લો | છેલ્લા એક વર્ષમાં રૂ.૨૦,૦૦૦ કે તેથી વધુ રકમની ચૂકવણી થઈ હોય તેવા કુલ દુકાનધારકોની સંખ્યા |
|---|---|---|
| ૨૩ | નર્મદા | ૨૦૨ |
| ૨૪ | નવસારી | ૩૫૬ |
| ૨૫ | પંચમહાલ | ૪૪૬ |
| ૨૬ | પાટણ | ૪૧૨ |
| ૨૭ | પોરબંદર | ૧૫૮ |
| ૨૮ | રાજકોટ | ૫૨૧ |
| ૨૯ | સાબરકાંઠા | ૪૬૬ |
| ૩૦ | સુરત | ૭૮૧ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૪૭૭ |
| ૩૨ | તાપી | ૨૧૯ |
| ૩૩ | વડોદરા | ૬૩૦ |
| ૩૪ | વલસાડ | ૪૧૨ |
| | **કુલ** | **૧૪,૫૧૫** |

**અકસ્માતગ્રસ્તોને ખાનગી હોસ્પીટલમાં સારવાર**

અતારાંકિતઃ ૫૯૬ (૨૨–૦૬–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર અકસ્માત ગ્રસ્તોને પ્રથમ ૪૮ કલાક દરમ્યાન રૂ.૫૦૦૦૦/– ની મફત સારવાર આપવાની જોગવાઇ મુજબ કેટલા અકસ્માતગ્રસ્તોને ખાનગી હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી,

(૨) ઉક્ત જોગવાઇ અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કઇ ખાનગી હોસ્પીટલોમાં કેટલા અકસ્માત ગ્રસ્તોને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી ખાનગી હોસ્પીટલોને ઉક્ત સારવાર પેટે બિલની ચૂકવણી કરવામાં આવી અને કેટલી ખાનગી હોસ્પીટલોને બિલની ચૂકવણી કરવાની બાકી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૫–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક –૧ સામેલ છે.

(૨) *પત્રક –૨ સામેલ છે.

(૩) *પત્રક –૩ સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**નકલી દૂધ બનાવવા તથા વેચવા બાબત**

અતારાંકિતઃ ૧૦૫૮ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય મંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૯/૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નકલી દૂધ બનાવવા તથા વેચવાના કેટલા કિસ્સા નોંધાયા ,

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલી ફરિયાદો નોંધાયેલ છે, અને

(૩) મળેલ ફરિયાદો અન્વયે શા પગલા ભરવામાં આવ્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૭–૦૨–૨૦૨૪)

(૧) નકલી દૂધ બનાવવા તથા વેચવાના શૂન્ય કિસ્સા નોંધાયેલ છે.

(૨) કુલ ૦૩ ફરિયાદો નોંધાયેલ છે. જેની વિગતવાર માહિતી આ સાથે પત્રક – અ થી સામેલ છે.

(૩) મળેલ ફરિયાદો અન્વયે લેવાયેલ પગલાની વિગત આ સાથે સામેલ પત્રક –અ મુજબ છે.

**પત્રક–અ**

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્ર | વર્તુળ કચેરીનું નામ | તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નકલી દૂધ બનાવવા તથા વેચવાના નોંધાયેલ કિસ્સા | તે અન્વયે જિલ્લાવાર નોંધાયેલ ફરિયાદો | મળેલ ફરિયાદો અન્વયે લેવાયેલ પગલા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ ઝોન-૧ | NIL | NIL | NIL |
| ૨ | અમદાવાદ ઝોન-૨ | NIL | NIL | NIL |
| ૩ | અમરેલી | NIL | NIL | NIL |
| ૪ | આણંદ | NIL | NIL | NIL |
| ૫ | ભરૂચ | NIL | 1 | મળેલ ફરિયાદ અન્વયે દૂધના ૩ (ત્રણ) નમૂનાઓ લેવામાં આવેલ છે. જે પ્રમાણસર જાહેર થયેલ છે. |
| ૬ | ભાવનગર | NIL | NIL | NIL |
| ૭ | ભુજ | NIL | NIL | NIL |
| ૮ | દાહોદ | NIL | NIL | NIL |
| ૯ | અમદાવાદ ગ્રામ્ય વર્તુળ કચેરી, ગાંધીનગર | NIL | NIL | NIL |
| ૧૦ | ગોધરા | NIL | NIL | NIL |
| ૧૧ | ગીર સોમનાથ | NIL | NIL | NIL |
| ૧૨ | હિંમતનગર | NIL | NIL | NIL |
| ૧૩ | જામનગર | NIL | NIL | NIL |
| ૧૪ | જૂનાગઢ | NIL | NIL | NIL |
| ૧૫ | મહેસાણા | NIL | NIL | NIL |
| ૧૬ | નડિયાદ | NIL | NIL | NIL |
| ૧૭ | નવસારી | NIL | NIL | NIL |
| ૧૮ | પાલનપુર | NIL | NIL | NIL |
| ૧૯ | પાટણ | NIL | NIL | NIL |
| ૨૦ | પોરબંદર | NIL | 1 | મળેલ ફરિયાદ અન્વયે ૩ દૂધના નમૂનાઓ લેવામાં આવેલ. જેમાંથી ૨ દુધના નમૂના પ્રમાણિત જાહેર થયેલ અને ૧ નમૂનાનો રીપોર્ટ પેન્ડીંગ છે. |
| ૨૧ | રાજકોટ | NIL | NIL | NIL |
| ૨૨ | સુરેન્દ્રનગર | NIL | NIL | NIL |
| ૨૩ | સુરત | NIL | NIL | NIL |
| ૨૪ | તાપી | NIL | 1 | દુધના ૨ નમૂનાઓ લેવામાં આવેલ છે. જે પ્રમાણસર જાહેર થયેલ છે. |
| ૨૫ | વડોદરા | NIL | NIL | NIL |
| ૨૬ | વલસાડ | NIL | NIL | NIL |
| ૨૭ | મોરબી | NIL | NIL | NIL |
| ૨૮ | અરવલ્લી | NIL | NIL | NIL |
| ૨૯ | મહિસાગર | NIL | NIL | NIL |
| ૩૦ | ડાંગ-આહવા | NIL | NIL | NIL |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | NIL | NIL | NIL |
| ૩૨ | છોટાઉદેપુર | NIL | NIL | NIL |
| ૩૩ | બોટાદ | NIL | NIL | NIL |
| ૩૪ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૩૫ | ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૩૬ | ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૩૭ | જામનગર મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૩૮ | રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૩૯ | સુરત મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૪૦ | વડોદરા મ્યુનિ. કોર્પોરેશન | NIL | NIL | NIL |
| ૪૧ | ગાંધીનગર મુખ્ય મથક | NIL | NIL | NIL |
| ૪૨ | જૂનાગઢ મ્યુનિ. કોર્પો. | NIL | NIL | NIL |
| | **કુલ સંખ્યા** | **NIL** | **૩** | |

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી
--------

**રાજ્યમાં નકલી દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ**

અતારાંકિતઃ ૧૧૨૯ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહી** (જામજોધપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર નકલી દૂધના વેચાણ અને બનાવટ અંગેની કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) તે અન્વયે નકલી દૂધનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૪) નકલી દૂધ બનાવતાં કયા એકમો કે ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૪-૦૨-૨૦૨૪)

(૧) મળેલ ફરિયાદની વિગત નીચે મુજબ છે.

(i) તા.૧૫/૦૯/૨૦૨૦ થી ૧૫/૦૯/૨૦૨૧ માં કોઈ ફરિયાદ મળેલ નથી.

(ii) તા.૧૫/૦૯/૨૦૨૧ થી ૧૫/૦૯/૨૦૨૨ માં ભરૂચ જિલ્લામાં ૦૧ ફરિયાદ મળેલ છે.

(iii) તા.૧૫/૦૯/૨૦૨૧ થી ૧૫/૦૯/૨૦૨૩ માં તાપી જિલ્લામાં ૦૧ અને પોરબંદર જિલ્લામાં ૦૧ ફરિયાદ મળેલ છે.

(૨) મળેલ ફરિયાદો અન્વયે FSSA 2006 હેઠળ કુલ-૦૮ લીગલ નમૂનાઓ લેવામાં આવેલ છે. જે પૈકી ૦૭ નમૂનાઓ પ્રમાણિત જાહેર થયેલ છે અને ૦૧ નમૂનો ચકાસણી અર્થે લેબોરેટરી ખાતે પડતર છે.

(૩) નકલી દૂધનો કોઈ જથ્થો માલુમ પડેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં ગૌમાંસ (બીફ)ની વાનગી પીરસતી હોટલો**

અતારાંકિતઃ ૧૧૩૫ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૧૫-૦૯-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર હોટલોમાં ગૌમાંસ(બીફ)ની વાનગી પીરસતી હોટલો શોધી કાઢવા કેટલા ચેકિંગ/દરોડા પાડવામાં આવ્યા,

(૨) આવી કેટલી હોટલો મળી આવી,

(૩) આવી હોટલો સામે શી કાર્યવાહી કરી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૪-૦૨-૨૦૨૪)

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં કાર્બાઈડથી ફળો પકવતાં વેપારીઓ સામે કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૧૩૮ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૩ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં પ્રતિબંધિત કેલ્શીયમ કાર્બાઇડથી ગેરકાયદેસર ફળો પકવતા કેટલા વેપારીઓ પકડાયા,

(૨) તેની સામે શી કાર્યવાહી કરાઇ, અને

(૩) કેલ્શીયમ કાર્બાઇડના દૂષણને સંપૂર્ણપણે અંકુશમાં લેવા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૬–૦૨–૨૦૨૪)

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

- રાજ્યમાં ફળો પકવવા માટે કેલ્શીયમ કાર્બાઇડનો ઉપયોગ થતો હોય એવું હાલમાં તપાસ દરમિયાન જોવા મળતુ નથી.
- FSSAI દ્વારા કૃત્રિમ રીતે પકવેલ ફળો ગ્રાહકોને "Safe and Healthy" મળી રહે તે માટે "Ethylene Gas" નો ઉપયોગ કરવા પરમીશન આપવામાં આવેલ છે. જેને વાપરવા માટેની "ગાઇડન્સ નોટ" જાહેર જનતા માટે www.fssai.gov.in પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- જેના થકી ફળોને પકવવા માટે ઉપયોગમાં લેવાતા કેલ્શીયમ કાર્બાઇડના દુષણને ડામી શકાયું છે.

વધુમાં, Food Safety on Wheels (મોબાઈલ ફૂડ ટેસ્ટીંગ વાન) દ્વારા જાહેર જનતાને આ બાબતે અવેરનેશની કાર્યવાહી પણ કરવામાં આવે છે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**લાયસન્સ વગરના ગેરકાયદે કતલખાના**

અતારાંકિતઃ ૧૨૧૧ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ માંગરોળ નગરપાલિકા (જિ. જૂનાગઢ) સંચાલિત કતલખાના પાસે ફુડ સેફ્ટી ઓથોરિટીનું વેલીડ લાયસન્સ ન હોવા છતાં વર્ષોથી ગેરકાયદેસર કતલખાનું ચાલી રહ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગેરકાયદેસર કતલખાના માટે કોણ જવાબદાર છે, અને

(૩) આ ગેરકાયદેસર કતલખાનાને બંધ કરી જવાબદારો સામે શા પગલાં લેવાયા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૪–૦૨–૨૦૨૪)

(૧) હકિકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ સહાય**

અતારાંકિતઃ ૧૨૭૨ (૧૦–૧૧–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર મુખ્યત્વે ક્યા કામોમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૮–૦૨–૨૦૨૪)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર નીચે મુજબની સહાય મળેલ છે.

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦–૨૦૨૧ | ૭૮,૭૭૦/– |

| | |
|---|---|
| ૨૦૨૧–૨૦૨૨ | ૬૯,૮૫૦/– |
| ૨૦૨૨–૨૦૨૩ | ૬૯,૪૨૭/– |
| ૨૦૨૩–૨૪ (તા. ૩૦–૦૯–૨૦૨૩ અંતિત) | ૪૨,૫૩૭/– |

(૨) તા. ૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર થયેલ કામો (પ્રોગ્રામ) અને તે પાછળ થયેલ ખર્ચની વિગતોનાં પત્રકો (એનેક્ષર–૧ થી ૪) આ સાથે સામેલ છે.

| **વર્ષ** | **એનેક્ષરની વિગત** |
|---|---|
| ૨૦૨૦–૨૦૨૧ | *એનેક્ષર–૧ |
| ૨૦૨૧–૨૦૨૨ | *એનેક્ષર–૨ |
| ૨૦૨૨–૨૦૨૩ | *એનેક્ષર–૩ |
| ૨૦૨૩–૨૪ (તા. ૩૦–૦૯–૨૦૨૩ અંતિત) | *એનેક્ષર–૪ |

(* એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં નકલી ઘી નો જથ્થો**

અતારાંકિતઃ ૧૨૮૪ (૧૦–૧૧–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નકલી ઘી નો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) ઉક્ત નકલી ઘી માં અન્ય ક્યા પ્રકારનું ઘી કે અન્ય કઈ ચીજવસ્તુઓની ભેળસેળ કર્યાનું સામે આવ્યું,

(૩) નકલી ઘી નું વેચાણ અને ઉત્પાદન કરતા ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લીધા ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૭–૦૨–૨૦૨૪)

(૧) કુલ ૮૬૮૦૪૯૫ કિ.ગ્રા. જથ્થો પકડવામાં આવેલ છે. જેનું પત્રક (એનેક્ષર–૧) આ સાથે સામેલ છે.

(૨) નકલી ઘી બનાવવા માટે વેજીટેબલ ઓઈલની ભેળસેળ કર્યાનું સામે આવેલ છે.

(૩) નકલી ઘી નું વેચાણ અને ઉત્પાદન કરતા–૬૬ ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનું *પત્રક (એનેક્ષર–૨) આ સાથે સામેલ છે.

(૪)

- નકલી ઘી નું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે આ તંત્ર દ્વારા અવારનવાર ''ઘી'' ની સ્પેશિયલ ડ્રાઈવ આપવામાં આવે છે.
- માર્કેટમાં ચાંપતી નજર રાખી ''શંકાસ્પદ ઘી'' ના તાત્કાલિક નમૂનાઓ લઈ કાયદા અન્વયેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નમૂનો લીધા બાદ આવો જથ્થો સીઝ કરવામાં આવે છે.
- Food Safety on Wheels (FSW) Mobile Food Testing Van થકી માર્કેટમાં સતત ઘી નું ઉત્પાદન તથા વેચાણ કરતા એકમોની તપાસ કરી સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે. વધુમાં આ વાન દ્વારા જાહેર જનતામાં ''નકલી ઘી'' અંગે અવેરનેશના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.
- FSSAI દ્વારા FoSTC- Food Safety Training & Certification કાર્યક્રમ અંતર્ગત ખાદ્યચીજોનું ઉત્પાદન કરતા એકમોમાં તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**દવાઓના સેમ્પલનું પૃથ્થકરણ**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૧૬૭૫ (૦૨–૦૧–૨૦૨૪) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લેવામાં કઇ દવાઓના સેમ્પલ પૈકી કઇ કંપનીની કઇ દવાઓ પરીક્ષણમાં ફેલ થઇ,

(૨) દવાના સેમ્પલ ફેલ થનાર કઇ કંપની સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં, અને

(૩) નકલી દવાનું ઉત્પાદન અને બજારમાં વેચાણ ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૭–૦૨–૨૦૨૪)

(૧) કુલ ૪૦૫ દવાઓના સેમ્પલ પરીક્ષણમાં ફેલ થયેલ છે. (*પત્રક–‘‘અ’’ આ સાથે સામેલ છે.)

(૨) કુલ ૪૦૫ ફેલ થયેલ દવાઓ પૈકી

- ૨૧૬ દવાઓ અન્ય રાજ્યના ઉત્પાદકોએ બનાવેલ હોઇ જે તે રાજ્યના ડ્રગ કંટ્રોલરને ઉત્પાદક પેઢી સામે પગલા લેવા માટે રીફર કરવામાં આવેલ છે. (*પત્રક–‘‘બ’’ આ સાથે સામેલ છે.)
- ૧૮૯ દવાઓ ગુજરાત રાજ્યના ઉત્પાદકોની હોઇ તમામ ઉત્પાદક પેઢીઓને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે (*પત્રક–‘‘ક’’ આ સાથે સામેલ છે.)

ગુજરાત રાજ્યના ઉત્પાદકોની ફેલ થયેલ ૧૮૯ દવાઓ સામે લેવામાં આવેલ પગલાંની વિગત.

- ૧૧૯ દવાઓના ઉત્પાદકોને કારણ દર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે.
- ૨૭ દવાઓના ઉત્પાદકોને કારણ દર્શક નોટિસ પાઠવ્યા બાદ પરવાના સ્થગિત કરવામાં આવેલ છે.
- ૨ દવાઓના ઉત્પાદકોને કારણ દર્શક નોટિસ પાઠવ્યા બાદ બનાવટ પરવાનગી રદ કરવામાં આવેલ છે તથા તેઓના પરવાના સ્થગિત કરવામાં આવેલ છે.
- ૨૮ દવાઓના ઉત્પાદકોની સામે કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.
- ૧૩ દવાઓના ઉત્પાદકોએ રજૂ કરેલ જવાબ અને સેન્ટ્રલ ડ્રગ લેબોરેટરી, કલકત્તાએ સદર બનાવટોને રી–ટેસ્ટીંગમાં પ્રમાણસરની જાહેર કરતા કોઇ પગલાં રહેતા ન હોઇ સખત ચેતવણી આપી અને કેસ ક્લોઝ કરવામાં આવેલ છે.

(૩) તંત્રના અધિકારીઓ દ્વારા સમયાંતરે દવાની ગુણવત્તાની ચકાસણી અર્થે ઔષધ વિક્રેતાઓ અને ઉત્પાદક પેઢીઓની તપાસ કરી તેઓનું રેકોર્ડની સઘન ચકાસણી કરી જરૂર જણાય તો દવાઓના નમૂનાઓ લેવામાં આવે છે અને લેવાયેલ દવાઓના નમૂનાઓને ચકાસણી અર્થે પ્રયોગશાળા ખાતે પૃથ્થકરણ વાસ્તે મોકલવામાં આવે છે. જો આવો કોઇ દવાઓનો નમૂનો પૃથ્થકરણમાં નકલી સાબિત થાય તો જે તે દવાના વિતરક અને ઉત્પાદક પેઢી સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં પોલીસ દ્વારા કામગીરીમાં ગેરરીતિ, ભ્રષ્ટાચાર અને અનિયમિતતાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૦૯૯ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર પોલીસ કર્મચારી/અધિકારીઓની સામે ગેરરીતિ, ભ્રષ્ટાચાર, ફરજમાં અનિયમિતતા, લાપરવાહી, એફ.આઇ.આર. નોંધવામાં ઇન્કાર તથા આરોપીઓને મદદની કેટલી ઘટના બનવા પામી, અને

(૨) આ બાબતે જિલ્લાવાર કેટલા કસૂરવાર કર્મચારી/અધિકારીઓ સામે શા પગલાં લીધાં ?

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૩–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં જિલ્લાવાર મંદિરોમાં ચોરી–લૂંટ–ધાડની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૨૦૦ (૧૬–૧૦–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા મંદિરોમાં ચોરી–લુંટ–ધાડની ઘટનાઓ બની,

(૨) ઉક્ત ઘટનાઓમાં ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમના માલમત્તાની ચોરી થઇ,

(૩) ઉક્ત ઘટનાઓમાં સંડોવાયેલા કેટલા આરોપીઓને જિલ્લાવાર પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૩–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(૪) બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઇલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી પણ આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં પશુઓની ચોરીની ફરિયાદો**

અતારાંકિતઃ ૧૨૬૦ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગાય, ભેંસ, બળદ વગેરે જેવા પશુઓની ચોરી કે ઉઠાવી જવાની કેટલી ફરિયાદો મળી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલાયા અને કેટલા ઉકેલવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૩–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨)

| વર્ષ | ઉકેલાયેલ ગુના | ઉકેલવાના બાકી ગુના |
|---|---|---|
| તા.૦૧–૧૦–૨૦૨૦ થી તા.૩૦–૦૯–૨૦૨૧ | ૮૩ | ૪૮ |
| તા.૦૧–૧૦–૨૦૨૧ થી તા.૩૦–૦૯–૨૦૨૨ | ૬૮ | ૩૯ |
| તા.૦૧–૧૦–૨૦૨૨ થી તા.૩૦–૦૯–૨૦૨૩ | ૫૨ | ૪૫ |

(૩)

| પકડવામાં આવેલ ગુનેગારો | પકડવાના બાકી ગુનેગારો |
|---|---|
| ૬૮૧ | ૩૧ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**સુરત અને અમદાવાદ શહેર/ જિલ્લામાં વિદેશના વિઝા અને વર્ક પરમીટની છેતરપીંડીની ફરિયાદ**

અતારાંકિતઃ ૧૨૭૮ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને અમદાવાદ શહેર/જિલ્લામાં વિદેશના વિઝા અને વર્ક પરમીટ અપાવવાના નામે છેતરપીંડીની કેટલી ફરિયાદો નોંધાઈ.

(૨) તેમાં સંડોવાયેલા ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) ઉક્ત કિસ્સાઓમાં કેટલા નાગરીકો પાસેથી કેટલી રકમ પડાવી લીધાનું સામે આવ્યું, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૯-૦૨-૨૦૨૪)

(૧)

| શહેર/જિલ્લો | નોંધાયેલ ફરિયાદની સંખ્યા | |
|---|---|---|
| | તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૨ | તા.૦૧-૧૦-૨૦૨૨ થી તા.૩૦-૦૯-૨૦૨૩ |
| સુરત શહેર | ૦૬(તે પૈકી ૦૧-એફ.આઇ.આર. રદ્દ) | ૦૮ |
| અમદાવાદ શહેર | ૧૦ | ૧૭(તે પૈકી ૦૨-એફ.આઇ.આર. રદ્દ) |
| સુરત ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૧ |

(૨)

| શહેર/જિલ્લો | પકડાયેલ આરોપીઓની સંખ્યા | પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| સુરત શહેર | ૧૯ | ૦૬ |
| અમદાવાદ શહેર | ૩૭ | ૨૨ |
| સુરત ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૨ | ૦૦ |

(૩) ૨૨૮ નાગરીકો પાસેથી રૂ.૧૪,૩૨,૨૩,૮૮૫/- રકમ પડાવી લીધાનું સામે આવ્યું.

(૪) પકડવાના બાકી રહેતા આરોપીઓના મોબાઇલ ફોન તેમજ ટેકનીકલ એનાલીસીસ આધારે તપાસ કરવામાં આવેલ છે. આરોપીઓના મિત્ર વર્તુળ તેમજ સગાસંબંધીઓની તપાસ કરવામાં આવેલ છે. ભરોસાના બાતમીદારો થકી આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**ગૃહ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

અતારાંકિતઃ ૧૩૧૧ (૧૭-૧૧-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગૃહ વિભાગ માટે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૫-૦૨-૨૦૨૪)

(૧)

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૭૫૦૨૯૨.૧૦ લાખ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૭૯૬૦૩૬.૦૩ લાખ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૮૩૨૪૮૯.૦૨ લાખ |

(૨) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વર્ષવાર મંજૂર થયેલ બજેટ જોગવાઈ પૈકી નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ પૈકી ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૭૫૦૨૯૨.૧૦ લાખ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૭૯૬૦૩૬.૦૩ લાખ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૮૩૨૪૮૯.૦૨ લાખ |

(૩)

<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th>ફાળવવામાં રકમ પૈકી વપરાયેલ રકમ</th><th>ફાળવવામાં રકમ પૈકી વણવપરાયેલ રકમ</th><th>વણવપરાયેલ રકમના કારણ</th></tr>
<tr><td>૧</td><td>૨૦૨૦-૨૧</td><td>૬૬૪૩૭૫.૦૫ લાખ</td><td>૮૫૯૧૭.૦૫ લાખ</td><td>પગાર ભથ્થા પેટે ફાળવેલ રકમમાં બચત થવાથી તેમજ કોવિડ મહામારીના કારણે ખરીદી તેમજ બાંધકામ ક્ષેત્રના આયોજન મુજબના કામ ના થઈ શકતા બચત રહેલ છે.</td></tr>
<tr><td>૨</td><td>૨૦૨૧-૨૨</td><td>૬૮૮૫૨૬.૩૨ લાખ</td><td>૧૦૭૫૦૯.૭૧ લાખ</td><td rowspan="2">પગાર ભથ્થા પેટે ફાળવેલ રકમમાં બચત થવાથી તેમજ વહીવટી કારણોસર નાણાકીય વર્ષમાં સંપૂર્ણ ખરીદી ન થઈ શકવાથી બચત રહેલ છે.</td></tr>
<tr><td>૩</td><td>૨૦૨૨-૨૩</td><td>૮૦૮૨૭૦.૦૦ લાખ</td><td>૨૪૨૧૯.૦૨ લાખ</td></tr>
</table>

**છોટાઉદેપુર જિલ્લામાં ખોટી સરકારી ગ્રાન્ટ મેળવવાના નોંધાયેલ ગુના**

અતારાંકિતઃ ૧૪૫૭ (૩૦-૧૧-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ખોટી/નકલી સરકારી કચેરી ઊભી કરી સરકારી ગ્રાન્ટ મેળવી હોવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૩) બાકી આરોપીઓને પકડવા શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૦૯-૦૨-૨૦૨૪)

(૧) ૦૧ ગુનો નોંધાયેલ છે.

(૨)

| પકડાયેલ ઈસમોની સંખ્યા | પકડવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ૦૭ | ૦૩ |

(૩) ગુનાની તપાસ ચાલુ છે. પકડવાના બાકી આરોપીઓને પકડવાની તજવીજ કરવામાં આવી છે.

--------

**રાજ્યમાં ગાંજાનું ગેરકાયદેસર વાવેતર**

અતારાંકિતઃ ૧૪૯૧ (૧૮-૧૨-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી જિલ્લાવાર કેટલા વિસ્તારમાં ગાંજાનું થયેલ વાવેતર પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત ગેરકાયદેસર વાવેતર કરનાર કેટલા ઇસમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ગાંજાનું ગેરકાયદેસર વાવેતર અટકે તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૩-૦૨-૨૦૨૪)

(૧) પત્રક મુજબ.

(૨) ૨૧૨ ઇસમો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩)

- ગામના આગેવાનો તથા ખેડૂતોને ગાંજાના છોડના વાવેતર માટે કાયદાકીય સજાની જોગવાઈઓ અંગે તેમજ નાર્કોટીક્સ પદાર્થના વાવેતર, વેચાણ તેમજ સેવનથી તેમના પરિવાર તેમજ સમાજ ઉપર થતી આડઅસરો અંગે જાણકારી આપી જાગૃતિના જાહેર કાર્યક્રમો કરવામાં આવેલ છે.
- આ પ્રકારના ગુનામાં અગાઉ પકડાયેલ આરોપીઓને અવાર-નવાર ચેક કરવામાં આવે છે, તેમજ નર્સરી તથા ખેતરોમાં પેટ્રોલીંગ તથા અંગત બાતમીદારો દ્વારા માહિતી મેળવી ખાનગી રાહે વોચ રાખી આવી પ્રવૃત્તિ અટકાવવા પુરતા પ્રયત્નો કરવામાં આવે છે.

**પત્રક**

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૧૬/૦૯/૨૦૨૦ થી તા.૧૫/૦૯/૨૦૨૧ | તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૦૯/૨૦૨૨ | તા.૧૬/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૦ | ૧ |
| ૨ | રાજકોટ શહેર | ૦ | ૧ | ૧ |
| ૩ | સુરત શહેર | ૦ | ૦ | ૦ |
| ૪ | વડોદરા શહેર | ૧ | ૦ | ૧ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ |
| ૬ | ખેડા | ૦ | ૦ | ૨ |
| ૭ | આણંદ | ૨ | ૦ | ૧ |
| ૮ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ | ૨ | ૧ |
| ૧૦ | અરવલ્લી | ૦ | ૩ | ૧ |
| ૧૧ | મહેસાણા | ૦ | ૨ | ૨ |
| ૧૨ | જામનગર | ૦ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૨ | ૦ | ૩ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૪ | ૩ | ૧ |
| ૧૫ | મોરબી | ૦ | ૦ | ૨ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૫ | ૦ | ૧૧ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૧ | ૨ | ૪ |
| ૧૮ | કચ્છ-પૂર્વ ગાંધીધામ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ-પશ્ચિમ ભુજ | ૨ | ૩ | ૧ |
| ૨૦ | પાટણ | ૩ | ૨ | ૧ |
| ૨૧ | અમરેલી | ૦ | ૩ | ૩ |
| ૨૨ | ભાવનગર | ૧ | ૧ | ૪ |
| ૨૩ | બોટાદ | ૧ | ૩ | ૨ |
| ૨૪ | જૂનાગઢ | ૦ | ૦ | ૨ |
| ૨૫ | ગીર સોમનાથ | ૦ | ૧ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૧ | ૧ | ૧ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦ | ૦ | ૦ |

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૧૬/૦૯/૨૦૨૦ થી તા.૧૫/૦૯/૨૦૨૧ | તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૦૯/૨૦૨૨ | તા.૧૬/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૨૮ | છોટાઉદેપુર | ૪ | ૮ | ૬ |
| ૨૯ | ભરૂચ | ૦ | ૦ | ૨ |
| ૩૦ | નર્મદા | ૨ | ૧ | ૧ |
| ૩૧ | પંચમહાલ | ૫ | ૫ | ૮ |
| ૩૨ | મહીસાગર | ૪ | ૦ | ૦ |
| ૩૩ | દાહોદ | ૨ | ૪ | ૭ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ |
| ૩૫ | તાપી | ૦ | ૦ | ૦ |
| ૩૬ | વલસાડ | ૧ | ૦ | ૦ |
| ૩૭ | નવસારી | ૦ | ૦ | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૩૯ | પ.રેલ્વે વડોદરા | ૦ | ૦ | ૦ |
| ૪૦ | પ.રેલ્વે અમદાવાદ | ૦ | ૦ | ૦ |
| ૪૧ | એટીએસ અમદાવાદ | ૦ | ૦ | ૦ |

--------

**અમદાવાદમાં ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં શ્રમિકોના પગાર અને બોનસની ફરિયાદો**

અતારાંકિતઃ ૧૫૮૯ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદમાં આવેલ ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં કામ કરતાં શ્રમિકોને દિવાળી સમયે પગાર અને બોનસ ન આપવા અંગેની કેટલી ફિરયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં નિયત થયેલ જોગવાઈઓ અને કાયદા ભંગ બદલ ઉક્ત સ્થિતિએ ફેક્ટરી માલિક સામે શા પગલાં લીધાં, અને

(૪) ઉક્ત જોગવાઈઓનો અમલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૦૫-૦૨-૨૦૨૪)

(૧) ૦૧

(૨) મળેલ ફરિયાદ ફક્ત શ્રમયોગી હિરેન પંચાલની પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ, હેઠળ કરેલ રીકવરી અરજીમાં નામ. મજૂર અદાલત, અમદાવાદ દ્વારા આપવામાં આવેલ હુકમ અન્વયેની રકમ રૂ. ૨,૦૨,૦૦/- વસૂલ કરવા અંગે હતી. જેમાં નામ. મજૂર અદાલત અમદાવાદ દ્વારા રીકવરી સર્ટિફિકેટ ઇસ્યુ કરેલ.

(૩) તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં નામનું કોઈ કારખાનું ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ હેઠળ નોંધાયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં જિલ્લાવાર ચુનાના પથ્થરો/ચુનો ઉપાડવા બાબત**

અતારાંકિતઃ ૧૨૯૪ (૩૦-૧૦-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સિમેન્ટ બનાવનાર ઔદ્યોગિક એકમો દ્વારા કેટલા ટન ચુનાના પથ્થરો/ચુનો ઉપાડવામાં આવ્યો, અને

(૨) ઉક્ત વર્ષવાર રોયલ્ટી પેટે કુલ કેટલી આવક થઈ ?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) **:** (૧૨-૦૨-૨૦૨૪)

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-અ**

**તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સિમેન્ટ બનાવનાર ઔદ્યોગિક એકમો દ્વારા ઉપાડવામાં આવેલ ચુનાના પથ્થર/ચુનો (લાઈમસ્ટોન)(મે.ટનમાં)**

| અ.નં. | જિલ્લો | વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧ | વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૨ | વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨ | અમરેલી | ૩૬૧૦૪૦૧ | ૪૪૯૩૬૯૯ | ૫૫૭૨૬૧૪ |
| ૩ | આણંદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૪ | અરવલ્લી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૫ | બનાસકાંઠા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૬ | ભરૂચ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૭ | ભાવનગર | ૧૯૨૪૬૯ | શૂન્ય | ૨૦૮૮૪ |
| ૮ | બોટાદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૯ | છોટાઉદેપુર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | દાહોદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૦૯૫૯૯૬ થી | ૬૦૪૧૪૬ | ૮૫૫૮૬૨ |
| ૧૨ | ગાંધીનગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૩ | ગીર સોમનાથ | ૬૮૦૬૯૦૮ | ૬૮૫૪૪૬૭ | ૫૮૭૯૪૮૮ |
| ૧૪ | જામનગર | ૧૪૩૧૭૦૬ | ૧૫૪૩૨૩૮ | ૧૭૯૫૯૫૬ |
| ૧૫ | જૂનાગઢ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૬ | ખેડા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૭ | કચ્છ-પૂર્વ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૮ | કચ્છ-પશ્ચિમ | ૬૩૬૨૦૦૧ | ૫૩૮૦૦૨૧ | ૩૭૩૦૭૮૦ |
| ૧૯ | મહેસાણા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૦ | મહિસાગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૧ | મોરબી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૨ | નર્મદા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૩ | નવસારી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૪ | પંચમહાલ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૫ | પાટણ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૬ | પોરબંદર | ૧૬૦૦૪૦૭ | ૧૫૨૩૦૨૦ | ૧૬૧૬૫૨૬ |
| ૨૭ | રાજકોટ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૮ | સાબરકાંઠા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૯ | સુરત | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૦ | સુરેન્દ્રનગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૧ | તાપી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૨ | વડોદરા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૩ | વલસાડ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

**પત્રક–બ**

| તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર રોયલ્ટીની કુલ આવક (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| **અ.નં.** | **જિલ્લો** | **વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧** | **વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૨** | **વર્ષ તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૩** |
| ૧ | અમદાવાદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨ | અમરેલી | ૨૭૫૯.૨૦ | ૩૬૯૬.૪૫ | ૪૫૧૦.૩૪ |
| ૩ | આણંદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૪ | અરવલ્લી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૫ | બનાસકાંઠા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૬ | ભરૂચ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૭ | ભાવનગર | ૧૩૯.૩૯ | શૂન્ય | ૧૬.૩૬ |
| ૮ | બોટાદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૯ | છોટાઉદેપુર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | દાહોદ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૮૭૬.૮૩ | ૪૮૩.૩૮ | ૬૮૪.૬૯ |
| ૧૨ | ગાંધીનગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૩ | ગીર સોમનાથ | ૫૩૭૮.૭૮ | ૫૫૫૧.૯૨ | ૪૬૭૯.૫૮ |
| ૧૪ | જામનગર | ૧૧૩૫.૫૦ | ૧૨૧૫.૯૧ | ૧૪૧૭.૩૭ |
| ૧૫ | જૂનાગઢ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૬ | ખેડા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૭ | કચ્છ–પૂર્વ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૮ | કચ્છ–પશ્ચિમ | ૫૦૪૭.૯૩ | ૪૦૫૨.૧૯ | ૩૫૯૪.૪૫ |
| ૧૯ | મહેસાણા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૦ | મહિસાગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૧ | મોરબી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૨ | નર્મદા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૩ | નવસારી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૪ | પંચમહાલ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૫ | પાટણ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૬ | પોરબંદર | ૧૩૬૧.૨૦ | ૧૧૮૭.૯૩ | ૧૩૩૦.૧૬ |
| ૨૭ | રાજકોટ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૮ | સાબરકાંઠા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨૯ | સુરત | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૦ | સુરેન્દ્રનગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૧ | તાપી | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૨ | વડોદરા | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩૩ | વલસાડ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

--------

### ટેકાના ભાવે ખરીદેલ મગફળીનો સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ બાબત

અતારાંકિતઃ ૧૫૮૮ (૧૧–૧૨–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) ટેકાના ભાવે ખરીદેલ મગફળીનો સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૯–૦૯–૨૦૨૧ ના નોટીફીકેશનથી ઈન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત ઇન્કવાયરી કમિશને આગ લાગેલ કયા કયા ગોડાઉનની તપાસ સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત કમિશને કેટલા સમયમાં ઉક્ત તપાસ અહેવાલ આપવાનો હતો,

(૪) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કમિશનની મુદ્દતમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૫) ઉક્ત સ્થિતિએ અહેવાલ સરકારને ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શી છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૦૬-૦૨-૨૦૨૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ટેકાના ભાવે ખરીદેલ મગફળીનો સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ બાબત**

અતારાંકિતઃ ૧૫૯૫ (૧૧-૧૨-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ટેકાના ભાવે ખરીદેલ મગફળીનો સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૩-૦૩-૨૦૨૨ ના નોટીફીકેશનથી ઇન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત ઇન્કવાયરી કમિશને આગ લાગેલ કયા કયા ગોડાઉનની તપાસ સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત કમિશને કેટલા સમયમાં ઉક્ત તપાસ અહેવાલ આપવાનો હતો,

(૪) તા.૩૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કમિશનની મુદ્દતમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૫) ઉક્ત સ્થિતિએ અહેવાલ સરકારને ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શી છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૦૬-૦૨-૨૦૨૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ભૂગર્ભ જળનો બેફામ ઉપયોગ**

અતારાંકિતઃ ૧૬૩૭ (૦૧-૦૧-૨૦૨૪) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયના ડાયનામીક ગ્રાઉન્ડ વોટર રીસોર્સીસ ઓફ ઈન્ડીયા ૨૦૨૩ના રીપોર્ટ અનુસાર ગુજરાતના ૨૩ તાલુકાઓમાં ભૂગર્ભ જળનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે અને પરિણામે ભૂગર્ભ જળ ખુબ ઉંડા ગયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો કયા તાલુકામાં આવી પરિસ્થિતિ ઊભી થઈ છે, અને

(૩) આવી પરિસ્થિતિને કાબુમાં લેવા તા.૧૫-૧૨-૨૦૨૩ની સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યાં ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૫-૦૨-૨૦૨૪)

(૧) વર્ષ ૨૦૦૨ માં ૩૦ તાલુકા ઓવર એક્સપ્લોઈટેડ હતા જે વર્ષ ૨૦૨૩ માં ઘટીને ૨૩ તાલુકા ઓવર એક્સપ્લોઈટેડ છે.

આમ, ભૂગર્ભ જળની સ્થિતિમાં વર્ષ ૨૦૦૨ની સાપેક્ષમાં સુધારો થયેલ છે.

(૨) ગુજરાતના ૨૩ ઓવર એક્સપ્લોઈટેડ તાલુકાના નામ પત્રકમાં સામેલ છે.

(૩) રાજ્યમાં ભૂગર્ભ જળનાં સ્તર ઉંચા લાવવા માટે જળ સંપત્તિ વિભાગ દ્વારા જળ સંચયના કામો જેવા કે ચેકડેમ બનાવવા અને રીપેરીંગ કરવા. તળાવો ઉંડા કરવા. ચેકડેમોમાં ડી-સીલ્ટીંગની કામગીરી વગેરે કરવામાં આવે છે.

ગુજરાતના ૬ જિલ્લાઓના ૩૬ તાલુકાઓ (રાજ્યના ઓવર એક્ષ્પ્લોઈટેડ, ક્રીટીકલ અને સેમી ક્રીટીકલ કક્ષામાં આવતા -વર્ષ ૨૦૧૭ ના અંદાજ મુજબ) ના ૧૮૭૩ ગ્રામ પંચાયતોમાં (૨૨૩૯ ગામોમાં) હાલમાં અટલ ભુજલ યોજના કાર્યરત છે.

અટલ ભુજલ યોજના ભૂગર્ભ જળને લગતી છે અને તેનું લક્ષ્ય દેશના એવા ભાગોમાં ભૂજળ સ્તરને ઉપર લાવવાનું છે કે જ્યાં ભૂગર્ભ જળનું સ્તર નીચે ઉતરી ગયેલું છે.

અટલ ભુજલ યોજનાના વિસ્તારમાં રિચાર્જ ટ્યુબવેલ તેમજ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ (ડ્રીપ/સ્પીંકલર)નું આયોજન કરવામાં આવ્યું છે.

**પત્રક**

| ક્રમ | ઓવર એકસપ્લોઈટેડ તાલુકા (૨૦૨૩) |
|---|---|
| ૧ | અમદાવાદ શહેર અને દસ્ક્રોઈ |
| ૨ | દાંતીવાડા |
| ૩ | ધાનેરા |
| ૪ | કાંકરેજ |
| ૫ | લાખણી |
| ૬ | વડગામ |
| ૭ | દીયોદર |
| ૮ | ડીસા |
| ૯ | થરાદ |
| ૧૦ | ગાંધીનગર |
| ૧૧ | દહેગામ |
| ૧૨ | ભચાઉ |
| ૧૩ | ભુજ |
| ૧૪ | વડનગર |
| ૧૫ | ખેરાલુ |
| ૧૬ | બેચરાજી |
| ૧૭ | વિજાપુર |
| ૧૮ | સતલાસણા |
| ૧૯ | સરસ્વતી |
| ૨૦ | ચાણસ્મા |
| ૨૧ | પ્રાંતિજ |
| ૨૨ | સુરત શહેર |
| ૨૩ | જોટાણા |

--------

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ગુજરાત રાજ્ય ત્રીજા નાણાપંચના અહેવાલ સંબંધમાં થયેલ કાર્યવાહી**

અતારાંકિતઃ ૬૨૬ (૧૫–૦૭–૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૨૦૧૯ના રોજ ત્રેવીસમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૧૨૦ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત રાજ્ય ત્રીજા નાણાંપંચનો અહેવાલ તા.૩૧/૦૫/૧૪ના તથા પૂરક અહેવાલ તા.૨૬/૦૩/૧૫ ના રોજ રાજભવન તરફથી રાજ્ય સરકારને મળેલ તે સમગ્ર ભલામણો ઉપર વિચારણા કરવા મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા:૩૦/૦૧/૨૦૧૬ના ઠરાવથી સચિવશ્રીઓની એમપાવર્ડ કમિટીની રચના કરવામાં આવેલ અને આ અહેવાલની ભલામણો સચિવશ્રીઓની એમપાવર્ડ સમિતિની વિચારણા હેઠળ હતી તો તા: ૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ઉક્ત વિચારણા/કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૧૩–૦૨–૨૦૨૪)

(૧) ગુજરાત રાજ્ય ત્રીજા નાણાપંચના અહેવાલ પૈકી સ્વીકારેલ ભલામણોની અધ્યતન સ્થિતિ આ સાથે *પત્રકમાં સામેલ છે.

(૨) સ્વીકારેલ ભલામણો પૈકીની ભલામણો પર કાર્યવાહી પ્રગતિમાં છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ગ્રામ વિકાસ પ્રભાગ માટે બજેટમાં ફાળવેલ રકમ**

અતારાંકિતઃ ૧૩૫૯ (૩૦–૧૦–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગ્રામ વિકાસ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૭–૦૨–૨૦૨૪)

(૧) ગ્રામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર નીચેની વિગતે બજેટમાં રકમની જોગવાઈ કરવામાં આવેલ હતી.

| **કરવામાં આવેલ જોગવાઈ રકમ (રૂ. લાખમાં)** | | | |
|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧** | **નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩** | **નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪** |
| ૩૫૨૦૯૩.૮૧ | ૩૫૦૯૬૦.૫૯ | ૩૦૨૦૯૦.૨૦ | ૩૨૭૩૬૭.૮૩ |

(૨) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચેની વિગતે રકમ ફાળવવામાં આવી હતી,

| **જોગવાઈ પૈકી ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** | | | |
|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩** | **નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ (તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ)** |
| ૧૮૫૯૨૨.૨૫ | ૨૪૭૧૦૧.૨૧ | ૩૧૩૬૫૪.૩૯ | ૨૨૭૩૫૪.૭૨ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચેની વિગતે રકમ વપરાઈ અને વણવપરાયેલ રહેલ હતી.

| **વપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | | | |
|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧** | **નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩** | **નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪** |

| | | | (તા.૩૦-૦૯-૨૦૨૩ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧૮૫૫૪૪.૮૧ | ૨૪૬૮૧૯.૯૭ | ૩૧૩૩૦૧.૨૩ | ૨૨૪૩૭૬.૩૩ |

| વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) | | | |
|---|---|---|---|
| ૩૭૭.૪૪ | ૨૮૧.૨૪ | ૩૫૩.૧૬ | ૪૦૭૮.૩૪ |
| ઉક્ત રૂ.૩૭૭.૪૪ લાખ પગાર ભથ્થાની ગ્રાન્ટ હોવાથી તથા જગ્યાઓ ભરાયેલ ન હોવાથી વર્ષ-૨૦૨૦-૨૧માં ગ્રાન્ટ વણવપરાયેલ હતી. | ઉક્ત રૂ.૨૮૧.૨૪ લાખ પગાર ભથ્થાની ગ્રાન્ટ હોવાથી તથા જગ્યાઓ ભરાયેલ ન હોવાથી વર્ષ-૨૦૨૧-૨૨માં ગ્રાન્ટ વણવપરાયેલ હતી. | ઉક્ત રૂ.૩૫૩.૧૬ લાખ પગાર ભથ્થાની ગ્રાન્ટ હોવાથી તથા જગ્યાઓ ભરાયેલ ન હોવાથી વર્ષ-૨૦૨૨-૨૩માં ગ્રાન્ટ વણવપરાયેલ હતી. | નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસમાં બીજા હપ્તાની ગ્રાન્ટ આવેલ હોવાથી ગ્રાન્ટ ફાળવવાની પ્રક્રિયા બાકી હોવાથી વણવપરાયેલ છે. |

**ઉના તાલુકામાં સરકારી જમીન પર પ્લોટના બોગસ દસ્તાવેજો**

અતારાંકિતઃ ૧૦૮૪ (૨૫-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નાળીયા માંડવી ગામે સરકારી જમીન પર પ્લોટ બતાવી પ્લોટોના બોગસ દસ્તાવેજો થઇ ગયા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૮-૦૨-૨૦૨૪)

(૧) કુલ ૪ (ચાર) ફરિયાદો.

(૨) જિલ્લા પંચાયત ગીર સોમનાથની કચેરીના કાર્યાલય આદેશ નં.જિ.પં./મહેસૂલ/નાળીયા માંડવી/તપાસ સમિતિ/વશી-૯૮૯/૨૦૨૩, તા.૧૫/૦૫/૨૦૨૩થી તપાસ સમિતિની રચના કરવામાં આવેલ અને સમિતિના અધ્યક્ષ તરીકે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉનાની નિયુક્તી થયેલ છે.

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં બનાવટી સ્ટેમ્પ વેચાણ કરનાર વિરુદ્ધ કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૧૫૫ (૨૫-૧૦-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં બોગસ સ્ટેમ્પ, ખોટી રીતે સ્ટેમ્પ બનાવી કે ખોટી રીતે સ્ટેમ્પ જનરેટ કરી સ્ટેમ્પનું વેચાણ કરતાં કે રજૂ કરતાં કેટલાં સ્ટેમ્પ વેન્ડરો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) ઉક્ત વેન્ડરો દ્વારા કેટલી રકમના બનાવટી કે નકલી સ્ટેમ્પ બનાવ્યા હોવાનું સામે આવ્યું, અને

(૩) નકલી કે બનાવટી સ્ટેમ્પનું વેચાણ ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૫-૦૨-૨૦૨૪)

(૧) એક સ્ટેમ્પ વેન્ડર સામે એફ.આઈ.આર. દાખલ કરીને ફોજદારી કાર્યવાહી કરેલ છે.

(૨) રૂ.૩,૯૨,૦૦૦/- (ત્રણ લાખ બાણું હજાર)

(૩) નકલી કે બનાવટી સ્ટેમ્પનું વેચાણ ન થાય તે માટે લીધેલ પગલાં

(૧) તમામ નોંધણી પાત્ર સર્ટિફિકેટોનું web call services દ્વારા રીયલ-ટાઇમ ધોરણે ગરવી સિસ્ટમ પર ઓટો લોક-ઈન થાય છે. જેથી એક વખત વપરાશ કરેલ ઈ-સ્ટેમ્પીંગનું ડુપ્લીકેશન થઈ શકતુ નથી.

(૨) રીયલ-ટાઇમના ધોરણે કોમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિથી સ્ટેમ્પ સર્ટિફિકેટ જનરેટ થતું હોવાથી પાછલી તારીખના કે બેનામી કે કોરા સ્ટેમ્પ સર્ટિફિકેટ મળતા નથી કે વેચાણ થઇ શકતા નથી.

**દાહોદ જિલ્લામાં ટીડીઓના હુકમથી બિનખેતીની નોંધ પડવાના કિસ્સા**

અતારાંકિતઃ ૧૬૮૨ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૧૫-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં નકલી ખોટા હુકમથી બિનખેતીની નોંધ પડી હોવાના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) ઉક્ત નકલી/ખોટા હુકમથી બિનખેતી કરાવનાર ઇસમો સામે શા પગલાં લીધા, અને

(૩) બિનખેતીના હુકમ કરતી વખતે નકલી દસ્તાવેજોની ઓળખ થાય અને ગેરરીતિ ન થાય તે માટે શી કાળજી લેવામાં આવે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૩-૦૨-૨૦૨૪)

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન નથી.

(૩) કલેક્ટરશ્રી કચેરીથી થતા બિનખેતી હુકમો ઓનલાઇન iORA પોર્ટલ મારફતે થાય છે. તથા અરજદારે સંપૂર્ણ અસલ અરજી અને સ્વઘોષણાપત્ર (બાહેધરી) સાથે અરજી કર્યેથી પ્રિ-સ્કુટી અધિકારી દ્વારા પ્રાથમિક ચકાસણી કરી ઓનલાઇન મોકલવામાં આવે છે. ત્યારબાદ કલેક્ટર કચેરી દ્વારા અરજદારે અરજી સાથે રજૂ કરેલ વિગતો તથા ઇ-ધરામાં ઉપલબ્ધ રેવન્યુ રેકર્ડની ચકાસણી કરી યોગ્ય તે નિર્ણય કરવામાં આવે છે, બિનખેતી હુકમ કરતી વખતે રેવન્યુ રેકર્ડ પરત્વે પૂરતી ચકાસણી અને કાળજી રાખવામાં આવે છે.

### જામનગર, દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લામાં રસ્તાના સુધારણા પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૯૬૫ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા:૩૧-૦૩-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જામનગર, દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક કેટલા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા રસ્તાઓનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૮-૦૨-૨૦૨૪)

(૧)

| અ.નં. | જિલ્લો | વર્ષ | રસ્તાની સંખ્યા | મંજૂરીની રકમ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૨૦૨૦-૨૧ | ૬૬ | ૬૭૦૭.૬૫ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૩ | ૧૬૪૬.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૧૮ | ૧૪૦૯૧.૦૦ |
| ૨. | દેવભૂમિ દ્વારકા | ૨૦૨૦-૨૧ | ૬૩ | ૬૪૧૨.૭૫ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૪ | ૩૦૫૦.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૨ | ૫૩૫૫.૦૦ |
| ૩. | ભાવનગર | ૨૦૨૦-૨૧ | ૧૧૪ | ૭૦૫૬.૯૪ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૨ | ૨૩૯૬.૫૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૪૭ | ૬૮૫૧.૫૦ |

(૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | પૂર્ણ | પ્રગતિમાં | શરૂ થનાર | રદ |
|---|---|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૨૦૨૦-૨૧ | ૬૩ | ૦ | ૩ | ૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૯ | ૪ | ૦ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૧૦ | ૩ | ૫ | ૦ |
| ૨. | દેવભૂમિ દ્વારકા | ૨૦૨૦-૨૧ | ૩૭ | ૨૦ | ૬ | ૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૪ | ૦ | ૦ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૦ | ૦૧ | ૦૧ | ૦ |
| ૩. | ભાવનગર | ૨૦૨૦-૨૧ | ૧૦૪ | ૨ | ૦ | ૮ |
| | | ૨૦૨૧-૨૨ | ૮ | ૩ | ૧ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૦૨ | ૧૧ | ૩૪ | ૦ |

(૩) સામેલ *પરિશિષ્ટ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**પોરબંદર, રાજકોટ અને વડોદરા જિલ્લામાં રસ્તાના સુધારણા પાછળ ખર્ચ**

અતારાંકિતઃ ૯૬૭ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા:૩૧-૦૩-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પોરબંદર, રાજકોટ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક કેટલા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા રસ્તાઓનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૯-૦૨-૨૦૨૪)

(૧)

| અ.નં. | જિલ્લો | વર્ષ | રસ્તાની સંખ્યા | મંજૂરીની રકમ |
|---|---|---|---|---|
| ૧. | પોરબંદર | ૨૦૨૦-૨૧ | ૧૭ | ૮૮૧.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૧ | ૫૭.૦૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૨ | ૯૩૯.૦૦ |
| ૨. | રાજકોટ | ૨૦૨૦-૨૧ | ૧૧૯ | ૭૮૮૬.૪૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૨૪ | ૮૭૭૫.૩૧ |
| | | ૨૦૨૨-૨૩ | ૨૫ | ૯૬૮૪.૫૦ |
| ૩. | વડોદરા | ૨૦૨૦-૨૧ | ૧૫૬ | ૭૪૭૪.૩૫ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૫ | ૪૭૯૧.૬૨ |
| | | ૨૦૨૨-૨૩ | ૧૮ | ૯૨૭૪.૨૮ |

(૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | પૂર્ણ | પ્રગતિમાં | શરૂ થનાર |
|---|---|---|---|---|---|
| ૧. | પોરબંદર | ૨૦૨૦-૨૧ | ૧૫ | ૦ | ૨ |
| | | ૨૦૨૧-૨૨ | ૧ | ૦ | ૧ |
| | | ૨૦૨૨-૨૩ | ૧ | ૧ | ૦ |
| ૨. | રાજકોટ | ૨૦૨૦-૨૧ | ૧૧૮ | ૧ | ૦ |
| | | ૨૦૨૧-૨૨ | ૨૦ | ૪ | ૦ |
| | | ૨૦૨૨-૨૩ | ૯ | ૧૧ | ૫ |
| ૩. | વડોદરા | ૨૦૨૦-૨૧ | ૧૪૯ | ૦ | ૭ |
| | | ૨૦૨૧-૨૨ | ૧૧ | ૩ | ૧ |
| | | ૨૦૨૨-૨૩ | ૧૩ | ૪ | ૧ |

(૩) સામેલ *પરિશિષ્ટ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં જિલ્લાવાર રસ્તાઓ અને નાળા પુલીયાઓની મરામત**

અતારાંકિતઃ ૧૦૨૬ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ ૨૦૨૨માં ચોમાસા દરમ્યાન વરસાદના કારણે રાજ્યમાં જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નાળા-પુલીયા ક્ષતિગ્રસ્ત થયેલ,

(૨) તા.૩૦-૦૬-૨૩ની સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નાળા-પુલીયાની સમારકામ /રીપેરીંગની કામગીરી કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા રસ્તાઓ અને નાળા-પુલીયાની સમારકામ/રીપેરીંગની કામગીરી બાકી છે, અને

(૪) ઉક્ત કામગીરી બાકી રહેવાના કારણો શા છે અને તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૯-૦૨-૨૦૨૪)

(૧)

| ક્રમ | જિલ્લો | કુલ રસ્તા | કુલ નાળા/પુલીયા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૬ | ૪૬ |
| ૨ | અમરેલી | ૨૪ | ૧ |
| ૩ | આણંદ | ૧૧૧ | ૧૧ |
| ૪ | અરવલ્લી | ૨૪ | ૧૧ |
| ૫ | બનાસકાંઠા | ૨૯ | ૧ |
| ૬ | ભરૂચ | ૨૬૩ | ૩ |
| ૭ | ભાવનગર | ૧૧૨ | ૧૪૦ |
| ૮ | બોટાદ | ૧૨ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૩૧ | ૨૮ |
| ૧૦ | દાહોદ | ૧૫૧ | ૧ |
| ૧૧ | ડાંગ | ૨૦ | ૨૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૬૩ | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૩૪ | ૯ |
| ૧૫ | જામનગર | ૪૩ | ૬ |
| ૧૬ | જૂનાગઢ | ૧૮ | ૪ |
| ૧૭ | કચ્છ | ૧૯ | ૩ |
| ૧૮ | ખેડા | ૧૦૫ | ૫ |
| ૧૯ | મહિસાગર | ૩૪ | ૭ |
| ૨૦ | મહેસાણા | ૧૨ | ૦ |
| ૨૧ | મોરબી | ૩૮ | ૯ |
| ૨૨ | નર્મદા | ૧૦૦ | ૨ |
| ૨૩ | નવસારી | ૧૯૦ | ૩૫ |
| ૨૪ | પંચમહાલ | ૧૧૧ | ૮ |
| ૨૫ | પાટણ | ૧૦૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૨૩ | ૧ |
| ૨૭ | રાજકોટ | ૩૧ | ૧૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૭૩ | ૧૫ |
| ૨૯ | સુરત | ૨૮૨ | ૩૩ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૮૭ | ૨૧ |
| ૩૧ | તાપી | ૪૬ | ૮ |
| ૩૨ | વડોદરા | ૧૦૮ | ૨ |
| ૩૩ | વલસાડ | ૧૨૫ | ૬૭ |

(૨)

| ક્રમ | જિલ્લો | કુલ રસ્તા | કુલ ખર્ચ રૂ. લાખમાં | કુલ નાળા/પુલીયા | કુલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૬ | ૮૨૬.૯૩ | ૪૨ | ૫૯૧.૨૦ |
| ૨ | અમરેલી | ૨૪ | ૧૩૬.૧૦ | ૧ | ૧૭.૯૦ |
| ૩ | આણંદ | ૧૦૮ | ૧૯૬.૮૭ | ૫ | ૧૨૦.૩૭ |
| ૪ | અરવલ્લી | ૨૪ | ૯૬.૫૨ | ૧૧ | ૮૬૯.૮૩ |
| ૫ | બનાસકાંઠા | ૨૯ | ૨૯.૩૦ | ૧ | ૧૫.૦૦ |
| ૬ | ભરૂચ | ૨૬૦ | ૪૦૫૨.૫૪ | ૧ | ૧૦.૦૦ |
| ૭ | ભાવનગર | ૧૧૨ | ૫૧૫.૨૦ | ૧૪૦ | ૫૮૪.૭૫ |
| ૮ | બોટાદ | ૧૨ | ૫૨.૨૮ | ૦ | ૦.૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૨૮ | ૧૦૩.૯૫ | ૨૭ | ૧૧૬.૧૦ |
| ૧૦ | દાહોદ | ૧૫૧ | ૩૨૪.૭૦ | ૧ | ૧.૯૮ |

| ક્રમ | જિલ્લો | કુલ રસ્તા | કુલ ખર્ચ રૂ. લાખમાં | કુલ નાળા/પુલીયા | કુલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧૧ | ડાંગ | ૨૦ | ૨૦૧.૭૬ | ૧૭ | ૫૭.૨૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૬૩ | ૪૬.૧૦ | ૧ | ૬.૪૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૩૪ | ૧૨૯.૭૫ | ૬ | ૨૬.૬૭ |
| ૧૫ | જામનગર | ૪૩ | ૧૭૯.૧૮ | ૬ | ૫૪.૪૬ |
| ૧૬ | જૂનાગઢ | ૧૮ | ૪૨.૪૦ | ૪ | ૪.૦૦ |
| ૧૭ | કચ્છ | ૧૯ | ૨૮.૫૦ | ૩ | ૬.૧૫ |
| ૧૮ | ખેડા | ૧૦૫ | ૧૦૦૨.૩૨ | ૫ | ૧૦.૩૪ |
| ૧૯ | મહિસાગર | ૩૪ | ૭૩.૭૦ | ૭ | ૧૫.૭૮ |
| ૨૦ | મહેસાણા | ૧૨ | ૩૧.૭૩ | ૦ | ૦.૦૦ |
| ૨૧ | મોરબી | ૩૮ | ૨૩૧.૮૭ | ૯ | ૩૩.૧૧ |
| ૨૨ | નર્મદા | ૧૦૦ | ૪૨૮.૨૦ | ૧ | ૧૩.૫૨ |
| ૨૩ | નવસારી | ૧૯૦ | ૫૫૧.૧૪ | ૩૫ | ૧૭૬.૮૦ |
| ૨૪ | પંચમહાલ | ૧૧૧ | ૩૬૫.૮૭ | ૮ | ૧૦.૫૦ |
| ૨૫ | પાટણ | ૧૦૦ | ૩૩૩.૫૪ | ૦ | ૦.૦૦ |
| ૨૬ | પોરબંદર | ૨૩ | ૭૬.૮૮ | ૧ | ૨.૬૬ |
| ૨૭ | રાજકોટ | ૩૧ | ૨૩૮.૩૬ | ૧૦ | ૭૫.૩૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૭૩ | ૨૯૪.૧૨ | ૧૫ | ૪૨૨.૭૫ |
| ૨૯ | સુરત | ૨૮૨ | ૫૪૫.૭૭ | ૩૩ | ૨૪૭.૨૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૮૭ | ૫૪૪.૩૧ | ૨૧ | ૧૮૦.૮૫ |
| ૩૧ | તાપી | ૪૬ | ૧૩૪.૨૧ | ૮ | ૩૧.૧૯ |
| ૩૨ | વડોદરા | ૧૦૮ | ૨૫૩.૯૯ | ૨ | ૨૦.૩૦ |
| ૩૩ | વલસાડ | ૧૨૫ | ૫૯૦.૨૨ | ૬૭ | ૧૭૬.૯૦ |

(૩)

| ક્રમ | જિલ્લો | રસ્તાઓ | નાળા પુલીયા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૪ |
| ૨ | આણંદ | ૩ | ૬ |
| ૩ | ભરૂચ | ૩ | ૨ |
| ૪ | છોટાઉદેપુર | ૩ | ૧ |
| ૫ | ડાંગ | ૦ | ૩ |
| ૬ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૨૮ |
| ૭ | ગીર સોમનાથ | ૦ | ૩ |
| ૮ | નર્મદા | ૦ | ૧ |

(૪) ઉક્ત કામગીરી પ્રગતિ હેઠળ છે અને સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**આંતર જ્ઞાતિય લગ્ન સહાયની અરજીઓ**

અતારાંકિતઃ ૧૬૨૬ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ઉક્ત સહાય મેળવવાની જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૩) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ ત્રણ માસ, છ માસ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે,

(૪) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને

(૫) ઉક્ત અરજીઓમાં ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :** (૧૫-૦૨-૨૦૨૪)

(૧) રૂ. ૨,૫૦,૦૦૦/-

(૨) પત્રક સામેલ છે.

(૩) પત્રક સામેલ છે.

(૪) વર્ષ ૨૦૨૩-૨૪માં લક્ષ્યાંક સામે ૧૦૦% સિદ્ધિ પ્રાપ્ત થયેલ છે, લક્ષ્યાંક કરતાં વધુ અરજીઓ મળવાને કારણે અરજીઓ પડતર રહેલ છે.

(૫) ઉક્ત પડતર રહેલ અરજીઓમાં બનતી ત્વરાએ સહાય ચૂકવવામાં આવશે.

**પત્રક**

| ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના (તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | કુલ પડતર અરજીઓ | પડતર અરજીઓની સંખ્યા (તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ) | | |
| | | | ત્રણ માસથી વધુ પડતર | છ માસથી વધુ પડતર | એક વર્ષ કરતા વધુ સમયથી પડતર |
| ૧ | અમદાવાદ | ૯૪ | ૯૪ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૯૪** | **૯૪** | **૦** | **૦** |

**જોધપુર વોર્ડ અને સ્ટેડિયમ વોર્ડને ૨૪ કલાક પાણી પુરૂ પાડવા બાબત**

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

અતારાંકિતઃ ૫૩૭ (૨૮-૦૬-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૯/૨૦૧૯ના રોજ ચૌદમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૧૬ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરમાં ૨૪ કલાક પૂરતા દબાણથી પાણી પૂરવઠો આપવા માટે કરવામાં આવેલ અભ્યાસ બાદ જોધપુર વોર્ડ અને સ્ટેડિયમ વોર્ડને પસંદ કરવામાં આવેલ તે વોર્ડમાં તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ કેટલા કલાક પાણી પુરૂ પાડવામાં આવે છે,

(૨) ઉક્ત પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરાયેલ વોર્ડમાં પાઈપલાઈન અને અન્ય આનુસંગિક કેટલા રૂપિયાનો ખર્ચ ઉક્ત સ્થિતિએ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરાયેલ ઉક્ત વોર્ડમાં ક્યારથી ૨૪ કલાક પાણી પુરૂ પાડવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ)**:** (૧૫-૦૨-૨૦૨૪)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ,

- જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએ માં ૨૦ કલાક,
- નોવેક્ષ ડીએમએ માં ૧૪.૩૦ કલાક,
- ગોકુલ આવાસ અને ઘર વિહોણા ડીએમએ માં ૬.૩૦ કલાક તેમજ
- સ્ટેડિયમ વોર્ડમાં ૦૨ કલાક પાણી પુરૂ પાડવામાં આવે છે.

(૨) રૂ. ૩૫/- કરોડ

(૩) વોટર સપ્લાયના કલાકો દરમિયાન પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. વોટર મીટર આધારીત પાણીના વપરાશની નીતિ અમલમાં આવ્યા બાદ આ વિસ્તારમાં ૨૪ કલાક પાણી પુરૂ પાડવામાં આવશે.

--------

**સિધ્ધપુર શહેરમાં પીવાની પાણીની પાઈપલાઈનમાંથી મળી આવેલ માનવ કંકાલ**

અતારાંકિતઃ ૫૮૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) મે-૨૦૨૩માં પાટણ જિલ્લાના સિધ્ધપુર શહેરમાં પીવાના પાણીની પાઈપલાઈનમાંથી માનવ કંકાલ મળી આવેલ તે પાણી પીવા માટે વિતરણ કરવામાં આવતું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત માનવ કંકાલવાળુ પાણી કેટલા દિવસ કેટલા નાગરિકોને વિતરણ કરવામાં આવેલ,

(૩) ઉક્ત પાઈપલાઈન કે ટાંકીઓમાં માનવ કંકાલ કે માનવ શરીર કે અન્ય કચરો ન પડે તે જોવાની જવાબદારી કોની છે, અને

(૪) ઉક્ત બેદરકારી બદલ કોની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૬-૦૨-૨૦૨૪)

(૧) હા

(૨) શૂન્ય દિવસ

(૩) નગરપાલિકાના વોટર વર્કસ શાખાના ફરજ પરના કર્મચારીની

(૪) ફરજ પરના કર્મચારીને તત સમયે તાત્કાલિક ફરજ મોકૂફી ઉપર ઉતારવામાં આવેલ છે.

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્ટ્રોમ વોટરલાઈનમાં પાણી છોડવા બાબત**

અતારાંકિતઃ ૫૯૨ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧/૦૫/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં ટ્રીટ કર્યા વગરનું પાણી કોર્પોરેશનની સ્ટ્રોમ વોટરલાઇનમાં છોડતા ક્યા એકમોના ઇન્ડસ્ટ્રીયલ કનેક્શનો કાપી નાંખવામાં આવ્યા છે,

(૨) ઉક્ત એકમોને ક્યારથી સ્ટ્રોમ વોટરલાઇનમાં પાણી છોડવાની મંજૂરી આપવામાં આવેલ, અને

(૩) અન્ય એકમો સ્ટ્રોમ વોટરલાઇનમાં પાણી ન છોડે તે માટે તકેદારીના શા પગલા લેવામાં આવે છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૧૫-૦૨-૨૦૨૪)

(૧) કાપેલ ઇન્ડસ્ટ્રીયલ કનેક્શનોની વિગત આ સાથે સામેલ પત્રક મુજબ છે.

(૨)

- અમદાવાદ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિયેશનને વર્ષ ૨૦૧૪માં સી.ઈ.ટી.પી. (કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) કાર્યરત થાય ત્યાં સુધી પાણી છોડવાની મંજૂરી આપવામાં આવેલ, આ મંજૂરી તા.૧૨/૦૩/૨૦૨૧થી રદ કરવામાં આવેલ છે.
- કર્ણાવતી ટેક્ષટાઇલ એસોસિયેશનને વર્ષ ૨૦૨૧માં સી.ઈ.ટી.પી. (કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) કાર્યરત થાય ત્યાં સુધી મંજૂરી આપવામાં આવેલ, આ મંજૂરી તા.૧૭/૧૨/૨૦૨૧થી રદ કરવામાં આવેલ છે.

(૩) હાલમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇનમાં એકમો દ્વારા કનેક્શન કરવામાં ન આવે તે માટે ઝોનલ કક્ષાએ ટીમ બનાવી અવારનવાર ચેકિંગ કરવામાં આવે છે.

**પત્રક**

| અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટોર્મ વોટર લાઇનમાં આવતા ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન બંધ કર્યા/કાપ્યાની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત | | | | | | | |
| અનુ | ઝોન | વોર્ડ | ઇન્ડસ્ટ્રીઝ/કનેક્શનનું નામ | ઇન્ડસ્ટ્રીઝ/કનેક્શન બંધ કર્યા/કાપ્યાની તારીખ | કાપેલ કનેક્શનની સંખ્યા | એસ્ટેટ આવેલ યુનિટની સંખ્યા | રીમાર્કસ |
| ૧ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | હાઈ કલર પ્રોસેસ પાસે | ૨૨.૧૧.૨૦૨૧ | ૨ | ૨ | |
| ૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | જી ક્રિએશન | ૨૨.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૩ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | હીના સ્ક્રીન પ્રિન્ટ | ૨૨.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૪ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સનરાઇઝ સ્ક્રીન પ્રિન્ટ | ૨૨.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૫ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | ક્રિષ્ના ફાર્મ ગુલાબ નગર પાસે | ૨૪.૧૧.૨૦૨૧ | ૨ | ૨ | |
| ૬ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | કાના એકઝીમ | ૨૫.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૭ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અલાદી ક્લોથીંગ | ૨૬.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૮ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | લોખંડવાલા એસ્ટેટ-૨ | ૨૬.૧૧.૨૦૨૧ | ૧ | ૫ | |
| ૯ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | રાનીવાલા પ્રોસેસ | ૨૬.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૦ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | ઇલ્યાસ ઐયુબભાઇ રાનીવાલા નું યુનિટ | ૨૬.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૧ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | એ એસ ટેકસ્ટાઇલ | ૨૬.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | આશીર્વાદ એસ્ટેટ | ૨૯.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૩ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | મનીષ એસ્ટેટ | ૨૯.૧૧.૨૦૨૧ | ૧ | ૬ | |
| ૧૪ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | આશીર્વાદ એસ્ટેટ | ૧૩.૧૨.૨૦૨૧ | ૬ | ૭ | |
| ૧૫ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | આશીર્વાદ ટેક્સટાઇલ | ૧૩.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૬ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | આશીર્વાદ ટેક્સટાઇલ | ૧૪.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૭ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સવાઈજી વાલા પ્રિન્ટ ફેક્ટરી | ૨૦.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૮ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સનબિલ્સ એન્ડ પ્રોસેસ | ૨૧.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૧૯ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | એટલાસ સ્ક્રીન પ્રિન્ટર્સ | ૨૨.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૦ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અમીન ટેક્સટાઇલ | ૨૨.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૧ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | આખી ડાઇ કેમ યુનિટ-૨ | ૨૨.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | નારણભાઇ રબારી વોશિંગ યુનિટ | ૨૩.૧૧.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૩ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | કોટન એન્ટરપ્રાઇઝ | ૨૩.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૪ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સમાજ સ્ક્રીન પ્રિન્ટ | ૨૪.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૫ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અલમાસ એન્ટરપ્રાઇઝ | ૨૪.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |

| અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટોર્મ વોટર લાઇનમાં આવતા ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન બંધ કર્યા/કાપ્યાની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત** | | | | | | | |
| **અનુ** | **ઝોન** | **વોર્ડ** | **ઇન્ડસ્ટ્રીઝ/કનેક્શનનું નામ** | **ઇન્ડસ્ટ્રીઝ/કનેક્શન બંધ કર્યા/કાપ્યાની તારીખ** | **કાપેલ કનેક્શનની સંખ્યા** | **એસ્ટેટ આવેલ યુનિટની સંખ્યા** | **રીમાર્કસ** |
| ૨૬ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | શાઇન ટેક્સટાઇલ | ૨૯.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૭ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | મહાવીર ઇન્ડસ્ટ્રીઝ | ૨૯.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૮ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | મુન્ના ટેક્ષટાઇલ પ્રોસેસ | ૩૦.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૨૯ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | મીઝાન ડાઇગ | ૩૦.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૩૦ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | એ.આર ટેક્સટાઇલ | ૩૦.૧૨.૨૦૨૧ | ૧ | ૧ | |
| ૩૧ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સરસ્વતી પ્રિન્ટ | ૧૨.૦૧.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | શ્રી નારાયણ ફેબ્રિક્સ | ૧૨.૦૧.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૩ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સિદ્ધેશ્વરી ડેનિમ | ૧૨.૦૧.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૪ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | એસએમએસ વોશ | ૧૮.૦૧.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૫ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | લોખંડવાલા એસ્ટેટ-૨ | ૦૭.૦૨.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૬ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | પીરાણા ડમ્પીંગ સાઇડ સામે દેવાંગ એસ્ટેટ યુનિટ-૧ | ૦૯.૦૨.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૩૭ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | યુનિટ વન લોખંડવાલા એસ્ટેટ ૧ | ૧૦.૦૨.૨૦૨૨ | ૧ | ૨ | |
| ૩૮ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | સોમનાથ મહાદેવ મંદિર રોડ | ૧૫.૦૨.૨૦૨૨ | ૧ | ૩૫ | |
| ૩૯ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | યુનિટ વન ગુજરાત વે બ્રીજ વાલી ગલી | ૦૫.૦૩.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૦ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | કેપિટલ વોશ સિકંદર માર્કેટ | ૨૪.૦૩.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૧ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અયુબભાઇ રંગવાલા યુનિટ સિકંદર માર્કેટ | ૨૪.૦૩.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અંજની કેમ ગણેશ કેમમ ઇન્ડસ્ટ્રીઝ આજેલ દાયકેમ | ૧૯.૦૫.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૩ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | ન્યુ હાજી વોશ | ૦૭.૦૬.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૪ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | લક્ષ્મીનારાયણ વે બ્રીજ સામે સોમનાથ મહાદેવ રોડ | ૨૩.૦૬.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૫ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | ઝેડ કે વે બ્રિજ ગુલાબ નગર રોડ | ૨૩.૦૬.૨૦૨૨ | ૧ | ૧ | |
| ૪૬ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | મક્કા મસ્જીદની બાજુ વાળી ગલી | ૧૯.૦૧.૨૦૨૩ | ૧ | ૪ | |
| ૪૭ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | શહેઝદભાઇ સલીમભાઇ મીરઝા, લોખંડવાલા એસ્ટેટ-૨ | ૨૩.૦૨.૨૦૨૩ | ૧ | ૩ | |
| ૪૮ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | અગ્રવાલ એસ્ટેટ, સોમનાથ ટેમ્પલ રોડ | ૨૩.૦૨.૨૦૨૩ | ૧ | ૧ | |
| ૪૯ | દક્ષિણ ઝોન | બહેરામપુરા | એચ. એફ. હેન્ડ પ્રોસેસ | ૦૪.૦૩.૨૦૨૩ | ૧ | ૧ | |
| | | | | **કુલ ટોટલ** | **૫૬** | **૧૦૬** | |

**અમદાવાદ જિલ્લામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ**

અતારાંકિતઃ ૬૧૧ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૧૯ના રોજ પંદરમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૦૮ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૧૮ સુધી અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા તો તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની કઇ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કઇ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવાના બાકી છે, તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાકી નગરપાલિકામાં ક્યાં સુધીમાં ઘન કચરાના નિકાલનો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૧૪-૦૨-૨૦૨૪)

(૧) તા.૩૦/૦૬/૧૮ સુધી અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા પરંતુ, તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની વિરમગામ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ પૈકી ભીના કચરાના પ્લાન્ટ કાર્યરત કરેલ છે. તેમજ ધંધુકા નગરપાલિકામાં ઘન કચરાના નિકાલ હેતુ Material Recovery Facility (MRF) સેન્ટર, ટ્રોમેલ મશીન અને શ્રેડર મશીન કાર્યરત છે.

(૨)

| ક્રમ | નગરપાલિકા | કારણો. |
|---|---|---|
| ૧ | વિરમગામ | ઘન કચરાના પ્લાન્ટ પૈકી સુકા કચરાના પ્લાન્ટ Material Recovery Facility (MRF) માટે નગરપાલિકા દ્વારા ત્રણ વખત ટેન્ડર કરી એજન્સીને આવકારેલ હતી પરંતુ ઉક્ત ટેન્ડર દરમ્યાન એક પણ એજન્સી દ્વારા ભાગ ન લેવામાં આવેલ હોવાથી સુકા કચરાના પ્લાન્ટ Material Recovery Facility (MRF) કાર્યરત થયેલ નથી. |
| ૨ | ધંધુકા | Organic Waste Converter (OWC) મશીન તેમજ ભૂતકાળમાં આવેલ વાવાઝોડા પૈકી પીટ કમ્પોસ્ટ સંપૂર્ણ નુકશાન પામેલ જેથી તેનું રીનોવેશન કરવું અને મશીન અને પીટ રીપેરીંગ અર્થે કોસ્ટ એસ્ટીમેશન કામગીરી આયોજનમાં હોઈ તેથી બંધ હાલતમાં છે. |
| ૩ | બારેજા | Organic Waste Converter (OWC) Machine ને Plastic Shedder Machine ની ખરીદી પૂર્ણ કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં મશીનરી ઈન્સ્ટોલ કરી પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે. |
| ૪ | ધોળકા | ઘન કચરાના નિકાલ માટે હાલમાં લેગસી વેસ્ટના પ્રોસેસીંગની મોટાભાગની કામગીરી થયેલ છે. આ કામગીરી પૂર્ણ થયેથી ઘન કચરાના નિકાલ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. |
| ૫ | સાણંદ | Material Recovery Facility (MRF) સેન્ટરની સિવિલ વર્કની કામગીરી પ્રગતિમાં હોવાના કારણે પ્લાન્ટ કાર્યરત થઇ શકેલ નથી. |
| ૬ | બાવળા | ટ્રોમેલ મશીન તેમજ શ્રેડર મશીનની ખરીદી પૂર્ણ કરવામાં આવેલ છે પરંતુ ઇન્સ્ટોલેશનની કામગીરી બાકી હોવાથી પ્લાન્ટ કાર્યરત થઇ શકેલ નથી. |

(૩)

| ક્રમ | નગરપાલિકા | પ્લાન્ટ કાર્યરત થવાની સંભવિત તારીખ |
|---|---|---|
| ૧ | વિરમગામ | એપ્રિલ-૨૦૨૪ |
| ૨ | ધંધુકા | જુલાઇ-૨૦૨૪ |
| ૩ | બારેજા | જૂન-૨૦૨૪ |
| ૪ | ધોળકા | જુલાઇ-૨૦૨૪ |
| ૫ | સાણંદ | ઓક્ટોબર-૨૦૨૪ |
| ૬ | બાવળા | જૂન-૨૦૨૪ |

## રાજ્યમાં મંજૂર થયેલ ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં ટી.પી.ઓ. તરીકે નિમણૂક બાબત

અતારાંકિતઃ ૯૮૧ (૦૫-૧૦-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ પ્લાનીંગ સ્કીમોને આપેલ મંજૂરીઓમાં એક ટી.પી.ઓ. ને એકથી વધારે ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં ટી.પી.ઓ. તરીકે નિમણૂક આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા ટી.પી.ઓ.ને એકથી વધારે કઈ ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં નિમણૂક/ચાર્જ આપવામાં આવેલ છે,

(૩) એક થી વધારે ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં નિમણૂક/ચાર્જ આપવાના કારણો શા છે, અને

(૪) ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમો આખરી ઝડપથી થાય તે માટે દરેક ટાઉન પ્લાનીંગ સ્કીમવાર ટીપીઓની નિમણૂક કરવાનું સરકારનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૫-૦૨-૨૦૨૪)

(૧) હા.

(૨) *એનેક્ષર-૧ મુજબ

(૩) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ મુજબ નિમણૂક/ચાર્જ આપવામાં આવે છે.

(૪) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ મુજબ ટીપીઓની નિમણૂક કરવામાં આવે છે.

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજ્યમાં ઝોન ફેરફારની મંજૂરી

અતારાંકિતઃ ૧૦૭૩ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કયા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં આવતી કયા ગામની કેટલી જમીન એગ્રીકલ્ચર ઝોનમાંથી રેસિડેન્શિયલ ઝોનમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત ઝોન ફેરફારની મંજૂરી આપવાના કારણો શા છે, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાજ્ય સરકાર અને સત્તામંડળને કેટલી રકમની આવક થઈ ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૫-૦૨-૨૦૨૪)

(૧) વર્ષ ૧ (તા.૧૫-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩) - ૧ (એક)
વર્ષ ૨ (તા.૧૫-૦૯-૨૦૨૧ થી તા.૧૪-૦૯-૨૦૨૨) - શૂન્ય
વર્ષ ૩ (તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૪-૦૯-૨૦૨૧) - ૧(એક)

વિગતવાર માહિતી આ સાથે સામેલ એનેક્ષર-૧ના કોલમ નં.૨, ૩ તથા ૫ મુજબ છે.

(૨) જાહેર હિતમાં.

(૩) ઝોનફેર થવાથી રાજ્ય સરકાર તેમજ સત્તામંડળને કોઈ પણ પ્રકારની આવક થતી નથી.

**એનેક્ષર-૧**

**તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કયા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં આવતી કયા ગામની કેટલી જમીન એગ્રીકલ્ચર ઝોનમાંથી રેસિડેન્શિયલ ઝોનમાં ફેરવવાની મંજૂરી આપવામાં આવી**

| અ.નં. | શહેરી વિકાસ સત્તામંડળનું નામ | મોજે. | રે.સ.નં./ બ્લોક નં. | ક્ષેત્રફળ | સરકારશ્રી દ્વારા કલમ-૧૯ હેઠળ ઝોન ફેરની દરખાસ્ત મંજૂર કર્યા તારીખ | ઝોન ફેરફારના કારણો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| **વર્ષ ૧ (તા.૧૫-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩)** | | | | | | |
| ૧ | સુરત | વડોદ | ૨૪૦/પૈકી, ૨૪૮/પૈકી, ૨૫૦/પૈકી | ૫૪૭૯૫ ચો.મી. | તા.૧૧/૦૮/૨૦૨૩ | જાહેરહિતમાં |
| **વર્ષ ૨ (તા.૧૫-૦૯-૨૦૨૧ થી તા.૧૪-૦૯-૨૦૨૨)** | | | | | | |
| માહિતી શૂન્ય છે. | | | | | | |
| **વર્ષ ૩ (તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૪-૦૯-૨૦૨૧)** | | | | | | |
| ૧ | ગાંધીનગર | શેરથા | ૧૦૮૬, ૧૬૫૧, ૧૬૫૨, ૧૬૫૪, ૧૬૬૨, ૧૬૬૩, ૧૬૬૫ થી ૧૬૮૭, ૨૭૯૧ | ૧૬ હેક્ટર | તા.૦૬/૦૭/૨૦૨૧ | જાહેરહિતમાં |

## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ

અતારાંકિતઃ ૧૩૮૬ (૦૪-૧૨-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના બજેટમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ મુખ્યત્વે કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી :** (૧૩-૦૨-૨૦૨૪)

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના બજેટમાં વર્ષવાર નીચે મુજબની રકમની જોગવાઈ કરવામાં આવેલ

| વર્ષ | બજેટ જોગવાઈ (રૂ.લાખમાં) | સુધારેલ બજેટ જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૧૪૯૯૯.૭૪ | ૪૧૫૩૨૪.૨૦ |
| ૨૦૨૧-૨૨ | ૩૫૧૧૦૧.૭૧ | ૪૫૨૨૬૨.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૭૬૩૨.૭૩ | ૬૧૯૨૭૩.૩૭ |

(૨) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | વર્ષવાર ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૧૦૯૩૫.૭૩ |
| ૨૦૨૧-૨૨ | ૪૩૧૯૨૬.૮૫ |
| ૨૦૨૨-૨૩ | ૫૦૩૯૯૩.૮૮ |
| ૨૦૨૩-૨૪ | ૨૮૩૨૭૨.૬૬ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર વપરાયેલ રકમ અને વણવપરાયેલ રકમના મુખ્ય કારણો નીચે મુજબ છે.

| વર્ષ | વર્ષવાર વાપરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | વર્ષવાર વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૦૫૮૪૪.૫૫ | ૫૦૯૧.૧૮ |
| ૨૦૨૧-૨૨ | ૪૩૦૧૫૨.૬૦ | ૧૭૭૪.૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૭૦૭૫.૦૫ | ૬૯૧૮.૮૩ |
| ૨૦૨૩-૨૪ | ૨૨૯૨૦૩.૦૦ | ૫૪૦૬૯.૬૬ |

**રકમ વણવપરાયેલ રહેવાના કારણો:**

- કોવિડ-૧૯ને કારણે આંગણવાડી કેન્દ્રો કાર્યરત ન હોવાના કારણે.
- લાભાર્થીઓની અરજીઓ ઓછી મળવાના કારણે ગ્રાંટ બચત રહેવા પામેલ.
- નારી સંરક્ષણ ગૃહ/કેન્દ્રોમાં આશ્રય મેળવનાર મહિલાઓની સંખ્યા નિશ્ચિત રહેતી ન હોવાના કારણે.
- કોવિડ-૧૯ના કારણે વિધવા તાલીમ સહાય કેન્દ્રો બંધ રહેવાના કારણે તાલીમ અને અન્ય ખર્ચ ન હોવાથી
- ચાલુ નાણાકીય વર્ષ: ૨૦૨૩-૨૪ના વર્ષના અંતિત સુધારેલ અંદાજ જોગવાઈ મુજબ ખર્ચ થઈ જશે. આથી વણવપરાયેલ રહેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૬૮૦ | ૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૮૦, ૧૧૩૧, ૧૨૦૬, ૧૪૯૭, ૧૫૭૦, ૧૫૭૩ | ૬ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૪૨, ૯૭૫, ૧૨૬૫, ૧૩૦૫, ૧૬૨૫ | ૫ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષાને લગતી બાબતો વિભાગ | ૧૩૦૩ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૯૬, ૧૦૫૮, ૧૧૨૯, ૧૧૩૫, ૧૧૩૮, ૧૨૧૧, ૧૨૭૨, ૧૨૮૪, ૧૬૭૫ | ૯ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૦૯૯, ૧૨૦૦, ૧૨૬૦, ૧૨૭૮, ૧૩૧૧, ૧૪૫૭, ૧૪૯૧ | ૭ |
| ૭ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૧૫૮૯ | ૧ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૨૯૪ | ૧ |
| ૯ | કાયદા વિભાગ | ૧૫૮૮, ૧૫૯૫ | ૨ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૬૩૭ | ૧ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૬૨૬, ૧૩૫૯ | ૨ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૧૦૮૪, ૧૧૫૫, ૧૬૮૨ | ૩ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૯૬૫, ૯૬૭, ૧૦૨૬ | ૩ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ૧૬૨૬ | ૧ |
| ૧૫ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૫૩૭, ૫૮૧, ૫૯૨, ૬૧૧, ૯૮૧, ૧૦૭૩ | ૬ |
| ૧૬ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૩૮૬ | ૧ |
| | | કુલ | ૫૦ |

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**
**માગણી ક્રમાંકઃ ૫**

ફાલ્ગુન ૭, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ )

શ્રી જગદીશ વિશ્વકર્મા (રા. ક.ના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૧૪,૫૫,૬૮,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૦,૧૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષભાઇ પરમારઃ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૮૫**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રા.ક.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૨,૮૬,૮૧,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૭૪,૬૪,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૮૬**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રા. ક.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૨૯,૪૦,૪૨,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૩,૯૪,૯૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર ચૌધરી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૮૭**

**માર્ગ અને મકાન વિભાગ**

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ )

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૫૫,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૪૮,૦૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ . | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં .૫** | |
| ૧ | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–COP 21–સહકારી...અધિકારી<br>રૂ .૧૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૬૪ | ૧૦૦ | ખાનગી એ.પી.એમ.સી.ઓને અપાતી મંજૂરીને કારણે સહકારી ધોરણે ચાલતી એ.પી.એમ.સી.ઓને થતું નુકસાન નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા )કાન્તીભાઇ ખરાડી( |
| *૨ | – – " – – | ૧૦૦ | રાજયની જિલ્લા સહકારી મંડળીઓમાં બિન સત્તાવાર સભ્યોનીતપાસ કરી તેમનાનામો રદ કરવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર)વિમલભાઇ ચુડાસમા( |
| ૩ | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૩–સહકારી પંચ<br>રૂ .૧,૭૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૬૪ થી ૧૬૭ | ૧૦૦ | રાજયમાં બોર્ડ ઓફ નોમીની કોર્ટોની અનિયમિત કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી શૈલેષ પરમાર (અરવિંદભાઇ લાડાણી) |
| ૪ | ૨૪૨૫–સહકાર<br>૧૦૧–સહકારી...ઓડીટ<br>૦૧–COP–23-સરકારી...તપાસણી<br>રૂ .૪૪,૨૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૭૨ | ૧૦૦ | સહકારી મંડળીઓની હિસાબ તપાસણીની કામગીરી સમયસર પૂર્ણ ન થવાને કારણે તેમા થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૫ | ૨૪૩૫–અન્ય...કાર્યક્રમો<br>૦૧–ખરીદ...નિયંત્રણ<br>૧૦૧–ખરીદ...સવલતો<br>રૂ .૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૮૭ અને ૧૮૮ | ૧૦૦ | રાજયની મોટાભાગની માર્કેટયાર્ડમાં પાક સંરક્ષણની પૂરતી સુવિધાઓના અભાવે પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૬ | – – " – – | ૧૦૦ | માર્કેટયાર્ડના હોદ્દેદારો અને વેપારીઓની સાંઠગાંઠ દ્વારા ખેડૂતોના પાકની સસ્તા ભાવે થતી ખરીદીને કારણે ખેડૂતોને થતું આર્થિક નુકસાન નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | ડૉ .તુષાર ચૌધરી |
| ૭ | ૨૪૩૫–અન્ય...કાર્યક્રમો<br>૦૧–ખરીદ...નિયંત્રણ<br>૧૦૧–ખરીદ...સવલતો<br>રૂ .૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૮૭ અને ૧૮૮ | ૧૦૦ | ખેડૂતોને પાકના વેચાણ માટે નજીકના સ્થળે વેચાણ કેન્દ્રોની સવલત પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી અમીત ચાવડા (અમૃતજી ઠાકોર, કિરીટકુમાર પટેલ, ગેનીબેન ઠાકોર) |
| *૮ | ૩૪૭૫–અન્ય...સેવાઓ<br>૨૦૦–અન્ય...વિનિયમન<br>૦૧–શાહુકાર...અમલ | ૧૦૦ | શાહુકાર અધિનિયમ કાયદાનો સખ્તાઈથી અમલ કરાવી વ્યાજખોરો પર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ .૫,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૩<br>પાના નં –.૧૯૮ | | | |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં .૮૫** | | |
| *૯ | ૪૨૧૬–આવાસન...જોગવાઇ<br>૦૧–સરકારી...મકાનો<br>૧૦૬–સામાન્ય...સમુચ્ચય<br>રૂ .૨,૪૨,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૧૫૭ થી ૧૮૦ | ૧૦૦ | કર્મચારીઓના સરકારી આવાસોની મરામતની કામગીરીસમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| | | **માગણી નં .૮૬** | | |
| *૧૦ | ૩૦૫૪–માર્ગ...પુલ<br>૦૪–જિલ્લા...માર્ગો<br>૧૦૫–જાળવણી અને સમારકામ<br>રૂ .૭,૨૮,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૫૩ થી ૫૫ | ૧૦૦ | બોટાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓની સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| *૧૧ | ૩૦૫૪–માર્ગ...પુલ<br>૦૪–જિલ્લા...માર્ગો<br>૩૩૭–માર્ગ કામો<br>રૂ .૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૫૩ થી ૫૭ | ૧૦૦ | જિલ્લાઓમાં માટીકામ પૂરુંથયા બાદ તેના પરડામરના પાકા રસ્તાઓ બનાવવાના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૧૨ | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૨,૫૧,૭૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૬૦ થી ૬૩ | ૧૦૦ | નબળી ગુણવત્તાવાળું માર્ગોનું બાંધકામ કરનારા કોન્ટ્રાકટરો સામે સખ્તાઇથીપગલાં લેવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અરવિંદભાઇ લાડાણી<br>)કાન્તીભાઇ ખરાડી( |
| ૧૩ | – – " – – | ૧૦૦ | માર્ગ અને મકાન વિભાગના સરકારી ઇજનેરો પાસેતેઓએ કરવાની થતી કામગીરી સિવાયના અન્ય વધારાના સરકારી કામો કરાવવામાં આવે છે તેવી રજૂઆતો પછી પણ યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૧૪ | – – " – – | ૧૦૦ | માર્ગ અને મકાન વિભાગને માતબર રકમની ફાળવણીકરવા છતાં પ્રોજેક્ટો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમૃતજી ઠાકોર |
| *૧૫ | – – " – – | ૧૦૦ | બ્લેક લીસ્ટ થયેલ કોન્ટ્રાકટરોને ફરીથી કામ આપનાર જવાબદારો/અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | ગેનીબેન ઠાકોર |
| ૧૬ | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૨,૫૧,૭૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૬૦ થી ૬૩ | ૧૦૦ | પૂલ અને રસ્તાની ગુણવત્તા ચકાસણી અંગેના રીપોર્ટની કરવામાં આવતી અવગણના સામે યોગ્ય પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૭ | – – " – – | ૧૦૦ | માર્ગ અને મકાન વિભાગ દ્વારા એસ.ઓ.આર.માં ફેરફાર કરી મોડલ નંબરની વસ્તુઓ એક જ એજન્સી દ્વારા મેળવવામાં થતી ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮ | – – " – – | ૧૦૦ | રસ્તાના જોબ નંબરો આપ્યા બાદતે અંગેની કામગીરી શરૂ કરવા ગ્રાન્ટની રકમ સત્વરે ફાળવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૯ | – – " – – | ૧૦૦ | માર્ગ અને પૂલોના બાંધકામમાં મુખ્ય કોન્ટ્રાકટરો દ્વારા પેટા કોન્ટ્રાકટરોને કામ આપવાને કારણે | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | માલસામાનની ગુણવત્તામાં થતા ચેડાં નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | |
| *૨૦ | ૫૦૫૪–માર્ગ...જોગવાઇ<br>૦૧–રાષ્ટ્રીય ધોરી માર્ગ<br>૩૩૭–માર્ગકામો<br>રૂ .૧,૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૨૩૨ અને ૨૩૩ | ૧૦૦ | રાજયમાં બિસ્માર હાલતના નેશનલ હાઇવેનું સત્વરે મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૨૧ | ૫૦૫૪–માર્ગ...જોગવાઇ<br>૦૩–રાજય ધોરીમાર્ગ<br>૧૦૧–પુલો<br>રૂ .૩,૮૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૨૩૪ અને ૨૩૫ | ૧૦૦ | ગુણવત્તા ચકાસણી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના નવા પૂલોને ખુલ્લા મુકવાના કારણે થોડા સમયમાં પૂલો તુટી જવાની પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમીત ચાવડા |
| ૨૨ | – – " – – | ૧૦૦ | રાજયનાજોખમી પૂલોની સત્વરે મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | ડૉ .તુષાર ચૌધરી |
| | | **માગણી નં .૮૭** | | |
| *૨૩ | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય...વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ .૨૦,૫૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં–.૨૨ )ભાગ–૧ (<br>પાના નં –.૪૦ થી ૪૨ | ૧૦૦ | સરકારી આવાસોને ભાડે આપનાર અધિકારી–કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી જીગ્નેશ મેવાણી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**અધ્યક્ષશ્રીઃ** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગ આપણું સહકારી તંત્ર તે ગુજરાતની એક આગવી ઓળખ છે, ગૌરવ છે અને આખા દેશમાં એક આપણી અલગ એની છાપ છે અને ઓળખાણ છે. વિના સહકાર નહીં ઉદ્ધાર એ સૂત્ર સાથે આ સહકારી મુવમેન્ટની શરૂઆત થઇ અને અનેક લોકોએ ખૂબ મહેનત અને તેની પાછળ સમર્પણને કારણે આજે આપણે આ મુકામ સુધી પહોંચ્યા છીએ. સહકારમાં સરકારની ડખલ ના હોય એ વર્ષોથી સરકારે સ્વીકારેલો એક સિદ્ધાંત હતો પણ અત્યારે જોઇએ તો સહકારી વિભાગોનું સરકારીકરણ થઇ ગયુ છે. એટલે જે સહકારની ભાવનાથી ચાલતું હતું તે તંત્ર આજે સરકારની ઇચ્છા મુજબ સરકારની ડખલથી સરકારીકરણની રીતે ચાલે છે અને તેના કારણે ધીમે ધીમે જે આ ભાવના હતી સહકારની તેમાં કયાંક અને કયાંક ઉણપ આવતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી સંસ્થાઓમાં ભરતી અને રોજગારી આપવા માટેનું ખૂબ મોટું આ નેટવર્ક છે, માધ્યમ છે. વર્ષોથી જે ભરતી પ્રક્રિયાઓ ચાલે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં જોઇએ તો ગરીબ, સામાન્ય સમાજમાંથી આવતા દીકરા–દીકરીઓ ભણી ગણીને બહાર આવે અને સરકારી નોકરી ના મળે તો એની આશા હોય કે પોતાના જિલ્લામાં જ સહકારી સંસ્થાઓ છે તેમાં કયાંક એને નોકરીમાં તક મળશે પણ જે રીતે અત્યારે ભરતી પ્રક્રિયા સહકારી સંસ્થાઓમાં ચાલે છે, ભેદભાવ ચાલે, અન્યાય થાય અને પારદર્શકતાનો અભાવ અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચારનો આક્ષેપ. મારી આપના મારફત સરકારને વિનંતી છે કે, આ સહકારી સંસ્થાઓમાં જે આ ભરતીમાં કૌભાંડો અને પારદર્શકતાનો અભાવ છે તેના કારણે યુવા પેઢીમાં તેના માટેનું જે સન્માન છે, જે સ્થાન છે, તેમાં કયાંક ઉણપ આવી છે તો તેને રોકવા માટે આખા ગુજરાતમાં જેટલી પણ સહકારી સંસ્થાઓ છે આ તમામ સહકારી સંસ્થાઓમાં ભરતીમાં પારદર્શકતા આવે એટલા માટે રાજય સરકારે સહકારી સંસ્થા ભરતી બોર્ડની રચના કરવી જોઇએ અને ગુજરાતમાં જેટલી પણ સહકારી સંસ્થાઓ છે તેની ભરતીની ખાલી જગ્યા માટેના માગણા મંગાવીને કોમન વ્યવસ્થાઓ ઊભી કરી અને પારદર્શક રીતે ભરતીની પ્રક્રિયા કરવામાં આવે તો હું માનું છું કે આ સંસ્થાઓની જે વર્ષોથી છાપ છે, ઇમેજ છે તે આપણે સારી રીતે જાળવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંસ્થાઓમાં જે ભ્રષ્ટાચાર થાય છે તેના કારણે અનેક સારી સહકારી સંસ્થાઓ જે ખૂબ સારું કામ કરે છે, સમાજની સેવા કરે છે, લોકોને આર્થિક રીતે સમૃદ્ધ કરે છે તેની છાપને પણ કયાંક અને કયાંક કલંકિત કરે છે. કાળો ભ્રષ્ટાચાર છે પણ દૂધમાંથી થાય એ સફેદ ભ્રષ્ટાચાર. અહીંયા મારી પાસે સુરેન્દ્રનગરથી અનેક લોકોની પશુપાલકોની ફરિયાદો મળી છે. એની તપાસ કરાવી તો સુરેન્દ્રનગર જે દૂધ સંઘ છે તેના દ્વારા વર્ષ–૨૦૧૫ની સાલમાં નક્કી કરવામાં આવ્યું કે ત્યાં દૂધ ભેગું કરવામાં આવે છે, કલેકશન આવે છે. તેના પેકિંગ માટે ૨ લાખ લિટરની ક્ષમતાવાળો પેકિંગ પ્લાન્ટ વર્ષ–૨૦૧૫માં

બનાવવાનું નક્કી થયું. પૂર્ણ કરવાની તારીખો પણ નક્કી કરવામાં આવી, પણ જે રીતે એનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો એ તમામ નીતિ–નિયમોનું ઉલ્લંઘન કરીને કોન્ટ્રાક્ટ અપાય અને તેના કારણે જે પ્લાન્ટ ૩૫ કરોડ રૂપિયામાં બનવાનો હતો તે પ્લાન્ટ ૧૦૦ કરોડે પહોંચ્યો અને પશુપાલકોના પરસેવાના, મહેનતના લગભગ ૬૫ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આ સફેદ ભ્રષ્ટાચારના માધ્યમથી માનીતા લોકો પાસે પહોંચી.

માનનીય અધ્યક્ષશ્રી, આની ફરિયાદો થઇ. રાજ્ય રજિસ્ટ્રારે વર્ષ–૨૦૧૫માં તેની તપાસનો ઓર્ડર કર્યો અને તપાસ ટીમો ગઇ, એન.ડી.ડી.બી. દ્વારા પણ તપાસ કરવામાં આવી, તેના પણ રિપોર્ટ આપવામાં આવ્યા. તેનો જે મિકેનિકલ અને સિવિલ વર્ગ હતો, બન્નેમાં મોટા પ્રમાણમાં નિયમોની અનદેખી થઇ, ટેન્ડરના નિયમોનું ઉલ્લંઘન થયું અને જે મશીનરી આવી તેનું ઇન્સ્ટોલેશન નહોતું થયું તે પહેલાં તેના પેમેન્ટ થઇ ગયા, કોઇ પણ જાતના રી–ટેન્ડરિંગ વગર કરોડો રૂપિયાનું વધારાનું ચૂકવણું થયું અને તે આખા તપાસ અહેવાલના આધારે રાજ્ય રજિસ્ટ્રારે વર્ષ–૨૦૨૧માં હુકમ પણ કર્યો કે આ તમામ તપાસ અહેવાલ જોતાં મોટા પ્રમાણમાં નિયમોનું ઉલ્લંઘન થયું છે, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે અને તેના કારણે કલમ–૮૬ હેઠળ તમામ જે ચેરમેન અને આખું બોર્ડ હતું, અધિકારીઓ હતા, જે જવાબદારો હતા તેની સામે કાર્યવાહી કરવાનો હુકમ પણ કર્યો. વર્ષ–૨૦૨૧માં હુકમ થાય છે. પશુપાલકોના દૂધના પૈસા, પરસેવાના પૈસા કરોડો રૂપિયા આજે વર્ષ–૨૦૨૪ સુધી પણ તેની સામે એકશન નથી લેવાતા. કારણ કે, આ સફેદ ભ્રષ્ટાચાર કરનારા કદાચ અહીંયા રાજ્યમાં બેઠેલા કે કોઇ બીજાના માનીતા હોય, ક્યાંક રાજકીય રીતે એમને પીઠબળ હોય છે એના કારણે એમના તમામ *(xxx) અને ફરી પાછા સફેદ બની જાય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી અમિત ચાવડા : પશુપાલકોના પરસેવાના પૈસા છે એને આ રીતે ભ્રષ્ટાચારથી ઘરે લઇ જાય એ કોઇ પણ સંજોગોમાં ચલાવી ના લેવાય. એનો તપાસ અહેવાલ આવી ગયો છે. એની પર તાત્કાલિક કાર્યવાહી થવી જોઇએ. કોઇ સામાન્ય ગામની મંડળી હોય એની મુદ્દત પૂરી થાય અને ત્યારપછી એકાદ–બે મહિનામાં એની ચૂંટણી ન થાય તો તરત જ ત્યાં વહીવટદાર મૂકવામાં આવે છે, *(xxx) છેલ્લે વર્ષ ૨૦૦૬માં ચૂંટણી થઇ. વર્ષ ૨૦૦૯માં એની મુદત પૂર્ણ થઇ.

અધ્યક્ષશ્રી : રેકર્ડ પર સાચી માહિતી હોય એટલી જ આપીએ. જે વ્યક્તિ એ મંડળીના સભ્ય નથી એમના નામનો ઉલ્લેખ કરવો એ મને લાગે છે કે યોગ્ય નથી. મેં અગાઉ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવાનું કહ્યું છે. હું ફરી આપને કહું છું કે આ રીતે *(xxx)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) મારી તો વાત એટલી જ છે કે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કૉ–ઓપરેટિવ બેંકની વર્ષ ૨૦૦૯થી આજ દિન સુધી ચૂંટણી થઇ નથી. કોર્ટમાં મેટર છે એના કારણે ચૂંટણી કરવામાં આવતી નથી. એના કારણે સહકારનો જે સિદ્ધાંત છે એનું ઉલ્લંઘન થાય છે. ૧૫ વર્ષ સુધી ચૂંટણી ન થાય તેમ છતાં રાજ્ય રજિસ્ટ્રાર કે સહકાર વિભાગ જોતો નથી. કોર્ટમાં મેટર હોય તો એ પૂરી કરવા માટે સરકાર પ્રાયોરિટીના ધોરણે કાર્યવાહી કેમ નથી કરતી? એ કાર્યવાહી કરે અને તાત્કાલિક ચૂંટણી કરાવે તો સભાસદોનું હિત પણ જળવાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માર્ગ અને મકાન વિભાગની માગણીઓ પણ છે ત્યારે મારે એ જ કહેવું છે કે પહેલાં ગુજરાતના રસ્તા સારી સ્થિતિમાં હતા, એના માટે આપણે વાહ–વાહી લેતા હતા પણ અત્યારે એવી સ્થિતિ થઇ ગઇ કે મુખ્યમંત્રીશ્રીના હસ્તક જ આ વિભાગ હોવા છતાં એક જ ચોમાસુ જાય પછી રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તા છે એ ખબર ના પડે. ગુજરાતમાં ૧૫૬ની બહુમતી આવ્યા પછી અને ડબલ એન્જિનની સરકાર આવ્યા પછી આપણી કેવી ઓળખ ઊભી થઇ? તો ક્યાંક પેપર ફૂટવાના કારણે ગુજરાત ઓળખાય છે. ક્યાંક ડ્રગ્સ ઉતરે છે એના કારણે ગુજરાત ઓળખાય છે અને હવે બ્રિજ તૂટે છે એના કારણે ગુજરાત આખા દેશ અને દુનિયામાં ઓળખાય છે. આનાં કારણો શું છે? ગુજરાતની પ્રજા કૉન્ટ્રાક્ટ, કમિશન અને કમલમના ચક્કરમાં અટવાઇ ગઇ અને એનો ભોગ ગુજરાતની સાત કરોડની જનતા બને છે. *(xxx)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આ રીતે જે આક્ષેપ થાય છે એ બરાબર નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આપની પાસે રેકર્ડ હોય તો મને લાગે છે કે તમારે રેકર્ડ ઉપર મૂકવું જોઇએ. તમે કહ્યું કે *(xxx) અને હું રેકર્ડ ઉપર આપી શકું એમ છું. તો રેકર્ડ ઉપર મૂકવા મારી વિનંતી છે. તમારી પાસે માહિતી હોય તો તમે મંત્રીશ્રીને પહોંચાડો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, *(xxx) અને જો પુરાવો ન હોય તો વિધાનસભા ગૃહમાં ચર્ચા કરી રહ્યા હોય ત્યારે રેકર્ડ ઉપર એવું ન કહેવાય કે મારી પાસે પુરાવો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આપની પાસે આ માહિતી ક્યાંથી આવી છે? આપે કહ્યું છે કે હું વિગત આપું છું તો તમે રેકર્ડ ઉપર વિગત આપો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ )

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેશો ત્યારે આપીશ.

અધ્યક્ષશ્રી :જે માહિતી આપની પાસે ઉપલબ્ધ નથી તેવી માહિતી માટે ગૃહમાં મોઘમ ચર્ચા ન કરી શકાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય પાર્ટીઓને ઘણી કંપનીઓ અને ઘણા લોકો રાજકીય ફંડ આપતાં હોય છે પરંતુ આ બે વાતને સીધી રીતે લિંક કરવી તે ખોટી વાત છે. હું એટલા માટે કહું છું કે, કોંગ્રેસ પાર્ટીને પણ ઘણા લોકો ફંડ આપતા હશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે આક્ષેપો કર્યા છે તે બધા રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અગાઉ નકલી કચેરીઓની ચર્ચા કરી ચૂક્યા છીએ પણ નકલી ટૉલ નાકાથી શરૂ કરીને નકલી કોન્ટ્રાક્ટની એજન્સીઓ પણ માર્ગ અને મકાન વિભાગે જોઇ છે. તેના કારણે વિભાગની તો નામોશી થાય છે પણ સાથે સાથે ગુજરાતનું પણ નામ બદનામ થાય છે. અમદાવાદથી રાજકોટ રોડમાં જે યુક્રેનના બીજા રજિસ્ટ્રેશનથી કેવી રીતે કોન્ટ્રાક્ટ મેળવાયા, કેવી રીતે ડોક્યુમેન્ટ ન હોવા છતાં ફેવર કરવામાં આવી તે અનેક વસ્તુઓ જોઇ છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી બંગાળમાં બ્રિજ તૂટે તો ત્યાં ભાષણમાં એવું કહે છે કે આ એક્ટ ઓફ ગોડ નહીં એક્ટ ઓફ ફ્રોડ છે તો ગુજરાતમાં બ્રિજ તૂટે છે ત્યારે એક્ટ ઓફ ગોડ નહીં એક્ટ ઓફ ફ્રોડ છે તેવું કહેવાવાળું કોઇ આવતું નથી. કારણ કે તેમાં આપણો વિભાગ અને આપણું જવાબદાર તંત્ર એક્ટિવલી એક્શન લેતું નથી. મારી સરકારને એક જ વિનંતી છે કે આપણી પાસે પહેલાં જે ડિઝાઇન વિભાગ હતું તે વર્ષોથી ખૂબ ચીવટપૂર્વક ઝીણવટથી બધા સ્ટ્રક્ચરની ડિઝાઇનિંગ કરતા. છેલ્લાં કેટલાંય વર્ષોથી આપણે તેને પ્રાયોરિટીમાં લેવાને બદલે આઉટસોર્સિંગ એજન્સીઓ પાસેથી આ સર્વિસ લેવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે આ બનાવો વધતા ગયા. મારી સરકાર પાસે માંગણી છે કે ગુજરાતમાં સેંકડો એવા બ્રિજ અને નાના પુલ છે કે જે વર્ષોથી જર્જરિત હાલતમાં છે. આજે તેના ઉપરથી પસાર થવું હોય તો દસ વાર વિચારવું પડે કે આ ક્યાંક તૂટી તો નહીં પડે ને? એટલા માટે જ આ બ્રિજ કે નાના પુલનું ફિટનેસ સર્ટિફિકેટ ઓનલાઇ પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરાવવું જોઇએ કે જેથી કરીને કોઇ પણ વ્યક્તિને ખબર પડે કે હું આ બ્રિજ પરથી પસાર થઇશ તો બ્રિજ તૂટવાનો નથી.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર બાંધકામ યોજના માટે માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ૮૭ લઇને આવ્યા છે તેના સમર્થનમાં વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરમાં વિકાસની ઝાંખી કરાવે તેવી રીતે શહેરની સુવિધાઓમાં સંપૂર્ણ કાયાપલટ કરી અદ્યતન કરવાના ભાગરૂપે પાટનગરમાં વિકાસનાં કામો હાથ ધરવામાં આવે છે. ગાંધીનગરના મુખ્ય રસ્તાઓ, સરકારી કચેરીઓ જેવી કે, રાજભવન, સર્કિટહાઉસ, વિધાનસભા ભવન, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય વગેરે તથા અધિકારીઓ/કર્મચારીઓ માટેના સુવિધાયુક્ત રહેણાંક આવાસો નવાં બનાવવાં તથા મરામત જાળવણી, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન વગેરે કામગીરી ઉપરાંત અન્ય સરકારી વિભાગો માટે નવા મકાન બાંધકામ તથા મરામત જાળવણીની કામગીરી પાટનગર યોજનાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ માટે વિવિધ સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના રહેણાંક માટેના મકાનો જેવા કે 'બી', 'સી', 'છ', 'ચ' ટાઇપના કુલ ૨,૫૭૬ ક્વાટર્સના રૂ.૫૯૫.૫૦ કરોડનાં કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. માનનીય ધારાસભ્યશ્રીઓ માટેનું નવું સદસ્ય નિવાસ બાંધવાનું અંદાજિત રૂ.૨૯૦ કરોડનું કામ તથા રાજભવન ખાતે વિવિધ કક્ષાના ૧૩૬ આવાસોનું રૂ.૬૦ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. ડૉ. જીવરાજ મહેતા ભવનના રી–ડેવલોપમેન્ટ અંતર્ગત સરકારી કચેરી માટે રૂ.૧૦૦ કરોડની અંદાજિત રકમના બે નવા બ્લોકનું બાંધકામ શરૂ થવામાં છે તથા અદ્યતન સુવિધાયુક્ત ટાઉનહૉલના આધુનિકીકરણનું અંદાજિત રૂ.૨૬ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. મારા મત વિસ્તારની વાત કરું તો, ગાંધીનગર–કોબા–હાંસોલ એરપોર્ટ રોડ પર રક્ષાશક્તિ સર્કલ, ઘોળાકૂવા ખાતે ફ્લાયઓવર બ્રિજ નિમાર્ણનું અંદાજિત રૂ.૫૩.૪૧ કરોડનું કામ પૂર્ણ થયેલ છે. ગાંધીનગર–કોબા–એરોડ્રામ રોડ ઉપર આવેલ રાજસ્થાન સર્કલ પર રૂ.૧૩૫ કરોડની અંદાજિત રકમના કેબલ સ્ટેટ ફ્લાયઓવર બ્રિજનું કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર–વાવોલ–પુન્દ્રાસણ–ટીટોડા રોડનું અંદાજિત રૂ.૧૨ કરોડનું રીસર્ફેસિંગનું કામ પ્રગતિ હેઠળ છે. ઉવારસદ–મોટી આદરજ–સરઢવ–નારદીપુર રોડનું અંદાજિત રૂ.૯.૫૦ કરોડનું કામ પણ પ્રગતિ હેઠળ છે. સાબરમતી નદી પર ગાંધીનગર તાલુકાના સાદરા ગામ અને કલોલ તાલુકાને જોડતા અંદાજિત રૂ.૮૯ કરોડની રકમના ફ્લાયઓવર બ્રિજનું કામ પ્રગતિ હેઠળ છે. એન.એચ.–૧૪૭થી પાલજ–બાસણ–શાહપુર રોડનું કામ અંદાજિત રૂ.૨૪.૪૮ કરોડના ખર્ચે રિપેરિંગ માટે પ્રગતિ હેઠળ છે. સરગાસણ–રક્ષાશક્તિ સર્કલ–અડાલજ–કોબા લિંક રોડ પર અંદાજિત રૂ. ૩૮ કરોડના ખર્ચે ૯ કિલોમીટર રસ્તાનું વ્હાઇટ ટોપીંગનું કામ પ્રગતિ હેઠળ છે. હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, મારી વિધાનસભાના અંદાજિત રૂપિયા દોઢસો કરોડથી વધુના કામો એમણે ગત વર્ષમાં લીધા છે. સરગાસણ–શાહપુર–લવારપુર રોડનું અંદાજિત રૂ.૧૫.૮૦ કરોડના ખર્ચે રિપેરિંગનું કામ ચાલુ છે. પી.ડી.પી.યુ. જંક્શન પર નવા ફ્લાયઓવર બનાવવાની કામગીરી માટે રૂ.૫૯૪૪.૭૧ લાખની મંજૂરી મળી ગયેલ છે જે ટૂંક સમયમાં શરૂ થનાર છે. ઝુંડાલ સર્કલથી ત્રિમંદિર સુધીના રોડને પહોળો કરવાની કામગીરી માટે રૂ.૫૫૯૪ લાખની મંજૂરી મળેલ છે. જે પણ ટૂંક સમયમાં શરૂ થનાર છે. માનનીય અમિતભાઇએ હમણાં ઘણી બધી વાતો કરી. એમણે કહ્યું કે, 'રસ્તા પર જઇએ ત્યારે બ્રિજ પડી ન જાય એની ચિંતા છે.' મને લાગે છે કે, શ્રી અમિતભાઇએ બ્રિજ ઉપર ચાલવાનું બંધ કરી દેવું જોઇએ. મારી વિધાનસભામાં ૧૦થી વધારે ફ્લાયઓવર અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ રાજ્ય સરકાર દ્વારા

ફાળવવામાં આવી છે. ગાંધીનગરમાં એન્ટર થઇએ ત્યારે તમામ રસ્તાઓ પર અદ્યતન ઓવર બ્રિજ બનાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. એમણે ભ્રષ્ટાચાર થાય છે એવી પણ વાત કરી, પરંતુ આદરણીય શ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી આ ગુજરાત અને દેશની રાજનીતિ બદલાઇ છે. રાજનેતાઓ અને સરકારો માટે ગુજરાત અને દેશની જનતાની માનસિકતા બદલાઇ છે. પહેલાં રોડ કાગળ પર બનતા હતા પણ ક્યાંય જોવા મળતા ન હતા. કારણ કે, નેતાઓ આખાને આખા રોડ ખાઇ જતા હતા. પહેલાં અમદાવાદથી મહેસાણા જવું હોય તો પાંચ કલાક થતા હતા, સુરત જવું હોય તો ૧૦થી૧૨ કલાક થતા હતા. કૉંગ્રેસના શાસનમાં એ વખતના નેતાઓ કોઇ રોડ માંગે તો એવું કહેતાં હતા કે, 'એલા ભાઇ, રોડ ના મંગાય, રોડ લઇને શું કરીશ? પોલીસ આવી જશે.' આ પ્રકારની વિચારધારા એ વખતે મૂકવામાં આવી હતી. લોકોની વિકાસની ભૂખ રહેવા દીધી નહોતી. લોકોની આશાઓ મરી ચૂકી હતી કે, સરકાર આવે છે, જાય છે. મત લે છે. નેતાઓ આવે છે, જાય છે, પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમાં પણ આદરણીય શ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી એમણે પારદર્શી વહીવટ આપવાનું કામ કર્યું છે. એમણે એક સૂત્ર આપ્યું હતું કે, 'હું દેશની તિજોરીનો ચોકીદાર બનીને જાઉં છું'. એ દિવસો આપણે યાદ કરવા પડે. એમણે ભ્રષ્ટાચારની વાત કરી છે ત્યારે એ વખતના તત્કાલીન કૉંગ્રેસના વડાપ્રધાન શ્રી રાજીવજીએ એવું કહ્યું હતું કે, દિલ્હીથી હું એક રૂપિયો મોકલાવું છું. જરૂરિયાતમંદના ઘરે ૧૦ પૈસા પહોંચતા હતા અને ૯૦ પૈસા કોણ ખાઇ જતું હતું. એ વખતે પંચાયતથી પાર્લામેન્ટ સુધી કૉંગ્રેસનું શાસન હતું. એ વખતે આ ૯૦ પૈસા કોણ ખાતા હતા એનો જો તમે અભ્યાસ કર્યો હોય તો પણ તમને ખબર પડે. માનનીય મોદી સાહેબ જન ધન ખાતું લઇને આવ્યા ત્યારે આ લોકોએ મજાક ઉડાડી હતી પણ એ મોદી સાહેબ છે કે જેમણે જન ધન ખાતાના માધ્યમથી ગરીબોને પોતાના બેંક એકાઉન્ટ આપ્યા અને આજે તમામ ખાતાઓમાં ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે પૈસા નાખવામાં આવે છે. હું એ સરકારની વાત કરું છું. રોડની વાત કરું તો ગુજરાત રાજ્યને રોડની તો ભૂખ જ ન હતી. એ વખતે લાઇટનો એક થાંભલો મળી જાય તો નેતા દસ–દસ વર્ષ કાઢી નાખતા હતા. માનનીય અમિતભાઇ, એક થાંભલો માંગવા માટે લોકો રાહ જોતા હતા કે નેતા આવે અને અમને લાઇટનો થાંભલો આપે. આજે તો માંગ્યા વગર તમામ જગ્યાએ તથા એક–એક ઘરનાં આંગણે રોડ હોય, બ્લોક લાગેલા હોય, ગુજરાત રાજ્યમાં ગામડાઓના નેળિયા સુધી રોડ આપવાનું કામ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે બેઠાં–બેઠાં કૉમેન્ટ ના કરો. એમની પાસે માઇક છે પાછું નવું બોલશે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મને નવાઇ એ લાગે છે કે બે દિવસ પહેલાં પ્રતિપક્ષના એક ધારાસભ્યશ્રીએ એ પ્રકારનો માહોલ ઊભો કર્યો કે, ગુજરાત રાજ્યમાં તો અરાજકતા છે. આ તો ગુંડાઓનું રાજ છે. અહીંયા તો બહુ ગુનાખોરી છે. સરકારી આંકડાઓ રજૂ કર્યા. બોલતાં *(xxx) આ ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું ગુજરાત છે. આ ગુજરાત માનનીય નરેન્દ્રભાઇ મોદી અને માનનીય અમિતભાઇ શાહનું ગુજરાત છે. આ ગુજરાતમાં ગુનાખોરી કયારેય ના હોઇ શકે. ગુજરાત રાજ્યમાં ગુનાખોરી, ભાઇલોક અને ગુંડાઓને કંટ્રોલ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. જયારે રોડ–રસ્તાની વાત થાય છે ત્યારે મારે કહેવું છે કે, ગુજરાત રાજ્યમાં કરપ્શન કે કોઇ ચમરબંધીને છાવરવાનું કામ આ સરકાર કરતી નથી. ગુજરાતની સરકારે પારદર્શક વહીવટ અને સારી એજન્સીઓ આપવાનું કામ કર્યું છે. હવે તો સરકાર એના માટે માગે છે કે આ રસ્તો ટકવો જોઇએ, નહીં ટકે તો તમારા ઉપર કાર્યવાહી થશે. પહેલાં તો કાર્યવાહી થતી જ ન હતી. પહેલાં તો બેરોકટોક લૂંટવામાં આવતું હતું. કોન્ટ્રાકટરો, અધિકારીઓ અને નેતાઓની મિલિભગતથી બધું લૂંટવામાં આવતું હતું, પરંતુ માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં લૂંટને કોઇ જ પ્રોત્સાહન મળતું નથી. તમે એવું કહો છો કે, આ પકડાયા તો એ પકડનારને પણ આ સરકાર જ છે. સરકારે દંડ કર્યો તો દંડ કરનાર પણ આ સરકાર જ છે. હું આ સરકારને અભિનંદન પાઠવું છું અને ગુજરાતની જનતા વતી આભાર માનું છું. ગુજરાતનો એક–એક ખુણો જયાં સારા રસ્તા બનાવવાનું કામ આ સરકારે કર્યું છે. પાટનગર ગાંધીનગરને સુંદર, રૂપાળું અને દુનિયા જોઇ શકે એટલું વિકસિત બનાવવાનું કામ આ સરકારે કર્યું છે ત્યારે આ સરકારનો આભાર માનું છું. હું ગાંધીનગરના ધારાસભ્ય તરીકે મારી રાજ્ય સરકાર, આપણી રાજ્ય સરકારનો આભાર માનું છું કે ગાંધીનગર વધારેને વધારે વેગવંતુ બની રહ્યું છે. ગાંધીનગર વધારેમાં વધારે સુખ–સગવડોવાળું બની રહ્યું છે. ગાંધીનગર વધારેને વધારે સુંદર બની રહ્યું છે. ગાંધીનગરને આટલું સુંદર બનાવવા માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું. મારા ગાંધીનગરને તમે જેટલી વધારેમાં વધારે ગ્રાન્ટ આપી છે અને વધારે રૂપાળું, વધારે સગવડવાળું બનાવવાનું કામ કર્યું છે એ માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી જે ૮૭ નંબરની માગણી લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું અને ગાંધીનગર તથા ગુજરાતની જનતાવતી એમનો આભાર માનું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ માગણી ક્રમાંક–૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને માર્ગ અને મકાન વિભાગની માગણી ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગામડાંથી લઇને શહેર સુધી સાંકળતા અને જોડતા રસ્તાઓની વિવિધ યોજનાઓ, પ્રગતિપથ, તાલુકા મથકે વિકાસપથ, પ્રવાસીપથ, કિસાનપથ, તાલુકાથી તાલુકાને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

જોડતા રસ્તા, જિલ્લા મથકને નજીકના જિલ્લા મથક સાથે જોડતા રસ્તા, બંદરોનું જોડાણ, ઉદ્યોગોને જોડતા રસ્તા જેવી યોજના અંતર્ગત કામો મંજૂર કરેલ છે.

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તાર માટે ''મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના'' સફળતાપૂર્વક અમલમાં મૂકલી છે. જેનાં સારાં પરિણામો મળી રહ્યાં છે. પ્રગતિપથ યોજના અન્વયે ૮/૭ કિ.મી લંબાઇના રસ્તાઓનું ચાર માર્ગીયકરણ તથા સ્ટ્રક્ચરને ચાર માર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવાના રૂ.પર કરોડની અંદાજિત રકમનાં કામો પ્રગતિમાં છે. મને કહેતાં આનંદ થાય છે કે જયારે પ્રવાસન વિભાગમાં આપણું ગુજરાત નંબર વન ઉપર છે ત્યારે વિકસાવવા માટે ૨૭૧.૨૬ કિલોમીટર લંબાઇના રૂપિયા ૪૮૫.૭૯ કરોડની અંદાજિત રકમનાં કામો પ્રગતિમાં છે. ૪૦ પુલોના બાંધકામ માટે રૂ.૯૭૯.૧૦ કરોડની અંદાજિત રકમનાં કામો પ્રગતિમાં છે અને મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ.૫૦૦૫ કરોડની અંદાજિત રકમનાં કામો હાથ ધરવામાં આવેલ છે. મને કહેતા આનંદ થાય છે કે આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી કે જેમણે નિર્ણય કર્યા છે. ગામડામાં પહેલા એક ગામમાં બે ભાગ પડી જતા હતા. બે ભાગ પડી જવાને કારણે બાળકો પ્રાથમિક શાળામાં પણ જઇ શકતા ન હતા. કેટલાક કોતરો અને નદીઓ આવતી હતી. એ કોતરો અને નદીઓ પર બ્રિજ બનાવવા માટે અને સાંકડા નાળાને પહોળા કરવા માટેનું ભગીરથ કાર્ય કોઇએ કર્યું હોય તો એ આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે કર્યું છે અને ગામડાઓને આગળ લઇ જવાનું કાર્ય કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના કે હું જેનો હું આ સન્માનનીય ગૃહમાં સાક્ષી રહ્યો છું. તે સમયના આપણા મુખ્યમંત્રી અને આજના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આનંદીબેન પટેલને મારે આજે યાદ કરવા છે. એમણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના મૂકી. એના થકી ગામડાઓમાં રહેતા નાના અને સીમાંત ખેડૂતો અને મોટા ખેડૂતોને માટે અને લોકો માટે આ ગામથી પેલા ગામ સુધી જોડતા રસ્તા બનાવવામાં આવ્યા. એનાથી નાના અને સીમાંત ખેડૂતોથી માંડીને તમામ લોકોને આર્થિક રીતે ખૂબ ફાયદો થાય એવું આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાથી જોડવાનું ભગીરથ કામ કર્યું છે, ત્યારે મારે અભિનંદન આપવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ૯ નદી અને ૯ નદીના કાંઠા પર રહેનારો વિસ્તાર છે. એ જનતાને પુલો જોઇએ અને રસ્તાઓ જોઇએ. આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૭ દરમ્યાન હું ધારાસભ્ય તરીકે આવ્યો. આપણા લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તે વખતે રાજયના મુખ્યમંત્રી હતા. મેં એમને કહ્યું કે મારા વિસ્તારમાં ૯ નદી છે અને ૯ નદીના કાંઠા પર લોકો રહે છે. એને માટે પુલોની જરૂરિયાત છે અને રસ્તાની જરૂરિયાત છે. મેં એમને રજૂઆત કરી અને એમણે પુલો મંજૂર કરી આપ્યા. પુલો તો મંજૂર કરી જ આપ્યા, પણ એ પોતે મારા વિસ્તારમાં પૂર્ણા નદીના કણજોડ અને વડિયાના ગામની અંદર પોતે શ્રીફળ વધારીને ખાતમુહૂર્ત કર્યું. એમનાં પગલાં પડ્યા પછી અમારે તો ૯ નદી ઉપર મને લાગે છે કે ૨થી ૩ જ પુલો હવે બાકી રહ્યા છે. રસ્તા પણ થઇ ગયા છે. એવા પવિત્ર માણસના પગલાં પડતાં હોય તો વિકાસ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે અને આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને કારણે અમારા વિસ્તારમાં જે રસ્તા અને પુલો બન્યા છે. હું તો એમ કહું છું કે આ પુલો જે બાકી છે એ પણ તમારા સમયકાળમાં તમે પૂર્ણ કરી દેશો. મને લાગે છે ત્યાં સુધી આ પુલો તો પૂરા થઇ જવાના છે, પણ રસ્તાઓ પણ મારા વિસ્તારમાં એકપણ બાકી રહે એવું મને લાગતું નથી. આ કામ કરનારી આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે વિકાસના કાર્યો રસ્તા, પુલો, માર્ગ અને મકાન. (અંતરાય) શ્રી અમરસિંહભાઇની વાત કરું છું, પણ મારા પિતાશ્રી પણ તે સમયે ધારાસભ્ય હતા. એમને આ ૯ નદીમાં બે પુલો આ કોંગ્રેસની સરકારે આપેલા. મારા સ્વર્ગસ્થ પિતાશ્રી ધનજીભાઇ ઢોડિયા આ સન્માનનીય ગૃહમાં ૩ વખત ધારાસભ્ય તરીકે આવ્યા પણ આ કોંગ્રેસે કંઇ આપેલું નહીં અને ત્યાર પછી આ મારી ૯ નદી ઉપર જે પુલો અને રસ્તા આપવાનું ભગીરથ કાર્ય ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે એના માટે હું મારા ૧૭૦-મહુવા વિધાનસભાની જનતા વતી હું સરકારનો આભાર માનું છું. મને કહેતા આનંદ થાય કે આ વિસ્તારની અંદર ઉમરગામથી અંબાજી સુધી ૧૪ જિલ્લાઓ આવ્યા છે, એ ગામડાની અંદર આદિવાસી સમાજ રહે છે. હમણાં જ માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇ કહેતા હતા કે રોડ બનાવશે તો પોલીસ આવી જશે પણ જૂઠું નથી બોલતા એ વાત સાચી છે એનો સાક્ષી હું છું. આ રસ્તાઓ બનાવવાનું ભગીરથ કાર્ય આ સરકારમાં થયું અને આજે ગરીબ માણસોને ખેતીએ જવા માટે મજૂરી કરનાર માણસને આર્થિક રીતે પણ ફાયદો થઇ ગયો. એને આર્થિક રીતે કેવો ફાયદો થયો એ આપણને ગણાવી બતાવે છે, એના ઉપર હું આજે ચોથી વખત જીતીને આ સન્માનનીય ગૃહમાં આવ્યો છું. ચોથી વખત વિજયી બનીને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રી તરીકે આવ્યો છું. માનનીય આપણા મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. આપણે એટલા માટે આપીએ કે રાજય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રામ્ય માર્ગની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે નવતર યોજનાની શરૂઆત કરી હતી. આ યોજના હેઠળ ચાલુ વર્ષે, વર્ષ ૨૦૨૩-૨૪મા રૂ.૩૮૦૦૮.૨૭ કરોડની જોગવાઇ કરાઇ છે, જે હેઠળ નીચે મુજબનાં વિવિધ કામોની મંજૂરી પ્રદાન કરવામાં આવી છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ )

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, મને સહકારની વાત કરતા આનંદ આવે છે કે ગુજરાતની પ્રજાએ ૨૭ વર્ષથી અમને સહકાર આપ્યો છે. આ પ્રજાનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ગુજરાતની પ્રજાને ભા.જ.પ. દેખાય છે. કોંગ્રેસ તો કયાંય દેખાતી જ નથી એટલે એમનો મારે આભાર માનવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડા વાત કરતા હતા, એમને ખબર નથી કે એમણે ભ્રષ્ટાચારની વાત કરતા *(xxx) એમના વખતે સહકારી બધી બેંકો કોંગ્રેસના રાજ્યમાં ડૂબી ગઇ હતી. જો માનનીય અમિતભાઇ ના હોત તો આજે એક પણ બેંક ચાલુ ના થઇ હોત. એ વખતે માનનીય અમિતભાઇ શાહ સાહેબે રસ લઇ અને બેંકોને ઊભી કરી છે. આ '' વિના સહકાર નહી ઉદ્ધાર'' એવું બોલતા હતા પણ સહકાર કોને મળ્યો છે એ તો જુઓ! દેશની વાત કરીએ તો સહકારી ક્ષેત્રે ગુજરાત નંબર-વન છે. ગુજરાત એ સહકારી ક્ષેત્રનું દેશને ધ્યાન દોર્યું છે. આપણા દેશમાં સહકારી પ્રવૃત્તિ માત્ર આર્થિક નહીં, પણ સામાજિક અને આર્થિક બન્નેમાં ચાલી રહી છે, ત્યારે મારે કહેવું જોઇએ કે ગામડાની અંદર સહકાર એ સરકાર કરતા પણ મોટું છે. સરકારની પૅરેલલ ચાલે છે. ગામડામાં સેવા સહકારી મંડળી હોય, પિયત મંડળી હોય, દૂધ સહકારી મંડળી હોય, મહિલા મંડળી હોય, કૃષિ મંડળી હોય એ મંડળીઓ સેવાકીય ભાવનાથી કામ કરી રહી છે માટે આપણે અહીંયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારની જે વાત કરીએ તો સહકાર આપણને મળી રહ્યો છે, સહકાર એ સિદ્ધાંતો, મૂલ્યોનો અને વહીવટી વ્યવસ્થાના સંચાલન માટે કાર્યપદ્ધતિ, વગેરે સહકારના લાભો સભાસદોને, સમિતિના સભ્યોને મળી રહે, હોદ્દેદારોને મળી રહે, કર્મચારીઓને મળી રહે એ સતર્કતા રાખવાની આપણે જરૂર છે. સહકારી પ્રવૃત્તિના પાયામાં સંઘોને મજબૂત બનાવવા સહકારી શિક્ષણની પણ જરૂર છે. શિક્ષણ એ સહકારમાં અતિ મહત્વનું છે. એટલે સહકારી પ્રવૃત્તિ અને સહકારી શિક્ષણ એકબીજા સાથે અસર-પરસ સંકળાયેલા છે. સહકારી પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ તેના સભ્યોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાનો છે. તેથી સહકારી પ્રવૃત્તિનો તંદૂરસ્ત વિકાસ થાય અને એ વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ રહ્યો છે. માનનીયશ્રી ચાવડાજીને મારે કહેવું છે કે તમે ક્યાં સહકારમાં છો? બધી જગ્યા ઉપર સહકારમાં પ્રજાએ અમને સહકાર આપ્યો છે. તમને નહીં પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને સહકાર આપ્યો છે. આમ, સહકારી શિક્ષણ એ મહત્ત્વનો મુદ્દો છે. સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકોને તાલીમ માટે શિક્ષણ રાજ્ય સહકારી સંઘો તથા જિલ્લા કક્ષાએ ૧૮ જિલ્લા સહકારી સંઘો પણ આવેલ છે. સહકારી સંઘો દ્વારા સહકારી મંડળીઓના સભાસદોને સહકારી કાયદા, કાનૂન અને મંડળીના આંતરિક વહીવટનો લાભ મળે છે. સંઘો દ્વારા સહકારી સભ્યોને શિક્ષણનું આયોજન, સહકાર મંત્રી, મેનેજર તાલીમ વર્ગો એવા વર્ગો સહકારી સંસ્થાઓમાં ખૂબ તાલીમ મેળવી રહ્યા છે. બિન વિદ્યાર્થી સહકારી તાલીમ વર્ગ, સેમિનાર, સંમેલનો વગરે પ્રકારના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે અને દરેક જગ્યાએ સેમિનાર અને વર્ગો ખોલ્યા છે અને ચાલુ કર્યા છે. મને કહેતા આનંદ થાય છે કે સરકાર સંચાલિત કુલ ૬ સહકારી તાલીમ કેન્દ્રો આવેલા છે. જુદા જુદા વિષયોને લગતા સહકારી ડિપ્લોમા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, સંઘ દ્વારા સમગ્ર રાજ્યમાં સહકારી શિક્ષણ તાલીમ વર્ગો, સેમિનાર દ્વારા સહકારી સંસ્થાઓના ઉત્કર્ષ માટે કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં તમામ જિલ્લામાં કો-ઓપરેટીવ બેન્કો, એજ્યુકેશન, ઇન્ડસ્ટ્રીઝ, સી.આઇ.આઇ.માં ભાઇઓ અને બહેનોની નિમણૂક કરી છે અને વ્યવસ્થા કેન્દ્રોમાં આચાર્ય અને અધ્યાપકોની પણ નિમણૂક કરી છે. તેમના મારફતે સહકારી ક્ષેત્રે શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવે છે. રાજ્યમાં સહકારી ક્ષેત્રે શિક્ષણ માટે ઊભા કરવામાં આવેલ કેન્દ્રના કુલ ૧ લાખ ૫૦ હજાર જેટલા સહકારી સભાસદો છે. જેટલા સહકારી સભાસદો છે એમને પણ ગુજરાત સરકાર તાલીમ આપી રહી છે. મારે કહેવું જોઇએ કે રાજ્યમાં તાલીમ આપતી સંસ્થાઓને નાણાકીય તકલીફ ન પડે એ માટે એની ચિંતા સરકાર કરી રહી છે. ભારત સરકાર દ્વારા સહકારી સંસ્થાઓ માટે નેશનલ કો-ઓપરેટીવ પોલિસી બનાવવામાં આવી છે. જેમાં પણ શિક્ષણ અને તાલીમ ઉપર વિશેષ ભાર આપવામાં આવે છે. નેશનલ કો-ઓપરેટીવ પોલિસી મુજબ આગામી સમયમાં સહકારી ક્ષેત્રની અંદર લીડરો અભ્યાસ કરી શકે તે માટે રાષ્ટ્રીય સ્તરે સહકાર યુનિવર્સિટીની પણ સ્થાપના કરવામાં આવી છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ, મકાન અને પુલો માટેની અનુદાન માટેની માગણી ક્રમાંક ૮૫, ૮૬ લઇને માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ પંચાલ આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વર્તમાન સ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ, નાણામંત્રીશ્રી આદરણીય શ્રી કનુભાઇ અને જે રીતે ટીમ દ્વારા માર્ગ, મકાન અને પુલોનાં કામ થઇ રહ્યાં છે એ કયારેય થયાં નથી. જે રીતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના ધોરીમાર્ગનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે, વિભાગ દ્વારા લાંબા કોરીડોર, પ્રગતિપથ અને યોજનાઓ રાજયના મહત્ત્વનાં શહેરોને જોડતાં રસ્તાઓને સુગમ્ય બનાવવા માટે હાઇસ્પીડ કોરીડોરની રચના કરવાનું આયોજન, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જિલ્લા મથકોને બાજુના જિલ્લા મથકો સાથે ૧૦ મીટર પહોળા રસ્તાનું જોડાણ અત્યંત પ્રચલિત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખું ઊભું કરવા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો..

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વિગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે તે દેશમાં ગણનાપાત્ર છે. આ સુવિધાઓને વધુ અસરકારક, સલામત અને સમયની વધુ બચત થાય તેવી કામગીરીથી અગત્યના જુદા પ્રકારના પુલો, ફલાયઓવરના બાંધકામ માટે તાજેતરના વર્ષમાં ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા કચ્છ જિલ્લાની વાત કરું તો કચ્છ જિલ્લાની કુલ વસ્તી ૨૦,૯૩,૩૧૩ છે અને એ ૪૫૬૫૨ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. અને ગુજરાતનો ચોથા ભાગનો હિસ્સો ધરાવે છે જેમાં ૧૦ તાલુકા અનુક્રમે ભુજ, ગાંધીધામ, અંજાર, રાપર, માંડવી, ભચાઉ અને મુંદ્રા, નખત્રાણા, અબડાસા તથા લખપતનો સમાવેશ થાય છે. કચ્છ જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતનો મોટો એક જિલ્લો છે અને જે રીતે સરકાર કચ્છ જિલ્લાને ડેવલપ કરે છે ટુરિસ્ટ ક્ષેત્ર હોય, ઉદ્યોગક્ષેત્ર હોય તો એમાં સરકારે અનેક પ્રકારની સુવિધાઓ આપી માર્ગ અને મકાને પણ ફાલયઓવર બ્રિજ અને ઘણી સુવિધાઓ બનાવી છે. જે રીતે કચ્છ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગને વર્ષ ૨૦૨૪ દરમિયાન રસ્તા તથા પુલોના કુલ ૩૫ કામોને રૂ.૪૦૨.૨૫ કરોડની મંજૂરી મળી છે જે પૈકી રૂ.૭.૭૬ કરોડનાં ૯ કામોની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા રૂ.૩૭૫.૯ કરોડના ૨૬ કામો ટૂંક સમયમાં શરૂ થનાર છે. મારા વિસ્તારની વાત કરું તો રસ્તા, મકાનો, પુલો જેવા અગત્યનાં કામો વધુ ને વધુ સંખ્યામાં હાથ ધરવાના આયોજનના ભાગરૂપે ચાલુ વર્ષે ભારે ટ્રાફિક ધરાવતા ભુજ અને ભચાઉ જે અગત્યનો કચ્છ જિલ્લાનો રોડ છે એ રસ્તાને હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા માટેની મંજૂરી મળી છે તેમજ ટુરિસ્ટ સરકીટના કુલ ૩૧ કિલોમીટરના રસ્તાઓને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળા કરવાની કામગીરી માટે રૂ.૧૨૫ કરોડની મંજૂરી મળશે. રિન્યુએબલ તથા એનર્જી પાર્કને જોડતો ભુજ, ખાવડા રસ્તા ઉપર ટ્રાફિકને અતિ અડચણરૂપ હતી તેને પણ રૂ.૧૬.૭૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળશે તે પણ આવકારદાયક છે અને જરૂરિયાત મુજબ છે. ભુજ અને મુંદ્રા રસ્તાના કિલોમીટર ૩૦થી ૩૧ અને ૪૦થી ૪૧ વચ્ચે મેજર બ્રિજ બનાવવાની કામગીરી માટે પણ રૂ.૧૬.૮૭ કરોડની મંજૂરી મળશે. જયારે ભુજ ખાતે ડિસ્ટ્રિક કોર્ટ બનાવવાની કામગીરીને રૂ.૧૦૦ કરોડની મંજૂરી મળેલ છે. આમ વિભાગ ભુજ વિસ્તારના માર્ગ અને મકાન પંચાયત દ્વારા રિસર્ફેસિંગના રૂ.૧૩.૭૫ કરોડનાં કામો મંજૂર કરવામાં આવેલ છે. આમ વિભાગ દ્વારા અતિ અગત્યના આંતરમાળખાકીય ઘટકને અસરકારક રીતે જાળવી રાખવા તેમજ સુધારણા કરવા સરકારશ્રી દ્વારા પૂરતી નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. જે અત્યંત જરૂરી હોઇ વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાન માટેની નાણાકીય માગણીને હું સમર્થન કરું છું અને સરકારની એક નીતિ અને નિયત જે લોકોની સુખાકારી માટે નોનપ્લાન રસ્તાને પણ જે રીતે એ પ્લાનનો સમાવેશ કરી અને વર્ષોથી જે રસ્તા કાચા હતા તેને ઘણા સમયથી પાકા વાડી વિસ્તાર હોય, વિસ્તારના અમુક પરા હોય એને પણ રસ્તાની સુવિધા મળશે એને પણ હું ખૂબખૂબ ધન્યવાદ આપું છું અને જે રીતે આદરણીય મંત્રીશ્રી જગદીશભાઇ આ ૮૫ અને ૮૬ની માગણી લાવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહ સમક્ષ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે સહકાર વિભાગની રૂ.૧૫૩૮.૩૧ કરોડની માગણી લઇને માનનીય સહકાર મંત્રીશ્રી આવ્યા છે તે અન્વયે હું મારી વાત આ સભાગૃહ સમક્ષ મૂકવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું રાજ્યના સહકારી ક્ષેત્રમાં ડિજિટિલાઇઝેશન બાબતે વાત કરીશ. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો પાંચમાં આધારસ્તંભ એટલે સહકારી કચેરીઓનું આધુનિકરણ. રાજ્યમાં સહકાર ખાતાના વડા તરીકે રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અને જિલ્લામાં આવેલી જિલ્લા રજિસ્ટ્રાર કચેરીઓ જ્યાં સુધી આધુનિક અને કોમ્પ્યુટરાઇઝડ નહીં બને ત્યાં સુધી પારદર્શક અને ઝડપી સેવાઓ લોકોને મળી શકશે નહીં. તેથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંયુકત રીતે આગામી નાણાકીય વર્ષમાં રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરીઓનું આધુનિકરણ કરવાની યોજના અમલમાં મૂકી છે. આમ આગામી સમયમાં સહકાર વિભાગ સંલગ્ન વિવિધ યોજનાઓ અને કાયદાકીય મંજૂરીઓની પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવશે. ઓનલાઇન પોર્ટલ લોન્ચ થવાથી ફેશલેસ અને પારદર્શક વહીવટ અસરકારક રીતે અમલી બની શકશે. તેમજ મુખ્ય પ્રયોજકનો અને કર્મચારીઓનો સમય બચાવી શકાશે. કેન્દ્રના સહકારીતા મંત્રાલયને પોતાના આગવા વિઝન અને મિશનથી સાચા અર્થમાં વાઇબ્રન્ટ બનાવનાર સહકારી નીતિ પેક્સ કોમ્પ્યુટરાઇઝેશન નેશનલ કો.ઓપરેટીવ ડેટાબેઝ પોર્ટલ તથા રાજ્ય સરકાર દ્વારા ઇ.કો-ઓપરેટીવ પોર્ટલ જેવા નવા આયામો ઊભા કરવામાં આવેલ છે જેના વિશે હું આગળ મારી વાત રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આઇએફબી પોર્ટલ વર્ષ ૨૦૧૭ના વર્ષમાં લોન્ચ કરવામાં આવેલ છે. આઇએફબી પોર્ટલ મારફતે ગુજરાત રાજ્યમાં સહકારી મંડળીઓની નોંધણીની પ્રક્રિયા ઓનલાઇન હાથ ધરવામાં આવેલ છે. આઇએફબી પોર્ટલ પર અત્યાર સુધીમાં ૧૧૬૮૩ મંડળીઓની ઓનલાઇન નોંધણી થયેલ છે. આઇએફબી પોર્ટલ પર ઓનલાઇન આવેલ દરખાસ્તોનો નિકાલ કરવાની સમય મર્યાદા એટલે કે ૪૫ દિવસનો નિયત થયેલ છે. નવી સહકારી મંડળીની નોંધણીની પ્રક્રિયામાં અગાઉ કરવામાં આવતી સ્થળ તપાસ અને પોલીસ વેરિફિકેશન ફરજિયાતને બદલે જરૂર જણાય તેવા કિસ્સામાં જ કરવાનો અભિગમ અપનાવેલ છે. આમ, આ પોર્ટલથી સહકારી મંડળીઓની નોંધણીની પ્રક્રિયા એકદમ સરળ બનાવી દીધી છે. નેશનલ કો.ઓપરેટીટ ડેટાબેઝની વાત કરું તો તા.૧લી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ આ પોર્ટલ ભારત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં પેક્સ, ફિશરીઝ, દૂધ મંડળીઓની તથા હાઉસિંગ તેમજ અન્ય મંડળીઓની ઓનલાઇન વિગતો માટે ભારત સરકાર દ્વારા પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. સદર પોર્ટલમાં પ્રાથમિક ધોરણે દરેક રાજ્યમાં ફેઝ-૧માં ૨૭૦૦૦ જેટલી પેકસ, ફિશરીઝ, દૂધ મંડળીઓનો ડેટાબેઝ ઓનલાઇન કરાવેલ છે. નેશનલ કો.ઓપરેટીવ ડેટાબેઝ પોર્ટલ પર ફેઝ-૨માં

હાઉસિંગ સહકારી મંડળીઓ, ક્રેડિટ સોસાયટીઓ, મજૂર મંડળીઓ, પિયત મંડળીઓ સહિત તમામ સહકારી મંડળીઓની ડેટા એન્ટ્રી કરવાની થતી હતી. જેમાં રાજ્યની તમામ ૮૧ હજાર મંડળીઓની ડેટા એન્ટ્રી થઇ ગયેલ છે. આમ, ગુજરાત રાજ્યમાં સહકારી મંડળીઓની ડેટા એન્ટ્રીની સો ટકા કામગીરી થયેલ છે. નેશનલ કો.ઓપરેટીવ ડેટાબેઝ (એનસીડી) સહકારી ક્ષેત્ર માટે આયોજન સાધન છે તે રાજ્યની તમામ પ્રકારની લગભગ ૮૧ હજાર જેટલી હજાર જેટલી સહકારી મંડળીઓ વિશે માહિતી મેળવવા માટે એક જ બિંદુ પ્રદાન કરે છે. ડેટાબેઝના વ્યાપક, અધિકૃત અને અપડેટ ડેટા રિપોઝેટરીનો પણ સમાવેશ થાય છે. ડેટાબેઝ નીતિ, નિર્માણ, શાસન અને પારદર્શકતામાં મદદ કરે છે. ડેટાબેઝ તે કેન્દ્રિય મંત્રાલયો, રાજય સરકારો, સહકારી સંઘો, સહકારી સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ માટે આયોજનબદ્ધ સાધન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇ.કો–ઓપેરેટીવ પોર્ટલ, રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ પૈકી મુખ્ય સેવા ઓનલાઇન કરવાના હેતુથી ઇ.કો–ઓપેરેટીવ પોર્ટલ દ્વારા કુલ ચાર મોડ્યુલ તૈયાર કરવામાં આવેલ છે. કો.ઓપરેટીવ સોસાયટી એમ.આઇ.એસ. મોડયુલ. સદર મોડ્યુલ દ્વારા ગુજરાત રાજ્યની આશરે ૮૧ હજાર જેટલી મંડળીઓનો ડેટા ઓનલાઇન કરવાની કામગીરી કરવામાં આવી છે. આથી તમામ મંડળીઓનો વહીવટ, હિસાબી તથા ઓડિટ જેવી તમામ વિગતો સરળતાથી મળી શકશે. મની લોન્ડરીંગ મોડ્યુલઃ નાણાં ધીરધાર કરનારાંઓને ઓનલાઇન પોર્ટલ પર રજિસ્ટ્રેશન, રિન્યુઅલ અને ધિરાણને લગતા પત્રકો જરૂરી તાલીમની વ્યવસ્થા દરેક જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી મારફતે કેમ્પનું આયોજન કરીને કરવામાં આવી રહેલ છે. આજ દિન સુધીમાં પોર્ટલ મારફતે સમગ્ર રાજ્યમાં કુલ ૭૮૩૬ અરજીઓનો ઓનલાઇન નિકાલ પણ થયેલ છે. ઓનલાઇન પોર્ટલ લોન્ચ કરવાથી ફેસલેસ અને પારદર્શક વહીવટ અસરકારક રીતે અમલી બની શકશે તેમજ શાહુકારોનો અને કર્મચારીઓનો સમય પણ બચશે. આ મોડ્યુલ દ્વારા ગુજરાત નાણા ધિરધાર અધિનિયમ–૨૦૨૧ (૧૧) અંતર્ગત નાણા ધિરધાર કરનારાઓના રજિસ્ટ્રેશ રિન્યુઅલની તથા નાણાં ધિરાણ પત્રકો ઓનલાઇન અપલોડ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રજિસ્ટ્રેશન તથા રિન્યુઅલની એપ્લિકેશન ફી પણ ઓનલાઇન ભરવાની સુવિધા આપવામાં આવે છે. ઓડિટ મોડ્યુલ. આ મોડ્યુલ દ્વારા ઓડિટની ફાળવણી વગેરે સિસ્ટમ દ્વારા ઓનલાઇન કરવામાં આવશે. આ ઉપરાંત ઓડિટ એલોટમેન્ટ ઓર્ડર, ઓડિટ મેમો વગેરે સેવિધા પણ સદર મોડ્યુલ દ્વારા ઓનલાઇન થશે. વધુમાં ઓડિટ ફીની વસૂલાત પણ ઓનલાઇન કરી શક્ય તે તમામ સાઇબર ટ્રેઝરી પોર્ટલ દ્વારા કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, સમયની સાથે સાથે દરેક વિભાગો કોમ્પ્યુટરાઇઝડ અને ટેકનિકલ રીતે ઓનલાઇન પદ્ધતિ જયારે અપનાવતા હોય તયારે સહકાર વિભાગમાં પણ આ ખૂબ જ જરૂરી મોર્ડનાઇઝન કરે છે ત્યારે એમાં એક એક એપ પાછળ ૩થી ૪ લાખ રૂપિયાનો ખર્ચ થતો હોય એ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ૬૦/૪૦ના હિસ્સામાં કરીને આવનારા સમયમાં વધારેમાં વધારે સહકાર વિભાગને આધુનિક બનાવવા માટે જે બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી જે. વી. કાકડીયા**(**ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને સને ૨૦૨૪–૨૫ના વર્ષના અનુદાનો માટેની જે માગણી ક્રમાંક–૮૫ અને ૮૬ માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની કેટલીક સિદ્ધિઓની વાત કરવા માગું છું. અન્ન, વસ્ત્ર અને આવાસ એ માનવીની પ્રાથમિક અને અગત્યની જરૂરિયાત છે. કોઇ પણ માણસ માટે આ ત્રણ વસ્તુ ખૂબ જ જરૂરી છે. દરેક વ્યકિતને પોતાનું એક સ્વપ્ન હોય છે, એને પોતાને રહેવા માટેનું ઘર હોય. પરિવારને બે છત્ર અગત્યના હોય છે, એક છત્ર એટલે ઘરનું મોભ અને બીજું છત્ર એટલે ઘરનો મોભી, આ બે વસ્તુ જેની પાસે હોય એનો ગુજારો સારી રીતે થઇ જતો હોય છે. પરિવારને રહેવા માટે રહેઠાણ ન હોય તો આવા પરિવારને ભાડાના મકાનમાં રહેવા જવું પડે છે. થોડા થોડા સમયે ભાડાનું મકાન ખાલી કરીને બદલવું પડે છે ત્યારે આવા પરિવારને ખૂબ જ મુશ્કેલીઓ પડતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કહેવત છે કે, "ઘરતીનો છેડો ઘર" ઘરનું ઘર હોય તો પરિવાર સુખથી રહી શકે. આઝાદીનાં ૭૦ વર્ષો પછી પણ ભારતમાં એવા ઘણા પરિવારો હતા કે જેમની પાસે રહેવા માટે પોતાનું ઘરનું ઘર નસીબમાં નહોતું. દેશમાં લાખો લોકો નીચે ધરતી અને ઉપર આકાશ ઓઢીને સૂઇ જતા હતા એમને રહેવા માટે મકાન જ ન હતું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી આ દેશનું સત્તાનું સૂકાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં આવ્યું ત્યારથી આવા બેઘર લોકોને રહેવા માટે પોતાના નવા મકાનો મળ્યા છે. આદરણીય મોદી સાહેબે શહેરી અને ગ્રામિણ પ્રજા માટે પાકા મકાનોની અનોખી યોજના શરૂ કરી છે. પ્રધાન મંત્રી આવાસ યોજના શહેરી વિસ્તાર અને પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામિણ વિસ્તાર દ્વારા કરોડો લોકોને સરકારે પાકા મકાન ઉપલબ્ધ કરાવ્યા છે. થોડા દિવસ પહેલા ૧૦મી તારીખે માનનીય પ્રધાન મંત્રીશ્રીએ ગુજરાતમાં એક સાથે ૧ લાખ જેટલા પરિવારોને પાકા મકાનની ચાવી સોંપી હતી, મારી દૃષ્ટિએ આ ઘટના ખૂબ જ અભૂતપૂર્વ છે. વર્ષ ૨૦૧૬–૧૭માં પ્રધાન મંત્રી આવાસ યોજના અમલમાં આવી ત્યાર પછી ગુજરાતમાં લાખો ગરીબોને પાકા મકાન મળ્યા છે. આ યોજના અમલમાં આવી ત્યારથી આજ સુધીમાં ગુજરાતમાં કુલ ૬,૦૬૦૪૧ જેટલા આવાસોને મંજૂરી આપવામાં આવી છે અને તે પૈકી ૬૨ ટકા જેટલા આવાસો મહિલાઓના નામે પણ મંજૂર થયા છે. ગામડાની પ્રજા માટે પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામીણ અમલમાં આવી છે એજ રીતે શહેરમાં રહેતા મકાન વિહોણા પરિવારો માટે પ્રધાન મંત્રી આવાસ યોજના શહેરી વિસ્તારમાં પણ અમલમાં છે. આ યોજના અંતર્ગત નાનાં મોટાં શહેરોમાં વસતા મકાન વિહોણાં માટે કરોડો રૂપિયાના ખર્ચે આવાસ યોજનાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજનામાં સરકારે ૯.૬૧ લાખ આવાસ મંજૂર કર્યા છે જે પૈકી ૮.૨૮ લાખ આવાસો પૂર્ણ કર્યા છે, જેમાં કેન્દ્ર અને રાજય સરકાર બન્ને મળીને કુલ ૨૧,૬૫૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. દરેકને પોતાનું ઘર મળી રહે તે માટે સહ પ્રત્યનો કરવા માટે હું આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જે આગેવાની હેઠળની ભારત સરકાર અને આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની ગુજરાતની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ માટે પણ મકાનો ઉપલબ્ધ કરવાની યોજના છે. જેમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામીણ કક્ષાના કર્મચારીઓ માટે પણ મકાનો અને આવાસો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. બે માર્ગીય રસ્તાઓનું ચાર માર્ગીયકરણ અને ચાર માર્ગીયકરણ રસ્તાઓનું છ માર્ગીયકરણમાં પરિવર્તન કર્યું છે. મોટા પુલોનું નિર્માણ અને ઓવરબ્રિજ, અન્ડરબ્રિજનું નિર્માણ કરી અને રાજયને બહુ જ જરૂરી એવી માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવાનુ પણ ખૂબ જ અસરકારક રીતે સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ ગઇકાલે ઓખા-બેટ દ્વારકા બ્રિજ લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે સંપન્ન થયુ છે. સિગ્નેચર બ્રિજ તરીકે ઓળખાતા ઓખાથી બેટ દ્વારકા જવાનો બ્રિજ રૂપિયા ૯૭૮ કરોડના ખર્ચે તૈયાર થયો છે અને આ બ્રિજ ૨.૩૨ કિલોમીટર લાંબો આ બ્રિજ છે તેના લીધે લોકોને, યાત્રાળુઓને ખૂબ જ આ રસ્તો સરળ થઇ ગયો છે અને યાત્રાળુઓને આ રસ્તો ઉપયોગી થઇ શકે તેમ છે. ગુજરાતમાં આજે માર્ગો અને પુલોના બાંધકામનું માળખાગત કામ પૂરજોશમાં જે ચાલી રહ્યું છે તેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત એમ બધી જ જગ્યાએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓનું નવિનીકરણ થઇ રહ્યું છે અને નવા રસ્તાઓ, નવા પુલો, નવા ઓરવબ્રિજ અને અન્ડર ગ્રાઉન્ડ બ્રિજો બની રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાઇવેનું કામ હોય કે સ્ટેટ હાઇવેનું કામ હોય, ધોલેરાને જોડતાં રસ્તાઓનું કામ હોય કે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતા રસ્તાઓનું કામ હોય, નેશનલ કોરીડોરનું અને ભારત માલા પરિયોજનાનું કામ હોય કે ગુજરાતના કોસ્ટલ હાઇવેનું કામ હોય આ દરેક કામો ઝડપી બની રહ્યાં છે અને મજબૂત પણ બની રહ્યાં છે. આજે શહેરોમાં આંતરિક ગામડાને જોડતા રસ્તાઓ અને એપ્રોચ રસ્તાઓના વિકાસનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને સરકારકમાં કાર્યકુશળ અને સુખાકારી માટે મક્કમ બતાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખૂબ સારી રીતે આજે ગુજરાતમાં વિકાસનાં કામો જે શ્રી અમીતભાઇ કહેતા હતાં કે ગુજરાતમાં ખાડા છે કે રસ્તા છે કંઇ ખબર પડતી નથી. રસ્તામાં ખાડા છે અને ખાડામાં રસ્તા છે એવી વાત જે કરતા હતા તે કોંગ્રેસના સમયમાં હતું. અત્યારે વિકસિત ગુજરાતમાં જે અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારમાં આજે જે રસ્તા પર, જે ગામડામાં નીકળો આખા ગુજરાતમાં જે રસ્તા પર નીકળો ત્યાં રોડનાં કામો ચાલે છે, બ્રિજનાં કામો ચાલે છે, ઓવરબ્રિજનાં કામો ચાલે છે. જયારે ગુજરાતમાં વિકસિત રસ્તાઓનાં ખૂબ કામ ચાલે છે ત્યારે આ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ વાતને હું ટેકો આપું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની અંદર જે રૂ. ૨૨,૧૬૩ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ તથા કનુભાઇ દેસાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર કડીથી મહેસાણા જવા માટે, કડીથી ગાંધીનગર જવા માટે, કડીથી અમદાવાદ જવા માટે, કડીથી વિરમગામ જવા માટે અગાઉની સરકારમાં ત્રણ મીટરનો રોડ બનાવવામાં આવતો હતો અને અમારી સરકાર આવ્યા પછી છ માર્ગીય બનાવવામાં આવ્યો છે અને જેનો સમય ત્રણ કલાકનો લાગતો હતો અમારી સરકાર આવ્યા પછી એક કલાકમાં ગમે ત્યાં કડી જવું હોય, મહેસાણા જવું હોય કે અમદાવાદ જવું હોય કે વિરમગાર જવું હોય ત્યાં પહોંચી શકે છે. અગાઉની સરકાર વખતે જયાં જવું હોય ત્યાં રાત્રી રોકાણ કરવું પડતું હતું, પણ અમારી સરકાર આવ્યા પછી ગાંધીનગર જવું કે અમદાવાદ જવું હોય ત્યાં એક કલાકમાં પહોંચી અને પાછું આવી શકાય છે. જયારે તમારી સરકારમાં દસ કલાકનો સમય જવા આવવામાં થતો હતો. અમારી સરકારે પુલ બનાવી અને રેલવે ફાટકમુક્ત ગુજરાત કર્યું છે. તમારી વખતે માણસ બીમાર પડે તો ત્યાંને ત્યાં મરી જતા હતા. અમારી સરકાર આવ્યા પછી ૧૦૮ એમ્બ્યુલન્સની સુવિધા કરી છે. આ ૧૦૮ એમ્બ્યુલન્સ ૧૭ મિનિટમાં જ જે તે દવાખાનામાં પહોંચી જાય છે. આ ભાજપ સરકારનું કામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં જેટલા ફાટક હતા. એ બધા ફાટક મુક્ત કરી દીધા અને રોડ પર જવા-આવવા માટે પુલ પણ બનાવી દીધા છે. પંચાયત વિભાગ માટે કુલ રૂ.૧૨૧૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એના માટે શ્રી કનુભાઇ દેસાઇ અને પંચાયત મંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર. વર્ષ ૧૯૯૫ પહેલાંની સરકાર જે પંચાયત ઘર બનાવતી હતી એ નળિયાંવાળા અને પતરાંવાળા હતાં. જે ચોમાસામાં ઝમતાં હતાં અને ઉનાળો આવે એટલે પરસેવાથી રેબઝેબ થઇ જતા હતા. અમારી સરકાર આવ્યા પછી ધાબાવાળા પંચાયત ઘર બનાવ્યા. ત્યાં તલાટી ૨૪ કલાક રહી શકે અને નાનાં-મોટાં કામ હોય તો કરી શકે. તમારી સરકાર વખતે તો તલાટી અને લાભાર્થી કચેરીમાં બેસી શકતા નહોતા અને કશું કામ થતું ન હતું. અમારી

સરકાર આવ્યા પછી પંખા, એ.સી. આવી ગયા છે અને બે માળની ઓફિસો થઇ ગઇ છે. અમારી સરકાર આવ્યા પછી ગામડાંઓમાં ૨૪ કલાક લાઇટ આપવામાં આવે છે અને તમારી સરકાર વખતે વાળું કરવાના સમયે પણ લાઇટ નહોતી રહેતી. કોઇ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકતા નહોતા. અમારી સરકાર આવ્યા પછી વિદ્યાર્થીઓ ૨૪ કલાક અભ્યાસ કરી શકે છે અને પાઇલટ બની રહ્યા છે. તમારી સરકાર વખતે અમારા મતવિસ્તાર કડીમાં કાચા રસ્તા હતા. એ વખતે ચોમાસું આવે એ પહેલાં બળદગાડું લઇને હટાણું લેવા કડી આવવું પડતું હતું. ચોમાસામાં તો આવી જ નહોતા શકતા. અમારી સરકાર આવ્યા પછી પાકા રસ્તા બન્યા. અમારી સરકાર આવ્યા પછી રાત્રે પણ બજાર ખુલ્લું રહે છે. પહેલાં મકાન બનાવવા માટે રૂ.૬૦૦૦/–ની સહાય મળતી હતી. એમાં પણ રૂ.૩૦૦૦/– લોન પેટે મળતા હતા અને રૂ.૩૦૦૦/–ની જ સહાય મળતી હતી. અમારી સરકાર આવ્યા પછી રૂ.૧,૨૦,૦૦૦/– મકાન સહાય મળે છે. આ ઉપરાંત રૂ.૩૦,૦૦૦/– મનરેગાના મળે છે અને છ મહિનામાં કામ પૂરું કરે તો રૂ.૨૦,૦૦૦/– મળે છે. આમ, કુલ રૂ.૧,૭૦,૦૦૦/–ની સહાય મળે છે. તમારા સમયમાં રૂ.૬,૦૦૦/–માંથી રૂ.૩,૦૦૦/– ભરવા પડતા હતા. આવી ગરીબોની હાલત હતી. તમારી કૉંગ્રેસની સરકાર વખતે સંસદ સભ્યોને ૧૦ કૂપનો મળતી હતી. એ કૉંગ્રેસના વચેટિયા લઇ જતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર આવ્યા પછી બહેનોને ગૅસ આપી દીધો. કૂપનો કાઢી નાંખી. અમારી સરકાર આવ્યા પછી ૮૦ ટકા અનાજ મળે છે. તમારી સરકાર વખતે બી.પી.એલ. લોકોને જ અનાજ મળતું હતું. અમારી સરકાર આવ્યા પછી પાકા પુલો બની ગયા. પહેલાં સરખેજથી દ્વારકા જવું હોય તો ૧૨–૧૩ કલાક થતા હતા. અત્યારે ૫ કલાકે પહોંચી જવાય છે. તમારી સરકાર વખતે તો કાચા રસ્તા હતા. અત્યારે ગુજરાતમાં ગણાય નહિ એટલા પુલ બની ગયા છે. આ કામ ભાજપની સરકારે કર્યું છે. હજી મોદી સાહેબ તો ૧૦૦ ટકા સોલર લાઇટ મૂકવાના છે. તમારી વખતે તો મીટરના પણ પૈસા લેતા હતા. અમારી સરકાર વખતે તો લાભાર્થીઓને મકાન બનાવે અને તરત મીટર મફત મળી જાય છે. જે લોકો રૂ.૧,૨૦,૦૦૦/–ની આવક ધરાવતા હોય તેમને મફત મીટર મળે છે. આ અમારી ભાજપ સરકારનું કામ છે. પહેલાં અમદાવાદ શહેરમાં કરફ્યુ પડે ત્યારે લોકો એસ.ટી.માં જતા હોય તો પાછા વળતા હતા. અત્યારે ૨૪ કલાક એસ.ટી. ફરે છે અને કરફ્યુ હોતો નથી. આ ભાજપ સરકારે કામ કર્યું છે તેવું કૉંગ્રેસ સરકારે કર્યું નથી. વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં ૪૦૦ સીટની વાત થઇ રહી છે પણ હું તો ૫૦૦ સીટની ખાતરી આપું છું. કૉંગ્રેસ તો ઝીરો થઇ જશે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી(જામનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં સન ૨૦૨૪–૨૫ના વર્ષના અનુદાનો માટેની માગણી પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ સમક્ષ અનુદાનો માટેની માગણીને મારું સમર્થન આપું છું અને માર્ગ અને મકાન વિભાગની કેટલીક સિદ્ધિઓ બાબતે આપનું ધ્યાન પણ દોરું છું. મારી આગળના વક્તાએ કહ્યું તેમ દરેક વ્યક્તિઓને ઘરનું ઘર મળે તેવી આશા હોય છે. અગાઉ કૉંગ્રેસ પાર્ટીએ ઘરનું ઘર મળે તે માટે દરેક વ્યક્તિઓ પાસેથી *( xxx)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) તે ખોટી વાત છે તેમની પાસે પુરાવો હોય તો રજૂ કરે નહીં તો આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું વાસ્તવિક વાત કરું છું અને આખા ગુજરાતને આ વિશે ખ્યાલ છે. દરેકનું ઘરના ઘરનું સપનું આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી પૂરું કરી રહ્યા છે. ગત ૧૦મી તારીખે માત્ર ગુજરાતમાં જ ૧ લાખ ૩૧ હજારથી વધારે મકાનોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરેલ છે. હાઉસિંગ બોર્ડના જૂના મકાનોના રીડેવલપમેન્ટ માટે રીડેવલપિંગ યોજનાની સમગ્ર ગુજરાતમાં અમલવારી થઇ રહી છે. અમારા જામનગરની વાત કરું તો રણજીતનગર, સાધના કૉલોની, મીગ કૉલોની વગેરે વિસ્તારોને રીડેવલપિંગ યોજના હેઠળ આવરી લઇ ટેન્ડર પ્રક્રિયા સુધી કામગીરી પહોંચી ચૂકી છે. જે મકાનો ૩૦–૪૦ વર્ષ જૂના જર્જરિત થઇ ગયા હોય તેને રીડેવલપિંગ કરવાનું કામ આ યોજના હેઠળ થઇ રહ્યું છે. કોઇ વ્યક્તિનું નાનું મકાન હોય તો તેને ૪૦ ટકા જેટલું એક્સેસ આપવામાં આવે છે. દા. ત., કોઇ મકાન ૫૦૦ ફૂટનું હોય તો તેમાં ૪૦ ટકા એક્સેસ આપી ૭૦૦ ફૂટનું મકાન મળી રહે અને તે મકાન જ્યાં સુધી બની ન જાય ત્યાં સુધી તેનું ભાડું પણ કોન્ટ્રાક્ટર દ્વારા આપવામાં આવે છે આવી સરસ યોજના રાજ્ય સરકાર લાવી છે. તે જ રીતે કેન્દ્ર સરકાર દ્વારા મારા જ મત વિસ્તાર જામનગરને જોડતો અમૃતસર–જામનગર ઇકોનોમી કૉરિડૉરનું કામ ચાલુ છે. જે આખો રોડ સિક્સ લેન બની રહ્યો છે. તેની લંબાઇ ૧૨૫૬ કિ.મી. જેટલી થઇ રહી છે. જેનો અંદાજિત ખર્ચ રૂ.૮૦ હજાર કરોડ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ અમૃતસરથી જામનગર પહોંચતા ૨૬ કલાક જેટલો સમય લાગતો હતો. આ કૉરિડૉર બની જવાથી ૧૩ કલાકમાં અમૃતસરથી જામનગર પહોંચી શકાશે. આ કામ વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઇ જશે. ગઇકાલે જ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવીને કુલ રૂ.૪૧૦૦ કરોડના અલગ અલગ પ્રકારના ખાતમુહૂર્ત કર્યા. તેમાં સુદર્શન સેતુ બ્રિજ દેશમાં બીજા નંબરનો કેબલિંગ બ્રિજ છે. આ બ્રિજનો કુલ ખર્ચ રૂ.૯૭૮ કરોડ થયેલ છે. તમે સોશિયલ મીડિયા મારફત ફોટા જોયા હશે. પહેલાં બોટ દ્વારા જવું પડતું હતું અને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અકસ્માતો પણ થતા હતા. ગુજરાત અને દેશની પ્રજાને આ ૨.૩૨ કિલોમીટરના બ્રિજનું ગઇકાલે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પણ થયેલ છે. મારા જિલ્લાની વાત કરું તો, નાગરિકોની સુવિધા વધારવા તથા કોઇપણ પ્રકારની ટ્રાફિક સમસ્યા વિના ઝડપી અને સલામત રીતે મુસાફરી કરી શકાય એ માટે રાજ્ય ધોરીમાર્ગ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજ અને અન્ડર બ્રિજનાં ૧૩ કામો રૂ.૧૭૯.૨૫ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. આ ૧૩ કામો પૈકી રૂ.૩૩૪.૨૦ કરોડનાં ૪ કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે, રૂ.૫૮૪.૭૭ કરોડનાં ૭ કામો હાલ પ્રગતિ હેઠળ છે તથા રૂ. ૧૬૦.૯૫ કરોડનાં ૨ કામો હાલ શરૂ થનાર છે. અમારા જામનગરની વાત કરું તો, જામનગર રિંગ રોડ–૩ કે જે બેડેશ્વર, વાલસુરા, મરીન પોલીસ સ્ટેશનથી ગુલાબનગર થઇ રાજકોટ સ્ટેટ હાઇવેને જોડતો રસ્તો છે. જેનું રૂ.૮૧.૯૨ કરોડના ખર્ચે ટૂંક સમયમાં ખાતમુહૂર્ત થવા જઇ રહ્યું છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૬ની પ્રવાસન વર્ષ તરીકે ઊજવણી કરવામાં આવી ત્યારે સરકારશ્રી દ્વારા રૂ.૪૦૩૬.૫૦ કરોડની રકમના ૨૩૪૦.૨૫ કિલોમીટરની લંબાઇનાં કામોને મંજૂરી આપવામાં આવી હતી. જે પૈકી રૂ.૩૩૯૨.૬૨ કરોડની રકમના ૨૦૨૦ કિલોમીટર લંબાઇનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. ગઇકાલે જ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા જામનગર જિલ્લામાં કાલાવાડ–જામકંડોરણા–ધોરાજી રસ્તાનું પહોળીકરણ તથા મજબૂતીકરણ કરી રૂ.૨૯૨ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા માંગણી નંબર ૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતદેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રધાનમંત્રી બન્યા પછી તરત જ સહકાર મંત્રાલયની રચના કરી અને મંત્રી તરીકે આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહ સાહેબની નિમણૂક કરી હતી. આપણો ભારતદેશ કૃષિ પ્રધાન દેશ છે. કૃષિ પેદાશો પકવતાં રાજ્યના ખેડૂતોના કૃષિ ઉત્પાદનના વેચાણની વ્યવસ્થા ખેતીવાડી ઉત્પન્ન બજારસમિતિ દ્વારા થાય છે. રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેડૂતોના કાચા સોનાનું નાણામાં રૂપાંતર કરતી સંસ્થા છે. ખેડૂતોને વિવિધ પ્રકારની સુવિધાઓ આપી કૃષિ ઉત્પાદનના સંગ્રહથી માંડીને વેચાણ સુધીની સેવાઓ રાજ્ય માર્કેટયાર્ડો દ્વારા પૂરી પાડવામાં આવે છે. એ. પી. એમ. સી. માર્કેટ સમગ્ર રાજ્યમાં ખૂબ સારી કામગીરી કરી રહ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, સમગ્ર રાજ્યમાં ૨૨૪ જેટલી એ. પી. એમ. સી. માર્કેટો આવેલી છે. સુરતની વાત કરીએ તો, સુરત એ. પી. એમ. સી. માર્કેટ દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતોની કેરી એકત્રિત કરી ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં રૂ.૧૬ કરોડનો ખર્ચ થયેલ છે. જેમાંથી રૂ.૮ કરોડ કેન્દ્ર સરકાર દ્વારા સહાય આપવામાં આવેલ છે અને રૂ.૮ કરોડ એ. પી. એમ. સી.ના સ્વભંડોળમાંથી ખર્ચ કરીને દેશી પદ્ધતિથી કેરી પકવીને મેંગો પલ્પ કાઢીને વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવી રહ્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, અમેરિકા, રશિયા, કેનેડા, દુબઇ અને જર્મની જેવા દેશોમાં આ પલ્પ એક્સપોર્ટ થઇ રહ્યો છે. આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને સુરત, એ. પી. એમ. સી. દ્વારા શાકભાજીના કચરામાંથી બાયો સી.એન.જી. બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે. આ ગેસ ૬૨ રૂપિયા પ્રતિ ક્યુબિક મીટરના ભાવે ઇન્ડિયન ઓઇલ કંપનીને આપવામાં આવે છે. એમાંથી નીકળતા પ્રવાહીનો ખેડૂતો ખેતી માટે ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં શાહુકારો દ્વારા ખળામાંથી ખેડૂતોના માલની પાણીના ભાવે ખરીદી કરીને ખેડૂતોનું શોષણ કરવામાં આવતું હતું. આ શોષણ બંધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બજારધારો–૧૯૬૩ અમલમાં લાવીને ખેડૂતોને તેમના માલનો પોષણક્ષમ ભાવ મળે તે માટે માર્કેટયાર્ડોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી. પરિણામે ખેડૂતો તેમનો માલ માર્કેટયાર્ડમાં લાવતા થયા અને બજાર સમિતિમાં તેમના માલની જાહેરહરાજીથી પોષણક્ષમ ભાવો મળતા થયા. અત્યારે રાજ્યમાં કુલ ૨૨૪ જેટલી બજાર સમિતિઓમાં, ૨૧૩ મુખ્ય યાર્ડ અને ૧૯૨ સબ યાર્ડ મળી કુલ ૪૦૫ જેટલા માર્કેટયાર્ડ કાર્યરત છે. નાની – નાની બજાર સમિતિઓમાં ખાસ કરીને આદિજાતિ વિસ્તારની વાત કરીએ તો એમની આવક વધે એના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૭ બજાર સમિતિઓનું હાટ બજાર ચાલુ કરેલ છે. આ ખૂબ પ્રશંસનીય પગલું છે. રાજ્ય સરકાર દ્વારા ખેત ઉત્પન્ન બજાર સમિતિ અધિનિયમમાં ખાનગી બજાર, ઇ–બજાર, સીધી ખરીદી, બજાર વ્યવસ્થા, કર આધારિત ખેતી તથા ખેડૂત અને ગ્રાહક બજાર વ્યવસ્થા જેવી મહત્ત્વાકાંક્ષી જોગવાઇ કરી સુધારો કરવામાં આવેલ છે. જેના કારણે ગુજરાત રાજ્યની બજાર વ્યવસ્થા, આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઊભી થયેલ સ્પર્ધા સામે ટકી રહે એવી સક્ષમ બનેલ છે. રાજ્યની બજાર સમિતિઓ દ્વારા બજાર સમિતિઓના મુખ્યત્યે બજારભાવોનું આકાશવાણી કેન્દ્ર ઉપરથી પ્રસારણ કરવું, કેન્દ્ર તથા રાજ્ય સરકારોના ખાતરોની ખેત ઉત્પાદન સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવી તથા ખેતપેદાશોની ઉત્પાદન કક્ષાનું વર્ગીકરણ પણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારશ્રી દ્વારા ભારત સરકારશ્રીના એ.પી.એમ.સી. એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૧૭ના આધારે સન–૨૦૨૦માં ઐતિહાસિક સુધારો લાવવામાં આવેલ. જેમાં રાજ્યની બજાર સમિતિઓની કમિટીના સભ્યશ્રીઓની સંખ્યા આઠથી વધારી દસ કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યને બજાર વિસ્તાર જાહેર કરવાની જોગવાઇ, યુનિફાઇડ સિંગલ લાઇસન્સની જોગવાઇ, ઇ–ટ્રેડિંગ પ્લેટફોર્મની જોગવાઇ કરવામાં આવેલ છે. તેવી જ રીતે સન–૨૦૨૩માં બજાર સમિતિની ચૂંટણીમાં વેપારીઓની ચાર સીટ માટે ચૂંટણી અગાઉ ત્રણ વર્ષ દરમિયાન રૂ.૫૦,૦૦૦/– જેટલી માર્કેટ ફી ભરવામાં આવશે તેથી વેપારીઓ ચૂંટાઇ શકે. ખરીદ–વેચાણ મતવિભાગમાં બે સીટમાં લાઇસન્સ ધરાવતી આવી મંડળીઓ છેલ્લાં ત્રણ વર્ષમાં

પોતાના કુલ સભ્યશ્રીઓમાંથી ૧/૩ સભ્યશ્રીઓના માલની ખરીદી કરી, બજાર સમિતિએ વેચેલ હશે એવા અને રૂ. ૫ લાખ સુધી વેચાણ કરેલ હશે તેવી મંડળીઓના પ્રતિનિધિઓ આમાં આવી શકશે. જેના કારણે સાચા વેપારી મંડળીઓના પ્રતિનિધિઓ મળશે. આ ઉપરાંત, મતદારયાદીમાં કોઇપણ વ્યકિતનું એક કરતાં વધારે નામ હશે તે ફક્ત એક જ મત આપી શકે એવી જોગવાઇ પણ અમારી સરકાર દ્વારા કરવામાં આવેલી છે. રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં મહત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે જુદી–જુદી યોજનાઓમાં અમલમાં મૂકેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઇ–કોર્પોરેશન પોર્ટલની જેમ એ.પી.એમ.સી. પોર્ટલ બનાવવા માટેની નવી યોજના અમલમાં લાવેલ છે. જેના અમલીકરણના ભાગરૂપે ઇ–એ.પી.એમ.સી. પોર્ટલ બનાવવા માટે જી.આઇ.એલ. દ્વારા બીડ કરવા જણાવેલ છે. આમ, આ એ.પી.એમ.સી. પોર્ટલ બનતાં રાજ્યની તમામ બજાર સમિતિઓની તમામ પ્રકારની માહિતી એકસાથે મળી રહેશે અને જી.એસ.ટી. ચોરીનો પ્રશ્ન મહદઅંશે હલ થશે. આ એ.પી.એમ.સી. મારફતે ઓનલાઇન સેવાઓ ઉપલબ્ધ થવાના કારણે બજાર સમિતિઓના કામ સરળતાથી થશે અને સમય તથા નાણાંની બચત થશે. જેના માટે માનનીય સહકાર મંત્રીશ્રીને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. રાજ્યની બજાર સમિતિઓમાં મહત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટેની વ્યવસ્થાઓ ઊભી કરવી જેવી કે, પ્રોસેસિંગ યુનિટ, રિટેઇલ આઉટલેટ ઊભા કરવાની મહત્તમ યોજનાઓ જાહેર કરેલ છે. જેના થકી બજાર સમિતિઓની આવક વધશે. ખેડૂતને સીધો ફાયદો થશે અને ગ્રાહકને ગુણવત્તાયુક્ત માલ વાજબી ભાવે મળશે. આવી સરસ યોજનાઓ કરવા બદલ હું માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા માનનીય મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સાહેબનો ખૂબ–ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડિસ્ટ્રિક્ટ બેંકોની વાત કરીએ તો સમગ્ર રાજ્યમાં જે ડિસ્ટ્રિક્ટ બેંકો આવેલ છે એમાં ખેડૂતોને રૂ.૩ લાખ સુધીની મર્યાદામાં કિસાન ક્રેડિટ કાર્ડથી લૉન આપવામાં આવે છે એમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સાત ટકા વ્યાજ ભોગવે છે. આના કારણે સમગ્ર રાજ્યના ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થઇ રહ્યો છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સહકાર મંત્રીશ્રી જે રીતે કામગીરી કરે છે એમાં આખા રાજ્યની વાત કરીએ તો આખા રાજ્યમાં એ.પી.એમ.સી. માર્કેટ, ડિસ્ટ્રિક્ટ બેંક, સુગર ફેક્ટરી, જિલ્લા સહકારી સંઘ, ખરીદ–વેચાણ સંઘ આ બધી સહકારી સંસ્થાઓની કામગીરી જોતાં મને લાગે છે કે રૂ.૩ લાખ કરોડ જેટલું એમનું ટર્નઓવર છે. એટલે રાજ્ય સરકારની સાથેસાથે કામગીરી કરી રહી છે. આના કારણે ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોના પુત્રોને રોજગારી મળે છે. આપણા સહકાર મંત્રીશ્રી માનનીય જગદીશભાઇ વિશ્વકર્મા જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું પૂરું સમર્થન છે. આભાર.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સહકાર મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા વિસ્તારની અંદર માણાવદર બાંટવા તાલુકા ખરીદ વેચાણ સંઘ નામની સંસ્થા આવેલ છે. આ સંસ્થામાં ૬ મહિના પહેલા ચૂંટણી થઇ હતી. ચૂંટણી અધિકારી તરીકે ત્યાંના મામલતદાર જે તે વખતે ચૂંટણી અધિકારી તરીકે હતા. આના જે ફોર્મ ભરવાનો સમય હતો. ફોર્મ ભર્યા પછી ચકાસણીમાં મેં વાંધો લીધો. કાયદેસર ફોર્મ અમાન્ય થતા હતા છતાં પણ મામલતદારશ્રીએ આ ફોર્મ માન્ય કરેલ.

સભાપતિશ્રી : આપે માગણીઓ પર બોલવાનું છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કે આની તપાસ કરવા માટે કાંઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ? આવી જ રીતે માર્કેટિંગ યાર્ડનો પ્રશ્ન છે. માણાવદરની અંદર, આપણે એક બાજુ વિકાસની વાત કરીએ તો માણાવદરનું માર્કેટિંગ યાર્ડ આજે ખંડેર જેવી હાલતમાં છે. દર વર્ષે ૩થી ૫ કરોડની સેસ જેમાં આવતી હતી. આ યાર્ડમાં આજે એક પણ પથ્થર કે બિલ્ડિંગ જેવું કાંઇ નથી રહ્યું. આ બાબતે મેં સરકારમાં તપાસ માટે માગણી કરેલ. તો સરકારે આ બાબતમાં કોઇ પગલાં લીધેલ છે કે કેમ એ હું જાણવા માગું છું.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(હાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગની ૫ નંબરની માગણીના સમર્થનમાં હું મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના ખાંડ ઉદ્યોગમાં ખાંડ સહકારી મંડળીનું યોગદાન મહત્ત્વનું રહેલ છે. ગુજરાતમાં હાલ જે ૧૫ સહકારી કારખાના અને ૨ ખાનગી ખાંડના કારખાના કાર્યરત છે. ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ ગ્રામ્ય વિસ્તારમાં સ્થપાયેલો છે. ખાંડ સહકારી મંડળીઓના સભાસદો, જેમાં નાના અને સીમાંત અને આદિવાસી ખેડૂતો છે. લગભગ ૧.૩૫ લાખ હેક્ટર વિસ્તારમાં શેરડીનું વાવેતર થાય છે. ખાણ સહકારી મંડળીઓ સાથે લગભગ ૪.૫૦ લાખ કુટુંબો એની સાથે સંકળાયેલા છે. ખાંડ સહકારી મંડળીઓ ખેડૂતોને શેરડીના પોષણક્ષમ ભાવો ચૂકવે છે. પીલાણ સિઝનમાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન ૮૮.૯૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પીલાણ કરી માતબર રકમ શેરડી ઉગાડતા ખેડૂતોને ચૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાંડ સહકારી મંડળી ખેડૂતોને જ નહીં બલ્કે ૨૦થી ૨૫ હજાર કામદારોને કાયમી રોજગારી તેમજ પીલાણ સિઝન દરમયાન લગભગ ૫.૫૦ લાખ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી પૂરી પાડે છે. રાજ્ય તેમજ દેશમાં આવેલી કુદરતી તેમજ માનવ સર્જિત આફતો વેળાએ ખાંડ સહકારી મંડળીઓએ યથાર્થ યોગદાન આપી સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવામાં પાછી પાની કરી નથી. લગભગ ૪ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતો ગુજરાતનો ખાંડ ઉદ્યોગ વિવિધ વેરાના રૂપે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની તિજોરીમાં માતબર રકમ જમા કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાંડ સહકારી મંડળીઓ દ્વારા પીલાણ સિઝન ૨૦૨૨–૨૩ દરમ્યાન રૂ.૮૮.૯૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પીલાણ કરી ૧૦.૪૧ ટકા રીકવરી સાથે ૯.૫૭ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન થયેલ છે. ખાંડમાંથી ઇથેનોલનું ઉત્પાદન વધારે થાય તેમજ ખાંડનો ભરાવો ઓછો થાય તે માટે ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં પેટ્રોલ સાથે ઇંધણ ગ્રેડ ઇથેનોલનું મિશ્રણ, ૨૦ ટકા મિશ્રણ હાંસલ કરવાનું લક્ષ્ય રાખેલ છે. જેને અનુલક્ષીને મોલાસીસ આધારિત ડિસ્ટિલરીઓની ઇથેનોલ ઉત્પાદન ક્ષમતા વધારવા ખાંડ સહકારી મંડળીઓના એકસ્પાન્સનનો પ્રોજેકટ હાથ ધરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં નર્મદા સુગર ફેકટરી સલ્ફરલેસ રીફાઇન્ડ સુગર બનાવતી સહકારી સંસ્થા છે. આ ખાંડ મંડળી સ્પેન્ટવોશમાંથી ઓર્ગેનિક પોટાશ ખાતર પણ બનાવે છે. રાજયના સહકારી ખાંડ ઉદ્યોગને સક્ષમ બનાવવા રાજય સરકારે નીતિ નક્કી કરેલ, તે મુજબ નાણાકીય સહાય માટે પેકેજ અંતર્ગત આધુનિકરણ માટે, અપગ્રેડેશન માટે, વૈવિધ્યકરણના હેતુ માટે ટીસ્યુ કલ્ચર લેબ, ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન, મોલાસીસ બેઇઝ ડિસ્ટલરી, ટર્બાઇનના બદલે ઇલેક્ટ્રિસિટી મોટરનું ઇન્સ્ટોલેશન તેમજ સ્ટીમ ઇકોનોમી પ્રોજેકટ, ઓટોમાઇઝેશન વગેરે તેમજ ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવા પ્રોજેકટ માટે તેમજ સંગ્રહ વ્યવસ્થા સુદ્દઢ કરવા માટે સરકારશ્રી દ્વારા નીતિ નિર્ધારીત કરેલ છે. ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા માટે પગલાં પણ લીધેલ છે. સહકારી ખાંડ મંડળીઓને વધુ સક્ષમ બનાવવી તેમજ સહકારી ખાંડ મંડળીઓને સોફટ લોન માટે વ્યાજ સહાય આપી મદદરૂપ થવું. ખાંડ સહકારી મંડળીઓને જરૂર જણાયે શેર મૂડી માટે પણ ફાળો આપ્યો છે. ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજય સરકારની નીતિ નક્કી કરેલ છે તે મુજબ નાણાકીય સહાય માટે પેકેજ યોજના સામાન્ય વિસ્તાર હેઠળ રૂપિયા ૩.૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ભારત સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના તા.૨–૩–૨૦૧૯ના નોટિફિકેશનથી જાહેર કરેલ સોફ્ટ લોન વ્યાજ રાહત યોજના મુજબ ખાંડ સહકારી મંડળીઓને ભારત સરકાર દ્વારા એક વર્ષ માટે શેરડી પીલાણ સિઝન વર્ષ ૨૦૧૮–૨૦૧૯ના શેરડી પેમેન્ટ માટે મેળવેલ સોફ્ટ લોનના ૭ ટકા લેખે વ્યાજ સહાય આપવામાં આવેલ છે. જેથી રાજયમાં સામાન્ય તેમજ આદિવાસી વિસ્તારો હેઠળની ખાંડ સહકારી મંડળીઓને લાંબા ગાળાની લોન સામે વ્યાજ સહાય આપવા..

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ ૩ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પુરાવાઓ રજૂ કરવા અંગે**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓની ચર્ચા ઉપર આજે જયારે મેં સવારે ભાગ લીધો હતો અને એ વખતે મેં અહીંયા રજૂઆત કરી હતી કે *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : તમારે જે કહેવાનું છે એ કહી દીધું છે. કાગળો સચિવશ્રીને આપી દો. તમારા રેકોર્ડ ઉપરથી અગાઉના અધ્યક્ષશ્રીએ રેકોર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા છે અને એને ફરીથી તો હું રેકોર્ડ ઉપર લઇ શકવાનો નથી.

શ્રી અમિત ચાવડા : એટલા માટે કે મેં જે વાત કરી હતી એ આધાર પૂરાવા સાથે વાત કરી હતી (અંતરાય) *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : એવો આક્ષેપ તમે કરી ના શકો. રેકોર્ડ ઉપર તમે આક્ષેપ કરો છો. *(xxx)

શ્રી અમિત ચાવડા : મેં એટલા માટે કહ્યું છે કે *(xxx) (અંતરાય)

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કર્યા છે એટલે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આપ બેસો. જે તે વખતે નિર્ણય થઇ ચૂકયો છે એમાં ફરી નિર્ણય થાય નહીં.

શ્રી અમિત ચાવડા : જે તે વખતે માનનીય ઋષિકેશભાઇએ માગણી કરી હતી કે તમારી પાસે પુરાવા હોય તો આપો તો આ પુરાવા રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : જે તે વખતે અધ્યક્ષશ્રી નિર્ણય આપી ચૂકેલ છે. રેકોર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા છે ..(અંતરાય)

શ્રી અમિત ચાવડા : *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો..

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે કે કોઇપણ સભ્યશ્રી જ્યારે પણ બોલવા ઊભા થાય ત્યારે કોઇપણ વસ્તુ મૂકે એ વખતે એમની પાસે હાજર હોવું જોઇએ. એ વખતે એમની પાસે હાજર ન હતું ત્યારે પણ અમે એમને કહ્યું હતું કે તમે મૂકો. એમની પાસે ન હતું અને પાછળથી રજૂ કરી શકાય એવું કોઇ નિયમમાં નથી એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : હવે આ વાત પતી ગઇ છે. અગાઉના અધ્યક્ષશ્રીએ નિર્ણય કરી નાખ્યો છે એને હું વળગી રહું છું. બીજો નિર્ણય થઇ શકે નહીં. (અંતરાય) આપ બેસો. પાછળથી પુરાવા રજૂ કરવાની વાત નથી. જે તે વખતે બોલતા હતા ત્યારે પુરાવા રજૂ કરવાની જરૂર હતી.

શ્રી અમિત ચાવડા : મેં કહ્યું હતું કે પુરાવા રજૂ કરીશ. મારી પાસે પુરાવા છે.

ઉપાધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરી દીધા છે.

શ્રી અમિત ચાવડા : અમારે પુરાવા રજૂ કરવા છે. આપના મારફત ગૃહમાં પુરાવા રહે, જેથી રેકર્ડ ઉપર એવું ન રહે કે અમે ખોટી વાત કરી હતી.

ઉપાધ્યક્ષશ્રી : ઠીક છે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને ગૃહમાં આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌના સાથથી સૌના વિકાસનો મંત્ર લઇને ચાલતી ગુજરાતના આર્થિક વિકાસને આગળ ધપાવવા રાજ્યના સમતોલ અને પ્રગતિશીલ વિકાસની નવી કેડી કંડારી રહ્યા છે તેવા રાજ્યના મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના સ્વપ્નને આપણું ગુજરાત ૫–જી ગુજરાત બને, તેમની ૫–જીની કલ્પના છે. ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત બને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નો છે એ માટે એમને અભિનંદન આપું છું. રાજમાર્ગો લોકોની સુખાકારી માટે તથા રાજ્યના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વના છે. માર્ગોનું સુદ્રઢીકરણ અને સુવ્યવસ્થિત નેટવર્ક ગુજરાત રાજ્ય ધરાવે છે જે દેશમાં સર્વોત્તમ છે. આનાથી નાનામાં નાના ગામના લોકો માટે ઝડપી અને સલામત વાહનવ્યવહારની સવલતો ઉપલબ્ધ કરવામાં આવી છે. માર્ગોનું નેટવર્ક વિકસાવવા માટે અંતરિયાળ વિસ્તારથી માંડી વિકાસના કેન્દ્ર સમા ઔદ્યોગિક વસાહતો, બંદરો, શહેરો અને પર્યટન સ્થળો સુધી રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. મારા જિલ્લા ખેડાની વાત કરું તો પવિત્ર યાત્રાધામ ડાકોર જંકશન ખાતે રૂપિયા ૭૩.૩૮ લાખના ખર્ચે ફ્લાય ઓવરનું કામ, વડતાલ–નડિયાદ રસ્તો તથા પેટલાદ–નડિયાદ, અમદાવાદ–કઠલાલ–ગોધરા–દાહોદ–ઈન્દોર રોડ ઓ.એન્ડ એચ. ૫૯ સેકશન સોનીપુર જંકશન, સેવાલિયા જંકશન રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી અનુક્રમે રૂપિયા ૧૭૦૦ લાખના ખર્ચે, રૂપિયા ૨૧૦૦ લાખના ખર્ચે અને ૨૦૫૦ લાખ રૂપિયાના ખર્ચે પ્રગતિમાં છે. મારા મત વિસ્તાર માતરની વાત કરું તો વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન અન્ય કામોની સાથે સાથે ખેડા–માતર–તારાપુર રોડ માટે ૨૮.૮૦ કિ.મિ. લંબાઇ માટે રૂપિયા ૩૮ કરોડની મંજૂરી આપેલ છે અને એનું કામ ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડા માટે ૮.૭૫ કિ.મિ.ની લંબાઇ માટે રૂપિયા ૧૩ કરોડની મંજૂરી આપેલ છે એના માટે પણ હું માર્ગ અને મકાન મંત્રી અને માનનીય કનુભાઇ દેસાઇનો આભાર માનું છું. લીંબાસીથી આણંદને જોડતા રોડ માટે ૭.૪૦ કિ.મિ.ની લંબાઇ માટે રૂપિયા ૭ કરોડની મંજૂરી આપેલ છે. માતર વિધાનસભા માટે વર્ષ ૨૦૨૩–૨૪માં માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા રીસરફેસિંગ માટે ૧૫ રસ્તાઓનાં કામ માટે રૂપિયા ૨૮.૩૬ કરોડનાં કામો મંજૂર કરવામાં આવેલ છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીનો આભાર માનું છું. આમ, વિભાગ દ્વારા ઉત્તરોત્તર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે અને માર્ગ વિકાસની કામગીરી માટે જરૂરી નાણાકીય આપૂર્તિ માટે વર્ષ ૨૦૨૪–૨૫ની વિભાગની નાણાકીય માગણીઓને મારું સમર્થન આપું છું. આજથી ૨૦ વર્ષ પહેલાં ગામડામાં જવું હોય તો રસ્તો પૂછવો પડતો હતો. આજુબાજુના ગામોમાં ૩–૪ જગ્યાએ ઊભા રહેવું પડે. આજે ગુજરાતમાં ગુગલમાં સર્ચ કરીને રસ્તાનું પૂછવું પડતું નથી. ગુજરાત સરકાર અને ભારતીય જનતા પાર્ટીએ એટલા બધા રસ્તા બનાવ્યા છે કે એક ગામથી ત્રણ રસ્તા નીકળે, આજુબાજુના ૩ ગામોને જોડતા રસ્તા હોય. પરા અને ઝૂંપડપટ્ટી વિસ્તાર હોય એના માટે પાકા રસ્તા બનાવીને સુવિધા આપેલ છે. એ જ રીતે હું વર્ષોથી ગામડામાં રહું છું. મારો વિસ્તાર ભાલ અને ચરોતરને અડીને આવતો હોય ત્યાં પણ આણંદ જિલ્લા અને ખેડા જિલ્લાના સંયુકત ગામડાં અને કોંગ્રેસના મિત્રોના વિસ્તારમાં જતો હોઉં ત્યાં પણ જોઉં છું કે એક પણ રસ્તો ગામડાંને જોડતો બાકી ન રહ્યો હોય અને પરાને પણ જોડતો રસ્તો બાકી ન રહ્યો હોય. દરેક સભ્યોના દરેક વિધાનસભા વિસ્તારમાં પણ સરકારશ્રીની અનેક યોજનાઓ, મુખ્યમંત્રી સડક યોજનાઓથી ગામના દરેક રસ્તાઓને જોડાણ કરી શહેરી વિકાસ સાથે જોડવાનો પ્રયત્ન કરીને છેલ્લાં ૨૦ વર્ષની અંદર ખેડૂતો માટે એક ગામથી બીજે ગામ કે સીમ વિસ્તાર માટે પણ અનેક રસ્તાઓની સુવિધા પૂરી પાડી એના માટે સરકારશ્રીને ખૂબખૂબ અભિનંદન આપું છું. ભારત માતા કી જય.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૪–૨૫ ના વર્ષ માટે સહકાર વિભાગની રૂ. ૧૫૩૮ કરોડની માગણીઓ સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સહકારી પ્રવૃત્તિ એ સમગ્ર દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરેલું છે અને સહકારી સંસ્થાઓ થકી ગરીબી દૂર કરવામાં સમગ્ર ગુજરાતની અંદર સૌથી અગત્યનો ભાગ ભજવ્યો હોય તો એ સમગ્ર સહકારી માળખાએ ભજવ્યો છે. વિના સહકાર નહીં ઉદ્ધાર અને સહકારથી જ સમૃદ્ધિના લક્ષ્ય સાથે આપણા સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે દેશના નેતૃત્વમાં સૌ પ્રથમ વાર સહકાર મંત્રાલય એમણે વડાપ્રધાન બન્યા પછી બનાવ્યું

અને એનું મુળ કારણ હતું કે નાનામાં નાનો માણસ, ગામડાંનો માણસ, છેવાડાનો માણસ જે ગરીબ, ખેડૂત, પશુપાલક અને મહિલાઓને સૌથી વધારે જો કોઇ ઉપયોગમાં આવતી હોય તો એ સહકારી સંસ્થાઓ છે અને એ સહકારી સંસ્થાઓ થકી સમગ્ર રાજયની અંદર આપણે અભૂતપૂર્વ કામ છેલ્લા ઘણા દાયકાઓની અંદર કર્યું છે અને એમાં પણ સહકાર મંત્રાલય બનાવ્યા પછી આપણા સન્માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને એનો હવાલો સોંપ્યો અને શ્રી અમિતભાઇની દીર્ઘદૃષ્ટિ અને બહોળો સહકારી અનુભવ અને એના આધારે એમણે છેલ્લા ઘણા સમયની અંદર આમૂલ પરિવર્તન કર્યા છે અને સહકારી માળખાની અંદર સમગ્ર વિશ્વ દેશ તો જોઇ શકે પણ વિશ્વ જોઇ શકે એ પ્રમાણે આપણી પાસે મોટામાં મોટું કોઇ મોડલ હોય તો એ શ્વેતક્રાંતિ થકી અમૂલનું મોડલ છે. એણે સમગ્ર દુનિયાની અંદર આપણા ગુજરાતનું ગૌરવ વધારવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક સહકારી મંડળીઓનું આર્થિક મજબૂતીકરણ કરવાની વાત હોય, એફ.પી.ઓ.ની રચનાની વાત હોય, નાબાર્ડની મદદથી સહકારી બેંકો દ્વારા માઇક્રો એ.ટી.એમ.ની વાત હોય, ડેરી હોય, સહકારી મંડળીઓ હોય કે માર્કેટ યાર્ડ હોય આ તમામ પ્રકારના નવા ઇનોવેટીવ આઇડીયા લઇને શ્રી અમિતભાઇ શાહ સાહેબે એમની આગેવાનીમાં સમગ્ર દેશની અંદર ગુજરાતનું મોડલ પણ એમણે મૂક્યું છે અને એના પાયલોટ પ્રોજેકટ થકી હમણા થોડા સમય પહેલા માનનીય અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રી પંચમહાલ બેંક અને બનાસકાંઠા બેંક એ બંને બેંકો થકી સમગ્ર દેશની અંદર માઇક્રો એ.ટી.એમ. કરીને પાઇલોટ પ્રોજેક્ટ તરીકે મૂકવામાં આપ સૌ સફળ રહ્યા છો. ટેક્સ જે બહુહેતુક બનાવવા માટે જે મોડલ અને પેટા નિયમોમાં માનનીય સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના મત પ્રમાણે જે ટેક્સ મંડળીઓ છે એનો બહુહેતુક ઉપયોગ થાય તો એ વધારે સશકત અને આર્થિક રીતે પણ સક્ષમ બને એ માટે એમણે અનેક નિયમોની અંદર પણ ફેરફાર કર્યા છે અને એમના નેતૃત્વમાં રાષ્ટ્રિય સંઘો અને અલગ અલગ સંસ્થાઓમાં પેટા નિયમોમાં અંદર ફેરફાર કરી અને સમગ્ર દેશમાં એનો અમલ કરવામાં અત્યારે આપણા ગુજરાતમાં અનેક પરિવર્તનો પણ કર્યા છે. રાજય સરકાર દ્વારા કોરોના સમયે પણ લોકડાઉન જયારે જાહેર થયું હતું ત્યારે પણ ગુજરાતના વેપારીઓ, કારીગરો અને શ્રમિકોના ધંધા રોજગારને વ્યાપક પ્રમાણમાં પ્રતિકૂળ અસર થયેલ જે પરિસ્થિતિ નિવારવા માટે પણ આપણી સહકારી સંસ્થાઓએ અનેક પ્રકારનાં પગલાં ભર્યાં છે. ભૂતકાળની અંદર આપણે જોયું છે કે, ગામડાના લોકો ઘણાબધા ઊંચા વ્યાજે પૈસા લોકો પાસેથી લેતા હતા. આ સહકારી બેન્કો મારફત અત્યારે ફકત ઝીરો ટકા વ્યાજની અંદર પૈસા મળે છે. વ્યાજની અંદર સબસિડી આપી લોકોને પૈસા મળી રહ્યા છે. ખેડૂતોને આના લીધે ખૂબ મોટો ફાયદો સહકારી સંસ્થાઓ મારફત કરી આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે બીજી ખાસ વાત કરવી છે તા.૨૩ ફેબ્રુઆરીના રોજ સહકારી માળખાની અંદર આપણા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબે વારાણસીની અંદર બનાસ કાશી સંકુલ બનાવેલ છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કરકમલો દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. તેના માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આપણા અધ્યક્ષશ્રી સાહેબને અભિનંદન આપું છું. બનાસ ડેરી સમગ્ર દેશ અને સમગ્ર વિશ્વની અંદર દરરોજ એક કરોડ લિટર કરતાં વધારે દૂધનું ઉત્પાદન કરી રહી છે. આખા રાજ્યમાં અને દેશમાં સૌથી વધુમાં વધુ દૂધ ઉત્પાદન કરે છે અને ખેડૂતો તથા પશુપાલકોને જે પૈસા મળે છે તેમાં કહું તો ગયા વર્ષે ૨૦૨૩-૨૪ની અંદર રૂ. ૧૬૫૦ કરોડ કરતાં વધારે રૂપિયાનો ભાવ વધારો આપવાનું કામ આ બનાસ ડેરીના મારફત થયું છે. તે જ રીતે અત્યારે બનાસ ડેરીએ સહકારી માળખું શું કરી શકે છે તેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા માટે શ્વેતક્રાંતિનું કામ કર્યું છે. દૂધની સાથે સાથે તેલીબિયાં મીલ, છાણની અંદરથી પણ બાયો સી.એન.જી. બનાવવાનું કામ, મધનો પ્લાન્ટ, હેલ્થ માટે મેડિકલ કોલેજનું કામ આવા અનેક પ્રકારનાં કામો સહકારી સંસ્થા મારફત થઇ રહ્યાં છે. ત્યારે સહકારી ક્ષેત્રની અંદર જે પ્રમાણેની માગણીઓ લઇને માનનીય સહકાર મંત્રીશ્રી આવ્યા છે ત્યારે તેને સમર્થન આપું છું અને સાથે સાથે સહકારી સંસ્થાઓની અંદર સમાન પેટા નિયમોની રચના થાય તેના માટે વિનંતી કરું છું. માર્કેટ યાર્ડો જે કામ કરી રહ્યાં છે તે યાર્ડો ડેરી સંઘો જે રીતે કામ કરી રહ્યાં છે તે જ પ્રકારે માર્કેટ યાર્ડોમાં પેટા નિયમોમાં ફેરફાર કરી ખેડૂતો, ગરીબ મહિલાઓ, પશુપાલકો માટે કામ કરી શકે તેવું કામ થાય તો આવનારા સમયમાં બહુ જ ઉપયોગી થશે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા**(**કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી માગણી ક્રમાંક-૮૬ માર્ગ અને પુલો માટેની જે રજૂ થઇ છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્ય ધોરીમાર્ગ, મુખ્ય જિલ્લા માર્ગો, અન્ય જિલ્લા માર્ગો અને ગ્રામ્ય માર્ગો ઉપરાંત રાજ્ય હસ્તકના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની સુધારણા, નવિનીકરણ, માર્ગો પહોળા કરવા તેમજ પુલોના બાંધકામ જેવી કામગીરી સાથે રાજ્યમાં અતિ સુદઢ રોડ, ઇન્ફ્રાસ્ટ્રકરની સુચારુ સ્વરૂપે જાળવણીની કામગીરી વિવિધ યોજનાઓ જેવી કે, પ્રવાસીપથ, પ્રગતિપથ, પોર્ટ કનેક્ટિવિટી, કિસાનપથ યોજના દ્વારા કરવામાં આવે છે. આ સુવિધાઓને અસરકારક, સલામત અને સમયની વધુ બચત થાય તેવી કામગીરીઓ માટે અતિ અગત્યના જુદા પ્રકારના પુલો, ફલાય ઓવર, આર.ઓ.બી.ના બાંધકામ માટે તાજેતરના વર્ષમાં વધુ ફાળવણી કરવામાં આવી રહી છે ત્યારે આવા અગત્યનાં કામોને વધુને વધુ સંખ્યામાં હાથ ધરવાના આયોજનના ભાગરૂપે ચાલુ વર્ષે બે કામો ૧૯.૫ કિલોમિટરના રૂ.૧૩.૧૭ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. ચાર કામો રૂ.૪૩.૫૦ કરોડના પ્રગતિમાં છે તથા પાંચ કામો રૂ.૧૪૮.૯૮ કરોડના હવે શરૂ થનાર છે. મારા મત વિસ્તારની વાત કરું તો, કપડવંજ મત વિસ્તારમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અન્ય કામોની સાથે અમદાવાદ-કુહા-કઠલાલ રોડ ૩.૪૨ કિલોમિટરની લંબાઇ માટે રૂ.૧૩.૫૦ કરોડ, ડાકોર-કપડવંજ-લાડવેલ રોડ ૧૩.૬૦ કિલોમિટર લંબાઇ

માટે રૂ.૧૫.૪૦ કરોડ તેમજ કપડવંજ–તૈયબપુરા–જગડુપુર–નાની ઝેર– મોટી ઝેર રોડ ૧૮.૫૦ કિલોમિટર લંબાઇ માટે રૂ.૨૧.૦૦ કરોડ જેટલાં કામોની મંજૂરી મળેલ છે. તેમજ હાલમાં ડાકોર–લાડવેલ–કપડવંજ રોડ પર એલ.સી.૫૫ નવીન રેલવે ઓવરબ્રિજ બનાવવા માટે રૂ.૭૦ કરોડ તથા અન્ય સ્ટ્રકચરને પહોળા કરવા માટે રૂ.૧૭ કરોડનાં કામોની મંજૂરી મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ મત વિસ્તારમાં વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા રીસરફેસિંગના ૨૦ રસ્તાના ૩૪.૮૨ કરોડનાં કામો મંજૂર કરવામાં આવેલ છે. આમ વિભાગ દ્વારા ઉત્તરોતર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહેલ છે અને માર્ગ વિકાસની કામગીરી માટે જરૂરી નાણાકીય પૂર્તતા માટે વર્ષ ૨૦૨૪–૨૫ની વિભાગની નાણાકીય માગણીઓને હું મારું સમર્થન આપું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા(સહકાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રા.ક.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સહકારની માગણી નં. ૫ અને માર્ગ અને મકાન વિભાગની માગણી નં. ૮૫, ૮૬, ૮૭ જે લઇને આવ્યો છું એમાં જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એવા માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇ ઠાકોર, શ્રી મોહનભાઇ ઢોડિયા, શ્રી બાબુભાઇ, શ્રી કેશુભાઇ, શ્રી શિવાભાઇ, શ્રી જે.વી. કાકડિયા, શ્રી કરશનભાઇ, શ્રી દિવ્યેશભાઇ, શ્રી સંદિપભાઇ, શ્રી યોગેન્દ્રભાઇ, શ્રી રાજેન્દ્રભાઇ અને શ્રી માવજીભાઇ એ તમામ સભ્યોનો હું આભાર વ્યક્ત કરું છું અને સાથે સાથે કોંગ્રેસના મિત્રોએ જે સજેશનો કર્યા છે એને પણ મેં ધ્યાનમાં લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ખુલ્લામાં લોકશાહીનો જે શ્વાસ લઇ રહ્યા છીએ ત્યારે આજના દિવસે એવા મહાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરજીની પૂણ્ય તીથિ છે. શ્રદ્ધેય અટલજીના શબ્દોમાં સાવરકરજીને યાદ કરીએ તો હું ચોક્કસ કહીશ કે,

"સાવરકર માને તો તેજ હૈ, સાવરકર માને તો ત્યાગ હૈ,
સાવરકર માને તો તપ હૈ, સાવરકર માને તો તત્ત્વ હૈ, સાવરકર માને તો તર્ક હૈ,
સાવરકર માને તો તારુણ્ય હૈ, સાવરકર માને તો તીર હૈ."

વીર સાવરકરજીનું સંઘર્ષમય જીવન પ્રત્યેક રાષ્ટ્રભક્ત માટે એક પ્રેરણા રૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અમદાવાદ શહેરનો પણ સ્થાપના દિવસ છે અને નગરદેવી મા ભદ્રકાળીના આશીર્વાદથી વિકસિત ગુજરાતમાં પોતાનું યોગદાન આપનાર ભારતના પ્રથમ વર્લ્ડ હેરીટેજ સિટી અમદાવાદના સૌ શહેરીજનોને આજના દિવસે શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટેની સહકાર વિભાગની રૂપિયા ૧૫૧૫.૭૮ કરોડની માગણી લઇને ઉપસ્થિત થયો છું ત્યારે ૨૨મી જાન્યુઆરીએ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઇ અને ૨૨મી ફેબ્રુઆરીએ એટલે કે એક વર્ષને એક મહિના બાદ ગુજરાતની કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સુવર્ણ જયંતીમાં આપ પણ હાજર હતા. દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ એ વખતે કિશાનોને જે અભિનંદન આપ્યા એ કદાચ દુનિયાની સૌથી મોટી એટલે એવું કહેવાય કે, દુનિયાની સૌથી મોટી ૮ ડેરીઓમાં આપણી અમૂલ ફેડરેશન આવી રહ્યું છે અને એના માટે ભારતના અને ગુજરાતના તમામે તમામ ખેડૂત ભાઇઓને આજના દિવસે અભિનંદન આપું છું અને મને જણાવતા આનંદ થાય છે કે, લગભગ ૧ લાખ કરતા વધુ લોકો એ શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમની અંદર ૫૦ વર્ષની જે ભવ્ય ઉજવણી થાય એ ન ભૂતો ન ભવિષ્યતી અને એ દિવસે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ કહ્યું તેમ, આ એટલી મોટી કો–ઓપરેટીવ સંસ્થા છે, ૮૦ હજાર કરોડનું ટર્નઓવર કરે છે અને સાથે સાથે એવું કહેવાય છે કે, રોજનાં ગામડામાં રહેતી મારી મહિલા બહેનો જે ગાયો અને ભેંસો દોહીને જે મહેનત કરે છે એના ખાતામાં રોજના રૂપિયા ૨૦૦ કરોડ જમા થતાં હોય તો આ કો–ઓપરેટીવ સંસ્થા દ્વારા થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતનું ભવિષ્ય એ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ચાર વર્ગમાં વેંચાયેલું છઃ. જ્ઞાન એટલે ગરીબ, યુવા, અન્નદાતા એટલે કિશાન અને નારી શક્તિ. અત્યારે દેશના વિવિધ પક્ષો જ્ઞાતિવાદના વાડાને લઇને રાજનીતિ કરી રહ્યા છે ત્યારે દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબ એ માત્રને માત્ર જ્ઞાન એટલે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિને લઇને જ્યારે વિકાસ કરવા નીકળ્યા છે ત્યારે આઝાદીના અમૃતકાળની અંદર જે ઉજવણી થઇ રહી છે એ આખા દેશ માટે ગૌરવની બાબત છે. કોઇ પણ વ્યક્તિ કોઇ પણ ધર્મ કે કોઇ પણ જ્ઞાતિનો હોય એ તમામનો સર્વાંગી વિકાસ થાય એટલા માટે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ જે વિકાસની ભેટ દેશને આપી છે આ અમૂલ્ય ભેટ, આ અમૂલ્ય વારસો આઝાદીનાં ૭૫ વર્ષ બાદ એ આપણે બધા સાચા અર્થમાં ઉજવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જરૂરિયાતમંદ પરિવારને કલ્યાણની દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત સતત અવિરત પ્રયત્ન જ્યારે કરી રહી છે ત્યારે કેન્દ્રના પ્રથમ સહકારીતા મંત્રી શ્રી અમિતભાઇ શાહના આગવા વિઝનથી જેમણે સહકારીતાને અલગ રીતે પચાવ્યું છે અને સાચા અર્થમાં વાઇબ્રન્ટ કર્યું છે અને જેમણે સૌથી પ્રથમ વખત દેશની સહકારીતા નીતિ બનાવવાનું કામ કર્યું છે.સાથે સાથે દેશના યુવાનો, મહિલાઓ એ સહકારીતાથી જોડાય અને

નવી પેઢી સહકારીતાના માધ્યમથી આગળ વધે અને એટલા માટે સહકારીતા યુનિવર્સિટી સ્થાપવાનું પણ એક દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની તમામે તમામ જેટલી પણ પેક્સ છે તે તમામે તમામ પેક્સને કોમ્પ્યુટરાઇઝ કરવાનું કામ કર્યું છે. સાથે સાથે નેશનલ કો–ઓપરેટીવ ડેટા બેઇઝ પોર્ટલ એટલે આખા દેશની તમામે તમામ કો–ઓપરેટીવ તે ઓન લાઇન થઇ જાય તે પ્રમાણેનું આપણે કામ કરવા જઇ રહ્યાં છીએ અને આના જેવા આયામો ઊભા કરી સહકાર અને સહકારના સમન્વય સાધનાર એવા માનનીય અમીતભાઇ શાહના નેતૃત્વમાં સહકારની સમૃદ્ધિના મંત્રને આત્મસાર કરી જયારે આગળ વધી રહ્યું છે ત્યારે સહકારી પ્રવૃત્તિને એ ડબલિંગ ઓફ ધ ફેમિલી ઇન્કમના સિદ્ધાંત પર જયારે કામ કરે છે ત્યારે આ પ્રવૃત્તિ સાથે પૂરૂંષ અને મહિલા બન્ને જોડાય અને જેથી પરિવારની બેવડી આવક થાય અને તેનો વિકાસ પણ બમણો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગર્વ સાથે જણાવીશ કે આ વિભાગનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે સમગ્ર રાજયમાં લગભગ ૮૭ હજાર કરતા વધારે એ સહકારી મંડળીઓ છે, એટલે લગભગ ૧ કરોડ અને ૭૧ લાખ જેટલા સભાસદો જયારે જોડાયેલાં છે આમ, દરેક ચાર ગુજરાતીએ એક ગુજરાતી એ સહકારિતા સાથે જોડાયેલો છે. અને સહકાર વિભાગના સંકલિત અને સહકાર વિભાગ પોતાની રૂઢિગત પરંપરાઓની વિચારસરણીમાંથી બહાર આવી અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સભાગૃહના હિતમાં મહત્તમ કાર્ય કર્યું છે ત્યારે તેના ભાગરૂપે જયારે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર ગુડ ગવર્નન્સ સહકારી મંડળીનું ઓન લાઇન રજિસ્ટ્રેશન કોઇ પણ વ્યકિતને રજિસ્ટ્રેશન કરાવવું હોય તો કચેરીના ધક્કા ખાવાની જરૂર નથી પણ ઓન લાઇન રજિસ્ટ્રેશન, પેક્સ કોમ્પ્યુટરાઇઝ, નેશનલ કો–ઓપરેટીવ ડેટા બેઇઝ પોર્ટલ, ઇ–કોમર્સ કો–ઓપરેટીવ પોર્ટલ, નાણાં ધીરનારનું ઓન લાઇન રજિસ્ટ્રેશન અને બોર્ડ ઓફ નોમિનીઝના અપીલ કેસોનું ઓન લાઇન સ્ટેટસ માટે ઇનીસીએટીવ રાજય સરકારે લીધા છે. અને સહકાર વિભાગની જયારે મહત્ત્વની સિદ્ધિઓની વાત કરું તો રાજયના ખેડૂતોને નાણાકીય વર્ષમાં કુલ પાક ધિરાણ પર વ્યાજ સહાય તરીકે લગભગ રૂ. ૧૩૭૧ કરોડની ચૂકવણી કરવામાં આવી રહેલ છે. આ નાણાકીય વર્ષમાં રૂ.૧ હજાર કરોડની ખેડૂતોને વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે. આ યોજનાનો સોએ સો ટકા અમલ કરવામાં આવેલ છે. અમારી આ સરકારના ગત એક વર્ષના સમયમાં સહકારી મંડળીઓના લગભગ ૫૪,૫૭૪થી વધુ સભાસદોને સહકારી વિભાગની તાલીમ આપવામાં આવેલી છે. અને જેમાં ઇનોવેટીવ પ્રકારની જે રીતે દુનિયા બદલાઇ રહી છે અને તે રીતે સમાજમાં સર્વિસ બેઝ ઉપર કઇ પ્રકારની સર્વિસ બેઝની ઇનોવેટીવ મંડળીઓ ખુલે તે પ્રમાણેનું માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં ઇનોવેટીવ મંડળીઓ પણ ખોલવાનું એ અમારી સરકારે કર્યું છે. એમાં કોમ્પ્યુટરાઇઝ મંડળી એટલે કોઇ પણ લોકોને કોમ્પ્યુટરાઇઝ જે લોકોને કોમ્પ્યુટર આવડતું હશે એકસેલ કે વર્ડ કે કોઇ પણ પ્રકારનું તો એવા ૧૦ છોકરાઓ ભેગા થઇ અને પોતાની મંડળી ખોલશે અને તે કોઇ પણ સહકારી સંસ્થા હોય કે કોઇ પણ મોટી કંપનીમાં તે પોતાનો વ્યવસાય જાતે કરી શકે તે પ્રકારની એવી રીતે ડ્રાઇવર સાથે સાથે હોમ ટેક કેર એટલે જેવી અર્બન કલેપ જેવી મોટી મોટી કંપનીઓ તે ત્યાં એમ્પ્લોઇ રાખીને ત્યાં પોતાના પોર્ટલ ઉપર જેમ જોબ ઓફર કરે છે એવી રીતે આપણે નવી ઇનોવેટીવ મંડળીઓ ખોલી અને લોકોની જોબ ઓપર્ચ્યુનિટી વધે એ પ્રકારે દેશના યુવાનો અને મહિલાઓને તક મળી રહે આ પ્રમાણેની ઇનોવેટીવ સહકારી મંડળી ખુલે તેના માટે પણ આપણે તેના નિયમો પણ તૈયાર થઇ ચૂકયા છે. એટલે આવનારા દિવસોની અંદર રાજયની અંદર યુવા અને મહિલાઓ એ કોઇ પણ પ્રકારની ઇનોવેટીવ મંડળી ખોલી અને આ પ્રકારે કામ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને જમીનના મહેસૂલી રેકર્ડ જેવા કે ૭/૧૨ તેમજ સહકારી એવી યોજનાઓ માટે આ ખેડૂત પોર્ટલ પર અરજી કરવાથી અન્ય ખેડૂતલક્ષી માહિતી મળે તે અને કોઇ પણ એ.પી.એમ.સી.ની અંદર જયારે ખેડૂત માલ ભરાવવા માટે જાય અને ત્યારે તેને કોઇ પણ પ્રકારની પોતાના ખેતરની માહિતી જોઇતી હોય તો રાજય સરકારે અને એ.પી.એમ.સી.ના સહયોગથી આઇ–પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે અને ત્યાં આગળ ખેડૂત પોતાના ખેતરને લગતી તમામ માહિતી મળી રહે. સાથે સાથે ખેડૂતના પોતાના ખેતરના માટીના લેબ ટેસ્ટ કરવાના હોય તો તેની પણ સરકારશ્રીએ યોજના થકી ત્યાં આગળ સહાય આપી છે અને દરેક એ.પી.એમ.સી.માં ત્યાં આગળ લેબની અંદર પોતાની જમીનના ટેસ્ટ કરી શકે. કે દેશના યશસ્વી વડાપ્રધાને એના માટે જે કાર્ડ કાઢ્યા છે એ કાર્ડમાં જમીનના તમામ રેકર્ડ હોય એ પ્રકારની સુવિધા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. ગામડાઓને કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સાથે જોડવા એ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી માનનીય મોદીજીનું સપનું હતું. ખેડૂતની સહકારી મંડળીઓને અદ્યતન અને સુદૃઢ બનાવવાનું બીડું કેન્દ્ર સરકાર અને રાજય સરકારે ઝડપ્યું ત્યારે પ્રથમ તબક્કામાં ૫,૦૦૦થી વધુ PACSની પસંદગી કરવામાં આવી છે. જેમાં આગામી સમયમાં સહકાર વિભાગ, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા ગામડામાં જે PACS ચાલી રહી છે એમાં બધા જ વ્યવહારો કોમ્પ્યુટર દ્વારા થશે. મને જણાવતાં આનંદ થાય છે કે બે દિવસ પહેલાં જ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અન્ન ભંડાર યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના લગભગ સવા લાખ કરોડ કરતાં પણ વધારે રૂપિયાની છે. આખા દેશમાં જેટલા પણ PACS છે એમાં સૌથી વધુ અનાજ સંગ્રહ કરી શકાશે અને ખેડૂતોને પોષણયુક્ત ભાવ મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોએ પાક પલળી જાય એની ચિંતા કરવાની નથી, પાક બગડી જાય એની ચિંતા કરવાની નથી. એ પોતાના જ ગામમાં પોતાના જ ઘર આંગણે P A C S માં માલ મૂકી શકે એ પ્રમાણેની દુનિયાની સૌથી મોટી યોજના

લાગુ કરવામાં આવી છે. સાથે–સાથે લગભગ ૧૧ PACS ગોડાઉનોનું લોકાર્પણ તેમજ ૫૦૦ PACSના ગોડાઉનનું ખાતમૂહુર્ત કરી સમૃદ્ધિની દિશામાં ખૂબ મોટું કામ કર્યું છે. આ સાથે દેશના સહકાર વિભાગમાં નવો અધ્યાય જોડવાનું કામ આ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે કર્યું છે. ગુજરાત રાજ્યમાં PACS, ફિશરીઝ, દૂધ મંડળીઓ તથા હાઉસિંગ સાથે–સાથે અન્ય મંડળીઓની ઓનલાઇન વિગતો માટે ભારત સરકાર દ્વારા એક પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના સહયોગથી એની વિગતો ભરવામાં આવી રહી છે. આમ, આ ૮૭,૦૦૦ મંડળીઓની માહિતી આવનારા દિવસોમાં આ પોર્ટલ પર જોવા મળશે. રાજ્યની લગભગ ૨૧,૦૦૦થી વધુ સહકારી મંડળીઓએ છેલ્લા બે વર્ષમાં ખૂબ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ૮૧,૦૦૦ કરતાં પણ વધારે મંડળીઓની ડેટા એન્ટ્રી થઇ ચૂકી છે. આને ઇ–ગવર્નન્સ ગુજરાત સરકાર કહેવાય. સાથે–સાથે વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં લગભગ ૧૧,૦૦૦થી પણ વધારે સહકારી મંડળીઓને ઓનલાઇન પોર્ટલ પર નોંધવાનું કામ કર્યું છે. સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓને નાણાં ધિરનારના સંકલનની કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઇ–પોર્ટલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધીમાં ૭,૦૯૯ નાણાં ધિરનારના રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જ્યારે બોર્ડ ઓફ નોમિનીઝમાં કુલ ૩૪૦ જેટલા લવાદ કેસોની અપીલ પૈકી ૨૦૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાને આપણે બધાંએ ખૂબ નજીકથી જોયો છે. એ કોરોના વખતે આ નાના વેપારીઓનું કોણ? ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના–૧ અને ૨ અમલમાં મૂકી. જેમાં અત્યાર સુધીમાં લગભગ ૨ લાખ કરતાં વધુ લાભાર્થીઓનું રૂ.૨૫૦૦ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું અને રાજ્ય સરકાર દ્વારા તેનું રૂ.૨૮૮.૩૧ કરોડનું વ્યાજ ચૂકવવામાં આવ્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ વેપારીઓનું કોણ? એમના જામીન કોણ બનશે? કોઇ પાસે પોતાનું મકાન ના હોય. ઘરનું ઘર ના હોય, પોતાની દુકાન ના હોય ત્યારે એમનું જામીન કોણ બને? આપણા દેશના યશસ્વી વડાપ્રધાન આખી દુનિયામાં પહેલાં વડાપ્રધાન હશે કે જે એ નાના વેપારીઓના ગેરેન્ટર બન્યા. આનંદની વાત એ છે કે જેટલા પણ વેપારીઓને આપણે લોન આપી છે એમાંથી ૦.૧ ટકા કરતાં પણ ઓછા લોકો એન.પી.એ.માં ગયા હશે અને ૯૯.૯ ટકા વેપારી મિત્રોએ આત્મનિર્ભર લોન ભરપાઇ કરી છે. જે રીતે દેશના યશસ્વી વડાપ્રધાન પ્રામાણિક રીતે કામ કરી રહ્યાં છે. તેવી જ રીતે ગુજરાતની જનતા પણ એટલી જ પ્રામાણિક છે. ખેડૂતોએ બનાવેલ ગોડાઉનના બાંધકામમાં ૨૫ ટકા મુજબ કેપિટલ સબસિડીની મહત્તમ રૂ.૫ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત લાભાર્થીઓને રૂ.૩૨.૯૧ કરોડની સહાય આપવામાં આવેલ છે. ખેડૂતોના પાકને મૂકવાની ચિંતા રાજ્ય સરકારનો સહકાર વિભાગ કરે છે. રાજ્યમાં ખેડૂતો ૨ લાખ ૩૬ હજાર મેટ્રિક ટન પાક સંગ્રહ કરી શકે તે માટે ગોડાઉન બનાવાવમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઇ સાહેબ હાજર નથી પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે બનાસ ડેરી અને એન.ડી.ડી.બી.ના સુઝુકી સાથે એમ.ઓ.યુ. થયા છે. દેશના વડાપ્રધાન મોદીજીના વિઝનને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનું કાર્ય માનનીય શંકરભાઇ ચૌધરી સાહેબે કર્યું છે. બનાસ ડેરી એ કદાચ ભારતની પ્રથમ ડેરી છે કે જેણે વિશ્વ કક્ષાએ કોમ્પ્રેસ્ડ બાયોમિથેન ગેસ પેદા કરવા માટે ગોબરથી સંચાલિત ચાર બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા છે અને તેના માટે સુઝુકી રૂ.૨૩૦ કરોડ ફાળવશે. આ ચારમાંથી પ્રત્યેક પ્લાન્ટની દૈનિક ક્ષમતા ૧૦૦ ટન હશે અને ૪ લાખ કિલો છાણ દરરોજ એકત્રિત કરવામાં આવશે. આ પહેલના ભાગરૂપે બાયો સી.એન.જી. વેચાણની સુવિધા માટે આશરે ચાર સી.એન.જી. સ્ટેશનો સ્થાપિત કરવામાં આવશે. આ પહેલથી બનાસકાંઠાના ખેડૂતોને માત્ર સેન્દ્રીય ખાતર નહીં પણ રાસાયણિક ખાતરમાંથી જૈવિક ખાતરના પરિવર્તનને સમર્થન મળશે. જે રીતે દેશના યશસ્વી વડાપ્રધાન અને દેશના સહકારીતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ પ્રાકૃતિક ખેતીની વાત કરે છે અને ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ જે મુહિમ પકડી છે તે રીતે દેશના તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તે માટે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર પ્રાકૃતિક ખેતીના સેમીનારો કરી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં આ જ પ્રકારનું છાણ પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગી થશે. આ પ્રોજેક્ટ વેસ્ટ ટુ વેલ્થ અને વેલ્થ ટુ એનર્જીની દિશામાં ખૂબ મદદરૂપ થવાનો છે. ઓટોમોબાઇલ અને ડેરી સેક્ટર એકબીજાના સહયોગથી જ્યારે કાર્ય કરી રહ્યા છે ત્યારે આ પ્રોજેક્ટ માટે બનાસ ડેરી જમીનની વ્યવસ્થા અને પ્લાન્ટનું સંચાલન કરશે. કોમ્પ્રેસ્ડ બાયોમિથેન ગેસ ઉત્પન્ન કરવા બાયો ગેસનું શુદ્ધિકરણ કરીને તેને કોમ્પ્રેસ્ડ કરવામાં આવશે અને બાયોગેસ પ્લાન્ટમાં ઉત્પન્ન થયેલ સ્લરીનો ઉપયોગ જૈવિક ખાતરનું ઉત્પાદન કરવા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવા માટે કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી કહી રહ્યા છે કે ભારતની સોઇલ ક્વૉલિટી સુધારીશું નહીં તો ઉત્તમ પાક નહીં મળે અને આ સોઇલ ક્વૉલિટી સુધારવામાં જૈવિક ખાતર ખૂબ મદદરૂપ થવાનું છે. આખા રાજ્યમાં ૧૮ હજાર જેટલા દૂધ સંઘો છે. સવારે મારી બહેનો જે દૂધ દોહીને ડેરીએ ભરાવવા આવે છે તે દૂધના પૈસા ૧૫ દિવસે ઓનલાઇન ચૂકવવામાં આવે છે તેવી જ રીતે આવનારા દિવસોમાં આખા ભારતમાં આ તમામ ખેડૂત બહેનો ડોર ટુ ડોર છાણનું કલેક્શન કરશે અને ડેરીઓ એ છાણ ઉઘરાવશે અને આ છાણના પણ ૧૫ દિવસે પૈસા પાછા આવશે. અત્યાર સુધી ગોબરના કોઇ પૈસા આપતું ન હતું પણ આ ગુજરાત પહેલું રાજ્ય છે કે જેના દ્વારા છાણના પ્રતિ કિલોએ વળતર ચૂકવવામાં આવશે. હમણાં જ માનનીય માવજીભાઇએ વાત કરી કે વારાણસીમાં ખૂબ મોટો ડેરીનો પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો. મારે કહેવું છે કે મુંબઇ, માલેગાંવ,

ઉજ્જૈન, ભોપાલ, જબલપુર, દુર્ગમાં પંચમહાલ ડેરીની શાખાઓ આવેલી છે. મહેસાણામાં માનસેર, ધારુખેડા, અંબાલા છેક હરિયાણા સુધી બનાસકાંઠા વારાણસી, કાનપુર, લખનવ, ફરિદાબાદ, સાબરકાંઠા, રોહતક, હૈદ્રાબાદ, જયપુર, સુરત, ગોવા અને કોલહાપુર. હમણાં જ કૉંગ્રેસના મિત્ર કહેતાં હતાં કે સહકારી મંડળીઓ ખળભળી છે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે રીતે સહકારમાં વિકાસ, સરકારમાં વિકાસ અને પ્રજાનો વિકાસ થયો છે ત્યારે આ વિકાસ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીના વડપણ હેઠળની સરકારોને આ જનતાએ સ્વીકારી છે ત્યારે કૉંગ્રેસને માત્ર રાજ્યમાંથી નહીં, દેશમાંથી નહીં પણ સહકારમાંથી પણ સાફ કરી નાંખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર અન્નદાતા અને ઊર્જાદાતા બનવાની સાથે એ ઉત્કર્ષદાતા પણ છે. આમ, ખેડૂતોને સોલાર પંપ માટેની મદદ થઇ શકે તે માટે આ વખતે પણ બજેટમાં જોગવાઇ કરી છે. આદિજાતિ વિસ્તારમાં જેટલી પણ દૂધ મંડળીઓ છે તે દૂધ મંડળીઓ પર પણ સોલાર પેનલ લગાવવામાં આવશે તો એ દૂધ મંડળીઓ સેલ્ફ સર્વાઇવ બનશે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગોબર ડેરી પ્લાન્ટથી વીજળી પેદા કરવામાં આવશે અને બાયો પ્રોડક્ટ તરીકે મળતું જૈવિક ખાતર ખૂબ જ ઉપયોગી થવાનું છે. આખા વિશ્વની એકથી પાંચ ઇકોનોમીમાં આપણો પાંચમો ક્રમ છે. ઇંગ્લેન્ડને પછાડીને આપણે પાંચમા નંબરે પહોંચ્યા છીએ. આવનારા દિવસોમાં વર્ષ ૨૦૨૪માં ફરીથી ગૃહ મળશે ત્યારે ભારતદેશની આવનારા દિવસોની ઇકોનોમી ૧થી ૩માં હશે. ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીની આપણે વાત કરીએ છીએ ત્યારે સહકાર વિભાગનો ખૂબ મોટો ફાળો છે. આ ગૃહના ખૂબ ઓછા સભ્યોને ખબર હશે પણ આજે મારે એઝ અ ચેરમેન તરીકે પંચમહાલ બેંકના ચેરમેનને લાખ લાખ અભિનંદન આપવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાના ચેરમેને આખા દેશનો પ્રથમ મૉડલ પ્રોજેક્ટ ઊભો કર્યો છે. માનનીય શ્રી અમિતભાઇ શાહ અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ ફક્ત વાત કરી અને એ ચેલેન્જને આપે ઉપાડી લીધી. માત્ર ૬૦થી ૯૦ દિવસમાં આ બે જિલ્લામાં તમે ૪ લાખ જેટલા નવા એકાઉન્ટો ખોલીને ઇતિહાસ સર્જ્યો છે. લગભગ રૂ.૭૦૦ કરોડથી વધુ થાપણો મેળવી છે અને રૂ.૩.૨૦ લાખના ડેબિટ કાર્ડ. આ કોઇ નાની ઘટના નથી. ગામડાના લોકો આ ડેબિટ કાર્ડથી ટ્રાન્ઝેક્શન કરે અને ગામડે-ગામડે માઇક્રો એ.ટી.એમ. જાય. કોઇ ગામના વ્યક્તિને નાણાં લેવાં હોય તો બેંકના ધક્કા ખાવાની જરૂર નથી. તમારી પંચમહાલ બેંકના કર્મચારી તરીકે જેની નિમણૂક કરી હોય એ બેંક મિત્ર જાય એટલે તરત જ બે જ મિનિટમાં નાણાં મળી જાય. આ પ્રકારનું આયોજન આપે કર્યું છે. એના માટે હું આપને લાખ-લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વની બજેટની જોગવાઇઓ જોઇએ તો, રાજ્યના ખેડૂતોને ટૂંકી મુદ્દતનું ત્રણ લાખ સુધીનું ધિરાણ ઝીરો ટકાએ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં લગભગ રૂ. ૧૬૧૧/- કરોડની રાહત ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં સદર યોજના માટે બજેટમાં રૂ.૧૧૪૦/- કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. તાલુકા ખરીદ-વેચાણ સંઘો આર્થિક રીતે મજબૂત થાય એ માટે પચાસ ટકા કેપિટલ સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સહકાર એટલે વિશ્વાસ, સહકાર એટલે વિકાસ, સહકાર એટલે જન ભાગીદારી, સહકાર એટલે કિસાનોનું સશક્તિકરણ, સહકાર એટલે આત્મનિર્ભર ભારતની પ્રેરણા, સહકાર એટલે સપનાં, સહકાર એટલે સંકલ્પ અને સિદ્ધિ. આ છે માનનીય મોદીજીની ગેરંટી. જે માનનીય સભ્યશ્રીઓએ સહકાર વિભાગની માંગણી પરની ચર્ચામાં ભાગ લીધો છે તેમનો આભાર વ્યક્ત કરું છું. જે કૉંગ્રેસના મિત્રો કાપ દરખાસ્ત લઇને આવ્યા છે એમને વિનંતી કરું છું કે આ ખેડૂતોની અને પશુપાલકોની વાત છે એટલે સાથે રહીને એમના હિતમાં આ કાપ દરખાસ્ત પાછી ખેંચવી જોઇએ. આપણો દેશ અમૃતકાળમાં પ્રવેશી ચૂક્યો છે ત્યારે આ સન્માનનીય ગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની મૂડી અને મહેસૂલ સદરની માંગણી ક્રમાંક-૮૫, ૮૬ અને ૮૭ અંતર્ગત કુલ રૂ.૧૬૩૬૫.૪૨/- કરોડ અને વિભાગની કુલ રૂ.૨૨૧૬૩/- કરોડની માંગણી લઇને ઉપસ્થિત થયો છું. ગૃહમાં મિત્રોએ આંકડા લખવાની જરૂર એટલા માટે છે કે વર્ષ ૨૦૨૧ કરતાં આજનું માર્ગ અને મકાન વિભાગનું બજેટ ૪૨ ગણું એટલે કે, રૂ.૫૩૮ કરોડની સામે રૂ.૨૨,૧૬૩ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. હું માનનીય નાણાંમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું કે ગત વર્ષ કરતાં ૭૧ ટકાનો વધારો આ વખતે રાજ્ય સરકારે આપ્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના શબ્દોમાં કહું તો, 'To take India to a newer heights, the role of the infrastructure railway, Roads and very importantly our focus is timely completion. We will complete the project after beginning it.'

માનનીય અધ્યક્ષશ્રી, જે ફાઉન્ડેશન આપણે કરીએ છીએ એનું લોકાર્પણ પણ આપણે જ કરીએ છીએ એ આપણે બધાએ ગઇકાલે જોયું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વિવિધ યોજનાઓ થકી કામો મંજૂર કરવામાં આવ્યાં છે એના ખૂબ મહત્ત્વના આંકડાઓ ગૃહમાં આપવા જઇ રહ્યો છું. ભા. જ. પ. અને કૉંગ્રેસના મિત્રોએ આ આંકડા લખવા જોઇએ. કારણ કે, જ્યારે ચૂંટણીમાં જશો ત્યારે શ્રી કિરીટભાઇ તમને આ આંકડાઓ કામ લાગશે. આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ગુજરાતમાં ૯૩ ટકા નેશનલ એક્સપ્રેસ હાઇવે છે. નેશનલ હાઇવે ૭૧૮૭ કિ.મી. છે. સ્ટેટ હાઇવે ૧૫,૮૦૪ કિ.મી. છે. મેજર ડિસ્ટ્રિક્ટ રોડ ૨૦,૧૨૪ કિ.મી. છે. અધર ડિસ્ટ્રિક્ટ રોડ ૧૦,૦૩૫ કિ.મી. છે. વિલેજ રોડ ૪૮,૩૮૨ કિ.મી. છે અને જેના માટે તમે ભૂખ હડતાલ ઉપર બેઠાં હતા કે અમને જોબ ઓર્ડર આપો, જોબ ઓર્ડર આપો, જોબ ઓર્ડર આપો. એ બાબતે મને કહેતા આનંદ થાય છે કે, એ વખતે હાઇયેસ્ટમાં હાઇયેસ્ટ જોબઓર્ડર આપ્યા પછી પણ અહીંયા સીટોનો વધારો થયો છે અને આ બાજુ હાઇયેસ્ટ જોબ ઓર્ડર આપ્યા હતા તો પણ ત્યાં સીટોમાં ઘટાડો થયો. એનો મતલબ કે ગુજરાતની પ્રજા ભારતીય જનતા પાર્ટીને ચાહી રહી છે. માનનીય કિરીટભાઇ, લખી રાખો. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ૪૯,૫૮૦

નૉન પ્લાન રસ્તાઓ આપવાનું કામ કર્યું છે. ગુજરાતનું નેટવર્ક ૧,૩૧,૨૦૫ કિ.મી. છે. આપણને બધાને ગર્વ થાય કે શું આપણા ગુજરાતે આટલો બધો વિકાસ કર્યો છે?

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ સન્માનનીય સભાગૃહને આ ચાલુ નાણાકીય વર્ષની કામગીરી બાબતે જણાવું તો નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં રાજ્ય અને પંચાયતના મળીને કુલ ૧૫,૪૨૪ કિ.મી. લંબાઇને આવરી લેતા રૂ. ૧૪,૦૧૧ કરોડનાં ૪૩–૪૪ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. ગુજરાત દેશમાં સૌથી વધુ દરે વિકસિત થયેલ રાજ્યો પૈકી મોખરાનું રાજ્ય છે. હાલમાં રાજ્યના માર્ગ અને મકાન વિભાગની કુલ ૧,૩૧,૨૦૫ કિ.મી. લંબાઇ પૈકી ૧૪૭૬ કિ.મી. લંબાઇના છ માર્ગીય, ૪૯૦૭ કિ.મી. લંબાઇના ચાર માર્ગીય, ૬૦૭૮ કિ.મી. લંબાઇના દસ મીટર પહોળા માર્ગો તથા ૧૨,૨૨૮ કિ.મી. લંબાઇના સાત મીટરના ૫૫૦ માર્ગો ઉપલબ્ધ છે. આજે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ અમૃત ભારત સ્ટેશન અંતર્ગત રૂ. ૪૧,૦૦૦ કરોડના ખર્ચે ૫૫૪ રેલવે સ્ટેશનોની કાયાકલ્પ કરી છે અને ૧૫૦૦ રોડ ઓવરબ્રિજ અને અંડર માર્ગનો શિલાન્યાસ કર્યો છે. મારે આ સભાગૃહમાં એટલા માટે કહેવું પડે છે કે આ ઘટના નાની નથી. મને ખબર છે કે પહેલાં કોઇ જગ્યાએ ચૂંટણીનો ઢંઢેરો થાય ત્યારે કહેવામાં આવતું હતું કે, **हम लोग रोड यहां बनायेंगे**, આવું પહેલી ચૂંટણીમાં કહેવામાં આવે. પાંચ વર્ષ પૂરા થાય ત્યારે કહે કે, **हमने बजट में पैसा रख लिया है।** બીજા પાંચ વર્ષ થવા આવે એટલે કહેવામાં આવે કે, **हमने बजट में पैसा रखा था उसका टेंडरिंग कर दिया है।** એમ કરતાં કરતાં ૭૦ વર્ષ કાઢી નાખ્યાં. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર કરોડો રૂપિયાના કામોની કાયાકલ્પ કરી રહી છે. વિકાસની આ વણથંભી વણઝાર છે.

માનની અધ્યક્ષશ્રી, આપણને બધાને ગર્વ થાય કે સોરઠ દેશ સોહામણો, મુજ જોયાના કોડ, રત્નાગર સાગર ઢુંઢિયે ત્યાં રાજ કરે રાજા રણછોડ, ત્યાં રાજ કરે રાજા રણછોડ. આખા વિશ્વ એ ગઇકાલે દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીને જોયા છે. ૭૬ વર્ષનો વ્યકિત ૨૪ વર્ષના યુવાનની જેમ દરિયાના પેટાળમાં જઇ ડૂબકી મારીને મોરપીંછ અર્પણ કરીને આવે, આ ઐતિહાસિક ઘટના સોનેરી પત્તા ઉપર લખવાની જરૂર છે. મિત્રો, આ લખવાની એટલા માટે જરૂર છે કે, આ સિગ્નેચર બ્રિજ બનાવવામાં આવ્યો, એનું લોકાર્પણ કરવામાં આવ્યું, અત્યાર સુધી આપણે નદીમાં વ્યવહાર કરવો પડતો હતો અને એક્સિડંટ થતાં હતા પણ આ બ્રિજના કારણે ૨.૩ કિ.મી. લાંબો રોડ લગભગ રૂ. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. કદાચ કોઇ પૂછે તો એવું કહેવા થાય કે આ બ્રિજમાં લગભગ ૧૫,૦૦૦ મેટ્રિક ટન સ્ટીલ વપરાયું છે. તમે રોજગારીની શું વાતો કરો છો? આ એક બ્રિજે ફક્ત ૪૦૦૦ લોકોને રોજગારી આપી છે. માનનીય બળવંતસિંહજી આંકડા આપે છે એ પ્રમાણે લાખો યુવાનોને દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ નોકરી આપી છે. આખા દેશમાં એક લાખ લોકોને એકસામટી નોકરી આપવાનું કામ કર્યું છે. આ દરિયાઇ બ્રિજનું જે નિર્માણ કર્યું છે એ ખૂબ ચેલેન્જિંગ કામ હતું. મારે માર્ગ અને મકાન વિભાગના તમામ અધિકારીશ્રીઓ, ઇજનેરશ્રીઓ તથા તજજ્ઞોને લાખ–લાખ અભિનંદન આપવાના થાય કે ભારત દેશનો આ પ્રથમ બ્રિજ કે જે ચેલેન્જિંગ બ્રિજ હતો એનું કામ પૂર્ણ કર્યું છે. જયારે દ્વારકાધીશના ચરણોમાં આ બ્રિજ અર્પણ થયો છે ત્યારે મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે, તમારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં જવાનું થયું નથી. તમારે મહાત્મા મંદિર જવાનું થયું નથી. તમારે રિવરફ્રન્ટ જવાનું થયું નથી. તમારે અટલબ્રિજ જવાનું થયું નથી પણ દ્વારકાધીશના દર્શન કરવા જાઓ ત્યારે છાતી ઠોકીને કહું છું કે તમારી ગાડી એક હજાર ટકા એના ઉપરથી ચાલવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હી મુંબઇ ગ્રીન એક્સપ્રેસ હાઇવે એટલે સમૃદ્ધિનો માર્ગ. કોઇપણ રાજય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ નવા ભારતના નિર્માણમાં એ ધોરીનસ સમાન પુરવાર થનાર છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ હમણાં, તાજેતરમાં જ ગુજરાતના વડોદરાથી ભરૂચ એક્સપ્રેસ વેના ૮૭ કિલોમીટર લાંબા અને કેટલી એમાઉન્ટ? માત્ર રૂ.૧૦૦૦૦ કરોડ, બોલવામાં કેવું સરળ લાગે છે? કલ્પના કરી જૂઓ. રૂ.૧૦૦૦૦ કરોડનો એક્સપ્રેસ હાઇવે માનનીય વડાપ્રધાનશ્રીએ આપણને, જનતાને સમર્પિત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના કુલ નેટવર્ક પૈકી ખૂબ અગત્યના માર્ગો અને પ્રોજેકટોની જયારે ગૃહ સમક્ષ વાત કરું. મહેસાણા–હિંમતનગર રોડ ચાર માર્ગીય, રૂ.૩૫૩ કરોડ, બગોદરા–તારાપુર–વાસદ રૂ.૧૬૫૪.૨૧ કરોડ, મહેસાણા–સિદ્ધપુર–પાલનપુર રૂ.૪૪૪.૬૦ કરોડ, સરખેજ–ગાંધીનગર–ચીલોડા રૂ.૯૧૩.૪૯ કરોડ, વડોદરા–ભરૂચ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોને સાંકળતા નર્મદા નદી પરના માલસર રોડ પર રૂ.૨૪૦ કરોડ, આ કહી આપે છે કે ભારતીય જનતા પાર્ટીએ વિકાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાની સપાટી સુધારવા માટે ૭ વર્ષની મર્યાદા હોય, ૫ વર્ષની મર્યાદા હોય. એના માટે પણ રૂ.૩૫૨૯ કરોડના ૩૮૩૮.૭૨ કિલોમીટરના લગભગ ૩૨૧ માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સાથે સાથે મને કહેતા આનંદ થાય છે કે જે બ્રિજો જૂના થઇ ગયા હોય, ૫૦ વર્ષથી જેની આયુ વધી ગઇ હોય અને એને રિપેરિંગ કરવાના હોય, રી–હેબિલિટેડ કરવાના હોય એવા લગભગ રૂ.૭૯૭.૩૭ કરોડના અંદાજિત ૧૦૪૭ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. તદુપરાંત પુલોની કામગીરી અને નવા પુલોને ક્રોસ ડ્રેનેજ.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે મારા અધિકારીઓ દ્વારા આખા રાજયમાં આપણે જે વાતો કરીએ છીએ કે બ્રિજ, રોડ, રસ્તા, નાના પુલિયા. આ હાઉસના ખૂબ ઓછા લોકોને ખબર હશે કે લગભગ નાના પુલિયા એટલે કે જે પાઇપો નાંખીને કરીએ એ પણ ગણ્યા છે. મોટા બ્રિજો પણ ગણ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યા કેટલી ખબર છે? કદાચ કોંગ્રેસના મિત્રો કે બીજા મિત્રો માથા ખજવાળે એવી સંખ્યા છે. એક લાખ જેટલી સંખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અકલ્પનીય ઘટના છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલે બધા જ રોડ, રસ્તા, બ્રિજ, પૂલિયા. જે જૂના થઇ ગયા છે. એને માટે કહ્યું કે એને તાત્કાલિક ચેક કરો અને કોઇ જગ્યાએ નબળી કામગીરી હોય તો તાત્કાલિક રિપેર કરો. એના માટે પણ, ઇન્સ્પેકશન માટે પણ બજેટ અને રિપેરિંગ માટે પણ બજેટ. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ વિકાસ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી કરસનભાઇએ પોતાની અલગ શૈલીમાં વાત કરી. આનંદ એ વાતનો થાય કે આપે જે એફર્ટસ કર્યા. આ વિધાનસભાને ઇ–વિધાનસભા બનાવી. એસ.ટી. બસમાં મુસાફરી કરતો વ્યક્તિ, ગામડામાંથી આખા ભારતમાં કે ગુજરાતમાં કયાંય જવું હોય માનનીય અધ્યક્ષશ્રી. એક સભ્ય એવા છે કે એસ.ટી.માં ફરી રહ્યા છે અને એમને જોયા પછી આનંદ એ વાતનો થાય માનનીય અર્જુનભાઇ, કે એ વ્યક્તિ આઇ–પેડ વાંચી અને આઇ–પેડથી જવાબ આપે છે. આપણા માટે આ સૌથી મોટો વિકાસ છે કે સામાન્ય કડીનો ધારાસભ્ય, ગામડેથી આવતો ધારાસભ્ય એ આઇ–પેડથી જવાબ આપે. આને કહેવાય વિકાસ અને એમણે જે વાત કરી ફાટક મૂકત સરકારની. માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની અંદર જેટલા પણ ફાટકો છે. એ આઝાદીનાં ૧૦૦ વર્ષની જયારે આપણે ઉજવણી કરીશું ત્યારે ભારતમાં એકપણ ફાટક પર કોઇએ ઊભું નહીં રહેવું પડે. એ શ્રી અર્જુનભાઇ આવશે કે શ્રી અમિતભાઇ આવશે. ભાજપમાં આવવું હશે તો કોઇપણ ફાટક વચ્ચે નડશે નહીં. એ સીધા આવી શકશે. એ પ્રમાણેના અમે બ્રિજ અને રોડ શ્રી કિરીટભાઇ, તમારા માટે બનાવ્યા છે. તમને જે એક્સપ્રેસ વે આપ્યો છે ને, તમને અને ગેનીબેનને, કે સીધા તમે અહીંયા આવી શકો એ પ્રમાણે એકપણ ફાટક તમને નડશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રાફિકની સમસ્યા નિવારવાથી ટ્રાન્સપોર્ટરોને ફ્યુઅલનો બચાવ થશે. આ ફાટક મૂકત કરવાનું કારણ શું? આવનારા દિવસોમાં આપણું ફ્યુઅલ બચે. દેશના વડાપ્રધાનશ્રી જે વાત કરી રહ્યા છે કે કાર્બન એમિશન નેટ ઝીરો થાય અને સાથે સાથે સમયની અને પૈસાની બચત થાય. એર પોલ્યુશન, નોઇસ પોલ્યુશન, ટાઇમ સેવિંગ અને ઇંધણનું સેવિંગ કરવાનું કામ અમારી સરકાર કરી રહી છે. આ આનંદની વાત છે. ગર્વની વાત છે. હું તમામે તમામ ધારાસભ્યોને કહું છું કે લોકસભાના પ્રચારમાં જાઓ ત્યારે આ બાબત ચોક્કસ કહેજો કે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને તેના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને માનનીય ભૂપેન્દ્રભાઇ જે કામ કરી રહ્યાં છે. એટલા માટે કહું છું કે આંકડા લખતા શીખો મિત્રો. આ આંકડા લખેલા હશે તો ચોક્કસ તમે કોઇકને ચેલેન્જ કરી શકશો. માનનીય અધ્યક્ષશ્રી, આ રેલ્વે ક્રોસિંગની વાત કરું તો રૂ. ૨૫૮૬ કરોડનાં ૬૦ કામો પૂર્ણ થયાં છે. ફાટકમુકત અભિયાન અંતર્ગત લગભગ ૧૦૫૦.૨૬ કરોડના કુલ ૨૧ રેલવે ઓવરબ્રિજના ડી.પી.આર. તાપી કન્સ્ટ્રકશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. તાલુકાથી તાલુકા જોડવાનું કામ એ લગભગ રૂ.૧૮૭૨.૬૪ કરોડનાં કામો એટલે ૧૩૬૩.૪૫ કિ.મી.નાં ૧૧૩ કામો હાથ ધરવામાં આવેલાં છે. એજ રીતે જિલ્લાથી જિલ્લા જોડવાના એટલે રૂ.૧૬૧૮.૧૦ કરોડનાં ૨૩૯.૪૭ કી.મી.ના ૩૦ માર્ગો હાથ ધરવામાં આવેલ છે. જે જગ્યાએ એક્સિડંટો થતા હોય અને એક્સિડંટો જયારે રોકવાના હોય ત્યારે આખો સરવે કરાવવામાં આવે કે આ જગ્યાએ એક્સિડંટો કેમ વધારે થાય છે. અહીંયા આગળ ટ્રાફિક કેમ વધારે થાય છે તો એવા લગભગ ૩૪ કામોને ૭૫૮ કિલોમીટર માટે રૂ.૫૦.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોર નેટવર્ક એ રાજયના સૌથી મહત્ત્વ ધરાવતા સૌથી વધુ ટ્રાફિક ધરાવતા માર્ગોને આપણે કોર રોડ કહીએ છીએ અને નેટવર્ક તરીકે ઓળખવામાં આવે છે અને રાજયમાં મોટા ભાગનો આ ટ્રાફિક કોર નેટવર્ક ઉપરથી પસાર થતો હોય આવા માર્ગો ઉપર કરવામાં આવતી કામગીરીથી મોટા પ્રમાણમાં ટ્રાફિકના ઝડપી નિકાલની, સલામતીની વ્યવસ્થા થાય એના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને આ માર્ગોની મરામત અને નિભાવણીની કામગીરી પ્રત્યે વિશેષ ધ્યાન આપવા ગત વર્ષે ૭૫૯.૫ કિલોમિટર લંબાઇમાં રૂ.૧૩૬૯.૨૮ કરોડની રકમની જે રીસર્ફેસિંગ મજબૂતીકરણના ૪૫ રસ્તાની રીસર્ફેસિંગની કુલ રૂ.૬૮.૬૩ કરોડની મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતીઓ માટે સૌથી અગત્યની બાબત છે આપણો દરિયાકિનારો. આપણને બધાને ગર્વ થાય કે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો એ આજકાલનો તો હતો નહીં. જે દિવસે પૃથ્વીનું સર્જન થયું હશે, આપણા ગુજરાતનો નકશો બન્યો હશે, મુંબઇ અને ગુજરાત ભેગું હશે, એ દિવસથી આ ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો હતો પણ આ દરિયાકિનારા ઉપર અગાઉની સરકારોએ ધ્યાન આપ્યું નહીં, પણ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી એમણે આ કોસ્ટલને કઇ રીતે ડેવલપ કરવો, એનો કઇ રીતે વિકાસ કરવો એમાં ધ્યાન આપ્યું. આ ૧૬૦૦ કિલોમિટરના દરિયા કિનારાના માછીમાર ભાઇઓની વાતો કરતા એ ખાલી વાતોમાં રહી ગયા અને સાચા અર્થમાં માછીમારોની ચિંતા જો કોઇએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અમારા વિભાગે કરી છે. સાથેસાથે લોકો ફોરેનમાં ફરવા જાય, સીર્ફ ચાર કદમ ચલે હૈ, કિતને, સિર્ફ ચાર કદમ ચલે ઔર કોઇ કન્ટ્રી ડૂબ જાયે, એ કઇ કન્ટ્રી હતી? માલદિવ. માત્ર ભારતના દરિયાકિનારામાં માત્ર ચાર પગલાં ચાલ્યાં છે અને જો કોઇક દેશની અર્થનીતિ

આખી ડગમગી જાય ને તો એને કહેવાય નરેન્દ્ર મોદીનું એક પગલું અને આવનારા દિવસોમાં ભારતનો દરિયાકિનારો આપણે બધા જ જોઇશું કે શ્રી અર્જુનભાઇના ગામની બાજુમાં આવતું શિવરાજપુર બીચ છે ત્યાં શ્રી અર્જુનભાઇ, આપણા પરિવારના દીકરા દીકરીઓ ત્યાં ફોરેનરને જોતા હશે. હમણાં શ્રી ભગાભાઇ આવ્યા હતા એમણે કહ્યું કે ફાઇવ સ્ટાર હોટલ આવી રહી છે. ફાઇવ સ્ટાર હોટલ કેમ આવી રહી છે? એમને ખબર છે, ઓપર્ચ્યુનિટી દેખાય છે, બિઝનેસ દેખાય છે, જે રીતે ગુજરાતનું ટુરિઝમ આગળ વધી રહ્યું છે અને એટલા માટે જ કોસ્ટલ કોરીડોર હાઇવે બનાવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યું છે. વેરાવળ, સોમનાથ, દ્વારકા, દાંડી, ડુમ્મસ, શિવરાજપુર બીચ અને આ કોસ્ટલ હાઇવેને કારણે પ્રવાસનને વેગ મળ્યો છે. માત્ર પ્રવાસન એટલું જ નહીં સાથેસાથે હું કહીશ જામનગર, ભરૂચ, દહેજ, કંડલા જેવા અનેક ઇન્ડસ્ટ્રીયલ સેકટરને પણ કોસ્ટલ હાઇવેનો લાભ મળશે. જે પણ ઇન્ડસ્ટ્રી આવે છે,

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ એ છે કે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી માનનીય મોદીજીએ જે પી.એમ.ગતિશકિત પોર્ટલ મૂકયું. હું હાઉસના તમામ સભ્યોને કહું છું કે એકાદ વખત પી.એમ. ગતિશકિતનું પ્રેઝન્ટેશન જોવે. ૧૬ કરતા વધારે વિભાગો આવરી લીધેલા છે અને વિદેશથી કોઇપણ વ્યકિતને ભારતના કોઇપણ ખૂણામાં આવવું હોય, ગુજરાતમાં આવવું હોય તો કઇ જગ્યાએ રોડ કનેક્ટિવિટી છે, રેલવે કનેક્ટિવિટી છે, લાઇટ કનેક્ટિવિટી છે, પાણી અવેલેબલ છે, ડ્રેનેજની શું સુવિધા છે આ તમામે તમામ બાબતો પી.એમ. ગતિશકિત પ્રોજેકટ પોર્ટલ ઉપર અવેલેબલ છે અને એટલા માટે જ આજે ગુજરાત એ ઉદ્યોગોમાં નંબર વન બન્યું છે. અને એટલા માટે જેટલી પણ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર બોલ્યો એ દરેક જગ્યાએ પોર્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. લગભગ ૧૩૫ કિ.મિ. નવી લિંક સહિત ૧૬૫૦ કિ.મિ.ના નવા કોસ્ટલ હાઇ-વે અંદાજિત રૂપિયા રૂ.૨૪૪૦ કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૩ના નોર્મલ બજેટના કોસ્ટલ હાઇવેના રસ્તાની કામગીરી અને પુલોની કામગીરી માટે જે આઇટમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, એમાં પ્રથમ તબક્કામાં કુલ ૨૭૨.૮૦ કિ.મિ. લંબાઇના ૨૫ રસ્તાઓ રૂ.૬૯૩.૪૯ કરોડ રૂપિયાનાં કામો પ્રગતિ હેઠળ છે. બીજા તબક્કામાં કુલ ૧૨૩.૦૪ કિ.મિ. લંબાઇનાં ૨૦ કામો એટલે ૨૮૫ કરોડ રૂપિયાનાં કામો શરૂ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના એક છેડેથી બીજા છેડે જવા માટેનો પ્રગતિપથ પ્રોજેક્ટ એ ખૂબ અગત્યનો પ્રોજેક્ટ છે. રાજ્યમાં અંબાજીથી ઉમરગામ હોય, ડાંગથી કચ્છ હોય, બનાસકાંઠાથી વલસાડ હોય, આપણે બધા જ સભ્યશ્રીઓએ પ્રાઉડ લેવો જોઇએ કે આપણે ગાડી લઇને નીકળીએ અને પેટનું પાણી ન હલે, પાણીનો ગ્લાસ કદાચ ગાડીના બોનેટ ઉપર મૂક્યો હોય તો ગ્લાસ પણ ના ઢળે એ પ્રકારની કામગીરી મારા આર.એન્ડ બી. વિભાગે કરેલ છે. કોઇપણ જગ્યાએ, માનનીય કનુભાઇ સાહેબ વલસાડથી નીકળે અને બનાસકાંઠા જવું હોય તો માત્ર ૬થી ૮ કલાક જઇ શકાય. આપણે ડાંગથી અહીંયા આવવું હોય, અંબાજીથી ઉમરગામ જવું હોય મારા આદિવાસીભાઇઓ છે એમના માટે આ સુવિધા છે. આખા રાજ્યની અંદર ૬થી ૮ કલાકની અંદર તમારી સફર પૂરી થઇ જાય અને તમે ડેસ્ટિનેશન ઉપર પહોંચી શકો એ પ્રમાણેના ચારમાર્ગીય કામો થઇ રહ્યાં છે. અત્યાર સુધીમાં રૂપિયા રૂ. ૧૬૨૩.૧૨ કરોડના અંદાજિત રકમના ૩૪૧.૫૩ કિ.મિ.નાં કામો મંજૂર કર્યાં છે. તે પૈકી ૧૩૮.૬૨ કરોડ રૂપિયાની કિંમતના ૪૧.૨૦ કિ.મી.નાં ૪ કામો પૂર્ણ થયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાઇસ્પીડ કોરીડોર એટલે એક્સપ્રેસ હાઇવેમાં ચાલુ વર્ષે નિયત કરવામાં આવેલ ૭ માર્ગોને હાઇસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા તથા એક માર્ગને એક્સેસ કન્ટ્રોલ હાઇવેમાં પરિવર્તિત કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ હાઇસ્પીડ કોરીડોર પૈકી ભરૂચ-દહેજ રસ્તાને એક્સેસ કન્ટ્રોલ એક્સપ્રેસ હાઇવેનું લગભગ ૯૭૨.૨૨ કરોડ રૂપિયાની અંદાજિત રકમનો ટૂંક સમયમાં શરૂ થશે. જેના કારણે દિલ્હીથી મુંબઇ તેમજ નેશનલ એક્સપ્રેસ હાઇવેથી જોડાણથી ઇન્ડસ્ટ્રીયલ ટ્રાફિક હળવો થશે. માનનીય કિરીટભાઇ, આ બધી બાબતો એટલા માટે અગત્યની છે કે તમારો પાટણનો ખેડૂત એ પાટણનો રાયડો કે ચણા લઇને નીકળે અને એને દિલ્હી કે બોમ્બે પહોંચાડવાનું હોય તો પહેલાં ૧૬ કલાક કે ૨૪ કલાક થતા, પણ હવે આવનાર દિવસોમાં ૮ કલાકની અંદર ત્યાં પહોંચે એટલે ઇંધણની બચત થશે, સમયની બચત થશે અને સાથે સાથે એન્વાયરમેન્ટની કાર્બન ક્રેડિટમાં આપણને વધારો મળશે. આપણે જે ઝીરો કાર્બનની વાત કરીએ છીએ આ હાઇસ્પીડ રોડ થવાના કારણે આપણને આવનારા દિવસોમાં ખૂબ મોટો ફાયદો થવાનો છે. લગભગ રૂપિયા ૪૮૭.૨૫ કરોડ અંદાજિત રકમના વટામણ-પીપળી અને રૂપિયા ૭૪૦ કરોડની અંદાજિત રકમના ભૂજ-ભચાઉ રસ્તાના અનુભાગોને હાઇસ્પીડ કોરીડોરમાં રૂપાંતર કરવાની કામગીરી પી.પી.પી.મોડલ હેઠળ ટૂંક સમયમાં શરૂ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ પૂર્વ પટ્ટામાં રહેલા છો. પૂર્વપટ્ટો એટલે આઠ જેટલી વિધાનસભા આવે છે. જે ખારીકટ કેનાલ પસાર થઇ રહી છે એ અમારા શ્રી બાબુભાઇનો વિસ્તાર હોય, શ્રી કનુભાઇનો વિસ્તાર હોય ત્યાં ૧૦૦ વર્ષ પહેલાં ઇરિગેશન માટેની કેનાલ છે. કેનાલ વારંઘડીએ તૂટી જતી હતી. માનનીય કેશુભાઇ મુખ્યમંત્રી બન્યા એ વખતે કેનાલ તૂટી ગઇ અને લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા. સારું થજો શ્રી કેશુભાઇનું, માનનીય મોદી સાહેબનું કે એમણે એ ખારીકટ કેનાલ આખી આર.સી.સી.ની બનાવવાનું કામ કર્યું હતું. પણ હવે સમયની માંગ સાથે ત્યાં ડેવલપમેન્ટ થતું ગયું, લોકો રહેતા થયા, વસવાટ વધતો ગયો અને ક્યાંક ને ક્યાંક ગંદકી થવા માંડી ત્યારે દૂરંદેશી વિઝનવાળા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલે અમારા પૂર્વપટ્ટાના તમામ ધારાસભ્યોની લાગણીને માન આપ્યું, અમે જ્યારે તમામ ધારાસભ્યો, સંસદસભ્યો મળવા ગયા અને કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રી, આ ખારીકટ કેનાલ જયાંથી પસાર થાય છે ત્યાં ૧૦ લાખ લોકો રહી રહ્યા છે અને એમના માટે આ પ્રશ્ન માથાનો

દુઃખાવો સમાન છે. એમને ખબર છે અને પૂર્વપટ્ટીનો વિસ્તાર એમણે જોયેલો છે. આ ૨૨ કિ.મિ.માં વસવાટ કરતાં લોકો અને ૧૨૭૬૦ મિટરના લગભગ ૧૪૦૦ કરોડ રૂપિયા એક જ ઝાટકે પાસ કર્યા હોય તો અમને બધાને ગર્વ થાય છે. આટલું પૂરતું નથી. ઈરિગેશનની શ્રી બાબુભાઈની રજૂઆત હોય કે ભલે કેનાલ ઢાંકો પણ છેવાડાના ખેડૂતને પાણી મળવું જોઈએ એટલે ઈરિગેશનની વ્યવસ્થા કરી. સાઇડમાં ડ્રેનેજની, પીવાના પાણીની, વરસાદ આવે તો ચોમાસા માટે વ્યવસ્થા એટલે અત્યાર સુધીમાં લગભગ જેટલો વરસાદ પડયો હોય, જેટલું પાણી છોડયું હોય, જેટલું ટોપ ઓફ થયું હોય આ બધી જ ટેકનિકલ બાબતોનો સરવે કરવામાં આવ્યો અને ત્યારબાદ બંને બાજુ સર્વિસ રોડ લગભગ ૧૬ ફૂટનો રોડ આખી કેનાલ ઉપર બનશે અને પૂર્વના પટ્ટાના લોકોએ વર્ષ ૨૦૨૨માં આશીર્વાદ તો આપ્યા પણ વર્ષ ૨૦૨૪માં પણ આશીર્વાદ આપવાના છે. આ ખૂબ ઐતિહાસિક કામ કર્યું છે અને એના માટે માનનીય ભૂપેન્દ્રભાઈનો અમારા તમામ ધારાસભ્યો વતી આભાર વ્યકત કરીએ છીએ. વર્ષ ૨૦૧૬-૧૭ થી શરૂ કરેલ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટની વાત કરું તો મુખ્યમંત્રી સડક યોજના વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૨-૨૩માં લગભગ ૨૫૫૯૨ કરોડ રૂપિયાની અંદાજિત રકમના ૬૬૩૪૮ કિલોમીટરના ૨૭૧૭૯ કામ મંજૂર કર્યા છે. આ ઈતિહાસમાં કયારેય નહીં થયા હોય કે રૂ.૨૫૦૦૦ કરોડનાં ૨૭૦૦૦ કામો મંજૂર કર્યા હોય. એ ભારતીય જનતા પાર્ટીના માનનીય ભૂપેન્દ્રભાઈએ કર્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩૮૦૮ કરોડની જોગવાઈ કરી રૂ.૮૮૭ કરોડની ક્ષમતાનાં ૬૫૬ કામો મંજૂર કરવામાં આવ્યાં. હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય હર્ષભાઈએ જાહેર કર્યો છે ૧૧૨ નંબર કે આખા ગુજરાતમાં કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે ફોન કરે કોઈ પોલીસને ફોન કરે કે ૧૦૮ને ફોન કરે અમે કોમન નંબર ડિકલેર કર્યો છે ૧૧૨ નંબર. પછી અમે જોવા ન જઈએ કે મતદાર કોંગ્રેસનો છે કે ભા.જ.પ.નો. કે કોંગ્રેસના એમ.એલ.એ. એ ફોન કર્યો છે, કારણ કે એ તો ઓપરેટર છે અને ઓપરેટર તો બધાના છે. ત્યારે તમે પણ ઈમરજન્સીમાં ફોન કરશો કે અમારા કોઈક જતા રહ્યા છે, ભાગી ગયા છે તો અમારી ૧૧૨ આવશે. તમારા કોઈ ભાગી ગયા હોય તો ફોન કરજો અમારી ૧૧૨ તમને લેવા ૧૦૦ ટકા આવશે. એટલા માટે મને જણાવતા આનંદ થાય છે કે આ માત્રને માત્ર ૧૫ મિનિટની અંદર એ રાજયના કોઈપણ છેડેથી કોઈપણ જગ્યાએ ૧૧૨નું વ્હિકલ એ પોલીસ હોય, ૧૦૮ હોય એ ત્યાં ઈમીજીએટલી પહોંચશે અને લોકોની મદદે ઊભું રહેશે.

માનનીય ભૂપેન્દ્રભાઈની સરકાર પણ તમારી વ્હારે ૧૧૨ નંબર દબાવજો આમાંથી કોઈપણ કેબીનેટ મંત્રી, કોઈપણ ધારાસભ્ય તમારી જોડે આવીને ઊભો રહેશે અને ૨૪ x ૭ની આ સર્વિસ શરૂ કરવા જઈ રહ્યા છીએ. પ્રધાનમંત્રી સડક યોજના ૧ અને ૨ હેઠળ લગભગ વિભાગમાં ૧૨૪૬૯ કિલોમીટરની લંબાઈના લગભગ ૪૫૨૨ કામો રૂ. ૩૬૩૬ કરોડનાં ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યાં છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર વર્ષ ૨૦૧૪ પહેલા, આપણે કહીએ છીએ ને કે ૧૦ વર્ષમાં શું થયું? તો ૧૦ વર્ષનો હિસાબ એટલા માટે રાખવો જોઈએ કે વર્ષ ૨૦૧૪ પહેલા ગુજરાતને જે અન્યાય થતો હતો. નેશનલ હાઈવે ગુજરાતમાં માત્ર ૩૮૭૦ કિલોમીટરના હતા અને માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીના વડપણ હેઠળની સરકાર બેઠા પછી લગભગ બીજાં ૧૦ વર્ષમાં, ૭૦ વર્ષમાં માત્ર ૩૮૦૦ કિલોમીટર મળ્યા અને ૩૪૧૦ કિલોમીટરના નેશનલ હાઈવેનો ઉમેરો કરવામાં આવ્યો, એટલે ૭૨૮૦ કિલોમીટરનો વર્ષ ૨૦૧૫માં સમાવેશ એટલે લગભગ ૮૮ ટકાનો વધારો એ નેશનલ હાઈવેમાં ગુજરાતની અંદર વધારો થયો છે. નેશનલ હાઈવે જાહેર કર્યા બાદ એને દ્વિમાર્ગીય કરવા, ચાર માર્ગીય, છ માર્ગીય કરવા અને એની નિભાવણી માટે ૧૦૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર આપે છે. નેશનલ હાઈવે ૧૪૭ ઉપરથી ઈસ્કોનથી સાણંદ ફલાયઓવર ઉપરનો ૪.૩ કિલોમીટર લંબાઈનો એલીવેટર કોરીડોર બ્રિજ માટે રૂ. ૫૩૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. સાથેસાથે ધોરીમાર્ગ ઉપર ૧૬૮જી ઉપર ઈડર-શામળાજી ઉપર ૩૪.૨૭૫ કિલોમીટરની લંબાઈમાં મજબૂત કરવા માટે રૂ.૨૩૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે ગુજરાતમાં લોજિસ્ટિક કનેક્ટિવિટી, વાઈબ્રન્ટ તો આવ્યું. વાઈબ્રન્ટની વર્ષ ૨૦૦૦ની સાલમાં પહેલી સમિટ થઈ, ત્યારે છાપાંઓમાં વાઈબ્રન્ટની ખૂબ મોટી મજાક ઉડાડવામાં આવી હતી. ૩૦૦-૪૦૦-૫૦૦ ઉદ્યોગપતિને ભેગા કરી શું કરવાના છે? સતત વાઈબ્રન્ટની ટીકા કરતા. કેન્દ્રમાં અમારી સરકાર હતી નહીં. આજે સિનારિયો બદલાયો છે. આ વાઈબ્રન્ટના કારણે રાજ્યમાં મેં પહેલાં કહ્યું એમ દરિયાકિનારો તો વર્ષોથી હતો. આ ૧૬૦૦ કિલોમિટરના દરિયાકિનારાને વિકસાવવાનું કામ અને તેમાં ૪૮ જેટલા પોર્ટ અને આખા દેશનું ૪૮ ટકા કરતાં વધારે કન્ટેનર હેન્ડલિંગ અને એક્સપોર્ટ તે ગુજરાતના બંદરો પરથી થાય છે. ત્યાં જવા માટે હેવી ટ્રક અને હેવી વ્હિકલ જોઈએ. એક ટ્રકમાં મીનીમમ ૨૦ ટન અથવા ૪૦ ટન માલ આવે. એક-બે નહીં પણ લાખોની સંખ્યામાં કન્ટેનર રાજસ્થાન, મધ્યપ્રદેશ હોય તેના કન્ટેનરો ગુજરાતમાં આવે અને ગુજરાતના પોર્ટ ઉપરથી એક્સપોર્ટ થાય છે અને તેના થકી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થયો છે. તેના કારણે ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. તેમાં પોર્ટનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. ફેક્ટરીથી પોર્ટ સુધી પહોંચવા માટે શું ના જોઈએ? સારામાં સારી રોડ કનેક્ટિવિટી, સારામાં સારી રેલવે લાઇન જોઈએ. ૫૨૨૦ કરતાં વધારે કિલોમિટરની રેલવે લાઇન કરી છે. જે પણ નવા પોર્ટ બને છે તે પોર્ટને રેલવેની કનેક્ટિવિટી આપવાનું કામ અમારી સરકાર કરી રહી છે. ગુજરાત રાજ્યની અંદર ૧૯ ઓપરેશનલ એરપોર્ટ છે અને ૪ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. ધોલેરા સરમાં ભારતનું સૌથી મોટું એરપોર્ટ બની રહ્યું છે. કદાચ સમય મળે તો બધા સભ્યોને વિનંતી કે, એકાદ વખત ધોલેરા જવું જોઈએ. વિકાસની વણથંભી યાત્રાને રાષ્ટ્ર પૂરુંષ નરેન્દ્રભાઈ મોદી આગળ ધપાવી રહ્યા છે. આખા વિશ્વની અંદર તેઓ આના લીધે જ નંબર વન તરીકે ઉભરી રહ્યા છે. રાષ્ટ્રના

વિકાસને વધુ વેગવંતો બનાવનાર કોરીડોર લગભગ ૩૮ ટકા જેટલો ભાગ ગુજરાતમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે ૧૫૦ કિલોમિટરના વિસ્તારમાં વિકાસ થઇ રહ્યો છે. દેશના કન્ટેનરના હેન્ડલિંગમાં લગભગ ૪૮ ટકા હેન્ડલિંગ ગુજરાતના પોર્ટ મારફતે થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીએ વિકાસ કર્યો છે એટલે સ્વાભાવિક છે કે વિપક્ષના મિત્રો ત્યાં ના જઇ શકે. કદાચ ના પાડી હોય કે તમારે ત્યાં જવું નહીં. એક વખત રોડ ટુ હેવન, એટલે કે રોડ ઉપર નીકળો અને કદાચ ગાડીમાં બેઠા હોય અને તમારી આંખ મીંચાઇ જાય અને પછી આંખ ખુલી જાય તો તમને એવું લાગે કે હું કયાંય સ્વર્ગમાં પહોંચી ગયો છું, યુરોપ કે અમેરિકાના દેશમાં પહોંચી ગયો છું. આ રોડ ટુ હેવન રોડ ૩૪ કિલોમિટરનો તે આપણા ગુજરાતના કચ્છમાંથી પસાર થઇ રહ્યો છે. ધોળાવીરા કે જેને વર્ષ ૨૦૨૧માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેઝનું સન્માન આપ્યું છે ત્યાં સુધી પહોંચવા તથા વિશ્વના પ્રસિદ્ધ સફેદ રણ ધોરડો સુધી પહોંચવા આ રોડ બની રહ્યો છે. આ રોડ ઉપર પસાર થાઓ તો બંને બાજુ દરિયો દેખાય, આહલાદક સફેદ રણ દેખાય. આ રણ તો વર્ષો પહેલાં હતું. વિઝનરી નેતા જોઇએ. જે પાર્ટી અને પક્ષમાં વિઝનરી નેતા હોય અને હેલિકોપ્ટર મારફતે ફરતાં ફરતાં જોયું કે આટલું મોટું સ્વર્ગ તો અહીં જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેને સંગઠન મંત્રી તરીકે આ પ્રદેશમાં મજૂરી કરી છે, તેણે ત્યાં લોહી રેડ્યું છે. તેણે જોયું અને વિચાર્યું કે મારા કચ્છના લોકોને મારે કંઇક આપવું છે. મારે કંઇક ભેટ આપવી છે. એવું કચ્છનું સફેદ રણ ભેટ આપ્યું કે આખું વિશ્વ કચ્છની અંદર આવી રહ્યું છે. આખું વિશ્વ કચ્છના વ્હાઇટ રણને જોવા માટે આવી રહ્યું છે. આ નાની ઘટના નથી. પ્રવાસન ક્ષેત્રે ખૂબ વેગ મળી રહ્યો છે. પ્રવાસન એમને એમ ના આવે. લોકો અહીંનું ઇન્ફ્રાસ્ટ્રકચર જુએ છે. લોકો આ ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રકચરથી આકર્ષાઇને ગુજરાતની અંદર આવી રહ્યા છે. વિદેશથી પ્રવાસીઓ આવી રહ્યા છે તેની વાત કરું અને દરેક ગુજરાતીએ ગર્વ લેવાની બાબત છે કે, દરેક સભ્યોએ ગર્વ લેવાની બાબત છે. ગુજરાતની અંદર વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૩ કરોડ કરતાં વધારે પ્રવાસીઓ ગુજરાતમાં આવ્યા છે. છેલ્લાં દસ વર્ષમાં ગુજરાતમાં વિદેશી પ્રવાસી આવે છે તેમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ગુજરાત ઓલવેઝ પહેલેથી ટોપમાં રહ્યું છે. વિશ્વનું સૌથી મોટું સ્ટેચ્યૂ ઓફ યુનિટી. સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેમણે ના જોયું હોય અને જૂનાગઢની કહેવત છે કે, નવઘણનો કૂવો ના જોયો હોય, હું નથી કહેતો જીવતા મૂઆ પણ આ જૂનાગઢની વર્ષોની કહેવત છે. તેવી જ રીતે સરદાર સાહેબના પગલે દર્શન ના કર્યા હોય, આખું વિશ્વ આવી રહ્યું છે. માત્ર પાંચ વર્ષમાં પાંચ કરોડ કરતાં વધારે પ્રવાસીઓ આવ્યા છે આ કંઇ નાની ઘટના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ–મુંબઇ હાઇસ્પીડ રેલવે. આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતને શું આપ્યું? દેશની પ્રથમ બુલેટ ટ્રેન આપી છે. અહીંયા બેઠાં લોકો સવારે જઇને સાંજે પાછા આવશે એ લોકો બુલેટ ટ્રેનમાં જશે ત્યારે શ્રી નરેન્દ્રભાઇ યાદ આવશે કે સારું થજો શ્રી નરેન્દ્રભાઇનું કે તેમણે અમારો ટાઇમ બચાવ્યો છે અને એ વખતે ઇમર્જન્સીમાં આ સેવાઓ કામ લાગશે ત્યારે શ્રી નરેન્દ્રભાઇને લાખ લાખ તમે આશીર્વાદ આપશો અને કહેશો કે નરેન્દ્રભાઇ હતા તો ગુજરાતને મેટ્રો ટ્રેન મળી છે, ગુજરાતને બુલેટ ટ્રેન મળી છે અને માટે આજ દિન સુધીમાં લગભગ રૂપિયા ૫ હજાર કરોડ ઇક્વિટી પેટે આપણને આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટ્રલ રોડ ફંડ એમાંથી પણ આપણને રૂપિયા ૯૦૪ કરોડ મળ્યા છે અને આ યોજના હેઠળ લેવલ ક્રોસિંગ અને રોડ ઉપરના ઓવરબ્રિજ અને બાંધકામના કુલ ૧૬ કામોમાં રૂ. ૧૦૦૦ કરોડ આપવામાં આવ્યા છે. સાથે સાથે મોદી સાહેબ વડાપ્રધાન બનતાની સાથે વર્ષ ૨૦૧૪ પછી ટ્રાન્સપોર્ટ અને હાઇવેના બજેટની ફાળવણીમાં, મિત્રો આપણે વિદેશ એટલા માટે જઇએ છીએ કે એના રોડ રસ્તા સાફ સફાઇવાળા છે અને આપણને એટલા માટે ગમે છે કે ત્યાં ઇન્ફ્રાસ્ટ્રકચર સારું છે. માનનીય નરેન્દ્રભાઇએ સૌથી અગત્યનું ઇકોનોમી ડબલ કરવાનું કામ કર્યું હોય તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરીને કેપિટલ ઇન્વેસ્ટમેન્ટમાં લગભગ અનબિલિવેબલ ૫૦૦ ટકાનો વધારો આપ્યો છે અને એને કારણે આપણે બધા એન્જોય કરી રહ્યા છીએ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ક્વોલિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ એ આર્થિક ગતિવિધિને જન્મ આપે છે. આપણા ગજવામાં જે પૈસા દેખાય છે, સારી ગાડીઓ દેખાય છે આ બધું દેખાઇ રહ્યું છે એ ગુજરાતનો અને ભારતનો વિકાસ થઇ રહ્યો છે એટલે દેખાય છે. કોઇને નવી ટી.પી. પાડવામાં રસ હોય, કોઇકને કંઇક નવા એફ.પી. લેવામાં રસ હોય કોઇને શેડ કરવામાં રસ હોય એ બધું ભારતીય જનતા પાર્ટીએ જે વિકાસ કર્યો છે એટલા માટે સૂઝી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે ખર્ચ કરવામાં આવી રહ્યો છે, ભરૂચ દહેજના ઔદ્યોગિક વિકાસને જોડતા ભરૂચ દહેજના રસ્તા પર રૂપિયા ૪૨૦ કરોડ, કીમ–માંડવીના ધોરી માર્ગ માટે રૂપિયા ૩૯ કરોડ અને હિંમતનગર બાયપાસના રસ્તા માટે રૂપિયા ૭૪.૭૪ કરોડ તેમજ પાટનગર યોજના અંતર્ગત મેમનગર ખાતે ૧૩ કરોડ રૂપિયા, અમદાવાદ–ગાંધીનગર ખાતે નવા ૩૨૦૦ સરકારી રહેણાંકના મકાનોનું બાંધકામ એના માટે ૬૮૧ કરોડ રૂપિયાની જોગવાઇ અને ધારાસભ્યો માટેના ફ્લેટ જે જર્જરિત થયા છે એને માટે ૨૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સુનિયોજિત આયોજન અને ભૂકંપપ્રૂફ ડિઝાઇન, અદ્યતન લેન્ડ સ્કેપિંગ અને પાર્કિંગ તથા વરસાદી પાણીના સંચય અને ફાયરસેફ્ટી, લિફ્ટ, ફર્નિચર સાથેની તમામે તમામ પ્રકારની સુવિધા સાથે આવનાર દિવસોમાં આવાસો બનવા જઇ રહ્યા છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રહેણાંક મકાનો માટે વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ રૂપિયા ૩૬૫.૯૩ કરોડની જોગવાઇ જેમાં અન્ય વિભાગોમાં વર્ષ ૨૦૨૩–૨૪માં રૂપિયા ૩૬૪ કરોડનાં કામો પૂર્ણ અને એ કામગીરી માટે રૂપિયા ૨૫૪૨

કરોડનાં કામોમાંથી ૩૫૪ કામો હાથ ધરવામાં આવેલ છે. તાલીમ અને સંશોધન માટે એન્જિનિયરોને અલગ અલગ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવે છે. ૧૬૦૦ થી વધુ અધિકરીઓના ટેકનિકલ સ્ટાફ દ્વારા રોડ ચેકિંગ માટે જાય ત્યારે પોતાની કામગીરીને સારી રીતે ચકાસી શકે તે માટે બધાને ટ્રેનિંગ આપીએ છીએ સાથે સાથે ઇનોવેટીવ ટેકનોલોજી, ક્યાંકને ક્યાંક ચોમાસુ હોય કે બીજી ઋતુ હોય તો એમાં અલગ અલગ ટેકનોલોજી વાપરવી પડે અને એ માટેનું કામ ગુજરાત સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની બહાર વિશાલા પાસે આપણે જઇએ ત્યારે જોયું હશે કે ત્યાં આગળ વર્ષોથી મોટો કચરાનો ઢગલો હતો. અમદાવાદ–ધોલેરા હાઇવે બનાવવા માટે ૨૫ લાખ મેટ્રિક ટન પ્લાસ્ટિકના વેસ્ટનો ઉપયોગ કરીને ઇકોલોજીકલ પર્યાવરણનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત સરકારે પૂરું પાડ્યું છે. વાઇબ્રન્ટની સફળતાને લઇને પીનથી પ્લેન સુધીનું મેન્યુફેક્ચરિંગ ગુજરાતમાં થઇ રહ્યું છે એ આપણા માટે ગૌરવની વાત છે. આ પીનથી પ્લેન ગુજરાતમાં એટલા માટે બને છે કે, ગુજરાતની અંદર સુરત હોય તો ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ, અંકલેશ્વર–ભરૂચમાં ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ, રાજકોટ હોય તો એન્જિનિયરિંગ, સુરત હોય તો ડાયમંડ આ બધી વાઇબ્રન્ટની સફળતા ત્યારે મળે છે કારણ કે ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રકચર બેસ્ટ લેવલનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે અને માનનીય બળવંતસિંહ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપું કે આ વખતે વાઇબ્રન્ટ ગુજરાતમાં લગભગ રૂ.૨૩.૬૩ લાખ કરોડના એમ.ઓ.યુ. કર્યા છે અને તેના માટે માનનીય બળવંતસિંહજી આપને લાખ લાખ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાની ૫૦૦ જેટલી ફોર્ચ્યુન કંપનીમાંથી ૧૦૦ જેટલી ફોર્ચ્યુન કંપની ગુજરાતમાં એટલા માટે કાર્યરત છે કે ૨૫૪ જેટલી જી.આઇ.ડી.સી. રોડ કનેક્ટિવિટીથી જોડાયેલી છે. અને આ બધુ જ શકય એટલા માટે બન્યું છે કે, ગુજરાતની ઇન્ફ્રાસ્ટ્રકચરની ઇકો સિસ્ટમના કારણે. આગામી વર્ષમાં જે બજેટમાં રાજયની લગભગ કુલ રૂપિયા ૨૦૦૦ કરોડની રકમનો સમાવેશ કરી ૭૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આગામી રૂપિયા ૮૦૦ કરોડની અંદાજિત રકમનો સમાવેશ કરી તે હયાત રસ્તાના સુધારણા માટે કરેલ છે. રાજયના ઔધોગિક વિસ્તારના ખાણ ખનિજને જોડતા રસ્તાઓની સુધારણા માટે રૂ.૧૨૦૦ કરોડની જોગવાઇ અંદાજિત રકમમાંથી રૂ.૪૫૦ કરોડની જોગવાઇ. જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારના વિકાસ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇમાંથી લગભગ રૂ.૨૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે વર્ષ ૨૦૨૪–૨૫માં સૂચવેલ રૂપિયા ૨૨,૧૬૩ કરોડની જોગવાઇ પૈકી મુખ્યત્વે તાલુકા મથક (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, દંડકશ્રીને વિનંતી કરું છું કે મને પાંચ મિનિટ વધારે આપે. તાલુકા મથકને જિલ્લા મથકને જોડવા માટે રૂ.૨૩૯૪ કરોડ. નવા પુલ અને જૂના પુલ માટે રૂ.૭૩૮ કરોડ, પ્રગતિ પંથ અને રસ્તાનું ચાર માર્ગીય કરવા માટે ૩૩૦ કરોડ, સાત વર્ષની રીસર્ફેસ કરવા માટે રૂ.૨૩૫ કરોડ, માર્ગ અને મકાન પંચાયત વિભાગમાં તબદીલ થયેલ મુખ્ય માર્ગોને સુધારવા રૂ.૨૬૫ કરોડ, પ્રવાસન પંથ માટે રૂ.૨૭૫ કરોડ, રાજયના કાંઠાળા વિસ્તારને જોડતાં ૧૦ મીટર પહોળા કોસ્ટલ હાઇવે માટે રૂ.૨૧૬ કરોડ, રાજયના પ્રવાસન સ્થળો દ્વારકા, પાવાગઢ, જાંબુઘોડા, ગીર અભિયારણ્ય, ધોરડો, ધોળાવીરા, વડનગર, ધરોઇ, અંબાજી, સાસણ, સોમનાથ, દીવ એકતાનગરને જોડતા ટુરિસ્ટ સર્કિટ બનાવવા માટે રૂ.૫૨૬ કરોડ, રાજયના વિવિધ શહેરોને ગામડાને જોડતાં પરિક્રમા પથ માટે રૂ. ૩૧૮ કરોડ, રાજયના ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓના હાઇસ્પીડ કોરીડોર માટે રૂ.૨૨૨ કરોડ, ભરૂચ દહેજના રસ્તાને એકસપ્રેસ કન્ટ્રોલ એક્સપ્રેસ તરીકે વિકસાવવા માટે રૂ.૨૩૦ કરોડ, રાજયના ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને એન્યુડ અથવા હાઇ સ્પીડ એકયુટ કરવા રૂ.૧૬૦ કરોડ, નોન પ્લાન રસ્તા માટે સૌથી અગત્યનું. નોન પ્લાન રસ્તા માટે કાચા મેટલમાંથી ડામર કરવા માટે રૂ.૯૮૬ કરોડ, ગ્રામ્ય વિસ્તારની સુધારણા માટે અન્ય માર્ગે રૂ.૧૧૭૨ કરોડ, પ્રધાન મંત્રી સડક યોજના માટે રૂ.૬૦૦ કરોડ, કિસાન પથ સુવિધા પદ માટે રૂ.૫૨૭ કરોડ, હયાત કોઝવેના સ્થાને ઊંચા પુલોનું સ્ટ્રકચરલ ખૂટતી કડી માટે રૂ.૮૯૮ કરોડ, અન્ય જિલ્લાના માર્ગ માટે માર્ગ થ્રુ રોડ વાઇડનિંગ માટે રૂ.૪૫૫ કરોડ, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગામડાની શાળાએ જવા રૂ.૧૮૫ કરોડ, અને ગામમાંથી આરોગ્ય કેન્દ્ર સુધી પાકા રસ્તે જવા માટે રૂ.૭૮.૮૦ કરોડ. અંતમાં કહું તો ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે શ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં જે વિકાસનાં કામો થાય છે અને આ અવિરત વિકાસ જે ચાલી રહ્યો છે એ આગામી દિવસોમાં પણ ચાલવાનો છે અને આને કહેવાય વિકાસ. રાજકોટમાં એઇમ્સની સ્થાપના થવી. વર્ષ ૨૦૧૪ પહેલાં આખા દેશમાં માત્ર ૬ એઇમ્સ, વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૬ એઇમ્સ આને કહેવાય મોદીની ગેરંટી. ભગવાન દ્વારકાધીશના દર્શના માટે સુદર્શન સેતુનું નિર્માણ થયું આને કહેવાય મોદીની ગેરંટી, રિવરફ્રન્ટનું નિર્માણ આને કહેવાય મોદીની ગેરંટી, રિવરફ્રન્ટ ઉપર અટલ બ્રિજ આને કહેવાય મોદીની ગેરંટી, મેટ્રો રેલ દ્વારા ટ્રાન્સપોર્ટની સુવિધા આને કહેવાય મોદીની ગેરંટી, બુલેટ ટ્રેન એ પ્રોજેકટની સફળતા આને કહેવાય મોદીની ગેરંટી, છેલ્લાં દસ વર્ષમાં સૌથી વધુ એરપોર્ટ બન્યાં હોય તો ૭૪માંથી ૧૪૮ એરપોર્ટ આને કહેવાય મોદીની ગેરંટી, રોડ કનેક્ટિવિટી, રેલ્વે કનેક્ટિવિટી, એર કનેક્ટિવિટી આપવાની ગેરંટી કદાચ કોઇએ આપી હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપી છે અને કોઇ પણ ગેરંટી પૂરી કરવાની ગેરંટી એટલે શ્રી નરેન્દ્રભાઇ મોદીની ગેરંટી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વાંગી વિકાસમાં માર્ગ અને મકાન વિભાગની કામગીરીનો લાભ રાજયના દરેક નાગરિકને મળે છે ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસ એ સોનેરી સૂત્ર સાથે સાચા અર્થમાં રૂપિયા ૨૨,૧૬૩ કરોડની માગણીઓ

